[illegible] [illegible] [illegible]

લતા અને લલિતા.

ભાગ ૧ લો.

[સચિત્ર સાંસારિક નવલકથા.]

લખનાર
ચુનીલાલ વર્ધમાન શાહ
વઢવાણનિવાસી,
મુ. અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર
બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે
ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી—પ્રત ૨૦૦૦.

ઇ. સ. ૧૯૧૫—વિ. સં. ૧૯૭૧.

મૂલ્ય ૧૨ આના.

અમદાવાદ:
"શ્રી સત્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં
ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપી.

ચુનીલાલ વર્ધમાન શાહકૃત પુસ્તકો.

ઐતિહાસિક નવલકથાઓ.

પાટણની પડતીનો પ્રારંભ	રૂ. ૧—૪—૦
સોમનાથનું શિવલિંગ	રૂ. ૧—૪—૦
સિંધ ઉપર સ્વારી	રૂ. ૧—૪—૦
ધારાનગરીનો મુંજ	રૂ. ૧—૪—૦
અઢારમી સદીનું મહારાષ્ટ્ર	રૂ. ૧—૪—૦
કાશ્મીર અને કેસરી	રૂ. ૧—૦—૦
પ્રમોદા યાને દિલેર દિલારામ	રૂ ૦–૧૨–૦

સમાજિક નવલકથાઓ.

સુધરેલી સંગીતા	રૂ. ૧—૪—૦
વિમળા	રૂ. ૧—૦—૦
લતા અને લલિતા (ભાગ ૧ લો) સચિત્ર	રૂ. ૦–૧૨—૦
લતા અને લલિતા (ભાગ ૨ જો) ,, ...	રૂ. ૦–૧૨—૦
લતા અને લલિતા (ભાગ ૩ જો) ,, ...	રૂ. ૦–૧૨—૦
વિદ્યાસાગર (ભાગ ૧ લો)	રૂ. ૦—૪—૦
વિધાસાગર (ભાગ ૨ જો)	રૂ. ૦—૮—૦
બાદશાહ બારેબાદર	રૂ. ૦—૨—૦

નાટકો.

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી (પંચાંકી) ...	રૂ. ૦–૧૨—૦
બંગજાગૃતિ (ત્રિઅંકી)	રૂ. ૦—૬—૦
કાન્તા (ત્રિઅંકી)	રૂ. ૦—૨—૦

પ્રકીર્ણ.

कर्त्तव्य-कौमुदी (પં. મુ. શ્રી રત્નચંદ્રજીકૃત)	૦—૮—૦
કામરૂ દેશની કામિની (ડીટેકટીવ વાર્તા)	રૂ. ૧—૦—૦
ભૂતળવિધા (વડોદરા સ્ટેટમાં મંજૂર)	રૂ. ૦—૨—૦
સુબોધક કથાપંચક	રૂ. ૦—૫—૦

મળવાનું ઠેકાણું :—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે-ત્રણ દરવાજા-**અમદાવાદ.**

પ્રસ્તાવના.

'લતા અને લલિતા' નો પ્રથમ વિભાગ ગુર્જર વાચકવૃંદની સમક્ષ રજુ કરતાં મને કેટલોક ખુલાસો કરવાની અગત્ય જણાય છે. આજકાલ અનેક નવી નવી મનઃકલ્પિત કથાઓ લખાય છે, અને તે સઘળી કથાઓનો હેતુ જો પૃથક્ પૃથક્ તપાસીએ તો માત્ર એટલો જ જણાઇ આવે છે કે વાચકને ચોક્કસ પ્રકારના સંસારનું અને ચોક્કસ સ્વભાવનાં પાત્રોનું યથાસ્થિત ચિત્ર ખેંચી બતાવવું, વાર્તાની સંકલનાદ્વારા વાચક-વર્ગને આનંદ આપવો અને જે સાર ગ્રહણ કરવાને યોગ્ય હોય તે ગ્રહણ કરવાનો આધાર વાચકની બુદ્ધિ અને કલ્પના ઉપર મેલવો. ઉક્ત સઘળા ગુણોથી પરિપૂર્ણ કથા આલેખવામાં આવી હોય, તો તેણે નવલકથાનો ધર્મ સારી પેઠે સાચવેલો ગણાય. નવલકથાના લેખકની શક્તિ વધારે સારી રીતે વર્ણન રજુ કરવામાં અને પાત્રોના સ્વભાવનું યથાસ્થિત ચિત્ર આલેખવામાં વિકાસ પામેલી હોય, તો એક પસાર થઇ શકે તેવી નવલકથા લખવામાં તે ફત્તેહમંદ નીવડે. આ શક્તિ કાંઇ બહુ મહેનત કરવાથી આવી શકતી નથી. સાદા નિબંધો લખનારાઓ ઉત્પન્ન કરવા કરતાં કિંવા મનના તરંગોને પ્રકાશિત કરનાર જોડકણાં જોડતા કવિઓ પેદા કરવા કરતાં થોડા સારા નવલકથાકારો તૈયાર કરવાનું કાર્ય હું તો દુર્ઘટ લેખું છું; છતાં સામાન્ય જનસમાજને માટે આજકાલ જે નવું સાહિત્ય પ્રગટ થતું જોવામાં આવે છે તેમાં નવલકથાઓ મોટું પ્રમાણ રોકી બેસે છે! આ વર્ગના લેખકોની ને કથાઓ ઉક્ત ગુણોથી વિહીન કેટલા મોટા પ્રમાણમાં છે તે તો તેના વાચકો જ સમજી શકશે: પરંતુ ગુજરાતી સાહિત્યમાં જે નવલક-

યાઓની ખોટ છે તે ખોટ એવાં 'નૉવેલો' થી પૂરી પડી શકવાનુ મને તો સંભવિત નથી જ લાગતું.

કેટલાક વાચકો ફરિયાદ કરે છે કે એક કથાના જૂદા જૂદા ભાગો કરી નાંખીને પછી તેને બહાર પાડવામાં લેખકને શું લાભ થતો હશે? તેમ થવાથી વાચકોના રસમાં ક્ષતિ ઉત્પન્ન થાય છે અને અપૂર્ણતાને સબબે આતુરતા અને જિજ્ઞાસા વધે છે જેમાં સ્વભાવિક રીતે નિરાશા પ્રાપ્ત થાય છે. આ ફરિયાદના મહત્ત્વને માન આપવા કરતાં એક નૉવેલને વધારે રસમય અને ઉપદેશક બનાવવા માટે તેના ખંડો કરી નાંખવાનું કાર્ય કેટલું ઉપયોગી થઈ પડે છે, તે ઉપર ધ્યાન આપવાની વિશેષ જરૂર છે. એક આખી કથાની સંકલના નિશ્ચિત કર્યા વિના લેખક પોતાની કથા લખવાનું ભાગ્યે જ શરૂ કરે છે, એટલે સંપૂર્ણ કથા લખી કાઢવામાં તેને વાંધો તો કાંઇ પણ હોતો નથી; પરન્તુ એનો એક વિભાગ પ્રસિદ્ધ થયા પછી અને બીજો વિભાગ લખવા માંડ્યા પહેલાં લોકમતને જાણવાની જે તક મળે છે તે તક નૉવેલને વધારે રસમય બનાવવાને સંકલનામાં યોગ્ય ફેરફાર કરવા માટે વધારે ઉપયોગી થઇ પડે છે. આ ફેરફાર વસ્તુ-સંકલનાની રસિકતામાં વધારો કરવામાં ઘણી વાર પ્રધાન ભાગ ભજવનારો થઇ પડે છે એવો અનુભવ મેં એક કરતાં વધારે વાર મેળવેલો છે, અને તેથી જ આ લાંબી કથાને જૂદા જૂદા વિભાગોમાં વહેંચી નાંખીને વાચકોની આતુરતાના અંતમાં પ્રાપ્ત થતી નિરાશાની ઉપેક્ષા કરવા માટે મને તેઓની ક્ષમા યાચવી પડે છે. જૂદા જૂદા ભાગોમાં એક વાર્તા બહાર પાડવામાં પુસ્તક પ્રસિદ્ધકર્તાઓ વાંચનારાઓ પાસેથી વધારે પૈસો છોડાવી વધારે લાભ મેળવે છે એવી પણ એક ફરિયાદ છે અને એવા કેટલાક દાખલાઓ બન્યા

હોવાથી તે ફરિયાદને કેવળ વજુદ વિનાની કહી શકાય તેમ નથી. એક લેખક કે જે પોતાની એક વાર્તાને અમુક વિભાગોમાં સમાપ્ત થએલી જાહેર કરે છે, તે જ લેખક પ્રસિદ્ધ થએલા ભાગોની સારી ખપતી જોઇને પુનઃ નવીન પ્રશ્ન ઊભો કરે કે "અમુક-અમુક 'પ્લોટ' સબંધે પ્રસિદ્ધ થએલા ભાગોમાં પૂરતો ખુલાસો થતો નથી" અને પછી વાર્તાને લંબાવી બે-ચાર વિભાગો બીજા ખેચી કાઢે! અરે! એટલેથી પણ સંતુષ્ટ નહિ થતાં તે જ કથાની 'સંતતિ' ને નામે વળી બીજી 'સીરીઝ' શરૂ કરી, એ એકના એક નામ ઉપર નવીન નવીન મનઃકલ્પિત ચણતરો ચણ્યાં કરે; ત્યારે બિચારા વાચકોને સહજ એવી શંકા થાય કે એક લોકપ્રિય થએલા નામ ઉપર વધુ પૈસા પેદા કરવાની જ પેરવી કરવાનો ધંધો લેખકો લેઈ બેઠા છે, તો તે શંકા બલકે ફરિયાદને ગેરવાજબી કેમ ગણી શકાય? 'લતા અને લલિતા' ની કથા કેટલા ભાગોમાં પૂરી કરવી તે મેં અત્યારથી નિશ્ચિત કર્યું નથી, પરન્તુ તેની જે વસ્તુસંકલના અત્યારે નિશ્ચિત કરવામાં આવી છે તેમાં સુધારો કરવા ઉપરાંત લંબાવવાનો વિચાર તો બીલકુલ નથી જ રાખ્યો.

વસ્તુસંકલના અને પાત્રોના સંબંધમાં તો ઘણુંએ કહેવાનું પ્રાપ્ત થાય તેમ છે, પુરન્તુ હજી આ કથાનો પ્રથમ જ વિભાગ છે અને તેથી તે સંબંધી કાંઈ પણ ઉલ્લેખ હું કરતો નથી. જે કાંઈ કહેવાનું છે તે સઘળું હું તેના અંતિમ વિભાગમાં વિસ્તારથી કહીશ.

અમદાવાદ.
સારંગપુર
તા. ૦-૬-૧૧.

ચુનીલાલ વર્ધમાન શાહ.

* આ બીજી આવૃત્તિ કોઈ પણ જાતનો સુધારો વધારો કર્યા વિના પહેલી આવૃત્તિ પ્રમાણે જ છાપી છે. તા. ૧૫-૫-૧૯૧૫.

ચુ. વ. શાહ.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.

પ્રકરણ ૧ લું. ખિન્ન હૃદય ૧

પ્રકરણ ૨ જું. ગરીબડું ઘર ૮

પ્રકરણ ૩ જું. સ્વામીજીનું વ્યાખ્યાન અને ચર્ચા. ... ૧૫

પ્રકરણ ૪ થું. દીવાનનો મેમાન ૩૧

પ્રકરણ ૫ મું. શારદાગૌરી ૪૫

પ્રકરણ ૬ ઠું. વિચારભ્રમરનું ભ્રમણ ૫૬

પ્રકરણ ૭ મું. પૂર્વ વૃત્તાંત—કાન્તિલાલ... ... ... ૬૪

પ્રકરણ ૮ મું. પૂર્વ વૃત્તાંત-(ચાલુ) લલિતા. ૧૦૧

પ્રકરણ ૯ મું. પૂર્વ વૃત્તાંત (પૂર્ણાહુતિ)-મિસ વાયોલેટ શાર્પ. ૧૦૯

પ્રકરણ ૧૦ મું. બે બ્હેનો-લતા અને લલિતા ૧૩૧

પ્રકરણ ૧૧ મું. રાજમાતા ૧૫૦

પ્રકરણ ૧૨ મું. પુનઃ ઉત્સુકતા ૧૬૧

પ્રકરણ ૧૩ મું. મોટી મુંઝવણમાં ૧૬૯

પ્રકરણ ૧૪ મું. શોભના. ૧૮૦

પ્રકરણ ૧૫ મું. મોહનાદેવીને ઘેર. ૧૮૪

પ્રકરણ ૧૬ મું. ભદ્રમુખ : તીર્થસ્નાન : રાત્રિવાસ... ... ૧૯૧

લતા અને લલિતા.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

ખિન્ન હૃદય.

" કમળ જાણી તને રાખ્યું, રખે કાંટો તને વાગે;
" પરન્તુ તું જ કાંટો છે. બળી જા તું ! ગળી જા તું !"

કલાપી

આવું જ કંટકરૂપ ખિન્ન હૃદય ધારણ કરતો એક યુવક રાત્રે ટ્રેનના ત્રીજા વર્ગના એક ડબામાં મુસાફરી કરતો હતો. શિયાળાની ઋતુ પૂરી થવા આવી હતી અને જોકે માઘ માસ બેસી ચૂક્યો હતો તોપણ રાત્રિનો સમય હોવાથી અને દરિયાઈ પ્રદેશની નિકટ રેલ્વે ચાલતી હોવાથી ઠંડ વાતી હતી. ખિન્ન હૃદયવાળો યુવક

પગથી મ્હોંસુધી એક ગરમ બનુસ ઓઢીને અરધો પરધો સૂતો હતો. તેની આંખો મીંચેલી હતી પણ હૃદય તાતા માતા અગ્નિના જેવું જાગૃત હતું. બીજા ઉતારૂઓ પણ રાત્રિનો સમય હોવાથી લગભગ નિદ્રાના ઘેનમાં જ પડ્યા હોય તેમ જણાતું હતું. આખા ડબ્બામાં ભાગ્યે જ વીસ માણસો બેઠાં હશે, તેથી કાંઇ ગિર્દી જેવું ન હતું, એટલે સૌને પાસું ઢાળવાનો પ્રસંગ ઠીક મળી ગયો હતો. ઠંડની બીકથી અને પવનની ગતિ જરા વધારે હોવાથી બારી બારણું બંધ હતાં અને રેલ્વે પહાડોમાં તથા જંગલોમાંથી પસાર થતી હતી અને ગતિને ધીમી–ઉતાવળી કરતી કરતી સણસણાટ ચાલી જતી હતી.

એટલામાં ભદ્રપુરની નદીનો વિકરાળ પૂલ આવી પહોંચ્યો અને ગાડીની ગતિ ધીમી થઇ તે સાથે જ પૂલનો ઘોર ધ્વનિ સંભળાયો, એટલે ગાડીમાંના ઉતારૂઓ જાગી ગયાં. કાંઇક કુતૂહળથી, કાંઇક નવીનતા નિહાળવાના હેતુથી અને કાંઇક ખાલી આનંદ લેવાના હેતુથી મુસાફરો ગાડીની બારીઓ ઉઘાડીને નદીના જળ તરફ અને દૂર આવેલા સમુદ્ર ભણી જોઇ રહ્યા. ખિન્ન હૃદયવાળા યુવકે પણ તે જોવામાં ભાગ લીધો. અંધકારમાં સામાન્ય ખળખળ ધ્વનિ કરતું જળ વહી જતું હતું અને મુખ આગળ જ્યાં નદીનું પાણી સમુદ્રમાં રેડાતું હતું ત્યાંથી કાંઇક વધારે મધુર અને ગંભિર ધ્વનિ આવતો હતો. પૂલપર ચાલી જતી ગાડીના ઘોર ધ્વનિ આગળ તે ધ્વનિ બિલકુલ સંભળાતો ન હતો, પણ જ્યારે ગાડી પૂલને પસાર કરી ગઇ ત્યારે જ તે મધુર ધ્વનિનો આસ્વાદ તે યુવક લેઇ શક્યો. ગાડીમાં બેઠાં બેઠાં સમુદ્રની વિશાળ અને ચકચકીત સપાટીનું દર્શન કરી શકાતું હતું અને તે દર્શન પ્રવાસીઓના ચિત્તમાં ક્ષણિક શ્મશાનવૈરાગ્ય ઉત્પન્ન કર્યા સિવાય રહેતું નહિ.

આ કુદરતી દૃશ્ય સૌ કોઈએ જોયું પણ તે યુવકની પાસે બેઠેલા એક વૃદ્ધ ગૃહસ્થે તે ભણી નજર પણ કરી નહિ. યુવકને એમ જણાયું કે તે ભદ્રપુરનો જ રહેવાસી હશે અને એ દૃશ્ય તો તેણે અનેક વાર જોયું હશે એટલે બીજાઓની પેઠે તેણે તે જોવામાં ભાગ લીધો નહિ હોય. આ નદી અને આસપાસના પ્રદેશનું વૃત્તાંત સાંભળવાની સ્વાભાવિક જિજ્ઞાસાથી યુવકે તે વૃદ્ધને પૂછ્યું: " આ નદીને કયા નામથી ઓળખવામાં આવે છે ? "

વૃદ્ધે સવિસ્તર પ્રત્યુત્તર આપતાં કહ્યું: " નદીને ભદ્રાવતીના નામથી ઓળખવામાં આવે છે અને તેના મુખને ભદ્રમુખ તથા તે ઉપરના નગરને ભદ્રપુર કહે છે. ભદ્રમુખ એક પવિત્ર સ્થળ છે, યાત્રાળુઓ પણ થોડા ઘણા આવે છે, પણ કાંઈ ગંગા-જમના જેવું મોટું તીર્થસ્થળ ગણાય નહિ. ભદ્રપુર અહીંથી હવે બહુ દૂર નથી- પાએક કલાકમાં સ્ટેશન આવશે. આપ ક્યાં પધારો છો ? ક્યાંથી આવો છો ? "

તે વૃદ્ધના છેવટના બે પ્રશ્નોએ યુવકના મ્હોંને કસાણું કર્યું. આવા પ્રશ્નો તે કરશે એમ તેની માનિનતા ન હતી, છતાં વિવેકની ખાતર પ્રશ્નના ઉત્તરો તો આપવા જોઇએ, તેથી તે બોલ્યો: " હું આવું છું દક્ષિણમાંથી-યાત્રા નિમિત્તે નિકળ્યો છું. "

" ત્યારે તો રામેશ્વર સુધી જઈ આવ્યા હશો; રેવાજીમાં ન્હાયા કે નહિ ? "

આ પ્રશ્નાવલિ યુવકને અસહ્ય થઇ પડી. તે બોલ્યો: " જી ના, હજી ઘેરથી જ નીકળ્યો છું. "

" એમ કે ? જ્ઞાતે કોણ છો ? કાંઈ ધંધો પાણી ? "

"બ્રાહ્મણ છું–હજી અભ્યાસ કરૂં છું."

"વકીલાતનો?"

"જી ના, હજી હું કૉલેજમાં જ છું."

"પૂનાની કૉલેજમાં?"

"ના, મુંબઇની. હું મુંબઇ જ રહું છું. આવું છું પણ મુંબઇથી." છેવટે ખુલાસો કરવાની યુવકને જરૂર પડી.

"આપના પિતા શું ધંધો કરે છે?"

"વ્યાપાર."

"અનાજનો?"

"ના જી, તેઓ બે મીલોના એજન્ટ છે."

પેલો વૃદ્ધ આશ્ચર્ય પામ્યા સરખો દેખાયો. યુવકની વાતને ન માનતો હોય તેવો વિકાર તેના વદન ઉપર સ્ફુરી આવ્યો અને બોલ્યો: "ઓહો! આપ શ્રીમંત હોવા છતાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરો છો? મોટા આશ્ચર્યની વાત છે. ત્યારે તો આપની સાથે બીજા કોઈ માણસો પણ હશે–નોકર-ચાકર પણ હશે!"

આ પ્રશ્નનો ઉત્તર આપતાં યુવક મુંઝાયો. એકાદ મિનિટ વિશ્રાંતિ લેઇને તે બોલ્યો: "મહાશય! આપની દૃષ્ટિએ બલકે લોકદૃષ્ટિએ પણ હું શ્રીમંત છું; પરન્તુ પહેલા કે બીજા વર્ગમાં મુસાફરી કરવાથી જ શ્રીમત્તાનું સાર્થક્ય થાય છે એવી માનિનતાવાળો માણસ હું નથી. ત્રીજા વર્ગની મુસાફરીથી મને જેટલો આનંદ થાય છે તેટલો પહેલા કે બીજા વર્ગમાં મુસાફરી કરવાથી થતો નથી. જનસમાજનું પ્રકૃતિવૈચિત્ર્ય જોવાનો જે લાભ ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાથી મળે છે તે બીજા કે પહેલા વર્ગમાં મુસાફરી

કરવાથી મળી શકતો નથી. હું જ આપને પૂછું છું કે આ ભદ્રાવતી, ભદ્રમુખ અને ભદ્રપુરની જે કાંઇ માહિતી આપે મને આપી, તે બીજા કે પહેલા વર્ગમાં મળી શકત શું? અને વસ્તુતઃ હું યાત્રા કરવા નિમિત્તે નહિ પણ માત્ર અટન કરવા નિમિત્તે નીકળ્યો છું. તીર્થસ્થળો જ એકલાં નહિ પણ કેટલાંક ઐતિહાસિક સ્થળો અને પ્રકૃતિની સુંદરતાના દેખાવો જોવાની પણ મને અભિલાષા છે. આ કારણથી કોઇ માણસોને પણ મેં સાથે લીધાં નથી અને હું એકલો જ નીકળ્યો છું."

આ પ્રત્યુત્તર સાંભળીને પેલો વૃદ્ધ કાંઇક ચમક્યો હોય તેમ જણાયું. આ યુવક ચિત્ર-વિચિત્ર પ્રકૃતિનો પણ ખરે માર્ગે દોરાનારો હોય તેમ તેને જણાયું. શ્રીમંતનો પુત્ર અટન કરવા નિમિત્તે એકલો નીકળે અને ત્રીજા વર્ગમાં મુસાફરી કરવામાં જ આનંદ માને એ વાતનો વિચાર કરતાં તે વૃદ્ધના મગજમાં વિચારોનું યુદ્ધ મચી રહ્યું. તેણે કહ્યું "ભાઇ! તમે હજી યુવાન્ છો છતાં તમારા આવા પ્રૌઢ અને ઠરેલા વિચારો જાણી મને આનંદ થાય છે; ત્યારે આ ભદ્રમુખની યાત્રા કરવાને પણ ઉતરી જાઓ ને! બહુ જોવાલાયક સ્થળ છે. ઉતારો મારી સાથે જ રાખજો; હું પણ બ્રાહ્મણ જ છું. માત્ર એકાદ બે દિવસ જ રોકાજો; વધારે દિવસો થોભવા જરૂર નહિ પડે; ભલા, આનંદ થશે."

જનસમાજનું પ્રકૃતિવૈચિત્ર્ય નિહાળવાને અને માત્ર અટન કરવાને નીકળેલા યુવકને આ વૃદ્ધ પુરૂષનું આમંત્રણ સ્વીકારવાયોગ્ય જણાયું. "ભલે, આપની ઇચ્છા છે તો એકાદ દિવસ આપની સાથે રહેવાને ભદ્રપુર ઉતરીશ." અજાણ્યા પુરૂષના આમંત્રણનો સ્વીકાર કર્યો અને તુરત જ ગાડી થોભી; ભદ્રપુરનું સ્ટેશન આવી પહોંચ્યું.

સૌ ઉતારૂઓની સાથે તે વૃદ્ધ અને યુવક પણ ઉતર્યા. સ્ટેશનથી ગામ બે માઇલ જેટલું દૂર હતું એટલે બન્ને જણ એક રેકડો ભાડે કરીને તેમાં બેઠા. રાત્રિનો સમય અને પથરીવાળી જમીન હોવાથી રેકડામાં બેસવું તે યુવકને ભારે કઠીન જણાયું. ધડધડ કરતો રેકડો પથરાની ઠેસો ઉપર ચડતો અને પુનઃ નીચે પડતો ચાલતો હતો અને તેથી યુવકનું શરીર વ્યથિત થવા લાગ્યું. કમ્મર દુઃખવા આવી ગઇ, અને પીઠ રેકડાના કઠેરા સાથે ધડાધડ અફળાવા લાગી. તે મનમાં બોલ્યો: "આ પણ એક નવીન અનુભવ મળ્યો. મુંબઇમાં જે અનુભવનું સ્વપ્ન પણ ન હતું, તે આજે પ્રત્યક્ષ થયો. અટન કરવાના અનેક લાભો માંહેનો એક આ પણ લાભ છે કે તેમાં નહિ વિચારેલા અનુભવો પણ પ્રત્યક્ષ થાય છે! અને અટન પણ કોઈ પ્રકારના નિયમ વિનાનું હોય તો જ તેથી વિશેષ લાભ પ્રાપ્ત થાય છે." આ વિચારમાળા ચાલતી હતી એવામાં દૂરથી સમુદ્રની ચકચકિત સપાટી અને ઉછળતાં મોજાંના દર્શને યુવકનું મગજ રોક્યું. આવા ખડખડાટ ભડભડાટમાં પણ ડોસો તો ઊંઘી ગયો અને વાતચિતનું સાધન નહિ હોવાથી યુવકની મનઃસૃષ્ટિમાં અનેક કલ્પનાઓ તરવરવા લાગી.

"આ સાગરનું દૃશ્ય કેવું આનંદદાયક છે? મુંબઇનું પાલવા બંદર જૂઓ કે ચોપાટી જૂઓ, પણ જે કાંઇ જોવાનું સાગરના કુદરતી કિનારા ઉપરથી મળે છે, તે તે મચ્છવા અને સ્ટીમરોથી ખીચોખીચ ભરેલા મુંબઇના બંદરકાંઠામાં મળી શકતું નથી. Young fisherman માં સમુદ્રનું કુદરતી દૃશ્ય કેવું સુંદરતાયુક્ત વર્ણવેલું છે? તેવું સુંદર વર્ણન કૃત્રિમ દેખાવવાળા મુંબઇના દરિયાકિનારાનું થઇ શકે જ નહિ.

" પશ્ચિમ દિશાએ આ સાગર અને નૈઋત્ય કોણમાં ભદ્રાવતી વહન કરે છે એટલે ભદ્રમુખ પણ નૈઋત્ય કોણમાં જ હોવું જોઇએ; હા, તે દિશામાંથી જ જળના વહનનો ધ્વનિ સંભળાય છે. સામે દેખાતાં ઉછળતાં મોજાં પણ ભદ્રમુખના વહનથી ઉત્પન્ન થએલાં હોવાં જોઇએ! કેવું સુંદર દ્રશ્ય? બાયરનના સાગરનું વર્ણન અત્યારે દૃષ્ટિ સામે તરવરી રહ્યું છે!" મન્દ રવે યુવક ગાઇ રહ્યો:

" Roll on, thou deep and dark-blue Ocean! Roll:
" Ten thousand fleets sweep over thee in vain;
" Man marks the earth with ruin,-his control
" Stops with the shore; upon the watery plain
" The wrecks are all thy deed, nor doth remain
" A shadow of man's ravage, save his own,
" When for a moment, like a drop of rain,
" He sinks into thy depths with bubbling groan-
" Without a grave, unknell'd, uncoffin'd and unknown."

સાગરની કલ્પના ઉપરથી મગજ હૃદયસાગરની કલ્પના ઉપર ચઢ્યું: " હૃદયસાગર! બાયરનના પ્રિય સાગરની તુલના તને શું નથી લાગુ પડતી? તારામાં without a grave, unknelled, uncoffined and unknown એવા અનેક વિચારો શું નથી ડૂબી ગયા? શું તે સાગરની ઉપમાને લાયક તું નથી? શું તારામાં તોફાની મોજાંનાં ભરતી-ઓટ નથી થતા? થાય છે, તે સઘળુ તારામાં છે કે જે બાયરનના સાગરમાં હતું!"

સાગરની સપાટી ઉપર જોતાં યુવકનું ખિન્ન હૃદય અનેક તરંગો, અને અનેક કલ્પનાઓમાં ગોટવાયું. રેકડો હવે કાંઇક શાંત ચાલતો

હતો કારણકે પત્થરવાળી આકરી ભોં હવે રહી ન હતી, અને તેથી દુ:ખતી કમ્મરમાં નવું વધારે દુ:ખ થતું ન હતું. ઘડીમાં આંખો મીંચતો, ઘડીમાં આંખો ઉઘાડીને સમુદ્રના જળને અવલોકતો, તો ઘડીવારમાં ભદ્રમુખના વહતા જળના ધ્વનિમાં લીન બનતો યુવક તંદ્રાનો અનુભોગ લેતો લેતો પોતાને માર્ગે પ્રયાણ કરી રહ્યો હતો.

પ્રકરણ ૨ જું.

ગરીબડું ઘર.

સુદી પંચમીનો ચંદ્ર ક્યારનોએ અસ્ત પામી ગયો હોવાથી અત્યારે ભદ્રપુરમાં સર્વત્ર અંધકાર વ્યાપી રહેલો જોવામાં આવતો હતો. ભદ્રપુર એક સાધારણ ગામ-ગામડું નહિ અને શહેર પણ નહિ–હોવાથી અને વળી મધ્યરાત્રિ પછીનો સમય હોવાથી સર્વત્ર શાંતિ પ્રસરી રહેલી જણાતી હતી. લોકોનો અવરજવર બિલકુલ ન હતો. તારામંડળ અંધકારયુક્ત રાત્રિમાં ચમકી રહ્યું હતું. અત્યારે પેલા વૃદ્ધ નર અને યુવક ઉભય એક સાધારણ દેખાવના ઘર આગળ આવી પહોંચ્યા અને વૃદ્ધે બારણું ઠોકીને "લતા!" એમ બૂમ મારી.

લતા જાગતી જ હોય તેમ જણાયું કારણકે પહેલી જ બૂમને માંહેથી ઉત્તર મળ્યો કે–" કોણ? બાપુજી આવ્યા?"

"હા, બેટા!" તે વૃદ્ધે ઉત્તર આપ્યો અને તુરત જ ખડકીનું બારણું ઉઘાડ્યું. વૃદ્ધ માંહે પેઠો અને તેની પાછળ જ તે યુવક પણ

પેડો. એટલામાં લતા તે વૃદ્ધની છાતીમાં માથું મૂકીને ધ્રુશકે ને ધ્રુશકે રોઈ પડી ! હજી ડોસો ઓસરીમાં જઇને બેસવા પણ પામ્યો ન હતો, એટલામાં આ શું કુતૂહળ થયું તે જોઇને યુવક બિલકુલ સ્થંભી ગયો ! બિચારો ડોસો પણ લતાના એકાએક ગભરાટથી ગભરાઇ ગયો તો ખરો, તોપણુ તેને આશ્વાસન આપતો બોલ્યોઃ "લતા ! બેટા ! આમ કરાય? જરા શાંત થા અને શું બન્યું તે મને સવિસ્તર કહે. ગભરા ના !"

"બાપુજી ! કાળસરખા પિતાનો આ જુલ્મ હવે મારાથી નથી સહ્યો જતો રે માડી ! હું શું કરૂં? હું તમને શું સવિસ્તર કહું ?" એમ કહેતી લતાનું રૂદન અસ્ખલિત જ રહ્યું.

"હશે, તું ગભરા ના. કોઇએ પોતાનાં નસીબ વેચી ખાધાં હોતાં નથી. સૌ સારૂં થશે, બેટા ! જરા વિવેક રાખીએ, ઘરમાં કોઈ મેમાન હોય અને આમ ગભરાં બની જઇએ નહિ !"

'મેમાન' શબ્દ સાંભળીને લતાને કાંઇક ભાન આવ્યું. તેણે વૃદ્ધની છાતીમાંથી માથું ઉંચક્યું તો તેની દૃષ્ટિ યુવકની ભણી ગઇ. પહેલાં તે તેને જોવા પામી ન હતી અને તેથી જ હૃદયમાં ભારી રાખેલો ગભરાટ એકદમ સળગવા લાગી ગયો હતો. લતા આંખો લૂછતી લૂછતી ઓરડામાં ગઈ અને મેમાનને માટે ઓસરીમાં શેતરંજી પાથરી. વૃદ્ધ અને યુવક ઉભય તે પર બેઠા.

ઓસરીની એક બાજુએ એક યુવક બિછાનામાં પડ્યો પડ્યો ખોં ખોં કરી રહ્યો હતો, ત્યાં પેલો વૃદ્ધ ગયો અને બોલ્યોઃ "ચંદ્રમણિશંકર ! કેમ છે તમને ?"

"તમે પધાર્યા ? ઠીક થયું; જુઓને ! રોગ વારંવાર ઉથલા

મારી રહ્યો છે. આ વખતે હવે મને આશા નથી.” એમ કહેતાંની સાથે જ એકદમ સખ્ત ઉધરસ ચડી અને દસક મિનિટ સુધી તેનાથી બોલાયું નહિ. એટલામાં લતા પોતાના સ્વામીના બિછાનાની પાસે આવી અને બેઠી. દવા-દારૂ, માંદગી વગેરે સઘળી હકીકત લતાએ આંખમાં આંસુ સાથે તે વૃદ્ધને કહી સંભળાવી. વૃદ્ધની આંખોમાં પણ વારંવાર આંસુ ભરાઇ આવતાં હતાં, તેમ દૂર બેઠેલો યુવક દીપકના પ્રકાશમાં જોઇ શકતો હતો. છેવટે એક ઊંડો નિઃશ્વાસ નાંખીને તે વૃદ્ધ ત્યાંથી ઉઠ્યો અને યુવકની પાસે આવીને બેઠો. લતા બન્નેને માટે બિછાનાની યોજના કરવામાં રોકાઇ.

વૃદ્ધે પૂછ્યું: “આપને નિદ્રા તો આવતી હશે; પરોઢ થવા આવ્યું છે, પણ જરા વિરામ લેશો તો ઠીક પડશે.”

“ના, નિદ્રાની કાંઇ ચિન્તા નથી. આ લતા બ્હેન આપનાં પુત્રી થાય શું?” અત્યારસુધી આ મુંગું નાટક જોઇને વિસ્મિત થએલા અને તેનું રહસ્ય જાણવાની જિજ્ઞાસાવાળા યુવકે પૂછ્યું.

“જી ના. તે મને દૌહિત્રી થાય; હું તેનો માતામહ થઉં.”

“અને જે માંદા છે તે લતા બ્હેનના પતિ કે?”

“જી હા. અમારા જેવા ગરીબના સંસારનો ઇતિહાસ જાણવામાં આપને કાંઇ જાણવા જેવું મળશે નહિ. જ્યાં દુઃખનાં જ રોદણાં રડવાનાં હોય છે, ત્યાં જાણવાનું શું હોય?”

“ના, એમ કાંઇ હોતું નથી. આ દુનિયાની ક્ષુદ્ર વસ્તુઓ અને તેના ક્ષુદ્ર અનુભવો પણ બોધક અને જ્ઞાતવ્ય હોય છે.”

આંખોમાં આંસુ આણીને તે વૃદ્ધ બોલ્યો: “ભાઇ સાહેબ! આપ તો શ્રીમંત કહેવાઓ, તોપણ સમજુ છો એટલે અમારા

દુઃખની કલ્પના આપ કરી શકશો. હું શું કહું ? આ દિકરીની સંભાળ મારા જેવા ઘરડા ખખ્ખ માતામહને રાખવી પડે છે અને તેના સગા બાપને જરા પણ અરેકાર નહિ, એટલો હડહડતો કળિકાળ હાલમાં ઉભરાઈ નીકળ્યો છે. સાંભળો, આપ જ્ઞાનશીલ છો એટલે મારા દુઃખનું કથન આપને કહીને હૃદયને ખાલી કરવાની જિજ્ઞાસા સ્ફુરી*આવે છે એટલે સઘળું કહી દઉં છું. મારૂં નામ શિવશંકર છે. આ લતાની મા એટલે મારી પુત્રીને મેં મુંબઇના એક શ્રીમંત ગોપાળરાયને આપેલી. દુર્ભાગ્યે લતા વિના તેને બીજું કાંઈ સંતાન થયું નહિ અને તેણે પરલોકગમન કર્યું એટલે ગોપાળરાય બીજી પરણ્યા; પણ શેઠનું જીવન ત્યારથી બગડ્યું. આજકાલના સુધારાવાળાઓની મિત્રાચારીમાં તેઓ આપણા હિંદુ સંસાર વ્યવહારનું ભાન ભૂલી ગયા અને તેમની નવી પત્ની તેમાં મુખ્ય સાધનભૂત થઈ પડી. લતાને પરણાવ્યા પછી તે કઠોર હૃદયના બાપે તેની સંભાળ પણ લીધી નથી. લતાના પતિ આ ચંદ્રમણિશંકર કુલીન છે, ભણેલા છે, અને અહીંની નિશાળમાં તેમને પાંત્રિસ રૂપિયાનો પગાર પણ હતો; પણ તેમાંએ દુષ્ટ ગોપાળરાયે નીચતા કરવામાં ખામી રાખી નથી. એક મહિનો થયાં અહીં સ્વામી રમણાનંદ નામના એક સંન્યાસી આવ્યા છે અને જૂદા જૂદા વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યાં કરે છે. અહીંના દિવાનના તે ગુરૂ થાય એટલે તેમને માન પણ ઠીક મળે છે. દરેક રવિવારે સ્વામી રમણાનંદ સ્ત્રીવર્ગની સમક્ષ તેમના ધર્મો વિષે વ્યાખ્યાન આપે છે. સ્વામીજીની કીર્તિ બીજા લોકોમાં ગમે તેવી સારી હોય પણ અમારી લતાને ત્યાં જવું ઠીક લાગ્યું નહિ એટલે તેણે સમાજમાં હાજરી આપી નહિ. ભદ્રપુર તો એક દેશી રાજ્ય છે તે આપ જાણતા હશો;

અને આજ કાલ દેશી રાજ્યોમાં હુકમ તે જ કાયદા ગણાય છે એ બાબત પણ આપના ધ્યાનમાં હશે. અત્રેના દિવાન સાહેબ તરફનો ખાસ હુકમ એવો હતો કે દરેક દરબારી નોકરની સ્ત્રીએ તે સ્ત્રી-સમાજમાં નિયમિત ભાગ લેઇને સ્વામીજીનું વ્યાખ્યાન સાંભળવું. સ્ત્રીના ધર્મ સંબંધી સદ્બોધદાયક વ્યાખ્યાન સાંભળવું તે તો દરેક સ્ત્રીનું કર્ત્તવ્ય જ છે અને તેમાં દિવાન સાહેબ જેવા ઉપરી અમલ-દારના હુકમની કાંઈ જરૂર રહેતી નથી, પરન્તુ દેશી રાજ્ય કહ્યું એટલે **शान्तम् पापम्** સમજી લેવું. લતા આ વ્યાખ્યાનમાં ભાગ લેતી નથી એમ દિવાનના જાણવામાં આવ્યું એટલે દિવાને ચંદ્રમ-ણિશંકરને રૂબરૂમાં બોલાવીને સૂચના કરી અને તે બાબત દિવાને ગોપાળરાયને પણ મુંબઇ ખાતે લખી જણાવી. ગોપાળરાય સાથે દિવાનને પૂર્વની કાંઇક મિત્રાચારી તો ખરી. પુત્રીના હિતને માટે ગોપાળરાયે કોઈ પણ વખતે પત્ર લખ્યો નહિ હોય, પણ આ પ્ર-સંગે તેણે પત્ર લખ્યો અને દિવાનને ઉશ્કેરીને ચંદ્રમણિશંકરને નોકરીમાંથી બરતરફ કરાવ્યા. સંજોગ એવો લાગી આવ્યો કે ચંદ્ર-મણિશંકરની તબીયત લથડી. લતા હવે પૂરેપૂરી મુંઝાઈ, કોઇ વાર નહિ અને તે જ દિવસે લતાએ ગોપાળરાય ઉપર પત્ર લખ્યો અને નોકરીમાંથી બરતરફ થએલા હોવાથી પુનઃ ચંદ્રમણિશંકરને નોક-રીમાં 'રાખવાને ભલામણ કરવા' વિનતિ કરી તથા માંદગીને સબબે થોડા રૂપિયાની મદદ માંગી. ભાઈ! આ તેનું પરિણામ એ આવ્યું કે ગોપાળરાયે એક એવો તો નીચ પત્ર લખ્યો છે કે જે વાંચીને મારાં તો રૂંવાડાં ઊભાં થઈ આવ્યાં છે! કોઈ દુશ્મને પણ ન લખ્યો હોય તેવો તે પત્ર છે અને સ્વામીની માંદગીનું તથા ગરીબાઇનું જે દુઃખ લતાને માથે આવી પડયું છે, તેને માટે તેની

હાંસિ કરી છે! મદદ માંગેલી તેને તો મજુકારી પણ નથી અને લખ્યું છે કે-"સુધારાના વિચારો તરફનો તારો તિરસ્કાર હજી દૂર થયો નથી અને તારૂં મૂર્ખતાભર્યું વર્તન તું મુંબઇની પેઠે ભદ્રપુરમાં પણ ચલાવી રહી છે, તેનો જ બદલો અપાવવાની ખાતર મેં દિવાનને સૂચના કરી હતી કે ચંદ્રમણિશંકરને બરતરફ કરવો!" ભાઇ! જુઓ આ સુધરેલા જમાનાનો બાપ! બાપે જ આ કાળું કામ કર્યું છે, એમ બિચારી લતા તો જાણતીએ ન હતી; તેણે બાપના આવા પત્ર ઉપરથી જાણ્યું કે સગો બાપ જ પુત્રીના કાળરૂપ થયો છે! ભાઇ! આજકાલ તો અંગ્રેજી ભણેલાઓ અને કહેવાતા સુધરેલાઓ હવે દાટ વાળવા લાગ્યા છે! અંગ્રેજી તો અમે પણ એક વાર ભણ્યા હતા, પણ આવા છેક જ વંઠી ગયા ન હતા! ગોપાળરાય જેવા પ્રૌઢ ઉમ્મરના માણસોને પણ સુધારાનું ધત્તીંગ વળગ્યું જાણી મને બહુ જ ખેદ થયો છે. સુધારાને હું વખાણનારો છું પણ સુધરેલાઓ વખાણવાલાયક સુધારાને નહિ પકડતાં વખોડવાલાયક નામના સુધારાને પકડી બેઠેલા છે! ભાઇ! આપ મુંબઇનિવાસી છો એટલે ગમે તેવો મત ધરાવતા હો પણ હું તો એવા ખુલ્લા મતનો છું કે પવિત્ર જીવન ગાળવાને માટે મુંબઇમાં એક તસુભર જગ્યા પણ લાયક નથી! આવા અમારા દુઃખનો આરો આપના જેવા શ્રીમંતોને કહી સંભળાવવાથી કાંઇ થોડો આવવાનો છે?"

શિવશંકર ડોસો આટલું બોલીને શાંત થયા એટલે યુવકે કહ્યું: "શિવશંકરભાઈ! આપ અનુભવી ગૃહસ્થ છો એટલે આપના વિચારો પ્રૌઢ હોય તે સ્વાભાવિક છે. અમારા સરખા યુવકો તો હજી બાળક ગણાય. મારા પિતા શ્રીમંત છે, પણ વસ્તુતઃ મુંબઈના શ્રીમં-

તોનો હું ખાસ વિરોધી છું. આપ મુંબઇને પવિત્ર જીવન ગાળવા માટે અયોગ્ય સ્થળ લેખો છો, તેવું હું પણ લેખું છું. મુંબઇમાં સરલતા, સહૃદયતા કે નિર્મળતાનું નામ પણ નથી. ગોપાળરાયને હું ઓળખું છું, તેમના વર્તન સંબંધે પણ કેટલુંએક જાણું છું. તેમની નીચતાનો આવો વિચિત્ર નમૂનો સાંભળીને મને બહુ ખેદ થયો છે. પિતાની પુત્રી પ્રતિની વત્સલતાનો નાશ થાય, એ પ્રભુ ન સાંખી શકે તેવો હડહડતો અન્યાય ગણાય."

"ભાઈ સાહેબ! અને આપનું નામ?"

"મારૂં નામ રસિકલાલ."

"અને રસિકભાઈ! આ હડહડતો ખુલ્લો અન્યાય છે, પણ તેની વાસ્તવિકતા વિચારનારા આપના જેવા વિરલા જ હોય છે. અંગ્રેજી કેળવણીને તેનો દોષ દેવો, તેવો સિદ્ધાન્ત પણ કરી શકાતો નથી કારણકે આપના જેવા સહૃદય યુવકો તે સિદ્ધાન્તને અપવાદરૂપ થઇ પડે છે. અમે પણ અંગ્રેજી તો ભણ્યા હતા પણ અમારા સમયના અંગ્રેજી ભણેલાઓમાંના એકનું પણ વર્તન અમે તો સ્વપ્ને પણ આ પ્રકારનું જોયું નથી."

"આપ ભૂલો છો. આજકાલના સુધારાના નામે ચાલતો બગાડો તે અંગ્રેજી કેળવણીનું પરિણામ નથી પણ અંગ્રેજી સંસારના સહવાસની અપૂર્ણતામાંથી ઉત્પન્ન થએલું પરિણામ છે. અંગ્રેજો ઉમ્મરલાયક થયે પરણેલાં પુત્ર પુત્રીઓ ઉપરનો વત્સલ ભાવ ઉતારી નાંખે છે, ગોપાળરાયે પણ તેમ કર્યું અને તદુપરાંત તેમણે ચંદ્રમણિશંકરને હેરાન કરવાનું નીચ પગલું ભર્યું, તે પોતાની અંધતાથી, તેમની નવી પત્નીની શિખામણથી અને સામાન્ય મનુષ્ય જાત પરત્વે પણ રાખવી જોઇતી દયાના અભાવથી સ્વચ્છંદતાથી કર્યું."

" વાહ, વાહ ! આપે બરાબર તોડ કાઢ્યો છે, તમારૂં કથન અક્ષરશઃ સત્ય છે; હવે જરા નિદ્રા લેશો ? " એમ કહીને શિવશંકર ઉઠ્યો એટલે યુવક પણ ઉઠ્યો અને બન્ને બિછાનામાં પડ્યા. લતા અને ચંદ્રમણિશંકરના અનેક વિચારો કરતો રસિકલાલ સૂતો અને તુરત જ નિદ્રાને વશ થયો. થોડી વાર તે ગરીબડા ઘરમાં શાંતિ પથરાઇ રહી.

પ્રકરણ ૩ જું.

સ્વામીજીનું વ્યાખ્યાન અને ચર્ચા.

स्वदेशे पूज्यते राजा ।
विद्वान्सर्वत्र पूज્યते ॥

" સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે " એ સિદ્ધાંતને લક્ષ્યબિન્દું ધારીને સ્વામી રમણાનંદે સંન્યાસ લીધો હોય એમ દૃષ્ટિગોચર થતું હતું. પોતાના પ્રવાસમાં તેઓ કદાપિ ધર્મ સમ્બન્ધે વ્યાખ્યાન આપતા સંભળાતા ન હતા. પુરૂષવર્ગની સભામાં પણ સ્ત્રીવર્ગ અને તેની ઉન્નતિના ઉપાયો સૂચવવા અને સ્ત્રીવર્ગની સભામાં પણ તેમ જ કરવું તે તેમનું મુખ્ય કર્ત્તવ્ય હતું. સ્ત્રીવર્ગ જ તેમનાં વ્યાખ્યાનનો મુખ્ય વિષય હોવાથી તેઓથી મોટે ભાગે સ્ત્રીઓની જ સભા ભરતા. તેમ કરવામાં તેઓ લોકાપવાદનો ભય કદાપિ રાખતા ન હતા. **यद्यपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं नाकरणीयम्** એ સંસ્કૃત વાક્ય કોઇ મૂર્ખ-નૈતિક

બળ વિનાના-પુરૂષે લખ્યું હશે, એવી તેમની માનિનતા હતી કારણકે તે પ્રમાણે લોકાપવાદનો ભય રાખવાથી જાહેર હિંમત-moral courage-નો પાઠ શીખી શકાતો નથી અને પ્રજાવર્ગ નિર્બળ મનનો-પારકા વિચારને અવલંબીને ચાલનારો થાય છે એવું તેઓ માનતા હતા. વળી તેઓ સંન્યાસી હોવાથી તેમણે ગેરૂમાં રંગેલાં કપડાં પહેરેલાં હોવાથી સ્ત્રીવર્ગની સભાઓ ભરવાથી પણ તેમની બહુ અપકીર્ત્તિ થતી નહિ. ભદ્રપુરના દિવાન શાંતિપ્રસાદના તેઓશ્રી ગુરૂ કહેવાતા હોવાથી અપવાદયુક્ત ભાપણ કોઇ બોલી શકતું પણ નહિ. એક માસ થયાં તેઓ ભદ્રપુરમાં જ થોભ્યા હતા, તેનું કારણ લોકોમાં એવું બોલાતું હતું કે થોડા દિવસમાં ભદ્રપુરના યુવાન્ રાજાનું લગ્ન થવાનું છે તે પ્રસંગે રાજા તથા દિવાનના આગ્રહથી તેઓ રોકાયા છે.

પ્રભાત થયું એટલે રસિકલાલ બિછાનામાંથી ઉઠ્યો. અપૂર્ણ નિદ્રાથી તેની આંખો લાલચોળ થઇ ગઇ હતી અને શિવશંકર ડોસાએ જો કે વધારે વખત સુઇ જવાને તેને બહુએ આગ્રહ કર્યો, તોપણ તેણે તે આગ્રહ સ્વીકાર્યો નહિ. બિછાનામાંથી ઉઠીને શિવશંકર ચંદ્રમણિશંકરના બિછાના તરફ તેની તબીયત જોવાના હેતુથી ગયો એટલે રસિકલાલે પણ વિવેકની ખાતર તે તરફ જવાનું ઉચિત માન્યું. શરીર બિલકુલ હાડપિંજરના સરખું થઇ ગયું હતું. રસિકલાલે ચંદ્રમણિશંકરના કપાળપર હાથ રાખી જોયો, તો સખ્ત તાવ ચડેલો જણાયો. શિવશંકરની ઇચ્છા હતી કે તેને થોડું દૂધ આપવું પણ તાવ ચડ્યો હોય ત્યારે કાંઇ પણ ખોરાક નહિ આપવાની રસિકલાલની સૂચના ઉપરથી તેણે પોતાનો વિચાર મુલતવી રાખ્યો. રસિકલાલે કહ્યું: "શિવશંકરભાઇ ! આવું આ હાડપિંજર જેવું

દુર્બળ શરીર અને શરીરની અસ્વસ્થતા તે પણ તેનું જ પરિણામ છે કે જેનું પરિણામ આજકાલનો કહેવાતો સુધારો હતું. શરીર હદ ઉપરાંત નાજુક અને દુર્બળ થઇ જાય છે, તેનું કારણ જેટલા પ્રમાણમાં કેવળ અભ્યાસ નથી, તેટલા પ્રમાણમાં શરીરની નાજુકાઇ-delicacy અને માનસિક નિર્બળતા છે. ઔષધોને માટે તો આપણા કોઠા કોઠારરૂપ થઈ પડ્યા-દાક્તરની દવા હાલતાં ચાલતાં પિવાય અને અંગ્રેજોના અપૂર્ણ અનુકરણરૂપ 'ફૅમિલી ડૉક્ટર' વિના તો ચાલે જ નહિ, એ સઘળું આપણા શારીરિક બંધારણની ઉન્નતિને અર્થે નહિ કિન્તુ અવનતિને અર્થે ઉપયોગી છે."

ચંદ્રમણિશંકરે બિછાનામાં પડ્યાં પડ્યાં ખોખરે અવાજે કહ્યું: "બાઈ સાહેબ ! આપ ખરૂં જ કહો છો. એ ડાક્તરોની દવાએ જ અને વધુ કહું તો શક્તિને માટે શોખથી દવા પીવાની કુટેવે મારા શરીરનું સત્યાનાશ કાઢ્યું છે અને વારંવાર હાલતાં ચાલતાં હું માંદો પડી જઉં.છું તેનું કારણ પણ તે જ છે. આ માંદગીમાં પણ દવા ખાધામાં કાંઈ બાકી રાખી નથી, પણ આજથી હવે હું એકે દવા પીનાર નથી; જે થવું હશે તે થશે."

એટલામાં લતા બોલી: "બાપુજી ! ઓટલે દાતણ-પાણી મૂકયાં છે અને તમારે માટે અને મેમાનને માટે ગરમ પાણી પણ તૈયાર છે."

"વારૂ, ચાલો." એમ કહી શિવશંકર અને રસિકલાલ બહાર ઓટલે જઇને દાતણ કરવા બેઠા. એટલામાં એક જણ કાંઈ પ્રસિદ્ધિપત્રો-જાહેર ખબરો વહેંચતો વહેંચતો આવ્યો અને તેણે એક પત્ર રસિકલાલના હાથમાં પણ મૂક્યું.

શિવશંકરે પૂછ્યુંઃ " શેનું પ્રસિદ્ધિપત્ર છે ? "

" આજે બપોરના સ્વામી રમણાનંદજી એક જાહેર વ્યાખ્યાન આપનાર છે અને તેમાં રાજાજી તથા દિવાન વગેરે પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ હાજરી આપનાર છે. "

" કેમ ? જવા વિચાર છે ? ભલા, તેમાંથી પણ કાંઇક જાણવાનું મળશે. સભા વ્હેલી પૂરી થશે, તો પછી સાંજે ભદ્રમુખ તરફ જઇશું. " શિવશંકરે કહ્યું.

" હા, જઇશું. " કિંચિત્ નવીનતા જાણવાના જિજ્ઞાસુ રસિકલાલે પ્રત્યુત્તર આપ્યો. સ્નાન, ધ્યાન, ભોજનાદિથી પરવારીને મધ્યાહ્‌ન થતાં રસિકલાલ અને શિવશંકર સ્વામી રમણાનંદજીનું વ્યાખ્યાન સાંભળવાને સભામાં ગયા.

સભામાં હજી જનસમાજ બહુ એકઠો થયો ન હતો. રસિકલાલ અને શિવશંકર ગયા ત્યારે માત્ર બસો ત્રણસો શ્રોતાઓ આવેલા હતા. એક બાજુએ કેટલીએક સ્ત્રીઓ પણ બેઠી હતી. ભદ્રપુરનું સાર્વજનિક વાચનાલય (Public Library) સભાને માટે પસંદ કરવામાં આવ્યું હતું અને મકાન વિશાળ હોવાથી સ્હેજે હજારેક શ્રોતાઓ બેસી શકે તેમ હતું. રસિકલાલ અને શિવશંકર સૌને મોખરે જઇને બેઠા અને રસિકલાલના ગૃહસ્થને છાજે તેવા પોષાક ઉપરથી પોતાની આડે બેસવા દેવામાં કોઇ પણ શ્રોતાએ વાંધો લીધો નહિ. સભા મળવાનો સમય થઈ ગયો હોવાથી પાએક કલાકમાં આખો હૉલ ભરાઇ ગયો અને વ્યાખ્યાનકાર સ્વામી રમણાનંદજી પણ ચાખડીઓ પટપટાવતા આવી પહોંચ્યા. તેમની વય ચાળીસેક વર્ષની જણાતી હતી. કદમાં લાંબા અને હાથમાં દંડ

હોવાથી તેમનું શરીર પ્રતિભાશાળી જણાતું હતું. શિવશંકર ડોસા રસિકલાલને સમજૂતી આપતા કહેવા લાગ્યાઃ " જુઓ, રસિકભાઇ! આ પોતે જ સ્વામી રમણાનંદજી! તેઓ કયો ધર્મ પાળે છે તે તો હું કાંઇ જાણતો નથી પણ આ પ્રદેશમાં તેઓ દેશોન્નતિને લગતાં વ્યાખ્યાનો આપવા માટે સારી રીતે ખ્યાત થએલા છે. કોઇ તેમને આર્યસમાજીસ્ટ કહે છે તો કોઇ વેદાંતી–શંકરાચાર્યના મતના કહે છે; ખરેખરો તેમનો ધર્મ ગમે તે હો, પણ દેશના સ્ત્રીવર્ગને સુધારવાને તેમનો પ્રયાસ અભિનંદનીય તો લાગે છે. ધર્મ સંબંધી વ્યાખ્યાનો આપવાનો તેમનો નિયમ હોય તેમ જણાતું નથી એટલે તેમના ધર્મસંબંધી વિચારો બહાર પડ્યા જણાતા નથી; પણ અત્રેના દીવાનસાહેબ આર્યસમાજના અનુયાયી છે એટલે પછી રમણાનંદજી પણ તે જ ધર્મના હોય તો ના નહિ."

એટલામાં પાછળ બેઠેલો એક બ્રાહ્મણ કે જે આ સઘળું સાંભળતો હતો તે ધીમેથી બોલ્યોઃ " ના જી, આપનું સમજવું ભૂલભરેલું છે. રમણાનંદજી આર્યસમાજીસ્ટ નથી અને વેદાંતીએ નથી; દીવાન સાહેબ અને તેમની વચ્ચે જે ગુરૂત્વનો અને શિષ્યત્વનો સંબંધ છે, તે પણ ધર્મ વિચારોના એકત્વને અનુલક્ષીને નથી. મૂળ વાત એમ છે કે રમણાનંદજીએ માત્ર 'દેશોદય' કરવાને માટે વ્યાખ્યાનો આપવાના હેતુથી જ સંન્યાસ ગ્રહણ કરેલો છે. કોઇ પણ ગુરૂને હસ્તે તેઓ દિક્ષા પામેલા નથી, પણ સ્વયંદિક્ષિત છે. દેશોદયના માર્ગમાં સૌથી વિશેષ અગત્યનો વિષય જે સ્ત્રીવર્ગની સુધારણા છે તે તેમણે ગ્રહણ કર્યો છે અને ઘણાં વર્ષો થયાં તેઓશ્રી તે સંબંધે જ વ્યાખ્યાનો આપ્યાં કરે છે. મુંબઇ, વડોદરા, અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં પણ તેમનાં તો વ્યાખ્યાનો બહુ જ વખણા-

એલાં છે અને એક ઉચ્ચ હેતુવાળા તથા સુભાષિત વ્યાખ્યાનકાર તરીકે જ આપણા દીવાન સાહેબ તેમને "ગુરૂજી" કહીને સંબોધે છે; બીજું કાંઇ પણ રહસ્ય તેમાં સમાએલું નથી. રમણાનંદજી ધર્મના ભિન્નત્વને તો એક ભ્રમરૂપ વિષય માનનારા છે."

શિવશંકરે તે સાંભળીને કહ્યું: "હા, બરાબર; આપ કહો છો તેમ પણ હશે ખરૂં કારણકે મેં તેમનાં ઘણાં વ્યાખ્યાનો સાંભળ્યાં છે પણ તેમાં એકકે ધર્મ સંબંધે સાંભળ્યું નથી કે જેમાં શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોના સિદ્ધાન્તો સાથે તેમણે કોઇ પણ મતનું પ્રતિપાદન કર્યું હોય."

રસિકલાલ બોલ્યો: "દીવાન સાથે પાશ્ચાત્ય વમળમાં વિશેષ ઘસાડાયા હોય તેમ જણાય છે, અને રાજાજી કેવા છે?"

પેલો બ્રાહ્મણ વાતચીતમાં રસ લેઇને જરા આગળ ખસી આવી બોલ્યો: "અમારા રાજાજી જેવા વિચિક્ષણ રાજા દુનિયામાં ભાગ્યે જ કોઈ હશે. તેઓ તો બન્ને પલ્લાં બરાબર જ રાખવાનું સમજ્યા છે; કોઇ પણ ધર્મને માન નહિ કે કોઇ પણ ધર્મને અપમાન નહિ એ જ એમનો સિદ્ધાંત. આજે રાજાજી સભામાં પધારનાર છે, પણ તે દીવાનજીએ આગ્રહ કર્યો હશે ત્યારે જ; માત્ર દીવાનજીના આગ્રહને માન આપવાને જ તેઓ આવશે, નહિતો આવાં વ્યાખ્યાનો સાંભળવાનો શોખ તેઓ ધરાવતા નથી. ઉમ્મર તો હજી ત્રીસેક વર્ષની હશે પણ એટલા તો વિદ્વાન્ છે કે ભલાભલા વિદ્વાનો પણ તેમનાથી અંજાઇ ગયા સિવાય રહેતા નથી. ભાઇ! એક રાજા તરીકે તેમનું જ્ઞાન અને તેમની બુદ્ધિ હદ ઉપરાંતની ગણાય. આખો દિવસ પોતાના ખાનગી પુસ્તકાલયમાં પડયાં રહેવું, પુસ્તકો વાંચવાં, કવિતાઓ જોડવી અને વિદ્વાનો સાથે પણ સાહિત્ય સંબંધે જ વાતચીત કરવી

તે તેમનું નિત્યનું કાર્ય છે. છે તો રાજા પણ એક શાસ્ત્રી બાવાનો ધંધો લેઇ બેઠા છે એમ કહીએ તો ચાલે. પુસ્તકો વાંચવાના તેમના શોખથી પ્રજાને પણ સાહિત્યરસિક બનાવવાને તેમણે આવડું મોટું આ સાર્વજનિક વાચનાલય તૈયાર કરાવ્યું છે અને હજારો પુસ્તકો મંગાવીને ભર્યાં છે. અને વળી—"

તે બ્રાહ્મણ આગળ બોલવા જતો હતો એટલામાં રાજાજી અધિકારી મંડળ સાથે આવી પહોંચ્યા એટલે આખો સમાજ તેમને માન આપવાને ઊભો થયો અને સર્વત્ર ખળભળાટ થઇ રહ્યો. સભાની મધ્યમાં એક મોટો ગાલીચો બીછાવેલો હતો અને તેનાપર ગાદી-તકીયો બીછાવેલાં હતાં. તેના ઉપર રાજાજી બેઠા અને આસપાસ યોગ્ય સ્થળે અધિકારી મંડળ બેઠું.

શિવશંકર સૌની ઓળખાણ પાડતો બોલ્યો: "રસિકભાઈ! આ ભદ્રપુરના રાજા સૂર્યસિંહજી! કેવો સાદો પોષાક અને કેવી તેમની સાદાઇ? થોડા દિવસમાં જ તેમનાં લગ્ન થનાર છે હોં અને લોકોમાં એમ પણ બોલાય છે કે તેથી જ તે ઉત્સવ નિમિત્તે સ્વામી રમણાનંદજીને આગ્રહપૂર્વક રોકવામાં આવેલા છે."

રસિકલાલ કાંઇક આશ્ચર્ય પામતો દેખાયો અને બોલ્યો: "લગ્નોત્સવમાં તેમનું શું કામ? તેઓ તો સંન્યાસી કહેવાય."

પેલો બ્રાહ્મણ પાછળથી હળવે રહીને બોલ્યો: "લગ્નનિમિત્તે તો તેમને કોઇએ રોક્યા નથી; એ તો ખાલી વાતો. પોતાની મેળે જ રોકાયા છે. પછી શી ખબર, દીવાને કાંઇ વિવેક કર્યો હોય તો!"

શિવશંકર આગળ બોલ્યો: "આ ડાબી બાજુએ બેઠા તે ભદ્રપુરના દિવાન શાંતિપ્રસાદ. તેમની પાસે બેઠા તે તેમના પુત્ર છે.

હાલ બી. એ. કલાસમાં મુંબઇમાં જ અભ્યાસ કરે છે. તેમની પછવાડે બેઠા તે ન્યાયાધીશ; બિચારા સાદા અને જૂના વખતના માણસ છે. રાજાજીની પછવાડે બેઠા તે તેમના એક મિત્ર છે, વિદ્વાન્ છે, કવિ છે અને મેમાન તરીકે આવેલા હશે. તેમનું નામ ઘણું કરીને જટાશંકર છે. તેમની પછી બેઠા તે અહીંના સેનાધિપતિ અથવા તો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ છે; બહુ કાર્યકુશળ માણસ છે. ત્યારપછી બેઠા તે બધા નિશાળના માસ્તરો છે. જમણી બાજુએ બેઠા તે ભદ્રપુરના ભાયાત છે, અત્યારે જર-જમીને ઘસાઇ ગયા છે એટલે રાજાજીએ પોતાના ક્ષત્રિયકુળનો વિચાર કરીને પોતાના સલાહકાર તરીકે રાખ્યા છે. સલાહકાર તો નામના જ છે તોપણ તે નિમિત્તે તેમને ખર્ચજોગ પગાર આપે છે. ત્યારપછી બેઠો તે એક ખવાસ છે. રાજાના સઘળા જનાનાના નોકરોનો સરદાર છે—ભારે નટખટ છે." શિવશંકરે ભદ્રપુરનું ટુંક ઇતિહાસ–નાટક તેનાં પાત્રાની ઓળખાણ સાથે કહી સંભળાવ્યું. એટલામાં દીવાનજી ઊભા થયા અને સ્ત્રીવર્ગમાંથી ઘોંઘાટ આવતો હતો તે બંધ થઇ ગયો. તેઓએ સ્વામીના વ્યાખ્યાનના વિષયની પ્રસ્તાવના કરી અને રાજાજીને પ્રમુખ તરીકે સ્થાપ્યા. સ્વામીજીના ઉદ્દેશની ઘણી પ્રશંસા કરી અને તેમનાં વ્યાખ્યાનો સાંભળવા માટે સ્ત્રીવર્ગને ખાસ આગ્રહ કર્યો.

દીવાનજી બેસી ગયા એટલે સ્વામીજી પોતાનું વ્યાખ્યાન શરૂ કરવાને ઊભા થયા. "સ્ત્રીવર્ગની મહત્તા" વિષે જ તેમનું આજનું વ્યાખ્યાન હતું એટલે સ્ત્રીમંડળ બેઠું હતું તે તરફ જ દૃષ્ટિ રાખીને તેઓ બોલવા લાગ્યા. સ્ત્રીવર્ગને "સન્નારી સમાજ" નું સંબોધન આપ્યું અને **सार्थः प्रवसतां मित्रं भार्या मित्रं गृहे सतः** એ વાક્યનું બહુ જ સારી રીતે વ્યાખ્યાન કરી સંભળાવ્યું. સ્ત્રી

પુરૂષવર્ગનો મિત્ર છે એ બાબત સિદ્ધ કરવાને તેમણે 'મિત્ર' શબ્દમાં રહેલા 'મિદ્' ધાતુની વ્યાખ્યા કહી બતાવી અને તેના ઉપરથી 'મિત્ર' શબ્દ સિદ્ધ કરીને તે શબ્દમાં રહેલું મહત્ત્વ તથા ગાંભીર્ય સમજાવ્યું. સ્નેહી, સાહાય્યક, સોબતી, ગોઠીયો, અનુષંગી, વયસ્ય ઇત્યાદિ 'મિત્ર' શબ્દના અર્થ કરીને તે દરેક અર્થની સત્યતા સ્ત્રીમાં આવી રહેલી છે તે બાબત પણ સિદ્ધ કરી અને સ્ત્રીવર્ગની મહત્તા સમજાવી. સાથે સાથે કુમારિકાઓને પણ કિંચિત્ બોધ આપ્યો અને

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

એ પારાશરસ્મૃતિનો શ્લોક કહીને વિધવાવિવાહને શાસ્ત્રોક્ત જણાવી વિધવાઓને પુનર્લગ્ન કરવાને ભલામણ કરી, એટલું જ નહિ પણ પુનર્લગ્ન કરવામાં લોકાપવાદનો ભય ન રાખવો-જાહેર હિંમત રાખવી અને ભવિષ્યમાં થનારી વિધવાઓને દાખલારૂપ થવાની પણ સૂચના કરી વાળી.

વિધવાવિવાહની સૂચના તરફ ભદ્રપુરના યુવાન્ રાજાનું લક્ષ ખેંચાયા સિવાય રહ્યું નહિ. વ્યાખ્યાનની મધ્યમાં જ રાજાજીએ કહ્યું કે—"વિધવાવિવાહની સૂચનાની ઉચિતતા સિદ્ધ કરવાને આપણે સભા વિસર્જન થયા પછી રોકાવું પડશે." સ્વામીજીએ કિંચિત્ સ્મિત કરીને હા કહી એટલે સર્વ શ્રોતૃવર્ગ ચાલ્યા ગયા બાદ અધિકારી મંડળ અને બીજા કેટલાક રોકાયા. રસિકલાલ અને શિવશંકરનું ધ્યાન પણ રાજાજીની તે સૂચના તરફ ખેંચાયું હતું એટલે તેઓ પણ રોકાયા.

પ્રારંભમાં જ રાજાજીએ પ્રશ્ન કર્યો: "સ્વામીજી! પતિ અને પત્નીના સંસારમાં પ્રાધાન્ય સ્નેહનું છે, તો પછી સ્ત્રી જો એક પછી બીજો અને બીજો પછી ત્રીજો એ પ્રમાણે નવા નવા પતિને પરણ્યા કરે તો–" એક પાત્રનું દૂધ તેહ કયમ અન્યે પડતાં તેટલું રૂહે" એક પાત્રમાં પડેલું સ્નેહરૂપ દૂધ, તે તેમાંથી લેઇને બીજા પાત્રમાં રેડીએ તો તેટલું કેવી રીતે રહે? દિવસે દિવસે જેમ જેમ પાત્રો બદલાતાં જાય તેમ તેમ સ્નેહમાં ન્યૂનતા આવ્યા સિવાય રહે જ નહિ. અને જો તેમ થાય તો પછી પતિ–પત્ની વચ્ચે સ્નેહનું પ્રાધાન્ય કેવી રીતે ટકી રહ્યું ગણાય?"

આવો રસિક પ્રશ્ન સાંભળીને રસિકલાલનું હૃદય સ્નેહાર્દ્ર થયું, તેના હૃદયમાં યુવાન્ રાજાની પ્રત્યે અતિપૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઇ. સ્વામીજીએ સ્મિત કરીને કહ્યું: "મહારાજા ! આપનો પ્રશ્ન કેવળ કાલ્પનિક છે, તેમાં વ્યાવહારિકતા કિંચિત્ માત્ર પણ નથી. પણ જો કદાપિ આપના સિદ્ધાંતને જ આપ વળગી રહેતા હો, તો મને કહો કે પુરૂષનો સ્નેહ પણ એક સ્ત્રી મરણ પામ્યાથી બીજીમાં અને બીજી સ્ત્રી મરણ પામ્યાથી ત્રીજીમાં રેડાય છે, તો તેમાં પણ–પુરૂષના સ્નેહમાં પણ ન્યૂનતા આવે ખરી કે નહિ? પુરૂષવર્ગે એ પ્રકારનો લાભ લેઇને સ્ત્રીવર્ગના હકને ડુબાવવો જોઇએ નહિ."

"જુઓ; હું આપની પેઠે શાસ્ત્રો અને શ્રુતિ–સ્મૃતિઓ ભણ્યો નથી, એટલે હું જે વાતચીત કરૂં છું, તે કેવળ વ્યાવહારિક વાતચીત જ કરૂં છું–કલ્પનાનું મિશ્રણ પણ તેમાં થશે ખરૂં. આપે જે સ્ત્રીના હકની વાત કહી તે યથાર્થ છે. પુરૂષે બે ત્રણ અને ચાર સ્ત્રીઓ પરણવી તે સ્ત્રીના હકને અન્યાય આપવા સરખું કાર્ય છે, માંટે આ દોષ દૂર કરવાને આપ પુરૂષવર્ગને જ એવો બોધ આપો

કે તેમણે એક ઉપરાંત બીજી સ્ત્રી પરણવી નહિ અને જો સ્ત્રી મરણ પામે તો મરણપર્યંત વિધુર રહેવું."

આ સાંભળીને સૌ ખડખડ હસી પડયા. રસિકલાલ હસ્યો નહિ. દીવાને હસતાં હસતાં કહ્યું: "મહારાજ! તેમ તે કદાપિ બને? તેમ થાય તો પછી વંશવૃદ્ધિ કેવી રીતે થાય?"

"તેમાં હસવા જેવું કાંઇ નથી. હવે આપણે ખરી વાતપર આવ્યા છીએ. વંશવૃદ્ધિનો સવાલ બહુ અગત્યનો છે. સ્ત્રી કરતાં પુરૂષના સંબંધમાં વંશવૃદ્ધિ વિશેષ આવશ્યક છે. પણ જો તે વિધુર રહેનાર પુરૂષને એકાદ-બે પુત્રો હોય, તો પછી તેણે બીજું લગ્ન શામાટે કરવું જોઇએ? અને મરણ સુધી વિધુર શામાટે ન રહેવું જોઇએ?"

આ પ્રશ્ન સાંભળી સૌ મુંગા બની ગયા. રાજાજીએ આગળ બોલવું જારી રાખ્યું: "અને જેઓ નિર્વંશ વિધુર થયા હોય, તેમને માત્ર વંશવૃદ્ધિના પ્રશ્નને અનુલક્ષીને લગ્ન કરવાની છૂટ મળે તો તે ઉચિત છે. સ્ત્રી અને પુરૂષના જો સરખા હક ગણીએ તો તે ઉચિત નથી, પણ કુદરતથી સ્ત્રી કરતાં પુરૂષને જે મહત્ત્વ મળેલું છે, તેથી જ તેને તે છૂટ મળે તે વ્યવહારમાં પણ વધારે જરૂરનું જણાય છે. પણ તે મુશ્કેલી ન હોવા છતાં એક મરી જતાં બીજી અને બીજી મરી જતાં ત્રીજી સ્ત્રીથી પુરૂષે શામાટે લગ્ન કરવું જોઈએ? કેટલીક વાર બે-ત્રણ સ્ત્રીઓથી એકી સાથે લગ્ન કરવામાં આવે છે તે પણ અનુચિત અને કુદરતના કાયદાનું અપમાન કરવા સરખું કાર્ય છે. આ કારણથી, સ્વામીજી! આપે ઉપદેશ કરવાયોગ્ય વિશેષ સલામતીવાળો પ્રશ્ન એ છે કે

પુરૂષે વધારે વાર લગ્ન કરીને સ્ત્રીના હકોના પ્રમાણમાં તેની સમાનતાને ખંડિત કરવી જોઇએ નહિ; પરન્તુ પુરૂષ આમ કરે છે માટે સ્ત્રીએ પણ આમ કરવું, એવી સૂચના બિલકુલ અનુચિત છે. તે સૂચના સંસારને સુધારનારી નહિ કિન્તુ બગાડનારી છે. કેમ? આ બધા એકઠા થયા છો, તેમાંથી કેમ કોઇ બોલતા નથી? સૌને પોતાના વિચાર જણાવવાની છૂટ છે-પ્રતિબંધ નથી. "

સ્વામીજી કાંઇક ગભરાયા સરખા દેખાયા, પણ મ્હોંમાં સ્મિતનું દર્શન કરાવીને તેમણે પોતાના ગભરાટને દબાવી રાખ્યો. સૌ મુંગા રહ્યા પણ રસિકલાલ પોતાની વૃત્તિને દાબી રાખી શક્યો નહિ. પોતે તે ગામનો અજાણ્યો છે અને અજાણ્યા પુરૂષોમાં જઇને બેઠો છે તેનું ભાન તેને રહ્યું નહિ અને તે બોલ્યો: " મહારાજાનું કથન અક્ષરશ: સત્ય છે. સ્ત્રીઓના અને પુરૂષના સમાન હકોની કલ્પના કરીને જેઓ પુરૂષની પેઠે સ્ત્રીઓને પુનર્લગ્ન કરવા દેવાની સલાહ આપે છે; તેઓનો તે વિચાર સ્ત્રીઓના હકની સમાનતાનો વિચાર કરવા છતાં પણ સલામતીભરેલો અને સત્ય માર્ગે જનારો નથી. એ વાત ખરી છે કે પુરૂષવર્ગ સબળ હોવાથી અને સ્ત્રીવર્ગ અબળ હોવાથી તથા સ્ત્રીવર્ગ ઉપર પુરૂષવર્ગ સર્વ પ્રકારે સામ્રાજ્ય ચલાવતો હોવાથી કુદરતના નિયમો કરતાં આગળ પડતા પોતાના હકો તે ભોગવે છે અને સ્ત્રીવર્ગની ઓછી દરકારવાળો બની ગયો છે, પરન્તુ પુરૂષવર્ગમાં જે દોષ પ્રવેશવા પામ્યો છે, તે સ્ત્રીવર્ગમાં પણ દાખલ કરવો, એવી સૂચના ઉચિત નથી: પરન્તુ કુદરત ન સ્વીકારી શકે તેવું જે સ્વચ્છન્દી વર્ત્તન પુરૂષવર્ગ ચલાવે છે તેને અટકાવવાને યત્ન કરવું જોઇએ. પુરૂષના સંબંધમાં વંશવૃદ્ધિનો સવાલ મુખ્ય છે અને તેથી અમુક શરતોએ, વિધુર થએલા પુરૂષને બીજી સ્ત્રી

પરણવા દેવામાં આવે તો, **શાસ્ત્રાદ્રૂઢી બલીયસી** એ નિયમ મુજબ બહુ અનુચિત ગણાય નહિ, પણ આજકાલ તો જે વિધુરો પરણે છે તે મોટે ભાગે માત્ર વિલાસ કરવાને જ પરણે છે. બે–ત્રણ પુત્રો હોય છતાં એક વિધુર ત્રીજી–ચોથી વારનું જ નહિ પણ જો માત્ર બીજી વારનું જ લગ્ન કરે, તોપણ કુદરત તેને કેમ સાંખી શકે ? માટે સ્ત્રીઓના લગ્નની રૂઢી તેમ ને તેમ જ રહે અને પુરૂષોમાં જે નુકસાનકારક પરિપાટી ચાલી રહી છે, તે અટકે તેમ કરવાની આપણા દેશને વધારે જરૂરીઆત છે." રસિકલાલ બોલતો હતો ત્યારે સૌ કોઇ તેના મુખ સામે તાકી રહ્યા હતા. એ અજાણ્યો યુવક કોણ છે તે જાણવાની સૌને જિજ્ઞાસા થઇ આવી હતી. સ્વામી રમણાનંદજી તેની ભણી બહુ જ તીવ્ર દૃષ્ટિથી જોઇ રહ્યા હતા. રસિકલાલના કથનથી શિવશંકર ડોસાને બહુ જ આનંદ થયો. દીવાને રસિકલાલને વિનયપૂર્વક પૂછ્યું: "આપ ભદ્રપુરમાં અજાણ્યા જણાઓ છો, ક્યાંથી પધારો છો ?"

"જી હા, હું હજી આજે જ મુંબઇથી આવેલો છું. અટન કરતો કરતો ભદ્રમુખમાં સ્નાન કરવાને અર્થે આવી ચડ્યો છું."

રમણાનંદજીએ કિંચિત્ તિરસ્કારભરી દૃષ્ટિથી પ્રશ્ન કર્યો: "તમારો અભ્યાસ કેટલો છે ?"

"હું હજી અંગ્રેજીનો અભ્યાસ કરૂં છું. સાથે સંસ્કૃત, મરાઠી બંગાળી ઇત્યાદિ ભાષાઓ કિંચિત્ જાણું છું." સૌ કોઇ ચમક્યા સરખા દેખાયા. રમણાનંદજીની તિરસ્કારભરી દૃષ્ટિ વધારે તીવ્ર બની.

રાજાજી બોલ્યા: "સ્વામીજી! આટલા શ્રોતાઓમાંથી એક ગૃહસ્થ તરફથી અમારા મતને પુષ્ટિ મળી. કહો હવે વિધવાવિવાહ સંબંધે આપ બીજી શું શું દલીલો રજૂ કરો છો ?"

સ્વામીજીએ ઈષત્ સ્મિત કરીને કહ્યું: "મહારાજા! પુરૂષવર્ગને સુધારવાનો પ્રયત્ન કરવો એ તો કર્ત્તવ્ય જ છે અને સ્ત્રીવર્ગના હકને મોટા પ્રમાણમાં તે ડુબાવે છે તે ન ડુબાવવાનો બોધ આપવાનું કામ ચાલુ જ છે; પરન્તુ ચાલુ સ્થિતિમાં પુરૂષવગ સ્ત્રીવર્ગને જે અન્યાય આપી રહ્યો છે, તેથી સ્ત્રીવર્ગમાં દુરાચારની વૃદ્ધિ થતી જાય છે; તે અટકાવવાની ખાતર, જ્યાંસુધી પુરૂષવર્ગ પોતાનો અકુદરતી હક ભોગવતો અટકે નહિ, ત્યાંસુધી વિધવાવિવાહદ્વારા સ્ત્રીઓના દુરાચાર અટકાવવાની પૃથા પસંદ કરવામાં આવી છે."

રસિકલાલ ગંભીર સ્વભાવનો અને વિનયશીલ હોવા છતાં આ ખુલાસો સાંભળીને મૌનપણે હસી પડયો. સૂર્યસિંહનું અને પછી સૌનું ધ્યાન તેની તરફ ખેંચાયું. સૂર્યસિંહે રસિકલાલ તરફ નજર કરીને કહ્યું: "આ દલીલનો કાંઇ પ્રત્યુત્તર તમે આપી શકશો?"

"જી હા, આપની આંજ્ઞા હોય તો આપું."

"આજ્ઞા છે, ચાલતી ચર્ચામાં આજ્ઞા સિવાય પણ બોલવા દેવાની અમારી નિત્યની આજ્ઞા છે."

રસિકલાલ બોલ્યો: "સ્વામીજીએ એમ જણાવ્યું કે જ્યાંસુધી પુરૂષવર્ગ પોતાનો ગેરવાજબી હક ભોગવતો ન અટકે ત્યાંસુધી જ માત્ર તેમના સરખો હક સ્ત્રીઓને અપાવવાની પૃથા પસંદ કરવામાં આવી છે. પરન્તુ સ્વામીજી તદ્દન ખોટે માર્ગે જ દોડે છે. પુરૂષવર્ગ જે ગેરવાજબી હક ભોગવે છે, તે અટકાવવાને તો તેઓશ્રી અગર તો અન્ય કોઇ તેમના મતના ઉપદેશકો મથન કરતા નથી અને તેઓ કહે છે કે પુરૂષો ગેરવાજબી હકો ભોગવતા અટકશે, ત્યારે સ્ત્રીઓને વિધવાવિવાહ કરવા દેવાની સલાહ અપાતી બંધ કરવામાં

આવશે. પુરૂષવર્ગને અટકાવવાને પ્રયત્ન કરવામાં ન આવે તો, હાલનો અનુચિત નિયમ કદાપિ સ્વયમેવ અટકવાનો નથી, એટલે તેનો અર્થ એ જ થયો કે વિધવાઓને પણ નિરંતર વિવાહ કરવાની સલાહ આપ્યાં કરવી! જે માર્ગ વધારે ઇષ્ટ છે, તે માર્ગે પ્રયત્ન ન કરવામાં આવે તે કાંઇ નાની–સૂની ભૂલ ગણાય નહિ."

રસિકલાલનું આ કથન સ્વામીજીને ઘણું કડવું લાગ્યું, પણ તે કડવાશ જાહેર કરી શકાઇ નહિ. રાજાજી અને દીવાન શાંતિપ્રસાદને તેનું કથન સંપૂર્ણ રીતે સત્યપૂર્ણ લાગ્યું. શાંતિપ્રસાદને આ અજાણ્યા યુવકમાં સ્વાભાવિક કરતાં કાંઇક વિશેષ સત્ત્વ હોય તેમ જણાયું. તેનાથી સ્વાભાવિક રીતે બોલી જવાયું કે–"બરાબર છે. તમારૂં કહેવું પણ કાંઇ ખોટું નથી."

આટલી નાની ચર્ચામાં પણ સ્વામીજી પરાસ્ત થઈ જવાથી તેમનું મ્હોં લેવાઈ ગયું, છતાં પોતાના પરાજયનો સ્વીકાર કરવો, તે તેમના મનથી પોતાના મરણતુલ્ય હતું. આથી રસિકલાલના ખુલાસા પ્રત્યે તિરસ્કાર જણાવતાં કહ્યું: "નહિ જી નહિ. તે કથન બરાબર નથી. તમે જ્યાંસુધી ગેરવાજબી હક ભોગવતા બંધ રહેશો નહિ ત્યાંસુધી અમે પણ પુનર્લગ્ન કર્યા સિવાય રહેનાર નથી, એવું બીહામણું શસ્ત્ર સ્ત્રીવર્ગ જ્યાંસુધી પુરૂષવર્ગને બતાવશે નહિ, ત્યાંસુધી સબળ અને મિથ્યાભિમાની પુરૂષવર્ગ કદાપિ પોતાનું વર્તન સુધારનાર નથી; અને તેથી જ સ્ત્રીઓએ પણ પુનર્લગ્ન કરવાં જોઇએ."

રાજાએ જાણ્યું કે સ્વામીજીનું ગાડું તદ્દન ઉંધે માર્ગે દોડવા લાગ્યું છે અને તેથી ગમે તેટલી ચર્ચા થયા છતાં તે પોતાના પરાજયનો સ્વીકાર કરનાર નથી; આથી તેમને વિશેષ અપમાન નહિ

પહોંચાડવાની ખાતર સમયસૂચક રાજાએ આ ચર્ચાની પૂર્ણાહુતિ કરવાને પોતાની પાસેનું ઘડીઆળ કાઢ્યું અને જોઇને કહ્યું: "ઓહો ! અઢી વાગી ગયા, ચાલો હવે તો જઇશું; સ્વામીજી! જય શ્રી કૃષ્ણ." એમ કહી સ્વામીજીને હાથ જોડી, વંદન કર્યા જેવું કરી રાજા ચાલ્યા અને અધિકારી મંડળ પણ તેની પછવાડે ચાલ્યું.

વાચનાલયના દ્વારમાંથી બહાર નીકળતાં શિવશંકરની સાથે ધીમેથી વાતચીત કરતા રસિકલાલનો હાથ કોઇએ તાણ્યો અને તેનું ધ્યાન તે તરફ ખેંચાયું એટલે પાસે થઇને પસાર થતા ભદ્રપુરના દીવાન શાંતિપ્રસાદે કહ્યું: "હું માનું છું કે આપને અત્યારે બહુ અગત્યનું કામ નહિ હોય."

"જી ના." રસિકલાલે ટુંકામાં પ્રત્યુત્તર આપ્યો.

"તો મારી સાથે ગાડીમાં જરા બેસી જજો. તમારાથી હું કિંચિત્ આકર્ષાયો છું."

રસિકલાલે ચક્ષુઓને કિંચિત્ હસાવતાં કહ્યું: "જી, જેવી આજ્ઞા."

જૂદા જૂદા અધિકારીઓની ગાડીઓ રસ્તાપર ઊભી હતી. રસિકલાલ તેમાંથી દીવાનની ગાડીને ઓળખી શક્યો નહિ. પણ જ્યારે દીવાન પોતાની ગાડીમાં બેઠો ત્યારે તે શિવશંકરની રજા લેઈ તેમાં જઇને બેઠો. દીવાને તેનો સત્કાર કર્યો. આગળ રાજાની ગાડી અને તેની પાછળ સર્વ અધિકારીઓની ગાડીઓ દોડવા લાગી. દોડતી ગાડીમાં બેઠેલા અને અદૃશ્ય થઈ જતા રસિકલાલને જોઇને શિવશંકર ડોસાએ વિચાર્યું કે–"ખરેખર, વિદ્વાનો અજાણ્યા પ્રદેશમાં પણ માન પામ્યા સિવાય રહેતા નથી, એ ભર્તૃહરિનું કથન સત્ય છે !"

પ્રકરણ ૪ થું.

દીવાનનો મેમાન.

રસિકલાલથી આકર્પાએલો શાંતિપ્રસાદ તેને પોતાને ઘેર તેડી ગયો. માર્ગમાં રસિકલાલનાં ન્યાત, જાત, ધર્માદિ શાંતિપ્રસાદે તેને પૂછી લીધું અને રસિકલાલને પોતાની જ્ઞાતિનો જ જાણીને શાંતિપ્રસાદે વિવેકપૂર્વક કહ્યું: " તો આજથી જમવાનું-રહેવાનું આપણે ત્યાં જ રાખજો-જ્યાંસુધી રોકાઓ ત્યાંસુધી. "

રસિકલાલે ઉત્તર આપતાં કહ્યું: " એક દિવસથી વધારે વખત હું રોકાનાર નથી અને આપની ઇચ્છા છે તો તેટલો વખત આપને ત્યાં જમીશ. "

એટલામાં ઘર આવ્યું એટલે દીવાન ગાડીમાંથી ઉતર્યો અને રસિકલાલ પણ તેની પાછળ ઉતર્યો. દીવાનની પાછળ પાછળ તે દીવાનખાનામાં ગયો અને એક બાજુએ આવેલા કાચનાં બારણાંવાળા કબાટમાંથી પુસ્તકોનાં નામ વાંચવામાં ગુંથાયો. પાંચેક મિનિટ થઇ એટલામાં નિયમ મુજબ નોકરે ચાહના બે પ્યાલા લાવીને મૂક્યા. દીવાને રસિકલાલને ચાહ પી લેવા કહ્યું એટલે રસિકલાલે કહ્યું: " જી, મને ચાહ પીવાની આદત નથી-હું બીલકુલ પીતો જ નથી ! "

દીવાન આશ્ચર્ય પામતો આંખો ચગાવતો બોલ્યો: " ઓહો ! ભારે તાજુબીની વાત કરો છો ! તમે મુંબઇના નિવાસી છતાં બીલકુલ ચાહ પીતા નથી ? તમારા વડીલો ઇત્યાદિ કોઇ પીતા નથી કે માત્ર તમે જ ? "

રસિકલાલ સ્મિત કરતો બોલ્યો: "ના, હું એકલો જ પીતો નથી, કારણકે ચાહ પીવાની આદત શરીરને ફાયદો કરતી નથી બલ્કે હાનિ કરે છે. ચાહ એક પ્રકારનું વિષ છે અને તે પીવાની આદતથી તેનું વ્યસન એટલું તો સજ્જડ ચોંટી જાય છે કે તેને દૂર કરતાં બહુ હેરાન થવું પડે છે."

રસિકલાલનું આ વિચિત્ર કથન સાંભળીને ચાહ પીતા દીવાનના હસ્તમાં રકાબી સ્થિર ચોંટી ગઈ અને તે વિસ્મિત થતો રસિકલાલની સામે સંશયની નજરથી જોઇ રહ્યો. તેનો સંશયયુક્ત ચહેરો જોઇને રસિકલાલ બોલ્યો: "હું સત્ય જ કહું છું કે ચાહ હાનિકારક છે. તેમાં કિંચિત્ માત્ર પૌષ્ટિક તત્ત્વ રહેલું નથી, અને તેનું વ્યસન તો હું માનું છું કે આપને પણ હશે. ઉષ્ણ ઋતુ–ઉનાળો લગભગ બેસી ચૂક્યો છે, છતાં ખરે બપોરે આપ ચાહ જેવો ગરમ પદાર્થ પીઓ છો તે શામાટે? માત્ર વ્યસનથી જ કે નહિ? જે ઋતુમાં શીત ઉપચારોની જરૂર છે, તે ઋતુમાં આપ ચાહ પીઓ છો, તે માત્ર વ્યસનથી બંધાયા હોવાથી જ પીઓ છો, ખરૂં કે નહિ? નહિતો આ ઋતુમાં એ ગરમ પદાર્થ પીવાનું આપ કદાપિ પસંદ કરો નહિ."

શાંતિપ્રસાદને આ અનુભવયુક્ત કથનમાં સત્યતા જણાઇ, અને અંતર્ રસિકલાલ જેવા યુવકની દૃઢ મનોવૃત્તિની પ્રશંસા કરવા લાગ્યું. અંતર્‌ની સાથે મુખ પણ પ્રશંસા કરતાં બોલ્યું: "મિસ્તર રસિકલાલ! તમે નવયુવક–નાની વયના હોવા છતાં મહાનુભાવ–મોટા-અનુભવવાળા જણાઓ છો, હોં! જેમ જેમ મારો અને તમારો પરિચય વધતો જાય છે તેમ તેમ હું તમારી ટેવોથી અને તમારા વર્તનથી વિશેષ ને વિશેષ આકર્ષાતો જઉં છું: શું તમે એક દિવસથી વધારે વખત નહિ રોકાઓ?"

" જી, ના, તે માટે લાચાર છું. આપના આગ્રહનો અસ્વીકાર કરતાં મને શોક થાય છે."

" ત્યારે લ્યો, આજના તમારા સદુપદેશથી અત્યારે જ ચાહ પીવાનું હું બંધ કરૂં છું. ગમે તેટલું ચિત્ત વ્યાકુળ થશે, તોપણ હું પુનઃ તે પીશ નહિ; રતિને પણ કાલથી નહિ પીવા સૂચવીશ અને થોડા વખતમાં ચાહ ઉકાળવાનું જ ઘરમાંથી બંધ કરીશ." સરલ બુદ્ધિના અને સત્યને ચાહવાની પ્રીતિ ધરાવનાર શાંતિપ્રસાદે કહ્યું, અને પછી બન્ને જણા આડી અવળી વાતોમાં ચડ્યા. મુંબઇના લોકોમાં વધતો જતો સુધારો, જડ ભાવનો થતો જતો વધારો, વર્ત્તમાનપત્રકારો અને તેમની ફરજનું અયોગ્ય પ્રતિપાલન, જાહેર સભાઓ અને તેમની કાર્યવાહી ઇત્યાદિ અનેક વિષયો ઉપર ચર્ચા ચાલી. દરેક વિષયમાં રસિકલાલ કાંઇક ને કાંઇક નવું અને દીવાનને વિચિત્ર લાગે તેવું કથન કરતો અને ત્યારે તે ચમક્યા સિવાય રહેતો નહિ; મુંબઇ જેવા મોટા શહેરની જે ઉન્નતિ થતી જાય છે, તે તેની ઉન્નતિ માત્ર બહાર દેખાડવાની જ છે અને દાંભિકતાના પ્રસારથી થએલી છે એવું પોતાનું મત રસિકલાલે વ્યક્ત કર્યું. પવિત્ર યોગી જીવન ગાળનાર મુંબઇમાં કોઈ છે જ નહિ અને જે યોગીઓ ત્યાં પવિત્ર જીવન ગાળવાના જિજ્ઞાસુ હોય છે, તેઓ ત્યાં તેવું જીવન ગાળી શકતા નથી-નિઃસ્પૃહી રહી શકતા નથી-મુંબઇનો મલિન પાશ તેમને બેડા સિવાય રહેતો નથી, એમ રસિકલાલે સિદ્ધ કરી બતાવ્યું. મુંબઇની ધર્મ ઇત્યાદિને લગતી સભાઓની કાર્યવાહી વર્ત્તમાનપત્રોમાં લાંબા અને દેખાવડા તથા દાંભિક અહેવાલો છપાવવામાં જ સમાએલી છે એમ કહીને, વર્ત્તમાનપત્રોને પણ પોતાની ફરજથી દૂર ચાલ્યા જતાં તેણે જણાવ્યાં. વિલાસની અને

વિલાસ તરફ ખેંચનારી લાલચોની મુંબઇમાં વૃદ્ધિ થતી જાય છે અને આનુ‌વંશીય ભાવનો લય થતાં થતાં સ્વચ્છન્દતાનું સામ્રાજ્ય થતું જાય છે, ધર્મમાં પણ મુખ્ય વસ્તુ કરતાં ધત્તીંગો વધતાં જાય છે, ધાર્મિક નાટકોને નામે અધર્મનો પરિવાર ફેલાતો જાય છે, એવી એવી અનેક વાતો થઇ. જેમ જેમ રસિકલાલ બોલતો જતો હતો, તેમ તેમ **શાંતિપ્રસાદ** વધારે ને વધારે આશ્ચર્યના ઉદધિમાં ગરક થતો જતો હતો. પવિત્રતાને માન આપવાની જે બુદ્ધિ **શાંતિપ્રસાદ**માં હતી, તેથી પોતાના મન્તવ્યથી વિરૂદ્ધ કથન રસિકલાલ તરફથી સાંભળવામાં પણ **શાંતિપ્રસાદ**ને જરાએ ક્ષોભ ઉત્પન્ન થયો નહિ, કે રસિકલાલ પ્રત્યે તિરસ્કારબુદ્ધિ પણ થઇ નહિ. **શાંતિપ્રસાદ**નું ચિત્ત પાશ્ચાત્ય સુધારામાં આજે લાંબા વખત થયાં રચી પચી રહેલું હતું, પરન્તુ તે તેમાં માત્ર પવિત્ર ભાવનાથી, પવિત્રતાયુક્ત વિચારથી રત થયેલો હતો તેમાં જરા પણ દમ્ભ છે—અપવિત્રતા છે એમ તેણે કદાપિ જોયું, જાણ્યું ન હતું. પોતાના લાંબા વખત થયા દૃઢ થયેલા વિચારોને રસિકલાલે સપ્રમાણ ઉથલાવી નાંખ્યા અને તેથી તેના મગજમાં ભ્રમ પેઠો. આખું જગત્ તેને દમ્ભી અને અપ્રમાણિક જણાયું; તો પુનઃ જૂના વિચારો સ્ફૂરી આવતાં તેમાં પુનઃ પવિત્રતા સમાએલી જોવામાં આવતી. કુટુમ્બના અંગભૂતોમાંનું પાશ્ચાત્ય રીતિપદ્ધતિનું વર્તન તેને પૂર્વની પેઠે ઉજ્જવલ અને ઉચિત જણાવા લાગ્યું, તો પુનઃ રસિકલાલના કથનથી પોતાના દેશને માટે અનુચિત અને હાનિકારક જણાયું. આવી રીતે **શાંતિપ્રસાદ**ના મીણ જેવા મગજમાં જૂની અને નવી છાપોનું પરસ્પર યુદ્ધ મચી રહ્યું.

શાંતિપ્રસાદના ઘરના રીવાજોમાં અને રીતભાતોમાં પાશ્ચાત્ય સુધારાનું કિંચિત્ મિશ્રણ થએલું હતું. ઘરમાં કોઇએ ઉઘાડે પગે

ફરવું નહિ એવો શાંતિપ્રસાદનો હુકમ હોવાથી ઘરનાં સૌ કોઈ ચામડાની સપાટો પહેરીને ઘરમાં ફરતાં. તે પહેરીને રસોડામાં જવામાં પણ કાંઇ બાધ ગણવામાં આવતો નહિ. બૈરાં સાથે નોકર ચાકર છૂટથી વાતચીત કરતા અને ગમે તેવા પ્રસંગમાં તેઓ સાથે બેઠાં હોય તોપણ શંકાશીલતાને અવકાશ આપવામાં આવતો ન હતો. ઘરમાં બૈરાંને કોઈની પણ લાજ કાઢવાની સખ્ત મનાઈ હતી. શાંતિપ્રસાદના મોટા પુત્ર રતિપ્રસાદની સ્ત્રીને ઘરમાં આવ્યાને ત્રણેક વર્ષ થયાં હતાં, પણ તેના નાના પુત્ર નીતિપ્રસાદની વહુને ઘરમાં આવ્યાને માત્ર બે–ત્રણ માસ જ થયા હતા છતાં તે કોઇની લાજ કાઢતી નહિ અને સૌના દેખતાં પોતાના સ્વામી સાથે છૂટથી વાતચીત કરતી. નોકર ચાકરો લબાડ હતા, તેઓ વહુવારૂઓની પણ મશ્કરી કરતા, પરન્તુ શાંતિપ્રસાદની સ્ત્રી કાંતિગૌરીની આંખ જોઇને વધારે આગળ પડતું પગલું ભરતાં અટકતા. આ સઘળા રીવાજોને કાંતિગૌરી હૃદયપૂર્વક ધિક્કારતી હતી, પણ સ્વામીના નામ આગળ તે તેમ ને તેમ ચાલવા દેતી હતી. ઘરમાં સૌ ચામડાની સપાટો પહેરીને ફરતાં, પણ રસોડામાં જો કોઇ તે પહેરીને આવે તો તે કોપી ઉઠ્યા સિવાય રહેતી નહિ. શાંતિપ્રસાદે અનેક વાર કહ્યા છતાં તે તો ઘરમાં બિલકુલ સપાટ પહેરતી નહિ. સ્વામી રમણાનંદજીના વ્યાખ્યાનમાં જવાનું તેને ગમતું ન હતું, પરન્તુ શાંતિપ્રસાદના આગ્રહથી અને પુત્રવધૂઓ જવાની હોવાથી તેને પણ જવાની જરૂર પડતી હતી. કોઇને પણ દેવદર્શન કરવા જવાની કે ઘરમાં દેવ–દેવલાંની પુજા કરવાની સખ્ત મનાઇ કરવામાં આવી હતી; છતાં કાંતિગૌરી તો પોતાના કૃષ્ણ મહારાજ અને રાધાજીની મૂર્ત્તિઓની પુજા કર્યા સિવાય રહેતી નહિ; શાંતિપ્રસાદ આથી ઘણી ઘણી વાર ચીડાતો, પણ પુનઃ

તેના સ્વભાવમાં શાંતતા પ્રધાનપદ ભોગવતી હોવાથી શાંત થતો. આ સિવાય બીજા પણ કેટલાક પાશ્ચાત્ય રીવાજોને શાંતિપ્રસાદના ઘરમાં માન મળતું હતું. આ સઘળું માત્ર થોડા વખતમાં રસિકલાલ જોઇ શક્યો હતો.

સાંજ પડી એટલે દીવાનના આગ્રહથી રસિકલાલે ત્યાં જ જમી લીધું અને પુનઃ બન્ને વાતોમાં પડયા. દીવાને ભદ્રપુરના રાજદ્વારી ઇતિહાસનો અધ્યાય ઉપાડયો અને ભદ્રપુરની પ્રજા, મહેસુલ ઇત્યાદિ સંબંધે ઉપલક માહિતી તેને આપી. રાજાની વિદ્વત્તા વિષે પણ શાંતિપ્રસાદે કેટલુંક કહ્યું, પણ તે સંબંધે રસિકલાલને કંઇ વિશેષ જાણવાનું મળ્યું નહિ. સ્હવારમાં દરબારમાં રાજાની ખાનગી મુલાકાત કરાવી આપવાનું શાંતિપ્રસાદે રસિકલાલને જણાવ્યું. રસિકલાલને તેથી આનંદ થયો. એટલામાં એક માણસ કહેવા આવ્યો કે, સ્વામી રમણાનંદજી આવતી કાલે રાત્રે મોહનાદેવીને ત્યાં આખ્યાન કરનાર છે, તે સમયે આપના મુંબઇથી આવેલા નવા અતિથિની મુલાકાત ઇચ્છે છે. રસિકલાલે આ આમંત્રણનો સ્વીકાર કર્યો અને રાજદ્વારી પારાયણમાંથી સ્વામી રમણાનંદજીનો અધ્યાય શરૂ થયો. શાંતિપ્રસાદે જણાવ્યું કે—" સ્વામી રમણાનંદજીની વક્તૃત્વશક્તિ ઉપર ખરેખર હું મોહિત જ થયો છું. સંસારસુધારણા કરવાનો તેમનો પ્રયાસ ખરેખર અભિનંદનીય છે અને જોકે હું તો પુનર્લગ્નો કરવાં જ જોઇએ, એ મતનો છું, તોપણ સ્વામીજી તે સુધારાના હિમાયતી હોવાથી લોકપ્રિય થઇ શકતા નથી તે હું સારી પેઠે જાણું છું, છતાં તેમની જાહેર હિંમતથી તેઓ પોતાના પ્રયત્નમાં અવશ્ય ફત્તેહ મેળવશે એમ મને આશા છે. અહીંનો સ્ત્રીસમાજ એટલો તો જડ બુદ્ધિબળો હતો કે સ્ત્રીઓ જાહેર સભામાં જતાં અટકતી હતી,

તેઓ પણ એક વાર ફરજીયાત હુકમ બહાર પાડવામાં આવ્યા પછી હવે તેમાં હોંશે હોંશે ભાગ લે છે. સ્ત્રીવર્ગની સુધારણા માટેની સ્વામીજીની કાળજી પણ પૂરેપૂરી છે. કોઇ ખાસ આમંત્રણ કરે, તો ત્યાં જઇને પણ ઉપદેશ આપે. કાલે પણ મોહનાદેવીનું ખાસ આમંત્રણ હશે એટલે તેમને ત્યાંજ બોલાવ્યા હોય તેમ જણાય છે. આજે તમે સભામાં સ્વામીજીની વિરૂદ્ધમાં બહુ સારી દલીલો આપી છે હોં! હું વિધવાવિવાહનો હિમાયતી હોવા છતાં પણ મારૂં મન ડગમગી ગયું હતું."

"રમણાનંદજી આપના ગુરૂ થયા છે?" રસિકલાલે પ્રશ્ન કર્યો.

"ના, તેમ કાંઇ નહિ. માત્ર એક માન પામેલા વક્તા અને સંન્યાસી છે એટલે જ હું તેમને માન આપું છું. તેમની કીર્તિ આજકાલ ઉન્નતિના શિખરે ગએલી છે."

"જી હા, અને મોહનાદેવી તે કોણ છે?"

"મોહનાદેવી સંબંધે હું કાંઇ વિશેષ જાણતો નથી, પણ અહીં એ ત્રણ વર્ષ થયાં ક્યાંયથી રહેવા આવેલી એક વિધવા બ્રાહ્મણી છે. સારી રીતે કેળવાયલી છે. જાહેર હીલચાલોમાં ઠીક ભાગ લે છે અને પૈસાદાર પણ ઠીક છે. દરબારમાં દરવર્ષે તેના તરફનું નજરાણું મોટી કીંમતનું આવે છે."

એટલામાં શાંતિપ્રસાદનો મોટો પુત્ર રતિપ્રસાદ આવીને બેઠો અને હાલની કેળવણી વિષે, સરકારની રાજનીતિના બંધારણ વિષે એ પ્રમાણે અનેક અધ્યાયો નિકળ્યા. રસિકલાલ જેવો એક નવયુવક જગતનું સારૂં નિરીક્ષણ કરી શકયો છે એમ જાણી શાંતિપ્રસાદને આનંદ થયો. વાતચીતમાંથી પરવારીને મોડી રાત્રે સૌ સૂતાં. રસિકલાલ પણ ત્યાં જ સૂતો.

સ્હવારે શાંતિપ્રસાદ રસિકલાલને રાજાજીની મુલાકાતે લેઇ ગયો. સૂર્યસિંહ તે વખતે નિત્યકર્મથી પરવારીને પોતાના ખાનગી વાચનાલયમાં એક વિરામાસન ઉપર પડયો પડયો કાંઇ વાંચતો હતો. દીવાનને મહેલના કોઇ પણ ભાગમાં હરવા—ફરવાની છૂટ હોવાથી તે રસિકલાલને સીધો ત્યાં જ તેડી ગયો. રાજાને છાજે તેવી રીતે સૂર્યસિંહે રસિકલાલનો સત્કાર કર્યો. સ્વામીજીના વ્યાખ્યાન પ્રસંગે ઉપલક મુલાકાત થઇ ગઇ હોવાથી અત્યારે સૂર્યસિંહે રસિકલાલને માત્ર થોડા સ્વાભાવિક પ્રશ્નો પૂછ્યા અને તે શું અભ્યાસ કરે છે ઇત્યાદિ વિષયોની માહિતી સૂર્યસિંહે મેળવી લીધી. રમણાનંદજીની દલીલોને રસિકલાલે તોડી પાડી હતી, ત્યારથી જ તે કોઇ વિદ્વાન્ યુવક છે એવી સૂર્યસિંહની ખાત્રી થઇ ગઇ હતી. વિદ્વાન્ વર્ગના મિત્ર સૂર્યસિંહે રસિકલાલને થોડા દિવસ વધારે રોકાવાનો આગ્રહ કર્યો અને તેના કારણમાં થોડા દિવસમાં આવનારો પોતાનો લગ્નપ્રસંગ જણાવ્યો. સૂર્યસિંહે આગળ કહ્યું: " મિસ્તર રસિકલાલ ! તમારા સરખા કેળવાયલા યુવકો મારા હમ્મેશના મિત્રો છે. તેમના તરફથી મને પ્રસંગોપાત ઘણું ઘણું જાણવાનું મળે છે અને ઘણા ઘણા અનુભવો મળે છે. માત્ર મૌન્ય રાખીને બેસી રહેતા રાજાઓ કે જેઓ પોતાનો ભાર સાચવવા નિમિત્તે મુંગા રહેવાનું વધારે પસંદ કરે છે અને ગરીબ તથા સાધારણ વર્ગના માણસો સાથે વાતચીત કરવામાં પણ પોતાનું અપમાન થએલું સમજે છે, તે રાજાઓને હું રાજા તરીકે ઓછા ગણું છું. તમે એક વિદ્વાન્ ગૃહસ્થ છો અને કદાચ મારા શબ્દો આત્મશ્લાઘાના ન ગણો, તો હું કહીશ કે તે મુંગા રહેનારા રાજાઓને બિચારાઓને બોલતાં પણ નહિ આવડતું હોવાથી ગરીબ અને સાધારણ વર્ગના લોકો પાસે

પોતાની મૂર્ખાઇ પ્રદર્શિત નહિ કરવાના હેતુથી મુંગા રહે છે. પણ હું તો ગમે તેવા ગરીબ-સાદા અને અજાણ્યા શખ્સોને પણ મારા મિત્ર ગણીને તેમની સાથે છૂટથી વાતચીત કરૂં છું. મને તેમાંથી ઘણું ઘણું જાણવાનું મળે છે. વર્ડઝવર્થ અને શેલી જેવા મહાન્ કવિઓ થઇ ગયા, તેઓ પોતાના ઘરમાં ગોંધાઇ રહીને પ્રકૃતિ-વૈચિત્ર્યનો અનુભવ લીધા સિવાય કવિઓ થઇ શક્યા હશે શું ? જેઓ મનુષ્ય પ્રાણીને પોતાનો મિત્ર નહિ ગણવાની સ્વચ્છંદતા વાપરે છે, તે કદાપિ એક કવિ થઇ શકતો નથી. એક રાજાને કાંઇ કવિ થવાની જરૂર છે, એમ મારા કથનનો ભાવાર્થ નથી, પરન્તુ એક કવિ કરતાંએ રાજાની જોખમદારીઓ વધારે છે એમ મારી માનિનતા છે. સામાન્ય જનસમાજથી અતડો રહીને રાજમહેલમાં જીવનનો અમૂલ્ય કાળ ગુમાવતો રાજા, પ્રકૃતિવૈચિત્ર્યના અનુભવ સિવાય પ્રજાની હરકતોને શું ખરા રૂપમાં સમજી શકે ખરો ? શું તે ન્યાયાસને બિરાજીને નિષ્પક્ષપાતપણે ન્યાય તોળી શકે ખરો ? આ કારણથી તમારા જેવા અજાણ્યા મિત્રોના સમાગમને હું વધારે ઇચ્છું છું. લગ્ન પ્રસંગે મારા કેટલાક મિત્રો આવનાર છે અને તેથી તેઓમાં તમે હોવાથી વળી વિશેષ આનંદ થશે-મને વિશેષ અનુભવ મળશે."

એક રાજાના મુખમાંથી સરલતાયુક્ત નીકળેલા આ શબ્દોથી રસિકલાલ ચકિત થઇ ગયો. તે ખુશામતિયો ન હતો, છતાં હૃદયમાં ઉત્પન્ન થએલી પ્રશંસાની લાગણીને લીધે તેનાથી ખુશામત કરાઇ ગઈ અને તે બોલ્યો: " ખરેખર, આપના આ વિચારો અતિસ્તુત્ય છે-દરેક રાજાએ ગ્રહણ કરવાયોગ્ય છે. આપના જેવા સરલ વિચારો જો સઘળા દેશી રાજાઓ ધરાવતા થાય તો પ્રજામાં દુઃખનું નામ પણ રહે નહિ."

સૂર્યસિંહે કહ્યું: " પણ મિસ્તર રસિકલાલ ! અમારા રાજાઓના મગજમાં એવા સરલ વિચારો પ્રવેશ કરી શકતા નથી તેનું એક મોટું કારણ છે, અને તે જ અમારામાં મોટો દોષ છે. ગઇ કાલે વ્યાખ્યાન પ્રસંગે જે ચર્ચા નીકળી હતી તે જ અમારો મોટો દોષ છે કે-અમેં કુટુંબના ઝગડાઓમાંથી અને ખટપટોમાંથી નવરા જ પડી શકતા નથીં; અને તેમાંથી જે કાંઈ નવરાશ મળે છે તે વ્યસનમાં અને વિલાસમાં ચાલી જાય છે ! રાજા થયા એટલે એક કરતાં વધારે રાણીઓ જોઈએ જ અને પરિણામે ખટપટની ખાડીમાં અમારાં મગજ પડે એટલે વિચારની સરલતાને અવકાશ જ ક્યાંથી મળે ? વિલાસમાંથી વિરક્ત થઇએ તો મિત્રોની મૈત્રીનો લાભ મેળવીએ, પણ તે વિરક્તતા અમારા કર્મમાં લખી જ ન હોય ત્યાં શું ઉપાય ?"

આ વિચારોએ વળી રસિકલાલને વિશેષ આકર્ષિત કર્યો. દેશી રાજાઓ તો આવા જ હોવા જોઇએ એવો દૃઢ વિચાર થયો અને થોડી વાતચીત કરી, લગ્નપ્રસંગ સુધી રોકાવાનું કબુલ કરી, રોજ પ્રભાતમાં મુલાકાત લેવાનું વચન આપીને રસિકલાલ છૂટો પડયો. શાંતિપ્રસાદ રસિકલાલની સાથે પોતાને ઘેર આવ્યો, ત્યારે ભોજનસમય થઇ ગયો હતો. શાંતિપ્રસાદે કહ્યું: " રસિકલાલ ! તમે હવે મારા અને રાજાજીના ઉભયના મેમાન થયા, માટે હવેથી નિત્યને માટે જમવાનું તમારે અહીં જ રાખવું; તમારો સામાન ક્યાંય પડયો હોય તો તે નોકરને કહીને મંગાવી લેજો. "

" મારી પાસે સામાન કાંઈ પણ નથી. "

" ઓહો ! આશ્ચર્ય ! યાત્રા નિમિત્તે નીકળ્યા છો અને સાથે કાંઇ પણ સામાન નથી ? "

"જી હા, તેમ જ છે. સામાન સાચવવાની પીડા હોય છે તો યથેચ્છ પ્રવાસ કરી શકાતો નથી, એટલે હું પ્રવાસમાં કદાપ કાંઈ પણ સામાન સાથે રાખતો જ નથી." રસિકલાલે કિંચિત્ સ્મિત કરીને કહ્યું.

સાંજે ભોજનાદિથી પરવારીને દીવાનના એક નોકરને સાથે લેઈ રસિકલાલ સ્વામીજીની મુલાકાતની માંગણીને પૂરી કરવાને મોહનાદેવીને ત્યાં ગયો. રસિકલાલ જઈ પહોંચ્યો, ત્યારે જોકે સ્વામીજી આવી ચૂક્યા હતા, તોપણ વ્યાખ્યાનની શરૂઆત થઇ ન હતી. મોહનાદેવીએ પોતાને ત્યાં સ્વામીજીનું વ્યાખ્યાન સાંભળવા આવનાર શ્રોતાઓને માટે ઘણી સારી તૈયારી કરી રાખી હતી. એક વિશાળ દિવાનખાનું કે જે હાંડી, તખતા અને વિવિધ પ્રકારની સામગ્રીઓથી ભરપૂર હતું, તે જ સ્થાન વ્યાખ્યાન આપવાને માટે મોહનાદેવી તેમ જ સ્વામીજીએ પસંદ કર્યું હતું. શ્રોતાઓની કાંઇ મોટી મેદની મળનાર ન હતી, પરન્તુ સ્વામીજીનાં પવિત્ર પગલાં પોતાને ત્યાં પધરાવવાની જિજ્ઞાસાથી મોહનાદેવીએ સ્વામીજીને પોતાને ત્યાં આવીને વ્યાખ્યાન આપવા વિનતિ કરી હતી, અને સ્વામીજીએ તે વિનતિનો આનંદ સાથે સ્વીકાર પણ કર્યો હતો. થોડા પાડોશીઓ અને નિત્યના સહવાસવાળાઓને આ વ્યાખ્યાનમાં ભાગ લેવાને માટે મોહનાદેવીએ નિમંત્રણ કર્યું હતું, તેથી સ્ત્રી-પુરૂષો મળીને પચાસ-સાઠ માણસો જ એકઠાં થયાં હતાં.

મોહનાદેવીએ પોતાના ગ્રહને સુશોભિત કરીને સ્વામીજીની પધરામણીને એક ઉત્સવરૂપ માની હતી. વ્યાખ્યાનને માટે પસંદ કરવામાં આવેલા વિશાળ દીવાનખાનમાં સર્વત્ર રોશની કરવામાં આવી હતી અને બફારો થતો હોવાથી નોકરોને પંખા ખેંચવાનો

હુકમ આપી દેવામાં આવ્યો હતો. દીવાનખાનામાં ગોઠવવામાં આવેલી સુંદર વસ્તુઓની રચના આ દેખાવમાં કાંઇ મનોરંજક ભાગ ભજવી રહી હતી; દીવાનખાનું ભરાઇ ગયું એટલે સ્વામીજીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું. પ્રારમ્ભમાં સ્ત્રીવર્ગને પતિ પ્રત્યેની ફરજ સમજાવી અને પ્રાચીન સમયની વીર રમણીઓનાં દષ્ટાંત આપી વ્યાખ્યાનને સારી રીતે રસિક બનાવ્યું. પતિની સ્ત્રી પ્રત્યેની ફરજ સમજાવતાં દમ્પતી વચ્ચે સ્નેહનું પ્રધાન્ય સૂચવ્યું અને સ્ત્રીવર્ગ પ્રત્યે દર્શાવવામાં આવતી બેદરકારીને ત્યજી દેવાની સલાહ આપવામાં આવી. વચ્ચે સ્ત્રીવર્ગના અને સાસુવહુના કજીઆના રમુજી ટૂચકાઓ આપીને યુવતી સ્ત્રીઓને હસાવવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય તેમ દષ્ટિગોચર થતું હતું. આવા હાસ્યને પ્રસંગે દીવાનખાનામાં સર્વત્ર આનંદ-આનંદ પ્રસરી રહેલો જોવામાં આવતો હતો અને સ્વામીજીની વ્યાખ્યાન કરવાની શક્તિની બહુ પ્રશંસા થતી સાંભળવામાં આવતી હતી.

રાત્રિના દશ વાગ્યા સુધી વ્યાખ્યાન ચાલ્યા કર્યું અને તેટલો લાંબો વખત આ નકામું ટીંચલું સાંભળીને રસિકલાલને કંટાળો ઉત્પન્ન થયો. વ્યાખ્યાન પૂરૂં થયું એટલે સૌ કોઇ વેરાયાં. રસિકલાલ સ્વામીજીની પાસેથી રજા માંગતો બોલ્યો: “ આપનું વ્યાખ્યાન સાંભળી મને આનંદ થયો છે, હવે હું રજા માંગું છું. ”

સ્વામીજીએ ઇષત્ સ્મિત કરીને કહ્યું: “ માફ કરજો, આપની સાથે કેટલીકએક વાતચીત કરવાને આપને બોલાવ્યા છે, પણ અત્યાર-સુધીનો સમય વ્યાખ્યાનમાં ગયો એટલે આપની સાથે વાતચીત થઇ શકી નથી. ”

"તો ભલે, હું આપને ખાતર રોકાઇશ." એમ કહી રસિકલાલ પાસેની ખુરશીપર બેઠો. થોડી વારમાં શ્રોતાઓ વેરાઈ ગયા અને આખા દીવાનખાનામાં સ્વામીજી અને રસિકલાલ બે જણ એકલા રહ્યા. એટલામાં નોકરે આવીને દૂધના બે પ્યાલા સ્વામીજીની સામે ધર્યા. એક પ્યાલો પોતે લેઇને બીજો રસિકલાલની સામે ધરવામાં આવ્યો. "હું રાત્રિએ કાંઇ પણ ખાતો પીતો નથી." એમ જણાવી રસિકલાલે તે દૂધ ન પીધું. દૂધ પીને નવરા પડતાં સ્વામીજીએ કહ્યું: "મિસ્તર રસિકલાલ! ગઈ કાલે રાજાજીની સમક્ષ આપણે જે ચર્ચા ચાલી, તેમાં ખરેખર તમે ઉંધે માર્ગે દોરાતા હતા હોં. સ્ત્રી અને પુરૂષના સરખા હકનો સવાલ બાજુએ મૂકીએ, તો પણ વિધવાઓની આપણા દેશમાં જે દુર્દશા થાય છે અને તેઓ કામવાસનાથી દોરાઇને જે અનીતિનાં કામોમાં પ્રેરાય છે, તે અટકાવવાને તેમ જ તેથી ઉત્પન્ન થતા ગર્ભની હત્યા ન થવા દેતાં તેનો બચાવ થાય તેટલી ભૂતદયાને અર્થે પણ વિધવાઓનાં પુનર્લગ્નો કરવાની જરૂર છે. મને આશ્ચર્ય થાય છે કે તમે મુંબઇના છૂટા વિચારોમાં ઉછર્યા હોવા છતાં વિધવાઓનાં પુનર્લગ્નોની વિરૂદ્ધમાં અભિપ્રાય ધરાવો છો!"

રસિકલાલ વિનયપૂર્વક બોલ્યો: "સ્વામીજી! ભૂતદયાનો જે પ્રશ્ન આપ અત્યારે આગળ ધરો છો, તે તરફ હું દિલસોજી ધરાવું છું. પાશ્ચાત્ય પ્રજાના સમાગમ પછી આપણા લોકોની લાગણીઓ ભૂતદયાના સંબંધમાં કાંઇક બુઠ્ઠી બનતી જતી જોવાય છે અને તેને પુનઃ સતેજ કરવાની જરૂર છે. હવે વિધવાવિવાહના સંબંધમાં આપ જે ભૂતદયાનો સવાલ આગળ લાવો છો, તે મને તો

બરાબર બંધ બેસતો જણાતો નથી. વિધવાઓ અનીતિમાન આચરણો આચરે અને તેથી ઉત્પન્ન થતા ગર્ભનું સંરક્ષણ કરવાને આપ ભૂતદયાનો સવાલ આગળ લાવો છો, ત્યારે વિધવાઓને સન્માર્ગે દોરે તેવાં ખાતાં ઉઘાડી, ત્યાં તેમના જીવનને જ્ઞાન અને પ્રભુભક્તિમાં લીન રાખી, તેઓની કામવાસના શમી જતાં પોતાની દેશભગિનીઓ પ્રતિ મમતાળુ અને તેમ કરવામાં શું ભૂતદયા સમાએલી નથી? સ્વામીજી! તેટલા માટે હું આપને સૂચવું છું કે આપે પૂનાના મી. કર્વેના વિધવાશ્રમની અને મુંબઇના સેવાસદનની મુલાકાત લેવી અને તે સંસ્થાઓની યોજનાનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરવો."

રમણાનંદજી બોલ્યા: "તે સંસ્થાઓ વિષે મેં સાંભળ્યું છે તથા કેટલુંક વાંચ્યું છે પણ તેની મુલાકાત લીધી નથી. પરન્તુ તે તો કાંઇક કેળવાએલી વિધવાઓને માટે જ છે. નાનાં ગામડાંમાં હજી અસંખ્ય બાળવિધવાઓ છે અને તેઓ આવાં ખાતાંની ઉપયોગિતા સમજતી નથી અને તેનો લાભ લેતી નથી. તેવીઓને માટે તો વિધવાવિવાહ જ એક ખરો માર્ગ છે."

આવી તકલેદી દલીલો સાંભળીને રસિકલાલને લાગ્યું કે રમણાનંદજીમાં વક્તૃત્વશક્તિ વિના વિદ્વત્તા જેવું કાંઈ જણાતું નથી. તેને કંટાળો ઉત્પન્ન થયો, તોપણ જણાવ્યું: "સ્વામીજી! અશિક્ષિત સ્ત્રીઓને શિક્ષિત થવાનો ઉપદેશ આપવો તે આપના જેવાનો પ્રથમ ધર્મ છે; છતાં તેવી સ્ત્રીઓને પુનર્લગ્ન કરવાનો ઉપદેશ શું અગત્યનો છે? પણ ખરી રીતે તો તે બિચારી ગામડીયણ સ્ત્રીઓ જેવું પાતિવ્રત્ય પાળે છે, તેવું શહેરી સ્ત્રીઓ પાળતી નથી. પુનર્લગ્નની માંગણી પણ કેટલીક શહેરી સ્ત્રીઓની છે, ગામડીયણોની નથી. ગર્ભ-

પાતના દાખલાઓ પણ મોટે ભાગે શહેરી સ્ત્રીઓમાં જ બને છે, ગામડીયણ સ્ત્રીઓ તો તે પાપથી દોઢ ગાઉ દૂર નાસે છે, તો પછી તેવી સ્ત્રીઓને માટે પણ આપના જણાવ્યા મુજબ વિધવાવિવાહની શું આવશ્યકતા હોય ?"

સ્વામીજી પોતાની તકલેદી અને વિચિત્ર દલીલોમાં ફાવે તેમ નહોતું એ તેઓ જાણી ગયા. રસિકલાલ જેવા એક યુવકથી તે મ્હાત બની જાય, તે પણ શરમભર્યું હતું. તેઓ કાંઇક જવાબ આપવા જતા હતા, એટલામાં પાસેના ઓરડામાંથી "હાય હાયરે મા ! મરી ગઇ !" એવી એક કારમી ચીસ સાંભળવામાં આવી.

પ્રકરણ ૫ મું.

શારદાગૌરી.

ચીસ સાંભળતાં જ રસિકલાલ અને રમણાનંદજી ઉભય ચમકયા. તુરત જ રમણાનંદજીએ ખુલાસો કર્યો કે " એ તો મોહનાદેવીની પુત્રી શારદા બિમાર છે, તેના દુઃખની આ બૂમ હશે."

રસિકલાલે પૂછયું: "પણ ઘરમાં કોઇ નોકર ચાકર નહિ હોય ? માંદા માણસની પાસે એકાદ માણસે તો હમેશાં રહેવું જ જોઇએ."

"શી ખબર ?" એમ કહી રમણાનંદજીએ દીવાનખાનાના બારણામાં આવીને "મોહનાદેવી, અરે, મોહનાદેવી !" એમ બૂમો પાડવા માંડી, પણ કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહિ. "અરે ઘરમાં કોઇ નોકર ચાકર પણ નથી કે ?" એમ પુનઃ ઉતાવળે પ્રશ્ન કર્યો,

પણ કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહિ. એટલામાં "વોય વોય રે, મરી જઉં છું" એવી એક ચીસ પુનઃ તે જ ઓરડામાંથી સાંભળવામાં આવી. સ્વામીજી ગભરાયા. તેમણે રસિકલાલને કહ્યું: "મિસ્તર રસિકલાલ! ઘરમાં કોઇ હોય, તેમ જણાતું નથી, અને તે બિચારીને બહુ દુઃખ થતું જણાય છે! કેવાં બેદરકાર માણસો? બિમારનો ખાટલો સાચવવા જેટલું પણ કોઇને ભાન નથી! આવો, આપણે જરા તપાસ કરીએ."

એમ કહી રમણાનંદજીએ રસિકલાલને સાથે લીધો અને બન્ને પાસેના ઓરડામાં ગયા. તે ઓરડો નાનો પણ સુશોભિત અને જૂદી જૂદી જાતના ફરનીચરથી ભરપૂર હતો. મધ્યમાં એક મોટું લેમ્પ ઝળઝળાટ બળતું હતું. એક બાજુએ છત્રીવાળા પલંગમાં એક મ્હોટી તળાઈપર શારદાગૌરી પડી હતી. રસિકલાલ અને રમણાનંદજીએ જોયું તો ઓરડામાં કોઇ પણ જણાયું નહિ. પલંગ પાસે જઇને જોયું તો શારદાગૌરી દુઃખથી બેભાન થઇને પડી હતી! તેની આંખો બંધ હતી અને નાકમાંથી ઉષ્ણ શ્વાસોચ્છ્વાસ ચાલતા જણાતા હતા. કપડાંનું ભાન રહ્યું જણાતું નહોતું. એક ગરમ શાલ તેણે ઓઢી હતી પણ અત્યારે તે પણ ખસી ગઈ હતી. શરીરનાં બીજાં અવયવો પણ અચેત સ્થિતિમાં વ્યવસ્થાસર જણાતાં ન હતાં. તળાઇને એક ખુણે માથાપર બરફ ઘસવાની રબ્બરની કોથળી પડી હતી. તેને એ સ્થિતિમાં જોતાં જ રમણાનંદજી ચમક્યા અને એકાએક બોલી ઉઠ્યા: "અરે! બહુ ભયંકર સ્થિતિમાં જણાય છે, છતાં આ લોકો કેમ આટલાં બેદરકાર રહ્યાં હશે? અરે, મોહનાદેવી! નોકરો! ઘરમાં કોઈ જ નથી શું?"

પાંચેક મિનિટ સુધી બન્ને જણ દિગ્મૂઢ સરખા બનીને આ-

સપાસ જોતા ઊભા. શારદાગૌરી બહુ જ ભયંકર સ્થિતિમાં આવી પડી હોય તેમ જણાવા લાગ્યું. રમણાનંદજીએ ગભરાટથી કહ્યું: “ મી. રસિકલાલ ! આપણે માથે આ એક ધર્મસંકટ આવી પડ્યું છે! ઘરમાં કોઇ જણાતું નથી અને મને જણાય છે કે આ બિચારીના કંઠે પ્રાણ છે! હવે કરવું શું? તાવ ઘણો સખત જણાય છે!”

રસિકલાલથી કાંઇ પણ જવાબ આપી શકાયો નહિ. રમણાનંદજીએ આગળ કહ્યું: “ ત્યારે તમે થોડું કામ કરો! આ બરફની કોથળી થોડી વાર તેના મસ્તકપર રાખો, એટલામાં હું કોઇ નોકરને ઘરમાંથી શોધી કાઢી, મોહનાદેવીને બોલાવવા મોકલું છું! મોટા આશ્ચર્યની વાત છે કે આવે વખતે જ ઘરમાં કોઇ પણ નથી.”

મનુષ્યનું હૃદય જ એવું હોય છે કે ગમે તેવા બિમાર માણસ તરફ હમેશાં તેની લાગણી ખેંચાય છે. કોઇ અજાણ્યો માણસ હોય, પરદેશી હોય, બલકે દુશ્મન હોય તોપણ એક બિમાર માણસની લાચાર સ્થિતિ તેની દયાને ઉશ્કેર્યા સિવાય રહેતી નથી. રસિકને પણ દયા આવી અને એક અજાણી પરન્તુ બિમાર બાળાની થોડા સમય સુધી સેવા બજાવવાનું તેણે માથે લીધું. તે પાસે પડેલી એક ખુરશીપર બેઠો અને બરફની કોથળી શારદાગૌરીને માથે ફેરવવા લાગ્યો. પાંચ મિનિટ થઇ, દશ મિનિટ થઇ, ના કલાક થઈ ગયો, પણ મોહનાદેવી, સ્વામીજી કે નોકર કોઇ પણ આવ્યું નહિ ! કોઇ ન આવ્યું તેનું ભાન રસિકને નહોતું. તે તો એક ચિત્તે તે બાળાના તેજસ્વી પરન્તુ માંદગીથી કરમાએલા ચહેરા તરફ જોઈ રહ્યો હતો. તેના હસ્તમાં કંકણો નહિ હોવાથી રસિક સમજી શક્યો કે તે વિધવા થઇ હોવી જોઇએ. આટલી નાની વયમાં, આટલા સંપત્તિમાન્ કુટુંબમાં તે બાળા વિધવા થઈ જાણીને રસિકને બહુ લાગી આવ્યું.

તેના હાથમાંની બરફની કોથળી શારદાગૌરીના મસ્તકપર ક્ષણભર સ્થંભી ગઇ અને તે તેના ચ્હેરાની સામે એકી દૃષ્ટે જોઇ રહ્યો. વિધવાઓની કેવી દયાજનક સ્થિતિ હોય છે, તેનો ખ્યાલ તેના ગગજમાં અત્યારે ઉભરાઈ આવ્યો. તે વિચારવા લાગ્યોઃ “ગમે તેમ હો અને દલીલની ખાતર હું ગમે તેમ કહું, તોપણ સ્વામી રમણાનંદજીએ જણાવ્યા પ્રમાણે વિધવાઓની સ્થિતિ દયાજનક તો ખરેખર છે જ. આ બિચારી શારદાગૌરી! હું નથી માનતો કે તેની ઉમ્મર ચૌદ-પંદર વર્ષથી વધારે હોય! અરેરે! તે ગમે તેવું પવિત્ર જીવન ગાળે, પરન્તુ તેના હૃદયમાં રહેલો પ્રેમનો ઝરો કેવી રીતે અને ક્યાં વહન કરે? જ્યાંસુધી પ્રેમી લાગણીઓને વિરામ પામવાનું યોગ્ય સ્થાન મળતું નથી ત્યાંસુધી સ્ત્રીઓ ગમે તેવું પવિત્ર જીવન ગાળે તોએ શું? એક સાધ્વી તરીકેના પવિત્ર જીવન કરતાં એક પવિત્ર સંસારી જીવન શું ઓછું શ્રેયસ્કર છે? અરેરે! તો પછી આવી વિધવા બાળાઓની શું ગતિ? પવિત્ર જીવન ગાળતાં છતાં પણ આ બાળાના સ્વરૂપને શું કાંઈ થોડો ભય છે? વિધવાવિવાહના પ્રચારથી અનર્થો થાય છે અને તેના વિના આવી કેટલીક ગર્ભશ્રીમંત, અલ્પવયસ્ક, ગરીબડી બાળાઓને માટે પુનર્લગ્નની જરૂરીઆત જણાય છે! ભૂતદયા આવી બાળાઓના ગરીબડા વદન ઉપર આનંદની ચમકી લાવવા પુનર્લગ્ન કરવાને ઉશ્કેરે છે, જ્યારે બીજા તેવા બનાવો બનવા લાગે, તો સંસારના પવિત્ર જીવનને હાનિ કરનાર થઇ પડે છે! કાંઇ પણ વચલો માર્ગ સૂજવો દુર્લભ છે!”

રસિકની વિચારશ્રેણી એ પ્રમાણે લંબાતી જ જતી હતી. હાથમાંની બરફની કોથળી શારદાના કપાળપરથી ખસીને એક બાજુએ સરી પડી હતી, છતાં રસિકનો હાથ તે કોથળીને પકડી રહ્યો

હતો. આટલી વાર બરફ ઘસવાથી તેના મસ્તકને કાંઇ ઠંડક મળી કે નહિ, તે જોવાને રસિકે પોતાનો હાથ શારદાના કપાળપર મેલ્યો. કપાળની ચામડી ઠંડી થઈ હતી પરંતુ અંદરનો ગરમીનો ઉભરો ચાલુ જ હોય તેમ જણાતું હતું.

રસિકે હાથ મૂકીને તે પાછો લેઇ લીધો એટલામાં શારદાગૌરી એકાએક ઝબકી અને તે સાથે રસિક પણ ચમક્યો. બેભાન થઇ પડેલી બિમાર બાળા એકાએક ઝબકી તેથી રસિકને આશ્ચર્ય થયું અને તે સાથે તેને આનંદ પણ થયો કે તેણી બહુ વ્યથામાં જણાઇ નહિ. ચમકવાની સાથે તેના બીજા હાથમાંથી બરફની કોથળી પડી ગઇ. શારદાએ બિછાનામાં પડ્યાં પડ્યાં આંખો ઉઘાડીને એક આશ્ચર્યયુક્ત દૃષ્ટિ રસિકની સામે ફેંકી. રસિકને જણાયું કે ઓરડામાં પોતાને એકલો જોઇને તે બાળા ચમકશે-ગભરાશે, એટલે તેણે ખુલાસો કરતાં જણાવ્યું: "તમે જરા પણ ગભરાશો નહિ. સ્વામીજી મોહનાદેવીને તેડવા ગયા છે."

થોડી પળો ચાલી ગઈ. શારદાગૌરી રસિકના મુખ સામે તાકી રહી. રસિક જ્યારે તેની સામે નજર નાંખતો ત્યારે તે પોતાની આંખોને બીજી દિશાએ દોરતી. થોડી વારે અતિક્ષીણ અને શાંત સ્વરથી શારદા બોલી: "અને આપ કોણ? અહીં ક્યાંથી?"

"હું અત્રે સ્વામીજીનું વ્યાખ્યાન સાંભળવા આવ્યો હતો, ત્યાં એકાએક તમે દુઃખથી બૂમો પાડી એટલે સ્વામીજી તથા હું અહીં દોડી આવ્યા. સ્વામીજી તમારાં માતુશ્રીને તેડવા ગયા છે." રસિકલાલે ટૂંકામાં સઘળો વૃત્તાંત નિવેદન કરી બતાવ્યો.

"આપનું નામ ર—સિ—ક—લા—લ તો નહિ?" શારદા પોતાની નજરને પલંગની છત્રી ભણી રાખીને ધીમે ધીમે બોલી.

રસિક ચમક્યો. આ બિમાર અને અજાણી બાળા પોતાનું નામ કેવી રીતે જાણી શકી હશે, તે વિચારતાં તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એક ક્ષણમાં તેણે અનેક કલ્પનાઓ કરી વાળી. તેણે એમ પણ માન્યું કે કદાચ એક પરદેશી તરીકે મારૂં નામ આ નાના ગામમાં જાણીતું થવા પામ્યું હશે. શારદાગૌરીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે બોલ્યોઃ "હા, મારૂં નામ તે જ છે. આપના જાણવામાં ક્યાંથી?" રસિકે સહજ પ્રશ્ન કર્યો.

કેટલીક વાર સુધી શારદાગૌરીએ તે પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. તે પાસું ફેરવીને બિછાનામાં જ જરા સ્વસ્થ થઇ બેઠી. વસ્ત્રો સમાર્યાં. થોડી વારે મંદ સ્વરે તે બોલીઃ "આપનું નામ મેં સ્વામીજી પાસેથી જાણેલું. આપ મુંબઈ રહો છો શું ?"

"હા."

"યાત્રાર્થે નીકળ્યા હશો."

"હા, તેમ જ."

"એક ઉપકારી સજ્જન તરીકે મારા આ વ્યાધિનું ઔષધ શું તમે મને નહિ બતાવો ?"

આ પ્રશ્ન સાંભળી રસિકને નવાઇ લાગી. બિમાર માણસો ઘણું કરીને ગભરાયલાં હોય છે એટલે પોતાના વ્યાધિના નિવારણના ઉપાયો જેને તેને પૂછ્યાં કરે છે, તેવો જનસ્વભાવ રસિક જાણતો હોવાથી રસિકને આ પ્રશ્નથી કાંઇ બહુ આશ્ચર્ય થયું નહિ. તે બોલ્યોઃ "હું હજી એક વિદ્યાર્થી છું. વૈદકનો અભ્યાસ મેં કર્યો નથી, તેમ જ તે વિદ્યા સંબંધે હું કાંઈ જાણતો નથી એટલે તમારી બિમારીનો ઉપાય કેવી રીતે સૂચવી શકું ?"

"મારી બિમારી દૂર કરવાને કાંઇ વૈદ્યક ઇલાજની જરૂર નથી, કારણકે મારા શારીરિક વ્યાધિનું કારણ માનસિક વ્યાધિ છે." શારદાએ ઉત્તર આપ્યો.

"એમ કે? માનસિક વ્યાધિથી ઘણી વાર શારીરિક વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, એમ મેં ક્યાંય વાંચ્યું છે ખરૂં. વારૂ, એવો તે કેવો વ્યાધિ છે?" રસિકે એક સ્વાભાવિક પ્રશ્ન કર્યો.

"આપને જણાવું પણ કાંઇ ઇલાજ સૂચવી શકશો ?"

"બનશે તો સૂચવીશ. ચોક્કસ રીતે કેમ કહી શકું ?"

શારદા કાંઇ પણ આગળ બોલી શકી નહિ. તેની આંખોમાં અશ્રુએ દર્શન આપ્યું. હૃદય ગભરાટથી ઉંચું નીચું થવા લાગ્યું. રસિકને એ પ્રકાર જોઇ ખેદ થયો. તેણે જાણ્યું કે અંતરૂના કોઇ મહાવ્યાધિથી તે બિચારી કોમળ હૃદયની બાળા પીડાય છે. પોતાનું હૃદય ખાલી કરતાં તે કમ્પે છે અને તેથી શોક કરે છે. તેને આશ્વાસન આપતાં રસિક બોલ્યો:

"ગભરાશો નહિ. શારીરિક વ્યાધિઓની પેઠે મનુષ્યના માનસિક વ્યાધિઓ પણ સમયવહન સાથે દૂર થાય છે. તમારો વ્યાધિ તમે મને જણાવો. બનશે તો હું તમારા દુઃખમાં ભાગ લેઇશ."

શારદા આંસુ લૂછતી બોલી: "આપ એક મુસાફર છો, અજાણ્યા છો; મારા હૃદયના ગુપ્ત વ્યાધિને હું આપની પાસે કેવી રીતે ખુલ્લો કરી જણાવું? છતાં અનાયાસે કુદરતે આપને અહીં આણ્યા છે, તો હું આપને મારૂં હૃદય ખુલ્લું કરીને જણાવીશ. રસિકલાલ! તમે કદાચ નહિ જાણતા હો કે હું આટલી નાની વયમાં વિધવાવસ્થાને પામી છું. મારી માતા મારી આ સ્થિતિથી બેજાર બની ગઈ છે અને મારા હૃદયના દુઃખનો તો પાર જ નથી. અત્યારે તમે મને

બિછાનામાં પડેલી જુઓ છો, તેનું કારણ એ છે કે હૃદયના સોબતી વિના પેદા થએલા માનસિક વ્યાધિથી હું અત્યારે પીડાઉં છું. પ્રતિક્ષણે મારા હૃદયના ગભરાટમાં વધારો થતો જાય છે અને શરીર ક્ષીણતાને અનુભવે છે. વૈધવ્યના જ મનોવ્યાધિથી આ સંસારમાંથી ચાલ્યા જવાને હવે મારે માટે કાંઇ બહુ વખત રહ્યો નથી. મારી માતા પાસે અખૂટ સંપત્તિ છે, અને તે સઘળી મારે માટે છે, પરંતુ મારૂં જીવન હવે વધારે સમય ટકે તેમ નહિ હોવાથી તે સંપત્તિનો ઉપભોગ કરનાર પણ કોઇ નથી. હું આપને વિશેષ શું કહું ?-આપ-" આગળ બોલતાં શારદા અચકાઈ. રસિક ભાવાર્થ સમજી ગયો. તેને તેની દયા આવી, તોપણ વિસ્મય પામ્યો. એક અજાણ્યા શખ્સની સાથે બોલવાની શારદાગૌરીએ લીધેલી છૂટથી તેને વિશેષ આશ્ચર્ય થયું. શારદા આગળ બોલી: "આપનામાં-કોણ જાણે શાથીએ-કુદરતી પ્રેરણાએ મારી આશાઓ બંધાય છે! આપ અજાણ્યા છો, પરદેશી છો, માત્ર થોડી મિનિટોના પરિચયવાળા છો, આપની સાથે હું વધારે છૂટથી વાતચીત પણ ન કરી શકું. એમ સભ્યતાનો નિયમ સૂચવે છે, તથાપિ કોઈ કુદરતી પ્રેરણાથી હું આપની પાસે મારૂં હૃદય ખાલી કરવાને પ્રેરાતી હોઉં, એમ મને જણાય છે. ચાણાક્ષ પ્રવાસી યુવક ! મારો આ મનોવ્યાધિ શું તમારાથી દૂર થઇ શકે તેમ નથી ? શું તમે મને મરી જતી અટકાવીને જીવિતદાન આપ્યાનું પુણ્ય ઉપાર્જન કરી શકો તેમ નથી ? મારો આ કલ્પાંત અને મારી આ શોચનીય સ્થિતિ શું તમારા હૃદયમાં દયાના અંગારાને પ્રજ્વલિત કરતાં નથી ?"

આ લાંબું ભાષણ સાંભળીને રસિકનું હૃદય છિન્નભિન્ન થઇ ગયું. શું બોલવું અને શું ન બોલવું, તેને આશા આપવી, નિરાશ

કરવી કે આશ્વાસન આપવું, તે કાંઈ તેને સૂઝ્યું નહિ. તેની વિદ્વત્તા, તેની ચાણાક્ષતા સઘળું એકી સાથે વિનાશ પામ્યું. પ્રત્યુત્તર આપવાની શક્તિ જ તેનામાંથી હરાઇ ગઇ હોય, તેમ તેને જણાયું. પોતે એકલો શારદાની પાસે બેઠો છે, કદાચ સ્વામીજી કે મોહનાદેવી આવી પહોંચશે, એવો ભય કે તેને લગતું ભાન પણ તેના ચિત્તમાં રહેવા પામ્યું નહિ. તે ઠંડો ગાર બની ગયો. કાંઇ પણ જવાબ આપવાનો નિશ્ચય કરીને તે મ્હોંને બોલાવવાને ઉશ્કેરવા લાગ્યો પણ મ્હોંમાંથી એક શબ્દ પણ નીકળી શક્યો નહિ. જેમ જેમ વધારે વખત જવા લાગ્યો, તેમ તેમ તેના હૃદયને ગભરાટનો અનુભવ થવા લાગ્યો. કેટલીક વાર સુધી વિચાર કરીને તે બોલ્યોઃ "શારદાગૌરી! હિંદુ વિધવા સ્ત્રીઓએ તો વિધવાવસ્થામાં જ રહીને પોતાના જીવનને પવિત્ર રીતે ગાળવું જોઇએ. તમારા જેવી સુશિક્ષિત બાળાના પવિત્ર હૃદયમાં પુનર્વિવાહની અપવિત્ર ભાવનાને જન્મ પણ મળવો જોઇએ નહિ. માટે મનોવ્યાધિને દૂર કરી પવિત્ર જીવન ગાળવામાં જ તમારૂં શ્રેયઃ સમાએલું છે."

"રસિકલાલ! તમે આ શું બોલો છો? શું તમે અમને પ્રાચીન ઋષિમુનિઓની પવિત્ર પત્નીઓના જેટલી મનઃસંયમ કરનારી માનો છો? અમારાથી મનઃસંયમ બની શકે અને અમે આ સંસારમાં, આ જનસમાજમાં, આ જગતની વિધવિધ લાલચોમાં રહીને તમે જણાવો છો તેવું ત્યાગી જીવન ગાળીએ, એમ શું તમને સ્વાભાવિક જણાય છે? શું તે શક્ય છે?"

"હા, શક્ય છે. મનુષ્ય પ્રાણી ધારે તે કરી શકે છે–તેને અશક્ય કાંઇ પણ નથી. માત્ર દૃઢ ઇચ્છા જ જોઇએ."

" પણ આવા વાતાવરણમાં ઉછરેલી અમ સરીખી બાળાઓનો

માટે તેવી ઇચ્છા પણ શું શક્ય છે? રસિકલાલ! કાલ્પનિક રીતે આ બ્રહ્માંડને ફેરવી નાંખવું તે પણ શક્ય છે, પરન્તુ વ્યવહારૂ રીતે તે શક્ય નથી; તેમ જ અમારે માટે ગમે તેવું પવિત્ર જીવન ગાળવાની વાતો કરો, તે સઘળું 'વાતોમાં જ' શક્ય છે–વ્યવહારમાં નહિ. અમારા પવિત્ર જીવનને માટે અમને અમારા જીવનના સોબતીઓની જરૂર છે–તે વિના અમે કાયાથી નહિ તો વચનથી કે મનથી કુત્સિત માર્ગે પ્રયાણ કરી નાંખીએ તે શું સંભવિત નથી? નક્કી માનજો કે તમે ધારો છો તેટલો મનઃસંયમ અમારે માટે સંભવિત નથી જ."

'વાતો'માં અને 'વ્યવહાર'માં રહેલો તફાવત શારદાને મુખેથી સાંભળીને રસિકલાલ મ્હાત થઇ ગયો. તેની કાંઇ પણ દલીલો આગળ કામ કરી શકી નહિ. તેનાથી કાંઇ જવાબ પણ આપી શકાયો નહિ. થોડી વાર રહીને શારદાગૌરી આગળ બોલી: "રસિકલાલ! મારા હૃદયની કરૂણાજનક સ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ મેં હજી તમને આપ્યો નથી. તે સઘળું વર્ણન હું તમને કહી સંભળાવું, પરન્તુ મારામાં અત્યારે તેટલી શક્તિ નથી. તે કહેતાં કહેતાં હું હદપાર ઉશ્કેરાઇ જઇશ, અને તેથી પુનઃ મારા શરીરને ખમવું પડશે. તમે મુંબઇના છૂટા વિચારોમાં ઉછરેલા છો અને તમારામાં મારી આશાઓ સમાપ્ત થતી હોય એવા કોઇ ગેબી નાદથી મારૂં હૃદય પ્રેરાય છે. રસિકલાલ! રસિકલાલ! પ્રત્યુત્તર આપો. કેમ મૂંગા બની ગયા છો? શું તમે મને તમારી જીવનવિભાગિની નહિ બનાવો?"

"શારદાગૌરી! હવે હદ થઇ! બસ રાખો! તમારી કરૂણાજનક વાણીએ મારા હૃદયને છિન્નભિન્ન કરી નાંખ્યું છે. તમારા પ્રશ્નનો ઉત્તર આપવાની મારા હૃદયમાં અત્યારે જરા પણ આય



"એમ ન કરો. તેથી એક મહત દોષ થાય છે."

રહી નથી. તમારી સ્થિતિની દયા મને એક માર્ગે દોરે છે, એકાગ્ર જીવન ગાળવાની મારી અભિલાષા મને બીજે માર્ગે દોરે છે. લોક-વ્યવહાર કે લોકાપવાદના ભયને હું તુચ્છ ગણું છું, તેની મને પરવા નથી. પણ-પણ-આગળ શું બોલવું તે પણ મને હવે તો સમજાતું નથી." રસિકલાલે પોતાના હૃદયની એકંદર સ્થિતિ શારદાગૌરીને ખુલ્લી કરી બતાવી.

"એવી રીતે આશા અને નિરાશાની દોરીઓના હીંચકામાં મને નહિ હીંચાવો અને તેને બદલે તે જ દોરીઓનો ફાંસો તમે મારા ગળામાં નાંખી દો એટલે હું આ જીવન-ઉપાધિમાંથી મુક્ત બનું. રસિકલાલ ! શું તમને મારા આ કોમળ હૃદયની-વિશીર્ણ બની ગએલા વદનની જરા પણ દયા આવતી નથી ? શું ઘાતકીપણું તે જ તમારો ધર્મ છે ? શું :તમારી સૂકી દયા માત્ર ભાષણો કરવામાં કે વિચારો દર્શાવવામાં જ પરિસમાપ્ત થાય છે ? ના, ના, તેમ નહિ જ હોય: તમારા જેવા વિદ્વાનો એવી દાંભિકતા ન જ ધરાવે એમ હું માનું છું: પણ હેં, તમે મારા પ્રશ્નનો અનુકૂળ ઉત્તર કેમ આપતા નથી ?" એમ કહી શારદાએ રસિકલાલનો હસ્ત પકડ્યો. હસ્ત ઠંડો ગાર અને ચેતનહીન બની ગએલો જણાયો, અને તે સાથે જ એક અજ્ઞાન અને અલ્પ પરિચયવાળી બાળાના સ્પર્શે રસિકને ચમકાવ્યો. તે બ્હેબાકળો ઊભો થયો અને શારદાના હાથમાંથી પોતાના હાથને છોડાવતાં બોલ્યોઃ " એમ ન કરો, તેથી એક મહત્ દોષ થાય છે. તમને કે મને એક બીજાને અડકવાનો અત્યારે જરા પણ અધિકાર નથી, માટે પુનઃ તેવું સાહસ ન કરો. તમે બિછાનામાં સૂઈ જાઓ, રખેને એમ ઉશ્કેરાવાથી તમારી તબીયત પુનઃ લથડશે."

"તબીયતની કાંઇ ચિંતા નથી. તમે મારા આંતર્ વ્યાધિનું

શમન કરનારો પ્રત્યુત્તર આપો અને પછી જુઓ કે મારી તબીયત કેવી બની જાય છે? હું તમને એક વાર કહી ચૂકી છું કે મારા શારીરિક વ્યાધિનું કારણ માત્ર મારો માનસિક વ્યાધિ છે અને માનસિક વ્યાધિ દૂર કરવાનું તમારા જ હાથમાં છે; માટે હવે જો તે તમે દૂર નહિ કરો તો તમે નિર્દય ગણાશો, મારી બિમારીના કારણભૂત ગણાશો, હું મરણ પામીશ, અને તેના દોષના ભાગી તમે જ થશો!" એટલું કહેતાંમાં શારદાથી રડી જવાયું. તેની આંખોમાં આંસુનું પૂર ઉભરાઇ આવ્યું. તે પુનઃ બિછાનામાં પડી. શરીરમાં અશક્તિ આવતી જતી હોવાથી તેના શરીરમાં ચૈતન્ય બહુ ઓછું જણાતું હતું. તે પુનઃ દુઃખથી આંખો મીંચી ગઇ અને તાવના તથા વ્યાધિના ઘેનમાં પડી. રસિકલાલ અનેક વિચારોમાં ગોટવાતો–ગુંચાતો–અકળાતો, વિચારના વંટોળિયામાંથી બહાર નીકળવાને ફાંફાં મારતો પુનઃ ખુરશીપર આવીને બેઠો, અને તે બિમાર બાળાના અશ્રુઓથી ભીંજાએલા કપોલ તરફ, સુકુમાર વદન તરફ તથા ધડક ધડક થતા દુઃખી અને કોમળ હૃદય તરફ નજરને જોડીને અનેક વિચારલહરિઓના પવનમાં ઘસડાવા લાગ્યો.

પ્રકરણ ૬ ઠું.

વિચારભ્રમરનું ભ્રમણ.

તુરત જ સ્વામી રમણાનંદજી મોહનાદેવીની સાથે આવી પહોંચ્યા. મોહનાના મુખ ઉપર આતુરતા અને ભય છવાએલાં નજરે પડતાં હતાં. તે ગભરાટથી બોલી ઉઠીઃ "કેમ છે? મારી શારદાને કેમ છે?"

રસિક એકાએક નિદ્રામાંથી જાગી ઉઠ્યો હોય તેવી રીતે ખુરશીપરથી ઊભો થઈ ગયો અને બોલ્યોઃ " પહેલાં કરતાં અત્યારે કાંઇક ઠીક જણાય છે. કાંઇ બહુ ભય પામવા જેવું નથી."

મોહનાએ બિછાના પાસે જઇને " શારદા, શારદા ! તને કેમ છે ? " એમ બે ત્રણ વાર પૂછ્યું; પરન્તુ શારદાએ આંખો ઉઘાડી નહિ, તેમ જ જવાબ પણ આપ્યો નહિ. ' કદાચ ઉંઘી ગઇ હશે ' એમ સ્વામી રમણાનંદજીએ જણાવ્યું. થોડી વારે બે નોકરો પણ આવી પહોંચ્યા. ઘરમાં કામકાજ કરનાર એક ડોસી આવી પહોંચી અને બોલીઃ " બાને કેમ છે ? "

મોહના બોલીઃ " ઠીક છે, પણ હરીબાઈ ! હું તમને કહું છું કે આજથી તમારે બ્હેનના બિછાના પાસે જ બેસી રહેવું. ગમે તેવું કામ હોય, તોપણ ક્યાંય જવું નહિ. આજે હું સ્વામીજીની પૂજાને માટે જરા સામગ્રીની વરદી આપવા બહાર ગઇ, એટલામાં તો તમે સૌ કોઇ છટકી ગયાં અને સારૂં થયું કે સ્વામીજી અને આ બિચારા અજાણ્યા ગૃહસ્થ ઘરમાં હતા, નહિ તો કેવો વિપરીત સમય કહેવાય ?"

સઘળા નોકર આ ધીમો ઠપકો સાંભળી રહ્યા. હરીબાઇ બોલીઃ " વારૂ, બા, ભલે હું અહીં જ રહીશ. હું તો જરા મારી દીકરીની બાણી માંદી છે તેને જોવા ગઇ'તી; કાંઇ નકામી ગઇ નહોત."

" હું ક્યાં કહું છું કે તમે નકામાં ગયાં હતાં ? પણ જ્યારે ઘરમાં માણસ માંદું હોય ત્યારે સૌએ અહીંની અનુકૂળતા સાચવવી જોઇએ ના ? "

" હા, બા, એ વાત ખરી." ડોસીએ જવાબ આપ્યો. સૌ ઓરડામાંથી બહાર આવ્યાં. રસિકલાલ વિચારનિદ્રામાંથી જાગ્યો

અને રજા માંગી ચાલતો થયો. મોહનાદેવીએ સ્વામીજીને પૂજાનો સ્વીકાર કરવા વિનતિ કરી અને એક વિપ્રને બોલાવી યથાવિધિ સ્વામીજીની પૂજા કરવામાં આવી.

અત્યારે બનેલા બનાવથી વિસ્મિત થએલો રસિકલાલ અનેક વિચારતરંગમાં ગોટવાતો દીવાનના ઘર તરફના રસ્તે ચાલ્યો જતો હતો. મધ્ય રાત્રિનો સમય થવાને બહુ વાર નહોતી, છતાં 'મેમાન હજી આવેલા નથી' એવા જ્ઞાનથી શાંતિપ્રસાદ જાગતો હતો. તેણે રસિકલાલને સ્વામીજીના વ્યાખ્યાન તથા ઉપદેશ સંબંધે કેટલુંક પૂછ્યું, જેના ઉત્તરો તેણે ઉંચે મને ટૂંકામાં જ આપ્યા અને "ઉંઘ આવે છે" કહી તુરત બિછાનામાં પડયો. નિદ્રા આવી નહિ. મગજમાં ભ્રમતા વિચારોને દૂર હાંકી કાઢી ઉંઘ લેવાને ઘણાંએ ફાંફાં માર્યા પણ તે નિષ્ફળ ગયાં. વિચારોએ મગજમાંથી પોતાનું સ્થાન મૂકયું નહિ અને ભૂત ભવિષ્યના અનેક વિચારોમાં રસિકલાલ સ્નાન કરી રહ્યો.

"અહો! આવા અનિયમિત અટનથી દુનિયાંની કેવી કેવી વિચિત્ર પ્રકૃતિઓના સમાગમમાં આવવાનું બને છે? દુનિયામાં કેવાં સુકુમાર હૃદયો દુઃખી થાય છે અને કેવા વિચિત્ર ઉપદેશકો ઉપદેશ આપે છે તેનો અનુભવ તો મને આ ભદ્રપુરમાં થઈ ચૂકયો. શારદા–તે બિચારી ચૌદ-પંદર વર્ષની રસિક અને સ્વરૂપવતી બાળા વિધવા? કેવી ભયંકર કલ્પના? તેની જ ઉમરની એક બીજી વિધવા કે જેનું હૃદય તેના જેટલું સુકુમાર હોતું નથી, તેને વૈધવ્યથી આટલું દુઃખ થતું નથી–તે બિચારી ગ્રામ્ય કે જડભરત જેવી હોય છે, પરન્તુ આ સુશિક્ષિત, ઉમદા વિચારોવાળી, માનસિક વ્યાધિથી શારીરિક વ્યાધિ ભોગવતી બાળા વૈધવ્યના ભયંકર પ્રહારને સહન કરી શકે નહિ,

તો શું નવાઇ? તેના વિચાર ફરીથી લગ્ન કરવા તરફ વળ્યા છે—તે હૃદયનો મિત્ર માંગે છે! ખરૂં છે કે તેનું સુકુમાર હૃદય મિત્રત્વના ટેકા વિના ટકી શકે તેવું નથી. મારે મન તેની ભાવના અપવિત્ર છે; પણ–પણ–" આગળ વિચાર થતો અટક્યો. વળી થોડી વાર વિરામ લેઇને વિચારશ્રેણી આગળ લંબાઇ: "પણ પવિત્ર ભાવનામય જીવન ગાળવું જ હાલને સમયે અશક્ય છે એમ તેણે કહ્યું. શું તે ખરૂં હોવું જોઇએ? નહિ જ. **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी** એ નિયમ મુજબ તો અમુક સિદ્ધિ કરવાને દૃઢ ભાવનાની જ જરૂર છે. જો તે ધારે તો પવિત્ર જીવન ગાળી શકે. મનુષ્ય સર્વ કાંઇ કરવાને શક્તિમાન્ છે. તે પરમાત્માનો અંશ છે. આત્માની શક્તિ અગાધ છે. શું પવિત્ર જીવન ગાળવાની એક દૃઢ ઇચ્છા પણ તેને માટે શક્ય નથી?"

હૃદયમાં ગુંચળાં વળવા લાગ્યાં. પરસ્પર વિરૂદ્ધ વિચારોની ગડમથલ મચી રહી હતી. "શારદાને માટે પવિત્ર અને વૈધવ્યજીવન ગાળવાનું કામ શક્ય છે—અશક્ય નથી. તેના પુનર્લગ્નની અપવિત્ર ભાવનાને મારે શામાટે ઉત્તેજન આપવું જોઇએ? અત્યારે જ હું જઉં અને તેને ખુલ્લો ઉત્તર આપી આવું કે તારી આશાને સફળ કરીશ નહિ, કારણકે તે અશક્ય અને અપવિત્ર છે." તે નિશ્ચયની સાથે તે જ વિચારમાં લીન બની ગયેલો રસિક ભ્રમેલાની પેઠે બિછાનામાં બેઠો થયો. વિચારશ્રેણી હજી ચાલુ જ હતી: "પણ–પણ–તેના કેટલાક શબ્દો હું ભૂલી જઉં છું. તેને માટે પવિત્ર જીવન શક્ય છે. પણ અધુનિક સંયોગોમાં નથી એમ તેણે કહ્યું હતું. જગત્‌નું વાતાવરણ અપવિત્ર છે એ વાત ચોક્કસ છે. તે અપવિત્ર વાતાવરણમાં ઉછરેલું મગજ ગમે તેટલો બાળાત્કાર કરે તોપણ પવિત્રતાનું

પોષણ કેવી રીતે પામી શકે? મનના વેગને દબાવવામાં આવે તો તેટલી ક્ષણ તે દબાએલો રહે, પરન્તુ પુનઃ પૂર્વનો-લાંબા સમયનાં પરિચયનો સંસ્કાર સ્ફુરી આવ્યા સિવાય રહે જ કેમ? ખરૂં છે કે મન નેતરની સોટી જેવું જ! અરે રે! આવા મનને આત્મશક્તિના વિકાસ વિનાની બિચારી **શારદા** કેવી રીતે સંકુચિત રાખી શકે? વૈધવ્યને દુઃખરૂપ માનવાના પરિચયમાં પોષણ પામેલું હૃદય તેને ગણકાર્યા વિના શાંત જીવન કેવી રીતે ગુજારી શકે? નહિ, નહિ, સુકુમાર **શારદા**! તારો દોષ નથી! તારા માટે વૈધવ્ય એક સખતમાં સખત પ્રહાર છે, એ વાત સત્ય છે; તારી ભાવના દોષરૂપ હોવા છતાં મારે કહેવું જોઇએ કે તેના અવલંબન સિવાય તારે માટે બીજો માર્ગ જ નથી!"

મુંબઇના વાતાવરણમાં ઉછરેલો રસિકલાલ તદ્દન છૂટા વિચારનો હતો. પોતાના જ મગજમાં ઉદ્ભૂત થતી પરસ્પર વિરૂદ્ધ કલ્પનાઓને પણ તે ઇન્સાફ આપ્યા સિવાય રહેતો નહિ. જગતમાં એવી ઘણી પ્રકૃતિઓ હોય છે કે જે અમુક નિશ્ચયવાળી થાય છે. ત્યારપછી તેની સામે ગમે તેવા પ્રકારની દલીલો રજુ કરવામાં આવે, તોપણ તે સારાસારનો વિચાર નહિ કરતાં, પોતાના જૂના નિશ્ચયમાં દૃઢ રહે છે; આ દૃઢતા પ્રશંસનીય કહેવાતી નથી, પરન્તુ તે એક પ્રકારનો દુરાગ્રહ છે. ન્યાય સૂચવે છે કે બન્ને પક્ષોની સંપૂર્ણ તપાસ કરવી જોઇએ. અમુક સંયોગોમાં પોતાનો અમુક નિશ્ચય થઇ ગયો હોય, પરન્તુ સંયોગો પરિવર્તન પામતાં તે નિશ્ચયમાં અનુભવ સાથે ફરક પડવાનો વાજબી સંભવ ઊભો થાય છે જ; પરન્તુ પોતાના નિશ્ચયરૂપ પૂંછડાને પકડી રહેલા કેટલાક દુરાગ્રહીઓ એવા હોય છે કે જેઓ સામા પક્ષનું સાંભળતા જ નથી અથવા

તો સાંભળે છે તો ખોટા અભિમાનપૂર્વક પોતાના નિશ્ચયને પોતે સત્ય માની સામાને જૂઠો કહે છે—જૂઠો પાડવા માટે યોગ્ય દલીલો આપવાનું સામર્થ્ય તેનામાં હોતું નથી! આને તેવા અભિમાનીઓ દઢતા કહે છે. સારાસારના વિચારપૂર્વક થએલો નિશ્ચય તે દઢતા કહેવાય છે. પરન્તુ આ દુરાગ્રહને દઢતા કહી શકાતી નથી. રસિકલાલ આવી વિચિત્ર પ્રકૃતિનો ન હતો. પોતે કરેલા નિશ્ચયમાં જરા પણ અસત્ય ન હોય અને તેટલા માટે તે અચળ જ હોવો જોઇએ એવું મિથ્યાભિમાન તેનામાં હતું નહિ. તે છૂટા વિચારનો–Free thinker હતો. પોતે કરેલા નિશ્ચયને ખોટો પુરવાર કરે તેવી દલીલો પોતાને બીજા કોઇ તરફથી મળે, તો લાંબો વિચાર કરીને પોતાના નિશ્ચયમાં ફેરફાર કરવામાં તથા પોતાની ભૂલ કબુલ કરવામાં તે શરમાતો નહિ. આથી જ–તેની આ પ્રકારની સદસદ્‌વિવેકબુદ્ધિમય પ્રકૃતિથી જ તે શારદાગૌરીના શબ્દોથી મ્હાત થઇ ગયો હતો. પુનર્લગ્નની ભાવનાને તે અપવિત્ર ગણતો હતો, કોઇ પણ સંયોગોમાં તે દુરાચારયુક્ત રીવાજનો ફેલાવો થવા દેવામાં આવવો જોઇએ નહિ, એવી તેની દઢ માન્યતા હતી, તોપણ જ્યારે શારદાગૌરીનું વ્યવહારૂ કથન તેના મગજમાં પેસવા પામ્યું, ત્યારે તેનો નિશ્ચય ડગમગ્યો! જે નિશ્ચય સ્વામી રમણાનંદજીના વ્યાખ્યાનની દલીલોથી ડગમગવા પામ્યો હતો નહિ, તે નિશ્ચય શારદાગૌરીના પ્રત્યક્ષ દષ્ટાંતથી, તેની દુઃખમય સ્થિતિથી, તેના વ્યાધિના અહેવાલથી, તેની આર્જવતાથી અને તેની હૃદયપૂર્વક ઉચ્ચરાએલી દલીલોથી ડગમગ્યો! તેનું મન દ્વિધા થઇ ગયું. દીર્ઘ વિચાર કરવામાં આવ્યા પછી જો તેને પુનર્લગ્નની ભાવના પવિત્ર જણાય, તો તે પોતાનો નિશ્ચય ફેરવવામાં પણ આનાકાની કરે તેવો નહોતો. પરન્તુ છેવટે તેને પુનર્લગ્નની અપવિત્ર ભાવના

તો અપવિત્ર જ જણાઈ. શારદાગૌરીથી તેના મગજ ઉપર એટલી અસર થઇ કે પુનર્લગ્નની ભાવના અપવિત્ર હોવા છતાં પણ અમુક સંયોગોમાં, અમુક પ્રસંગે, અમુક પ્રકારની વ્યક્તિઓને માટે તે અપવિત્ર ભાવનાનું આલંબન કર્યા સિવાય ચાલતું નથી, અને તેથી સર્વ કોમને માટે નહિ પણ શારદાગૌરી જેવી વિધવાઓને માટે પુનર્લગ્ન અપવિત્ર હોવા છતાં આવશ્યક છે, એમ તે માનવા લાગ્યો.

તે પુનઃ મનમાં જ વિચારવા લાગ્યો : " પણ ત્યારે હવે હું કેવા નિશ્ચય ઉપર આવી શક્યો ? શારદાગૌરીને પુનર્લગ્નની જરૂર છે અને તેની અનિવાર્યતાથી મારે તેનો અંગીકા–" આગળ વિચારતાં અટકી જવાયું: "ના, ના, તેમ તો નહિ ! મારે માથે વળી આ શી ભ્રમજાળ ? હું તે અટન કરવા નીકળ્યો છું કે મારૂં પોતાનું લગ્ન કરવા ? કેવો મૂર્ખતાભર્યો વિચાર કરૂં છું ?"–" પણ–પણ–ત્યારે શું તે દુઃખી અને વિદુષી બાળાને મારે તરછોડવી ? તેની વ્યવહાર દલીલોનો મારાથી જવાબ આપી શકાય તેમ છે જ નહિ ! હું તેનાથી મ્હાત થઇ ગયો છું. સત્પુરૂષોનો ધર્મ છે કે પોતે કહેવા પ્રમાણે પ્રથમ કરી બતાવવું અને તે ધર્મમાંથી પાછા હઠવું, તે કર્તવ્ય નથી. શારદામાં દુર્ગુણો નથી, તે સુશિક્ષિત, સ્વરૂપવતી, કોમળ હૃદયવાળી અને ગર્ભશ્રીમત્તામાં તથા સારા સંસ્કારોની મધ્યમાં ઉછરેલી છે; મને અંગીકાર કરવામાં બાધ નડે તેવો એક પણ અવગુણ તેનામાં દેખતો નથી. મુંબઇની ઉદ્ધત છોકરીઓ કરતાં શારદા સહસ્ત્રગણી સારી છે. તેનામાં પતિભક્તિપરાયણતા હોય એમાં શું નવાઇ ? જેમ મારા હૃદયને વાજબી લાગે તેમ કરવું એ જ ઉચિત છે; રૂઢી, ધર્મ કે પૂર્વના વિચારોના પાશમાં બંધાઇ રહેવું તે મૂર્ખતા છે. શારદાને મનોવ્યાધિમાંથી તેમ જ શારીર વ્યા-

ધિમાં મુક્ત કરવી તે ધર્મ છે."

વળી થોડી વારે વિચાર સ્ફુરી આવ્યો: " પણ આવો વિચાર કરતાં મને મારું દિલ દંશ દે છે તેનું કારણ શું ? મારી સદસદ્‌વિવેકબુદ્ધિ શારદાને અંગીકારવાની પ્રેરણા કરે છે, છતાં હું શામાટે હૃદયદંશને અનુભવું છું ! અંતરમાં ઉંડો ગભરાટ પેદા થવાનું કારણ શું ? મારામાં કોઇ પણ પ્રકારનો ભય નથી, એ ચોક્કસ છે, તો પછી તે ગભરાટ શામાટે? ખરેખર, આ ગુંચવાએલું કોકડું હું ઉકેલી શકતો નથી ! ચાલ જીવ ! નિશ્ચિંત થા; વખત આવ્યે જેમ સૂઝશે, તેમ ઉત્તર દેવાશે."

એમ વિચાર કરીને રસિક પુનઃ બિછાનામાં પડ્યો મગજમાં ઉદ્‌ભૂત થએલા વિચારો ખસ્યા નહિ પણ બળાત્કારથી તેમને હાંકી કાઢી મનઃસંયમ કરી નિદ્રાની ભાવના ભાવતો તે એક પડખાભેર સુતો. થોડી વારમાં નિદ્રા આવી ગઇ પણ મનોરાજ્યમાં વિવિધ સ્વપ્નો રમી રહ્યાં. સ્વપ્નમાં પોતે મુંબઇ પાછો ફર્યો છે. ત્યાં તેના ગમનને કોઇ સંભારતું પણ ન હોય તેમ જણાયું. પુનઃ શારદાગૌરીની સમીપે આવ્યો તો તે કંઠમાં હસ્ત નાંખી અંગીકાર કરવાને પોતાને પ્રાર્થના કરતી હોય, આંસુડાં સાથે અર્જવતા કરતી હોય, જીવનદોરી લંબાવવાના કારણીભૂત બની જીવિતદાન આપ્યાનું પુણ્ય ઉપાર્જવાની વિનતિ કરતી હોય, એવી સ્થિતિમાં જોવામાં આવી. શિવશંકર અને લતાગૌરી પણ આવી ચૂક્યાં. સ્વામી રમણાનંદજીનાં વ્યાખ્યાનો પણ સાંભળ્યાં, અને દીવાનના મેમાને આખી રાત્રિ અર્ધજાગૃત સ્થિતિમાં ગુજારી.

* * * *

વાચક ! તારી રસિક વૃત્તિને ક્ષણભર ત્યાં જ વિરામવા દે અને જે સમયે ભદ્રપુરીમાં આ ઘટનાઓ બની રહી છે, તે સમય પહેલાં આપણી કથાના એક કેંદ્રસ્થાન મુંબઇમાં શું શું બનાવો બન્યા છે, તેના અવલોકનમાં તારી ચિત્તવૃત્તિને પ્રવેશ કરાવ.

પ્રકરણ ૭ મું.

પૂર્વ વૃત્તાંત-કાન્તિલાલ.

" કાન્તિલાલભાઇ ! શેઠજી આપને બોલાવે છે-દીવાનખાનામાં રાહ જોઇને બેઠા છે. " એક નોકરે કાન્તિલાલના અભ્યાસના ઓરડામાં આવીને અભ્યાસનું એક પુસ્તક વાચવામાં લીન થએલા કાન્તિલાલને કહ્યું.

કાન્તિલાલ ઉઠ્યો. દીવાનખાનામાં ગયો, તો તેના પિતા મંગળદાસ એક આરામખુરશીમાં પડ્યા જણાયા. સામે લેમ્પ અને બાજુના ટેબલપર ચકચકિત વૅાલશીટ બળતું હતું. બાજુની બારીઓમાંથી મન્દ મન્દ પવન ચાલ્યો આવતો હતો. પાનનો ડુચો શેઠના મ્હોંમાં ભર્યો હતો. માથાપર આવેલું ઘડીઆળ ટકટક કરી રહ્યું હતું. થોડી વારે તેમાં ટન્ ટન્ નવ વાગ્યા અને કાન્તિલાલ દીવાનખાનામાં દાખલ થયો. એક ખુરશી તાણી લાવીને પિતાની સમીપે બેઠો અને બોલ્યોઃ " શી આજ્ઞા છે ? "

" કાન્તિ ! આજે હું તારે માટે એક ખુશખબર લાવ્યો તે સાંભળીને કદાચિત્ તું શરમાઇશ પણ એમાં શરમાવાની કાંઇ જરૂર નથી. " શેઠે કહ્યું.

"એવું શું છે?" કાન્તિલાલે સહજ સ્મિત કરીને પ્રશ્ન કર્યો.

"ગોપાળરાય શેઠને તો તું ઓળખે છે. તેમની પુત્રી લલિતાનું વેવીશાળ તારી વેરે કરવાની શેઠ માંગણી કરે છે. તને આટલી ઉમર સુધી કુંવારો રાખ્યો, તેનું અત્યારે સાર્થક્ય થયું એમ હું સમજું છું." શેઠે આનંદ પામતાં કહ્યું.

કાન્તિલાલ અવાચ્ય રહ્યો.

શેઠ આગળ બોલ્યા: "કેમ ખરૂં કે નહિ? મુંબઇના એક લક્ષાધિપતિની છોકરી આપણને મળે તે ખુશ થવા જેવું તો ખરૂં જ. ગોપાળરાયના કુટુમ્બની ખાનદાની આપણા કરતાં ચડીયાતી છે તે તું જાણતો હશે."

"હા." કાન્તિલાલે નીરસપણે પ્રત્યુત્તર આપ્યો.

"તો પછી આ માંગું જલ્દીથી સ્વીકારી લેવું જ જોઇએ, એમ મારો મત છે."

કાન્તિલાલ અવાચ્ય રહ્યો.

"કેમ ઉત્તર આપતો નથી? લલિતાની વિદ્વત્તા અને તેના અભ્યાસ સંબંધે હરકોઇ મુંબઇનિવાસી સારો મત બાંધી શકે તેમ છે. તેં પણ તેને તે દિવસે જેકસન સાહેબને આપેલી ઇવિનીંગ પાર્ટીમાં જોઇ હશેસ્તો."

"હા."

"ત્યારે આવતી કાલે સોમવાર છે, માટે કાલે ને કાલે જ હું સાકર વહેંચી નાંખું છું. આ વાત માત્ર તને જણાવવા માટે જ બોલાવ્યો હતો."

"જણાવવા માટે કે મારો મત લેવા માટે?" કાન્તિલાલે

"તેમાં તારો મત લેવાની મને કાંઇ જરૂર જ જણાતી નથી, કારણકે આ તો દૂધમાં સાકર ભળવા જેવું જ છે. તેમાં તારો અનુકૂળ મત હોય, તેમાં કાંઈ નવાઈ ગણાય જ નહિ."

"તમે જ્યારે શરમ છોડી દેવાનું કહો છો, ત્યારે તે છોડી દઇને બે શબ્દો કહું ?" કાન્તિલાલે પિતાની સામે સીધી નજર કરીને કહ્યું.

"ભલે, કહે." શેઠે કાંઇક આશ્ચર્યથી ઉત્તર આપ્યો.

"ત્યારે હું કહું છું કે કૃપા કરીને તે વેવીશાળને તમે માન્ય રાખશો નહિ."

"હેં હેં ! કાન્તિ ! આ તું શું કહે છે ?" શેઠે એકદમ આભા બની જઇને કહ્યું: "તું શું સમજીને એમ કેમ કહે છે ? ભણ્યો ગણ્યો, હવે જરા ડહાપણ રાખતાં શીખ !"

"હું બરાબર સમજીને કહું છું અને વખતસર જ કહું છું."

"અરે ગાંડા ! પણ તું સમજે છે શું તે મને કહીશ ? મુંબઈના પહેલા નંબરના શેઠીયાની પુત્રી ભણેલી–ગણેલી–ડાહી–સ્વરૂપવતી અને વળી હોંશિયાર તે તને મળે છતાં તું ના કહે, તેમાં તું શું ડહાપણ કરે છે ? એવડા મોટા શેઠીયાનું કહેણ આપણાથી નાકબૂલ કરાય કેમ ?"

"લલિતાને માટે હું સારો મત ધરાવતો નથી; તેની રીતભાત પ્રતિ મને તિરસ્કાર છે; તેના સહવાસીઓ સારા નથી; એ સઘળાં કારણો મારી આનાકાનીનાં છે. ગોપાળરાય લક્ષાધિપતિ હોય અને લલિતામાં બીજા ગમે તેટલા ગુણ હોય, પરન્તુ તેમાંનું મને કાંઇ ઇષ્ટ નથી, પિતાજી !" વીશ વર્ષની ઉમર સુધી કદાપિ ખુલ્લી રીતે નહિ બોલનાર કાન્તિલાલે પિતાની સમક્ષ આજે ખુલ્લા

અને સ્વતંત્ર વિચારો દર્શાવ્યા. મંગળદાસ શેઠનું મગજ આ વિચારો સાંભળતાં એકાએક ભ્રમી ગયું. આ છોકરો શું છોકરવાદીભર્યું બોલે છે, તે જ શેઠથી પહેલાં તો સમજાયું નહિ. લલિતાની રીતભાતમાં અને તેના સહવાસીઓમાં એવું તે શું ખરાબ છે કે તેથી તેને તિરસ્કાર ઉત્પન્ન થાય છે, તે મંગળદાસ શેઠથી સમજાયું નહિ. તેમને તો લાગ્યું કે કાન્તિલાલનું મગજ કોઇ કારણથી ભ્રમી ગયું છે અને અત્યારે તે છોકરવાદીપણું દર્શાવે છે.

શેઠે જરા ક્રોધપૂર્વક કહ્યું: "કાન્તિ! મને લાગે છે કે તું અત્યારે બરાબર ભાનમાં નથી. તારૂં કથન મને બધું અસંબદ્ધ જણાય છે. લલિતાની રીતભાતો સારી નથી અને તેના સહવાસીઓ સારા નથી, એનો અર્થ શું, તે જ મારાથી સમજાતું નથી. ભણેલી-ગણેલી એક શેઠીયાની છોકરીની રીતભાતો ખરાબ કેવી રીતે હોય? તેના સહવાસમાં તો પારસી અને અંગ્રેજોની મોટી મોટી ભણેલી છોકરીઓ છે, છતાં તું તેના પ્રતિ તિરસ્કાર શામાટે ધરાવે છે, તે કાંઇ મારાથી સમજાતું નથી."

"પરન્તુ હું તે સઘળું સમજી શકું છું, પિતાજી! હું ભાનમાં છું— બેભાન નથી. મારા હિતનું પણ મને સારૂં ભાન છે અને તેટલા માટે જ હું એ વેવીશાળની તમને ના કહું છું. લલિતાના સંબંધે વિશેષ વિગતો આપવાથી મને ત્રાસ થશે, માટે તે સંબંધે મને કાંઇ પૂછશો જ નહિ."

મંગળદાસ શેઠના આશ્ચર્યનો તો પાર જ રહ્યો નહિ. તે એકી નજરે કાન્તિલાલની સામે જોઇ રહ્યા અને મનમાં બબડ્યાઃ "આ પણ એક વિચિત્ર મૂર્તિ જણાઈ! કહે છે કે હું મારૂં હિત સમજું

ર્ખું! શું સમજે છે? કપાળ! હિત સમજતો હોય તો એક ખાનદાન કુટુમ્બીની છોકરીનો અસ્વીકાર કરે?" શેઠ જરા ઉતાવળે બોલ્યા: "કાન્તિ! તું હવે ઉમરલાયક થયો; તને વધારે શું કહેવું? આ બાબતમાં તો કેવળ તું તારી મૂર્ખાઇ જ બતાવી આપે છે. ગોપાળરાય શેઠને હું મ્હોંએથી તો વચન પણ આપી ચૂક્યો છું અને તું આવું કહે છે; હવે મારાથી ફર્યું બોલાશે કેમ?"

"શું? તમે વચન આપી આવ્યા છો? એકાએક એવડું મોટું સાહસ? તે તમે ઠીક ન કર્યું. થએલી ભૂલનું પરિણામ સહન કરવું પડશે!"

આ શબ્દો સાંભળી શેઠનો મિજાજ ફર્યો. તે જરા કરડાઇથી બોલ્યા: "કાન્તિ! તું આટલો અનાજ્ઞાશીલ કેવી રીતે થઇ ગયો તેની મને કાંઇ ખબર પડતી નથી! શું તું એમ કહે છે કે હું બેવચની બનું? એક વાર થુંકેલું પાછું ગળી જઉં?"

"ત્યારે શું તમે એમ કહો છો કે તમારી ભૂલનું પરિણામ હું સહન કરૂં અને મારૂં આખું જીવન ખારૂં કરી નાંખું? તમારી ગેરવાજબી આજ્ઞા હું ન માનું, તે માટે હું અનાજ્ઞાશીલ ઠર્યો શું?"

મંગળદાસના ક્રોધમાં વધારો થતો ચાલ્યો: "હા, તેથી તારૂં જીવન ખારૂં થઇ જાય છે કેમ? મૂર્ખા! એ ગોપાળરાય શેઠના આ જીવ ઉપર કેટલા ઉપકારો થયા છે, તે તું સમજે છે? તારો બાપ આજે એ મીલનો માલેક ગણાય છે તે એમહાત્માના જ પ્રતાપથી, સમજ્યો? એમનું કહેણ ઉથાપે, તો બીજે દિવસે તારો બાપ મુંબઇનો ભિખારી બની જાય તેમ છે. એટલામાં સમજ, મૂર્ખા, સમજ!"

"મેં આજે તમારા મ્હોંએથી જ જાણ્યું કે પૈસાના બળિદાનમાં મારા જીવનને હોમવાનો તમે નિશ્ચય કર્યો છે."

શેઠનો મિજાજ હવે હાથમાંથી ગયો. તે ધાંટો કાઢીને બોલ્યાઃ "અલ્યા છોકરા! જરા મ્હોં સાંભાળીને બોલ! તને ભણાવ્યો ગણાવ્યો તેનું આ જ પરિણામ? શું કેળવણીનાં આવાં માઠાં ફળ? તારા હિતનો મને શું વિચાર નહિ હોય?"

"છે જ ક્યાં? તમે તો ગોપાળરાયના ઉપકાર તળે દબાએલા હોવાથી આ કહેણ સ્વીકારવાની વાત કરો છો."

"અને લલિતા તારે માટે લાયક છે તે માટે નહિ?"

"ના, કારણકે હું તેને નાલાયક કહું છું છતાં તમે તમારૂં ગેરવાજબી વચન પાળવાને તૈયાર થાઓ છો! **अहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत्** માટે આ વ્યવહારમાં પણ હું સ્પષ્ટ કહું છું કે તમારી મરજીમાં આવે તેમ કરજો, પણ તે વેવીશાળ મને કબુલ નથી."

શેઠ ગભરાટ અને ક્રોધમાં લેવાઇ ગયા. આ ઉદ્ધત છોકરાને હવે શું કહેવું તે કાંઇ સમજાયું નહિ. ગુસ્સો દર્શાવ્યો, ભય આપ્યો પણ કાંઇ વળ્યું નહિ. એટલે પુનઃ શેઠે શાંત મિજાજથી કહ્યુંઃ "કાન્તિ! તું ડાહ્યો છે, જરા સમજણ રાખ! આપણો વેપાર ગોપાળરાયને આભારી છે એ વાત મૂકી દઇએ, તોપણ તારે તારા હિતનો પણ વિચાર કરવો જોઇએ. હવે જા, અત્યારે સૂઇ રહે; કાલે પાછો હું તને પૂછીશ. **आज्ञा गुरूणामविचारणीया** એ પવિત્ર વાક્યનું મનન કરજે."

*   *   *   *   *

કાન્તિલાલના પિતા મંગળદાસ શેઠ મુંબઇમાં એક આબરૂદાર વેપારી ગણાતા હતા. તેમની બે સુતર-કાપડની મીલો મુંબઈમાં ચાલતી હતી. એક મીલ તેમની માલેકીની હતી અને બીજી લિમિટેડ કમ્પનીદ્વારા શેરહોલ્ડરોને નાણે ચલાવવામાં આવતી હતી. બન્ને મીલો ઠીક ચાલતી હતી, જોકે શેઠની માલેકીની મીલ કાંઇક રગશિયા ગાડાં જેવી હતી. આ બન્ને મીલોનો કાર્યભાર ચલાવીને મંગળદાસ શેઠ ઠીક આબાદ થવા પામ્યા હતા. મુંબઇમાં તે આબરૂદાર ગણાતા હતા અને તેમને નામે લાખો રૂપીઆની ધીરધાર ચાલતી હતી; પણ શેઠની આ સઘળી આબાદીના કારણીભૂત ગોપાળરાય શેઠ જ હતા. મૂળે ગોપાળરાય અને મંગળદાસ સહાધ્યાયી હતા અને બન્ને વચ્ચે સારી મિત્રચારી હતી. ગોપાળરાયના પિતા પોતાની પાછળ અઢળક ધન મૂકી ગયા હતા એટલે તેમને કંઇ ધંધો કરવોની સ્પૃહા નહોતી, તોપણ રૂની દલાલીમાં તે દરવર્ષે લાખ-પચાસ હજારની કમાણી કુટી કાઢતા હતા. મંગળદાસની પાસે પોતાના પિતાની બહુ પુંજી નહોતી. ગોપાળરાયની સૂચનાથી મંગળદાસે એક મીલ કાઢી અને ગોપાળરાયે તેમાં સારી મ્હેનત લેઇને શેરો ભરાવી આપ્યા. ડાયરેક્ટરોના ચેરમેન તરીકે પણ ગોપાળરાયને જ નીમવામાં આવ્યા. આ પ્રમાણે મંગળદાસને ઉન્નતિમાં લાવનાર માત્ર ગોપાળરાય જ હતા. ત્રણ ચાર વર્ષે મીલની એજન્સીમાં સારી કમાણી થઈ એટલે ગોપાળરાયની સૂચનાથી મંગળદાસે પોતાની સ્વતંત્ર માલેકીની એક નવી મીલ કાઢી. નવી મીલ કાઢવાને જોઇએ તેટલાં નાણાં મંગળદાસ પાસે નહોતાં, છતાં તેણે તે સાહસ કર્યું અને ગોપાળરાયની સૂચનાથી જૂની મીલનાં નાણાંનો ઉપયોગ કરી નવી મીલ ચલાવવા માંડી. જૂની મીલ શેરહોલ્ડરોના જોઇંટ સ્ટોકથી

ચાલતી હતી અને તેથી તેનાં નાણાં પોતાની માલેકીની મીલમાં વાપરવાનો મંગળદાસને અધિકાર ન હતો, છતાં પણ ડાયરેક્ટરોની ખુશામત કરીને ગમે તેમ કરી નવી મીલ તરતી થાય ત્યાંસુધી તેમ કરવાની તેમણે પરવાનગી લીધી હતી. ગોપાળરાય શેઠની મહેરબાનીની આમાં ખાસ જરૂર હતી કારણકે તે મીલના ડાયરેક્ટરોની બોર્ડના ચેરમેન હતા. ગોપાળરાયે પણ મહેરબાનીની રાહે છાની રાહે તેમ કરવાની મંગળદાસને હા દઈ અને પછી તો મંગળદાસે બન્ને મીલના વ્યવહારમાં યથેચ્છ છૂટ ભોગવવા માંડી.

આ પ્રમાણે મંગળદાસ ઉપર ગોપાળરાયની મહેરબાનીનો મોટો બોજો હોવાથી તે હમેશાં ગોપાળરાયથી દબાયો જ રહેતો હતો. હરકોઇ રીતે ગોપાળરાયની મહેરબાની રહ્યાઇ રહે તેમ કરવાની તે હમેશાં તજવીજ કર્યા કરતો હતો. ગોપાળરાય રૂઠે તો તેની બન્ને મીલોનાં ગાડાં ગબડી પડે તેમ હતું. કેટલાક વખત સુધી આ પ્રમાણે ચાલ્યા બાદ ગોપાળરાયે પોતાની લલિતાને મંગળદાસના મોટા પુત્ર કાન્તિલાલને આપવાની ઇચ્છા જણાવી. ગોપાળરાય જેવો એક માતબર શેઠીયો મંગળદાસ જેવા એક સાધારણ મીલમાલેકને પોતાની પુત્રી આપે તે મંગળદાસને જ માનભરેલું હતું. મંગળદાસે હર્ષ સાથે તે માગું સ્વીકારવાનું વચન આપ્યું, તે સંબંધે કાન્તિલાલ અને મંગળદાસ વચ્ચે થએલો વિવાદ વાચકના જાણવામાં આવી ચૂકયો છે.

કાન્તિલાલ પિતાના દીવાનખાનામાંથી પોતાના અભ્યાસના ઓરડામાં ચાલ્યો ગયો. તેના મગજમાં અત્યારે અનેક વિચારતરંગ ઉછળી રહ્યા હતા. **आज्ञा गुरूणामविचारणीया** એ પિતાના મુખ-

માંથી નીકળેલું વાક્ય તેના મગજમાં મોટો જંગ મચાવી રહ્યું હતું. તેણે વિચાર્યું : " આજે થએલા વાદવિવાદનું પરિણામ અતિભયંકર આવશે એમ મને લાગે છે. જેની સાથે હું ભવિષ્યમાં યુક્ત થવા માંગતો નથી, તેનો સ્વીકાર કરવાને પિતાજી વચન આપી ચૂકયા છે! કેવડુ મોટું સાહસ ? આપણા હિંદુ સંસારની આ એક મોટામાં મોટી ખામી છે કે ઉમરલાયક પુત્રપુત્રીઓની પણ લગ્ન જેવા જોખમદારીના વિષયમાં સંમતિ લેવામાં આવતી નથી. પુત્ર કે પુત્રીની સ્વતંત્ર પસંદગી ઉપર લગ્નને છોડી દેવામાં આવે, તો તો સંભવિત છે કે યુવાનોની એકાદી ભૂલને પરિણામે તેમનો સંસાર દુ:ખી નીવડવાનો ભય રહે. પણ વડીલોએ પસંદ કરેલાં પાત્રોના સંબંધમાં તે પાત્રોની સંમતિ લેવામાં આવે, તેથી કાંઇ ભય રહેતો નથી; તેમાં કાંઇ યુવનોની સ્વતંત્ર ઇચ્છા કામ કરતી નથી ! પિતાજીએ આજે એક એવું ભયંકર સાહસ કર્યું છે કે જેનું પરિણામ અનર્થકારક નીવડયા સિવાય નહિ જ રહે. લલિતા–તે ઉચ્છૃંખલ છોકરીને હું ઓળખું છું. તે ગર્વિષ્ઠ, અનાજ્ઞાશીલ અને મદાંધ છોકરીને હું શું મારી પત્ની તરીકે સ્વીકારીશ ? ફેશનની ફિશિયારીમાં ફસી પડેલી એ છોકરીને શું હું મારી સ્ત્રી બનાવી મારા અર્ધ અંગને કલુષિત કરીશ ? નહિ જ. ગમે તેમ થાય, માતાપિતા ભલે મને હઠીલો કહે, મનસ્વી કહે, પણ હું તો નહિ જ માનું.

" પણ પિતાજીએ કહ્યું કે **आज्ञा गुरूणामविचारणीया** એ વાકયનું મનન કરજે. એ વાત ખરી છે કે ગુરૂઓની આજ્ઞા અવિચારિણીય જ હોય છે એટલે કે તેમની આજ્ઞાને વિચાર કર્યા વિના જ અનુસરવું. વાત ખરી છે. મારે પણ એક પુત્ર તરીકે અનાજ્ઞાશીલ બનવું જોઇએ નહિ. હેં ? ! ત્યારે મારે શું કરવું ? પિતાજીની આજ્ઞા

પાળીને મારે મારા સંસારને ખારો બનાવવો કે તેનું ઉત્થાપન કરીને તે ભયંકર જ્વાળામાંથી બચી જવું? અરેરે! હું મુંઝાઈ જઉં છું. મારૂં મગજ અત્યારે જરા પણ કામ કરતું નથી! એક બાજુએ જીવનની નિઃસારતા છે બીજી બાજુએ પિતાની આજ્ઞા છેઃ—"

કાન્તિલાલથી આગળ વિચાર ચલાવી શકાયો નહિ. પિતાની આજ્ઞા પાળવી કે લગ્ન નહિ કરવાના પોતાના નિશ્ચયમાં અડગ રહેવું તેનો નિર્ણય ન થઇ શક્યો. રાત્રિ ઘણી વહી ગઇ હતી. રસ્તાપરની ટ્રામવે બંધ થઈ ગઇ હતી એટલે ઘોંઘાટ દૂર થઇને સર્વત્ર લગભગ શાંતિ વ્યાપી ગઈ હતી. કાન્તિલાલે અંતીમ નિશ્ચય કરવાને ઘણું મથન કર્યું પણ જેવી રીતે તેણે આ લગ્નની જ્વાળામાં પડવાનું વાજબી માન્યું નહિ, તેવી રીતે પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું પણ વાજબી માન્યું નહિ.

"હું આ વાત કબુલ નહિ કરૂં, તો અનેક અનર્થો થવાના છે એ ચોક્કસ છે. પિતાજી ગોપાળરાયના આશ્રિત છે અને બન્ને મીલોના ટકાવનો આધાર ગોપાળરાયની મહેરબાની ઉપર રહેલો છે તે હું સારી પેઠે સમજું છું. આપેલું વચન પાછું ખેંચી લેવાથી ગોપાળરાય અને પિતાજી વચ્ચે વિરોધ થવાનો એમાં પણ સંશય નહિ અને પિતાજીના વ્યાપારની અવદશા પણ આવવાની જ. પણ શું આ ક્ષુદ્ર આર્થિક લાભથી લલચાઇને મારે મારી ઇચ્છાની વિરૂદ્ધ કાર્ય કરવું? નહિ જ. આ એક એવું ઇચ્છા વિરૂદ્ધનું કાર્ય છે કે જેથી મારૂં જીવન કેવળ કડવું થઇ જવા પામે. નહિ, નહિ ને નહિ જ. વ્યાપારની ગમે તે દશા થાઓ, ધન રહો કે જાઓ, પણ મારા જીવનને અનિષ્ટ એવું કાર્ય હું કદાપિ થવા દેનાર નથી. પણ પિતાજીની

આજ્ઞા-" "-ઓહો! તેનું ઉલ્લંઘન મારા હૃદયમાં તીક્ષ્ણ કંટકની પેઠે ખુંચે છે! હું શું કરૂં? લાચાર છું, નિરાધાર છું! અરેરે! અત્યારે મને સલાહ આપનાર કોઇ મિત્ર પણ મારી પાસે મળે નહિ; હું શું કરૂં?" કાન્તિલાલ બહુ દિલગીર થઇ ગયો. તેને પોતાની એકાએક થઇ પડેલી વિલક્ષણ સ્થિતિનું ભાન થયું અને એક હાય મારી પલંગમાં પડ્યો.

એટલામાં કોઇએ બારણું ઠોક્યું અને તે સાથે "મોટા ભાઇ! મોટા ભાઇ!" એવો અવાજ આવ્યો. કાન્તિલાલે વિચારનિદ્રામાંથી જાગૃત થઇને બારણું ઉઘાડ્યું: "કોણ? કીર્તિકર? અત્યારે શું કામ છે?"

"પિતાજી તેમના સુવાના ઓરડામાં તમને બોલાવે છે." કીર્તિકરે કહ્યું. કીર્તિકર કાન્તિલાલનો નાનો ભાઈ હતો. બન્ને ભાઇઓની ઉમરમાં ત્રણ ચાર વર્ષનો તફાવત હતો.

"વારૂ, જઉ છું." કાન્તિલાલે કહ્યું અને મંગળદાસના સુવાના ઓરડામાં ગયો. શેઠ હજી એક પલંગમાં જાગતા જ પડ્યા હતા. કાન્તિલાલે બારણામાં પેસતાં જ પૂછ્યું: "શું આજ્ઞા છે?"

"કાન્તિ! હું તારો ખુલાસો સાંભળવાને બહુ આતુર બની ગયો છું, અને તે જ વિચારમાં બિલકુલ ઉંઘ આવતી નથી. આ એક એવો સવાલ છે કે જેની ઉપર આપણી ઉન્નતિ અવનતિનો આધાર લટકી રહેલો છે માટે જો તેં નિશ્ચય કર્યો હોય, તો મને સત્વર કહે. તું સમજુ છે, તને વધારે શું કહેવું?"

કાન્તિલાલે જવાબ આપ્યો: "મેં હજી કાંઇ પણ નિશ્ચય કર્યો નથી."

"વારૂ, ત્યારે મારી અધિરાઇને દૂર કરવાને રહવારે તો તારે મને ખુલ્લો જવાબ આપવો જ પડશે; અને તે ખુલ્લા જવાબમાં પણ એમ જ કે તારે વિચાર–લાંબો વિચાર કરીને આસપાસના સંજોગો તરફ નજર કરીને શેટની માંગણી કબૂલ રાખવાનો જ નિશ્ચય કરવો. જા, હવે, સુખેથી વિચાર કર."

કાન્તિલાલ કાંઈ પણ ઉત્તર આપ્યા સિવાય ચાલતો થયો. વિચારો, તરંગો અને કલ્પનાઓથી તેનું મગજ અંધગંધ બની ગયું હતું. પોતાના ઓરડામાં પેઠો કે તરત જ તેની પાછળ પાછળ કીર્તિકરે પણ ગુપચુપ પ્રવેશ કર્યો. કાન્તિલાલે પાંછા ફરીને જોયું અને આશ્ચર્યથી કહ્યું: "કોણ? કીર્તિકર? તું હજી સૂઈ ગયો નથી? મધરાત વીતી ગઈ છે. હું પિતાજી પાસે જઇ આવ્યો છું."

કીર્તિકર કિંચિત્ સ્મિત અને કિંચિત્ ગંભીરતા સાથે બોલ્યો: "મોટા ભાઈ! રજા હોય તો થોડું પૂછવા ઇચ્છું છું." નાનો ભાઇ મોટા ભાઇની રજાની રાહ જોતો સામે ઊભો રહ્યો.

"શું પૂછવું છે?" કાન્તિલાલે સવાલ કર્યો.

"આજે પિતાજી આટલા બધા ગુસ્સે અને શોકાતુર થએલા કેમ દેખાય છે? અત્યારે તમને પિતાજીએ બોલાવ્યા હતા અને પિતાજીએ કહ્યું તે મેં છાનુંમાનું સાંભળ્યું છે. એવો તે કેવો ખુલાસો પિતાજીએ તમારી પાસે માંગ્યો છે હેં?!"

"તે જાણવાની તારે કાંઇ જરૂર નથી, ભાઇ! તું તારે નિશ્ચિંત બની સૂઇ જા." મોટા ભાઇએ નાના ભાઈના અધિકારનો વિચાર કરીને ઉત્તર આપ્યો.

કીર્તિકર નિરાશ થયો. તેનું મ્હોં પડી ગયું. તેની ઉત્સુકતાને સંતોષ ન મળ્યો. મોટા ભાઇના ઓરડામાંથી તે મન્દ પગલે ચાલ્યો ગયો, પણ પુનઃ એકાદ મિનિટ પછી પાછો આવ્યો અને બોલ્યો : " મોટા ભાઈ ! તમે પણ આ બાબતમાં કાંઇક ગુંચવાયા હો અને શોકાતુર હો, તેમ જણાય છે; શું તેનું કારણ પણ તમે મને નહિ કહો ? "

" તે જાણવાથી તને શો લાભ ? "

" લાભ એ કે મારાથી કાંઇ બની શકે તો તમારા શોકને ઓછો કરવાને પ્રયત્ન કરૂં-તમારા દુઃખમાં ભાગ લઉં. હું તમારો લઘુ બંધુ, મારાથી બીજું વધારે શું થઇ શકે? જો વાત ગુપ્ત હોય તો હું તે અન્ય કોઇને નહિ જણાવવાના સોગંદ લઉં. પછી શું તમે મારી આતુરતાને તૃપ્ત નહિ કરો ? "

ઉત્સુક હૃદયના નાના ભાઇની કાન્તિલાલને કિંચિત્ દયા આવી. તે બોલ્યા : " આવ, કીર્તિકર ! બેસ, હું તને તે કહીશ; પણ તે વાત કોઇને મ્હોંએ જવી જોઇએ નહિ; સમજ્યો ! "

" વારૂ, નહિ જવા દઉં. " કીર્તિકરને સંતોષ થયો. તે એક કોચપર બેઠો અને કાન્તિલાલ બોલ્યો : " ભાઇ ! આજે મારે માથે એક મોટી મુંઝવણ આવી પડી છે. ગોપાળરાયની લલિતાને તું ઓળખે છે. ગોપાળરાયે લલિતાનું લગ્ન મારી વેરે કરવાનું કહેવાથી પિતાજીએ તે કહેણ કબૂલ રાખવા વચન આપ્યું છે. "

" કાન્તિભાઇ ! લલિતા ભણેલી છે ખરી, પણ-પણ-આપને લાયક તો નહિ હોં. " કીર્તિકર કાંઇક શરમાતાં નીચું વદન કરીને બોલ્યો.

કાન્તિલાલ બોલ્યો: "તેમાં શરમાય છે શામાટે ? ખુલ્લું કહે કે તું શામાટે એમ ધારે છે?"

કીર્તિકર બોલ્યો: "પહેલો વિરોધ તો એ કે તમારી ઉભયની પ્રકૃતિ કદાપિ અનુકૂળ આવશે નહિ. તમે સાદા છો, તે હદ પાર સુધરેલી છે."

"સુધરેલી હોય તો સારૂં. કાંઇ બગડેલી તો નથી ને ?" કાન્તિલાલે વધારે માહિતી મેળવવાને આડા સવાલ કરવા માંડયા.

"વસ્તુતઃ તો બગડેલી જ. હદ બહારની છૂટમાં ઉછરવું, મનસ્વી થવું, બહારના દેખાવમાં ટાપટીપવાળા થવું તેને આપણા લોકો સુધરવું કહે છે, તે ન્યાયે તે સુધરેલી ગણાય પણ આપણી દૃષ્ટિએ તે સુધરેલી નહિ. મારા સાંભળવામાં આવ્યું છે કે હાલમાં મિસ વાયોલેટ નામની એક અંગ્રેજ છોકરીની સોબતે ચડવાથી તે બહુ બગડી ગઇ છે. તમારી સાદાઇની સાથે તેની ઉચ્છૃંખલતા અનુકૂળ આવે એમ હું તો માનતો નથી."

બન્ને ભાઇઓના મત એક બીજાને અનુકૂળ થયા. કાન્તિલાલ બોલ્યો: "ભાઇ ! ત્યારે તારૂં મત અને મારૂં મત મળતું જ છે. વાંધો એટલો જ છે કે પિતાજી વચન આપી ચૂક્યા છે."

"વચન પાછું લેઇ શકાય. શું તે વચનની ખાતર તમારી ઇચ્છા વિરૂદ્ધ લગ્ન થાય ?"

"વચન પાછું ખેંચી લેઇએ તો ગોપાળરાય ગુસ્સો કરે."

"ભલે કરે." કીર્તિકર બોલ્યો.

"પણ તેથી આપણી મીલો જે ચાલે છે, તેને મોટા ખાડામાં ઉતરી પડવાનો વખત આવે, કારણકે આપણા સઘળા ધંધાનો આધાર ગોપાળરાય ઉપર છે, એમ પિતાજી કહે છે."

"એનો અર્થ શું? જુની મીલના તે ડાયરેકટર છે, એટલે શું થઇ ગયું?"

"પિતાજી કહે છે કે આપણી ઉન્નતિનો આધાર જ ગોપાળરાયની મહેરબાની ઉપર છે. તે ગુસ્સે થાય તો આપણે ભીખ માંગતા થઇ જઇએ."

"હું સમજી શકતો નથી કે એક ડાયરેકટર ગુસ્સે થાય તો કેવી રીતે મીલને ખાડામાં ઉતરવું પડે. કાયદેસર તો તે કાંઇ પણ ન કરી શકે."

"તેમાં વ્યાપારના કાંઇ ભેદનું કારણ હશે. પણ હું તે વ્યાપારનીએ દરકાર કરતો નથી. મારી મુંઝવણનું કારણ એ છે કે જો આ લગ્નનો સ્વીકાર કરૂં તો મારૂં જીવન વ્યર્થ જાય છે, અસ્વીકાર કરૂં તો વડીલની આજ્ઞા લોપાય છે. પિતાજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, તેને હું એક મહત્ પાપ ગણું છું; કીર્તિકર! **आज्ञा गुरूणामविचारणीया.**"

"એ સત્ય. ગુરૂજનોની આજ્ઞા ગમે તેવી હોય તોપણ તેનું પાલન કરવું જોઇએ. પણ તમારે મુંઝાવું શામાટે જોઇએ?"

"પિતાજીની આજ્ઞાના લોપના ભયથી."

"પણ તમે સત્યાવલંબનપૂર્વક તે આજ્ઞાનો લોપ કરો, તે કાંઇ પાપ નથી."

"એમ કેવી રીતે?" ક્ષણભર મોટો ભાઇ નાના ભાઇનો શિષ્ય બન્યો!

"ગુરૂજનો પોતાની ગુરૂતાનું મહત્ત્વ ભૂલે અને આજ્ઞા કરે, તો તે આજ્ઞાનું ઉલ્લંઘન થાય, તે સ્વાભાવિક છે. તેમાં કાંઈ પાપ નથી."

"એ ખરૂં." નાના ભાઈનું કથન મોટા ભાઇના ધ્યાનમાં ઉતર્યું.

"પિતાજી પોતાના વડીલપણાનો દુરૂપયોગ કરે તે સમયે તે ખરા 'ગુરૂજન' નથી, અને તે વખતે તેમણે કરેલી આજ્ઞા 'અવિચારણીય' નથી પણ 'વિચારણીય' છે—વિચારપૂર્વક જ તેનું અનુપાલન કે ઉલ્લંઘન કરવું જોઇએ; મોટા ભાઈ! માટે તમે મુંઝાશો નહિ. લાલતાનો હાથ પકડવા કરતાં ભલે આપણી સંપત્તિનો નાશ થાય!" છેલ્લા શબ્દો નાના કીર્તિકરે જુસ્સાપૂર્વક ઉચ્ચાર્યા. નાના ભાઇના આવેશયુક્ત કથનથી કાન્તિલાલને સાનંદાશ્ચર્ય થયું. બન્ને ભાઇઓ વચ્ચે છૂટથી થએલી વાતચીત આ પહેલી વારની જ હતી અને કીર્તિકરમાં આટલી દીર્ઘદર્શિતા તથા ઉચ્ચ ભાવના ભરેલાં છે, તે કાન્તિલાલના જાણવામાં આજે જ આવ્યું. કીર્તિકરની વય સોળ—સત્તર વર્ષની હતી. તે આ વર્ષે મેટ્રીકયુલેશનનો અભ્યાસ કરતો હતો. વિનયશીલ અને બુદ્ધિવાળો હતો. મોટા ભાઇના વિચારોમાં તે ઉછર્યો હોવાથી તે સાદા જીવનને પસંદ કરનારો થયો હતો.

* * * * *

પ્રભાત થયું. પિતાને તેમ જ પુત્રને આખી રાતના ઉજાગરા હતા. બન્નેએ પોતાના મગજમાં જૂદા જૂદા પ્રકારના ઘોડા ગુંથવામાં આખી રાત્રિ ગાળી નાંખી હતી. કીર્તિકર પોતાના ઓરડામાંથી ચાલી ગયા પછી કાન્તિલાલ બિછાનામાં પડયો પણ નિદ્રા આવી નહિ. જે એક સવાલ ઉપર આખી જીંદગીનો આધાર લટકી રહેલો હતો, તે સંબંધે વિચાર કરવામાં સેંકડો વ્હાણાં વાઇ જાય તે સ્વાભાવિક જ છે. શેઠના મગજમાં પણ ભયના અનેક વિચાર ઉત્પન્ન થયા હતા. કાન્તિલાલ આડો જ થશે તો હું શું કરીશ? ગોપાળ—

રાયને શો જવાબ આપીશ ? ખરેખર, તેથી તો મોટું વૈર ઉત્પન્ન થવાનું અને મારી બન્ને મીલોનાં ભોપાળાં ઉઘડવાનાં ! હાય, હાય, એક વારના મીલમાલેકને એકાએક ભીખારી બની જવું પડે, તે શું ઓછું ભયંકર છે ? પણ ના, કાન્તિ એટલો બધો આડો નહિ થાય. તે ભણેલો છે, અણસમજુ નથી-આજ્ઞાશીલ પણ છે. લલિતાને તે પસંદ નહિ કરતો હોય, તોપણ માત્ર મારી આજ્ઞાની ખાતર અને આ સઘળી સંપત્તિના નિભાવની ખાતર તે નાકબૂલ તો નહિ કરે. એવા અનેક વિચારોમાં વ્હાણું વાઇ ગયું કે તુરત જ શેઠે કાન્તિલાલને બોલાવવા માટે નોકરને હુકમ કર્યો.

કાન્તિલાલ પણ ક્યારનોએ પિતાજીને જવાબ આપવા માટે મ્હોં ધોઇ કરીને સ્વસ્થ થઇ ગયો હતો. તે તુરત જ પિતાજીની પાસે હાજર થયો. શેઠ બોલ્યા: "કેમ, કાન્તિ ! હવે તો તારો નિશ્ચય થયો ને ?"

અંતઃકરણની એક ભયંકર ચીસ ! અત્યારે કાન્તિલાલના મુખમાંથી એવા શબ્દો નીકળવાના હતા કે જેથી કદાપિ નહિ થએલી એવી નિરાશા પિતાના હૃદયમાં વ્યાપ્ત થાય. એવા જવાબવાળા શબ્દો મુખમાંથી કાઢ્યા પહેલાં તેનું આખું અંગ થરથરી ગયું ! અંતઃકરણ ખમચ્યું. વદન અવાચ્ય બન્યું. પોતાના મુખને કદાપિ નહિ બોલવા પડેલા શબ્દો આજે કાન્તિલાલને ઉચરાવવા હતા. તેણે વિચાર્યું: "અરે, પણ હૃદયનો આ કંપ શા કામનો ? હું કબૂલ કરું છું કે પિતાની આજ્ઞા લોપાય છે; તેઓ નિરાશ થશે, ક્રોધ પામશે, કોપાનળને વશ થશે; પણ મારે મારા ભાવીનો વિચાર શામાટે છોડી દેવો ? હે જીવ ! હવે ના અટક ! જે કહેવું હોય તે ખુલ્લા દિલથી ક્ષણભર ભવિષ્યનો વિચાર ત્યજી દઇને પાપાપાપની કલ્પનાને મિથ્યા ગણીને જે કહેવું હોય, તે કહી નાંખ; પરિણામનો વિચાર ન કર."

પુત્રને અવાચ્ય રહેલો જોઇને પિતાએ પુનઃ પ્રશ્ન કર્યો: "કેમ કાન્તિ! હવે તો તારો નિશ્ચય થયો ને?"

કાન્તિલાલ સાહસ કરીને બોલ્યો: "હા, પિતાજી! નિશ્ચય થયો છે, પણ તમારી મનોવૃત્તિને અનુકૂળ થયો નથી. ગમે તે ભોગે પણ તે કથન નાકબૂલ કરવાનો જ મેં નિશ્ચય કર્યો છે. આપની આજ્ઞાનો લોપ કરવાનું પાપ આદરવા માટે અગાઉથી જ ક્ષમા યાચી લઉં છું."

શેઠના વદનની એકાએક વિકૃતિ થઇ ગઇ! આંખો રક્ત વર્ણ ધારણ કરતી કાન્તિના વદનની સામે તાકી રહી. શરીર થરથરી ગયું. અંગોની હીલચાલ બંધ પડી ગઇ. છાતી ઉંચેથી કૂદવા લાગી. મગજમાં ક્રોધ જાગી ઉઠયો. કપાળપરની નસો ખેંચાવા લાગી. બે મિનિટ સુધી બેમાંથી કોઈ પણ કાંઇ બોલ્યું નહિ. છેવટે શેઠે જ ચુપકી તોડી: "કાન્તિ! કાન્તિ! તું આ શું બોલે છે? હઠીલા છોકરા! શું તું એમ માને છે કે હું તારી હઠને ફાવવા દઇશ?"

"જો તેવો તમારો દઢ વિચાર જ હતો, તો પછી મને પૂછવાની–મારો મત લેવાની શી જરૂર હતી?"

"તને પૂછયું તે ન પૂછયા સરખું જ તારે સમજવાનું છે, સમજ્યો? તું એમ ન માનીશ, અનાજ્ઞાશીલ છોકરા! કે હું તારા છોકરવાદીભર્યા મત પ્રમાણે ચાલું." શેઠે કાન્તિલાલ તરફ હદ ઉપરાંત તિરસ્કાર દર્શાવતા કહ્યું.

"હું અનાજ્ઞાશીલ નથી, પિતાજી! મારા હિતનો વિચાર કરતાં મને તમારી પાસે મારા ખુલ્લા વિચારો દર્શાવવા પડે છે."

"અને તારા હિતનો વિચાર મને નહિ જ હોય શું?"

"બિલકુલ નહિ, પિતાજી! અત્યારે તો તમારા મગજમાં

બિલકુલ નથી ! તમે તમારી મીલોની સાચવણીને માટે મારી જીંદગીને ધૂળમાં મેળવવા તૈયાર થયા છો, તે જ મારા હિતનો તમારો વિચાર કે ? "

"ચૂપ રહે, નીચ ! મુંગો મર ! તું કોની પાસે આવું બોલે છે, તેનો જરા વિચાર રાખ."

"હું જાણું છું કે હું એક એવા પિતાની સામે બોલું છું કે જે પિતા મને અનાજ્ઞાશીલ કહે છે, પણ પોતે પોતાના 'ગુરૂત્વ' નું ભાન ભૂલી જઇને આજ્ઞાના વાજબીપણા ગેરવાજબીપણાનો વિચાર ત્યજી દઇ 'પિતૃપદ'માંથી ચ્યુત થાય છે."

"દૂર જા, અહિંથી, નીચ ! તું મને બોધ આપવા આવ્યો છે–હરામખોર ! યાદ રાખજે કે તારો આ પિતા વીંછીના જેવો છે; પોતાના બચ્ચાંની પણ દરકાર નહિ રાખે તેવો છે."

"બસ, થઇ ચૂક્યું ! આ તમારા શબ્દો જ કહે છે કે તમને મારા હિતનો કેટલો વિચાર છે ! આવા પિતાને શું 'ગુરૂજન' કહી શકાશે ? **आज्ञा गुरूणामविचारणीया** એ વાક્ય શું તમારા જેવા ગુરૂજનોની આજ્ઞાને માટે હશે ? બસ, પિતાજી ! આ મારા છેવટના શબ્દો છે કે હું તમારી સ્વાર્થી આજ્ઞાને તાબે નહિ થઉં ! તમારી મરજીમાં આવે તેમ કરજો. તમે પોતે તમારા આપેલા વચનને માટે જોખમદાર છો, તેનો ખ્યાલ રાખજો." એમ કહેતાંની સાથે કાન્તિલાલ ત્યાંથી ચાલ્યો ગયો. પોતાના ઓરડામાં જઇને તે હૃદય ખુલ્લું મૂકીને ગુપ્ત રીતે રડ્યો !

"અહો ! મારા જીવનનો આ પ્રસંગ કેટલો વિચિત્ર ? પિતા ગમે તેવા તોપણ એ પિતાની સામે મારે આજે બોલવું પડ્યું ! મારા હિતની ખાતર, તોપણ આજે કદાપિ નહિ કહેલા એવા

શબ્દો મારે તેમને કહેવા પડ્યા! હું કેટલો દુર્ભાગી? પિતાની આજ્ઞાનો લોપ કરવા જેવો હૃદયદ્રાવક પ્રસંગ મારે માથે આવી પડ્યો! હવે મારે શું કરવું? આત્મઘાત કરવો? જીંદગીને ધૂળમાં મળવવી? મુંબઇને વિસારીને ક્યાંય ચાલ્યા જવું? આ ક્ષુદ્ર વૈભવને ભૂલી જવો તે કાંઇ મોટી વાત નથી! મારે મન તે કાંઇ નથી. પિતાની બે મીલો ઉડી જાય તોપણ દરકાર ન કરૂં, તો આ ક્ષુદ્ર સંપત્તિની દરકાર શામાટે કરવી? પણ વૃદ્ધ માતા! તેઓ બિચારાં નિરિહ-નિઃસ્પૃહ સરખાં છે. પિતાજી પાસે તેમનું કાંઇ પણ ચાલી શકે એવું નથી, તો મારે આ વાર્તા જણાવીને તેમને વ્યર્થ શામાટે દુઃખ આપવું?"

જ્યારે આ બાજુએ કાન્તિલાલ આ વિચારમાળામાં ગુંથાયો હતો ત્યારે બીજી બાજુએ કીર્તિકર કે જેણે પિતાજીના સઘળા શબ્દો ગુપ્ત રહીને સાંભળ્યા હતા, તેણે ધીમેથી દીવાનખાનામાં પ્રવેશ કર્યો. પિતાજીની ભ્રકુટી ગુસ્સાથી ચડેલી જોઇને તેને તે વિકરાળ વદનથી ભય ઉત્પન્ન થયો. ગુપચુપ તે એક ખુરશીપર જઇને બેઠો. શેઠે તેની સાથે કાંઇ પણ વાતચીત કરી નહિ. થોડી વારે નોકરે આવીને શેઠના હાથમાં તે દિવસનાં સ્હવારનાં વર્તમાનપત્રો મેલ્યાં, પણ શેઠે તે વાંચ્યા વિના જ એક બાજુએ ફેંકી દીધાં.

એ જ સ્થિતિમાં અર્ધો કલાક ચાલ્યો ગયો. કીર્તિકર વારંવાર પિતાજીની આંખો સામે નજર કરતો હતો, પરન્તુ તેમાંથી રક્ત વર્ણ દૂર થએલો જોવામાં આવતો ન હતો. છેવટે કિંચિત્ ભયથી, મૃદુ સ્વરથી અને વિનયપૂર્વક તેણે પિતાજીને પૂછ્યું: "પિતાજી! મોટા ભાઇ ઉપર તમે આજે આટલા ગુસ્સે કેમ જણાઓ છો?"

શેઠે કીર્તિકરને તરછોડતાં ક્રોધમાં જ જવાબ આપ્યો: "તેનું તને શું કામ છે? જા, અભ્યાસ કર્યા કર."

કીર્તિકર આ જવાબથી વધારે ભય પામ્યો. અત્યારે પિતાજીને છેડવામાં માલ નથી, એમ ધારીને તુરત જ ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાંથી તે કાન્તિલાલના ઓરડામાં ગયો તો તેના નિસ્તેજ વદનને જોઈ તેને બહુ દુઃખ થયું. તેણે તેને આશ્વાસન આપતાં ધીમેથી કહ્યું: "મોટા ભાઈ! પિતાજીના શબ્દોથી તમે બહુ ગભરાશો નહિ; અત્યારે મેં પિતાજીને પૂછ્યું પણ કાંઇ સીધો જવાબ નથી આપ્યો, છતાં આજ કાલ તેમનો ક્રોધ ઉતરશે એટલે હું એમને સમજાવીશ. તમે કાંઈ પણ ખોટા વિચાર લાવશો નહિ."

કાન્તિલાલ રોષપૂર્વક બોલ્યો: "કીર્તિકર! પિતાજીના શબ્દો તેં સાંભળ્યા છે? તે શબ્દો કેટલા ભયંકર હતા, તેની તને કલ્પના પણ છે?"

"હા, ભાઈ! મેં તે સઘળું સાંભળ્યું છે. હું વીંછી જેવો છું એવા નહિ કહેવા જેવા શબ્દો તેમણે કહ્યા છે તે હું જાણું છું: પણ પિતાજીનો એવો સ્વભાવ જ છે તે તમે ક્યાં નથી જાણતા? જ્યારે જ્યારે તે ગુસ્સે થાય છે, ત્યારે તેમને બોલવા ચાલવાનું ભાન જ રહેતું નથી. માટે તમે તમારે ધીરજ રાખજો. હું ગમે તેમ કરીને તેમને સમજાવીશ." હજી કીર્તિકર આગળ બોલવા જતો હતો, એવામાં નોકરે આવીને કહ્યું કે "કીર્તિકરભાઇને શેઠ લાવે છે."

"થોડા વખત પહેલાં જ પિતાજી પાસે જઇ આવ્યો હોવા છતાં તુરત જ પાછો મને પિતાજી શામાટે બોલાવતા હશે?" એવા વિચાર સાથે આશ્ચર્ય પામતો કીર્તિકર પિતાજીની સમક્ષ જઇને ઊભો રહ્યો.

"કીર્તિકર ! બેસ. તને કેટલુંએક કહેવાનું છે." એમ કહી શેઠે ઉભા થઈ મ્હોં ધોઇ નાંખ્યું તથા ચાહ પીધી. હૃદયમાંથી ક્રોધ દૂર થયો નહોતો, પરન્તુ વદનપરની તેની નિશાનીઓ હવે દૂર થઇ. થોડી વારે કીર્તિકર જે ખુરશીપર બેઠો હતો, તેની પાસેની ખુરશી પર બેસીને શેઠે ધીમેથી કહ્યું: "કીર્તિકર ! હમણાં હું તારાપર ગુસ્સે થયો હતો, પણ અત્યારે હું તને કાન્તિપરના મારા ગુસ્સાનું કારણ કહું છું. ગોપાળરાય શેઠની પુત્રી લલિતાને તો તું ઓળખે છે. લલિતાનું લગ્ન કાન્તિ સાથે કરવાનો શેઠનો વિચાર છે. શેઠનો તે વિચાર મેં કબૂલ રાખ્યો છે, પરન્તુ કાન્તિ તો ના કહે છે કે તેનાથી જોડાવા ઇચ્છતો નથી !"

"ત્યારે એમાં તમારે શું? જેવી મોટા ભાઇની ઇચ્છા ! ભલે, તેમની મરજી પ્રમાણે જ થવા દો !" કીર્તિકરે શાંતિથી કહ્યું.

શેઠની ભ્રકુટી ચડી. "મૂર્ખ ! તુંએ એટલું સમજતો નથી કે ગોપાળરાય શેઠની કન્યા આપણા ઘરમાં આવે તે આપણને મોટું માન છે? વળી લલિતા ભણેલી, ગણેલી, ડાહી, ઉમરલાયક, બધી રીતે પરિપૂર્ણ છે અને કાન્તિને બરાબર લાયક છે."

"હા, તે હું સમજ્યો; પણ જ્યારે મોટા ભાઇને પોતાના હિતનું ભાન નથી, ત્યારે ભલે જેવી તેમની મરજી. તમારે તેમની મરજી વિરૂદ્ધ શામાટે આગ્રહ કરવો?"

"અરે ગાંડા ! હું તો શેઠને વચન આપી ચૂક્યો છું. હવે મારાથી વચન કેવી રીતે ફેરવી શકાય? જો પહેલાં હા કહીને હવે ના કહીએ તો શેઠ ગુસ્સે થાય અને આપણી મીલો પડી ભાગે. કાન્તિલાલ આટલું બધું ભણ્યો પણ તેને આગળ પાછળનો કાંઈ પણ વિચાર નથી."

"શેઠ આપણી જૂની મીલના ડાયરેક્ટર છે, એટલે તે ગુસ્સે થાય તો મીલ પડી ભાગે, એવી રીતે સઘળા ડાયરેક્ટરોની ખુશામત કરવા જઈએ, તો ક્યાં પાર આવે? હશે, ભલે શેઠ ગુસ્સે થાય, તમે તમારે મોટા ભાઈની મરજી પ્રમાણે કરો."

"મીલ પડી ભાગે, ગાંડા! તું શું સમજે? આપણી મીલોનો આધાર જ ગોપાળરાય શેઠ ઉપર છે. તે જો ગુસ્સે થાય તો હમણાં આપણે ભીખ માંગતા થઈ જઈએ."

"એમ શી રીતે થાય, પિતાજી?" કીર્તિકરે કાંઈક કુતૂહલપૂર્વક પૂછ્યું.

"તે તને ખબર ન પડે. મીલોના વ્યવહારમાં આડું અવળું હોય તે શેઠ ખુલ્લું પાડી દે, તો તુરત આપણે કોર્ટમાં ઘસડાઈએ."

"પણ કાયદાપૂર્વક તે જે થતું હોય તે કરે; ન્યાય કાંઇ ગોપાળરાય શેઠના ઘરનો નથી."

શેઠ ચીડાઈને બોલ્યા: "તું વેપારની બાબતમાં શું સમજે? હું કહું છું તે બરાબર માની લે, અને આ સઘળી બાબતોનો વિચાર કરીને લલિતાનો સ્વીકાર કરવા તું કાન્તિને સમજાવ, એટલું મારે તને કહેવાનું છે."

કીર્તિકર ગભરાયો. અત્યારસુધી પોતે ત્રાહિત તરીકે વાત કરતો હતો અને પોતાનું તથા કાન્તિલાલનું મત આ બાબતમાં એક જ છે એમ શેઠના જાણવામાં આવવા દીધું ન હતું; પરંતુ હવે તેને ખુલ્લા પડ્યા સિવાય ચાલે તેમ ન હતું. મોટા ભાઇપરનો કોપાનળ પોતાપર પણ ઉતરી પડશે, એમ તે ચોક્કસ જાણતો હતો. તે બોલ્યો: "પિતાજી! પણ હું મોટા ભાઇને તેમ કેવી રીતે સમજાવી શકું?"

"કેમ ન સમજાવી શકે? લલિતા માટેનો તેના મનનો ખોટો વિચાર તું દૂર કરજે અને જો આ ચોકઠું ન બેસે તો આપણે ભિખારી બની જઇએ તેમ છે, એટલું તેને ધીરજથી સમજાવજે."

"માફ કરો, પિતાજી! મારાથી તેમ નહિ બની શકે! લલિતા લાયકજ ન હોય ત્યાં તેની લાયકીને માટે હું મોટા ભાઇને કેવી રીતે કહી શકું? શું મોટા ભાઇની સફળ જીંદગી કરતાં આપણી મીલો વધારે થઇ?"

શેઠનો ચહેરો કુપિત થએલા વાઘના જેટલો ભયંકર બન્યો. તે સક્રોધાશ્ચર્યથી કીર્તિકરની સામે જોઇ રહ્યા અને એકદમ ધુરકીને બોલ્યા: "જા, નીચ! ચાલ્યો જા. મારી આંખોથી એકદમ અળગો થા! તમને બન્નેને ભણાવ્યા તેનું જ હું આજે આ ફળ ભોગવું છું. તમે મારા પુત્રો નથી, પણ દુશ્મનો બન્યા છો. તમારા હૃદયમાં આટલું ઉદ્ધતપણું ક્યાંથી પેસી ગયું તે હું બિલકુલ સમજી શકતો નથી!"

"પિતાજી! તેમાં ઉદ્ધતપણું શું? તમારી મરજી પ્રમાણે મોટા ભાઇએ પોતાની જીંદગીને ખરાબ કરવી, એવું શું તમે ઇચ્છો છો? ના, ના. તેમ તો ન જ બને. આ જીંદગી કરતાં કાંઇ આ સઘળી ક્ષુદ્ર સંપત્તિ વધી જતી નથી. પિતાજી! લલિતા જેવી ઉદ્ધત છોકરીની સાથે પોતાનો ભવ બાળવાનું હું મોટા ભાઇને કહી શકું જ નહિ, અને મોટા ભાઈ પણ તમારી અવિચારી આજ્ઞાને તાબે ન થાય તે વાજબીજ છે."

શેઠના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેમનું મગજ એકાએક તપી ગયું અને ક્રોધમાં ને ક્રોધમાં કીર્તિકરના ગાલપર એક લપાટ ચોડી દીધી! **प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रसमाचरेत्** એ વાક્યનું શેઠને

ભાન રહ્યું નહિ. ક્રોધ ગાંડો છે એ શબ્દો સત્ય ઠર્યા. ક્રોધ એક એવો અગ્નિ છે કે જે બન્ને પક્ષોને બાળે છે. "ચાલ્યો જા અહીંથી! ભણીગણીને દોઢ ડાહ્યો બન્યો છું તે હું સારી પેઠે જાણું છું." શેઠે કીર્તિકરને લપાટ મારતાં કહ્યું.

પિતાજીએ કદાપિ નહિ દર્શાવેલો ક્રોધ આજે દર્શાવ્યો તેથી કીર્તિકરને બહુ માઠું લાગ્યું. તે પહેલાં કરતાં વધારે ઉશ્કેરાયો પણ પિતાને વધારે ગુસ્સે નહિ કરવાને કાંઈ પણ નહિ બોલવાનું જ તેણે વાજબી માન્યું. "હું દુષ્ટ! હું પિતાજીનો દુશ્મન!" એટલા શબ્દો જ તેના મગજમાં રમખાણ મચાવી રહ્યા હતા. તે એકદમ ત્યાંથી જતો રહ્યો અને પોતાના અભ્યાસના ઓરડામાં જઈ ખૂબ રડયો. પિતાજીના નિર્દય શબ્દોથી તેના કોમળ હૃદયને બહુ લાગી આવ્યું હતું અને હવે ક્રોધવશ થએલા પિતાજી બીજો અનર્થ કરશે તેની કલ્પના તેના મગજને બહુ ભારે પડી ગઈ હતી.

* * * * *

જમવાનો સમય થયો, પણ શેઠ તો જમ્યા સિવાય ક્યારનાએ બહાર ગયા હતા. કાન્તિલાલ થોડો ભાત ખાઇને ભાણાપરથી ઉઠી ગયો અને કીર્તિકરને તો ભાણાપર બેસવું પણ ગમ્યું નહિ. વૃદ્ધ શેઠાણી હરકોરબાઇ તો આજે એકાદશી હોવાથી હજીસુધી પણ મંદિરેથી ઘેર આવ્યાં નહોતાં. તેમનું ધ્યાન પુત્રોની કાર્યવાહી ઉપર નહોતું, જોકે સ્વાભાવિક રીતેજ માતાનું પુત્રોપર જેવું હેત હોય છે તેવું હેત હતું. કાન્તિલાલને આજે કૉલેજમાં જવું ગમ્યું નહિ અને તે જોઇને કીર્તિકરે પણ આજે નિશાળે જવાનું માંડી વાળ્યું.

બપોર થયા એટલે કાન્તિલાલે કીર્તિકરને બોલાવીને પુછ્યું કે સ્હવારે પિતાજીએ તને શું કહ્યું હતું. મોટા ભાઇનો પ્રશ્ન સાંભળતાં

જ કીર્તિકરથી રડી જવાયું. તેની આંખોમાંથી એકાએક અશ્રુધારા વહન કરવા લાગી. કાન્તિલાલને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : " પણ ભાઇ ! તું આમ એકદમ માઠું શાને લગાડે છે ? પિતાજીએ તને શું કહ્યું હતું તે તો કહે. "

" મોટા ભાઇ ! હું શું કહું ? આપણે બન્ને પિતાજીને મન તેમના દુશ્મનો છીએ. પિતાજી કેવળ ઘાતકી બની ગયા છે. મને ખબર પડતી નથી કે પિતાજીનું હૃદય એકદમ આટલું કઠણ કેવી રીતે બની ગયું ? ! " કીર્તિકરે આંસુ લ્હોતાં કહ્યું.

કાન્તિલાલ નિરાશ થયો. તે સમજ્યો કે પિતાજીને સમજાવવા જતાં તેણે પણ પિતાજીના મુખના કાંઇ વધુ પડતા શબ્દો સાંભળ્યા છે. તેણે પૂછ્યું : " પણ ભાઇ ! તું જરા ધીરજ રાખીને કહે કે પિતાજીએ તને શામાટે બોલાવ્યો હતો ? "

" લલિતાનો સ્વીકાર કરવા માટે તમને સમજાવવાનું કહેવા. મેં ખુલ્લું કહ્યું કે તમે આ અન્યાય કરો છો, એટલે ઘણા કઠોર શબ્દો સાંભળ્યા. મોટા ભાઇ ! ખરેખર, પિતાજીને કોઇએ ફેરવી નાંખ્યા જણાય છે. મારી આટલી વયમાં તેમનો આવો ગુસ્સો તો મેં કદાપિ જોયો નથી. "

" તેમની પ્રકૃતિ ક્રૂર નથી, પણ સ્વાર્થ આડે તેમની આંખો બંધ થઇ ગઈ છે, કીર્તિકર ! હરકોઇ ઉપાયે પણ તેમણે મારા જીવનને ધૂળમાં મેળવવાનો નિશ્ચય કર્યો છે, તે ભલે; એક અયોગ્ય કન્યા સાથે લગ્ન કરીને જીંદગીને ધૂળમાં મેળવવા કરતાં રસ્તાપરના ભિખારી બનીને જીંદગીને વ્યર્થ ગુમાવવી તે હું વધારે વાજબી માનું છું. "

" એટલે શું ? ભિખારી કેમ ? " કીર્તિકરે પ્રશ્ન કર્યો.

કાન્તિલાલ જરા ઉસ્કેરાતો બોલ્યો: "પિતાજીને મન આપણે તેમના પુત્રો નથી, દુશ્મનો છીએ. તેમની સંપત્તિ કરતાં તેમને મન મારી જીંદગીની સફળતા ઓછી કીંમતની છે, તો પછી આ સંપત્તિ ભોગવવાનું ફળ શું? કાં તો તેને દૂર કરવી અને નહિ તો જાતે તેનાથી દૂર થવું."

"હં, હં; ભાઇ? આ તમે શું કહો છો? આ સંપત્તિથી આપણે તો દૂર જ છીએ. તે કાંઇ આપણી માલેકીની નથી. પિતાજીની માલેકીની છે; તો પછી જાતે દૂર થવાનો વિચાર શામાટે કરવો જોઇએ?"

"હવે તો આ સંપત્તિનો સહવાસ પણ મિથ્યા છે; પુત્ર હોઇને દુશ્મન તરીકે વધારે વાર રહેવું તે પણ મિથ્યા છે; ભિખારી બનવું, એ સ્થિતિનો પણ અનુભવ લેવો તે મને વધારે પ્રિય છે, કીર્તિકર!"

"ભાઇ! તમારાં મુખમાં આ શબ્દો શોભે નહિ હોં? ક્રોધ તો એક જાતનું ગાંડપણ છે. ક્રોધમાં થએલી ભૂલને તો ન્યાયાધીશો પણ ઓછી ગણકારે છે, તો પછી પિતાજીએ ક્રોધમાં કહેલા શબ્દો સામે તમારે શામાટે જોવું જોઈએ? ભાઇ! તમે એવો વિચાર તો મનમાં કદાપિ લાવશો નહિ."

"તારૂં કથન મને સંમત નથી. મેં તો અહીંથી જતા રહેવાનો ક્યારનો નિશ્ચય કર્યો છે. મુંબઈ હવે મને અળખામણું થઇ પડ્યું છે; પણ હું જઉં ત્યાર પહેલાં તે વિષે કોઇને કાંઇ કહીશ નહિ હોં!"

"ના, ના, મોટા ભાઇ! હું તમને જવા દેનાર જ નથી. તમે એકદમ આવા આકળા શામાટે થાઓ છો! આપણે માતુ-

શ્રીને કહીને પિતાજીને સમજાવીશું. એકાએક નિરાશ બની જવાનું કાંઇ કારણુ નથી, ભાઇ !"

"માતુશ્રી બિચારાં નિઃસ્પૃહી છે! તેમના કથનને પિતાજી કયે દિવસે ગણુકારે છે? તો પછી તે આશામાં રહેવું તે પણુ મિથ્યા છે અને દૂર થવું એ જ સત્ય છે."

"શું ? ત્યારે તમે જતા રહેશો ? તમે આ શું કહો છો મોટા ભાઈ ! તમે ક્યાં જશો ? ગમે તેમ તોએ તે જન્મ આપનાર પિતા છે અને આપણી આ જન્મભૂમિ છે! તેમને ત્યજીને કેમ જવાય ?"

"શામાટે ન જવાય ? પ્રસંગોપાત જન્મભૂમિ અને આપ્ત જનોને વિસારવાં પડે. અલબત્ત, તેમ કરતાં દુઃખ થાય પણુ હિતકર માર્ગ પકડતાં દુઃખને શામાટે ગણુકારવું જોઇએ ? મારો તો એક જ નિશ્ચય છે."

"ના, તે નિશ્ચય પ્રમાણે હું નહિ થવા દઉં ? હું એકલો અહીં કોની મીઠી દૃષ્ટિમાં રહી શકું ? ભાઇ ! તમે તે સાહસ કરવાનો વિચાર જ માંડી વાળો; મારા સમ, તમને તે ન શોભે ! મારાપર તો જરા દયા રાખો."

"તને તેથી કાંઇ હરકત નથી; પિતાજીનો ક્રોધ મારાપર છે, તેટલો તારાપર નથી. તારે અહીં નિશ્ચિંત રહેવું. ભાઇ ! ગભરાવાની જરૂર નથી. વૃદ્ધ માતુશ્રીની મીઠી દૃષ્ટિમાં રહીને તું કાળનિક્ષેપ કરજે અને-" કાન્તિલાલનું હૃદય પણુ આગળ બોલતાં ભરાઇ ગયું. કીર્તિકરની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. ગદ્દગદિત કંઠે કાન્તિલાલ આગળ બોલ્યો : "ભાઇ ! હું સૌને વિસરી શકીશ પણુ તને તો નહિ વિસરૂં. આ જન્મસ્થાન ત્યજતાં મને દુઃખ થાય છે; પણુ હું

શું કરૂં ? મારે માટે તે એક જ માર્ગ રહ્યો છે અને તેનું આલંબન કર્યા સિવાય છૂટકો નથી ! ”

“ અરેરે ! તમે પણ પિતાજીના જેટલા ઘાતકી બની ગયા છો શું ? કાન્તિભાઇ ! ખરેખર, તમે જશો એટલે મારા શરીરનું ચૈતન્ય વિનાશ પામશે. અત્યારથી જ મારાં હાજાં નરમ થઇ જાય છે અને શું તમે પણ મારાપર એટલા નિર્દય બનશો ? ભાઇ ! એક મારી ખાતર જતા રહેવાનો વિચાર માંડી વાળો. તે શબ્દો સાંભળતાં જ મારા પેટમાં ગુંચળાં વળે છે. ”

કાન્તિલાલને લઘુ બંધુની સ્થિતિ જોતાં વિચાર થઇ પડયો. તેનું હૃદય ભ્રાતૃસ્નેહ, દયા અને શોકથી ઉભરાઇ ગયું. આંખોમાં પાણી આવી ગયું. કીર્તિકર તો ખરેખર રોઇ જ પડયો. તે મોટા ભાઇને વધારે વિનવણી કરતાં બોલ્યોઃ “ મોટા ભાઇ ! તમે મને એક વાર વચન આપો કે હું ક્યાંય જતો નહિ રહું. મારા સમ છે તમને, જો તમે એવો વિચાર પણ કરો તો. શું તમને મારી પણ દયા નહિ આવે હેં ? શું તમે એટલા બધા નિદય થશો ? કહોને ? કેમ બોલતા નથી ! ”

“ ભાઇ, તું વ્યર્થ આગ્રહ નહિ કર. મારો નિશ્ચય અત્યારે ફરે તેમ નથી. કીર્તિકર ! હું નિર્દય નથી બન્યો, પણ પિતાજીના સાહસે મને લાગણી વિનાનો બનાવી મૂકયો છે. હું શું કરૂં ! મારી મુંઝાઇ ગએલી મતિ મને આ સ્થાનને ત્યજી દેવાની જ શિખામણ આપે છે ? ”

“ અરેરે ! શું તમે તમારો નિશ્ચય નહિ જ ફેરવો ? મોટા ભાઇ !-વડીલ બંધુ ! તમે આટલા નિર્દય ન બનો ! લઘુ બંધુના

જીવનની શું તમને દરકાર નથી ? ભલે, મારી તમને દરકાર ન હોય, તો તમે તમારી ઇચ્છાનુસાર વર્તો. હવે હું તમને જરા પણ કહીશ નહિ. એમ જ સમજીશ કે પિતૃસ્નેહની સાથે ભ્રાતૃસ્નેહ પણ મારા ભાગ્યમાંથી દૂર થયો છે ! અરે વિધાતા ! એક લક્ષાધિપતિના પુત્રો તરીકે અમને ઉત્પન્ન કરીને શું તેં અમને આવાં દુઃખોમાં ધકેલી દેવાનો નિશ્ચય કર્યો હતો ? ! " એમ બોલતાંમાં કીર્તિકર ધ્રુશકે રડી પડ્યો. કાન્તિલાલ પણ તેના દયાજનક શબ્દોથી ગભરાયો. તેનું હૃદય પીગળ્યું. થયેલો નિશ્ચય એક ક્ષણભર દૂર થયો. બંધુના મનોદુઃખે હૃદયને છિન્નભિન્ન કરી નાંખ્યું.

કીર્તિકરને આશ્વાસન આપતાં કાન્તિલાલે કહ્યું: " ભાઇ! એટલો બધો શોકાતુર શાને થાય છે ? હજી હું જતો રહ્યો તો નથી ? જો, જરા સ્વસ્થ થા. રખેને કોઈ જોઇ જશે. ભાઇ ? એટલો બધો ગભરાઇશ નહિ. "

" શું તમારો નિશ્ચય એવો નથી કે હું ન ગભરાઉં ? એક વડીલ બંધુ કે જેના સ્નેહમાં જ હું ઉછર્યો છું, અને ઉછરૂં છું, તે એકાએક જતા રહે, એક અમૂલ્ય જીવન-સાધન વિનાનો હું બની રહું, તે શું નાની સૂની વાત છે ? તમે મને વચન આપો અને ત્યારે જ મારૂં ચકડોળે ચડેલું ચિત્ત શાંત થશે. "

" હું વચન આપું છું, જા આજે હું ક્યાંય જનાર નથી, બસ ?"

" પણ્ણી જો જો હોં ? તમે બહુ અકળાયા છો; સાહસ કરતા નહિ, વચનભંગ કરતા નહિ. "

" નહિ કરૂં. ભાઇ ! તું ગભરાઇશ નહિ. ચાલ, સાંજ પડી છે, જરા જમી લે. સ્હવારે પણ તેં કાંઇ ખાધું નથી. "

" ના, મારે જમવું નથી. સૂવું પણ અહીં-તમારી પાસે જ છે. રખેને તમે જતા—"

"જા, ગાંડો ન થા, જરા જમી લે. ક્ષુધાથી શરીરને વ્યર્થ શા માટે પીડવું? તને વચન આપ્યા છતાં શું હું જતો રહીશ?"

કીર્તિકર સ્વસ્થ થયો. આંખમાંથી આંસુ લોહી નાંખ્યાં. ઓરડામાંથી તે બહાર નીકળતો હતો, એવામાં શેઠ આવી પહોંચ્યા. શેઠ દીવાનખાનામાં ગયા કીર્તિકર બાજુએ થઇને સરી ગયો, છતાં તેનું વીશીર્ણ મુખ શેઠના ધ્યાન બહાર રહ્યું નહિ. કીર્તિકરની તે સ્થિતિએ શેઠના મગજમાં પણ અનેક તર્ક વિતર્ક ઊભા કર્યા.

* * * *

રાત્રિ ચાલી ગઇ અને પ્રભાત થયું. રાત્રે કીર્તિકરે પિતાજીના કોપની સઘળી વાત પોતાની માતા હરકોરબાઇને કહી હતી અને પુત્રોના મનમાં દુઃખ જોઇને તેણે પણ શેઠને બે શબ્દો કહેવાનો નિશ્ચય કર્યો હતો. વૃદ્ધ અવસ્થા અને ગઈ કાલની એકાદશી હોવાથી જો કે શેઠાણીનું શરીર ચેતનહીન બની ગયું હતું, તોપણ સ્હવાર થતાં જ કીર્તિકરે કહેલી વાત સાંભરી આવી અને પારણું કર્યા વિના શેઠના દીવાનખાનામાં જઇ પહોંચ્યાં. એક ઝરૂખામાં ખુરશી નાંખીને દાતણ કરતા શેઠ ઉંડા વિચારમાં પડ્યા હતા, એટલામાં શેઠાણીના પ્રવેશથી શેઠનું ધ્યાન તે તરફ ખેંચાયું.

"કેમ, હજી દાતણ કરો છો? ચાહ નથી થઇ? અલ્યા રામા! હજી ચાહ કેમ થઇ નથી?" શેઠાણીએ રામાને બૂમ મારી અને રામાએ જવાબ આપ્યો કે "તયાર આહે, ઘેઉન યેતો."

રામાએ ચાહનો પ્યાલો લાવીને મેજપર મેલ્યો અને શેઠ દંતધાવનથી પરવારી ચાહ પીવા બેઠા. વખત જોઇને શેઠાણીએ વાત ઉપાડીઃ "આપણા કાન્તિ ને કીર્તિકરને તમે કાંઇ કહ્યું છે?

કાલનાં બન્નેનાં મ્હોં ઉતરી ગયાં છે. રસોઇઓ કહેતો હતો કે એમાંથી કોઇ પૂરૂં ખાતાએ નથી, તે શું છે આ બધું ?"

શેઠ આ સાંભળીને કિંચિત્ હસ્યા. શેઠાણીને આનંદ થયો કે સ્વામી અત્યારે ખુશામજાજમાં છે, તો ઠીક સમજાવી શકાશે. શેઠે જવાબ આપ્યો: "તમે વળી પ્રભુભક્તિમાંથી નવરાં પડી આ જાળમાં ક્યાંથી ગુંથાયાં ?"

"હા, નાથ! હવે આ શરીરમાંથી ચેતન લય પામતો જાય છે એટલે રામનામ જ સાચું છે અને તે સિવાય કાંઇ આ ભવનો આરો છે? પણ સંસારમાં રહ્યાં એટલે પુત્રો ઉપર તો મમતા રહે જ ને? એ જાળમાંથી મુક્ત થવાય એવી નિસ્પૃહતા હજી આ અભાગિયા જીવથી દૂરજ છે."

"લ્યો, ત્યારે એ નિસ્પૃહતા હું જ અત્યારે આપું. જે વાત અત્યારે પૂછવા આવ્યાં છો, તે ભૂલી જાઓ અને રામનામ જપો, એટલે પછી સર્વાંશે નિસ્પૃહતા."

"તમે તો ખરૂં કહ્યું, પણ મન કેમ માને? જ્યાંસુધી બધી બાજુએથી કર્મબંધ તૂટશે નહિ ત્યાંસુધી તમે કહો છો તેવી નિસ્પૃહતા દૂર જ રહેવાની. પણ મને કહો તો આ બન્ને છોકરા ઓશિયાળા કેમ થઇ ગયા છે ?"

શેઠે ગોપાળરાય શેઠની માંગણીનો સઘળો વૃત્તાંત હરકોરબાઇને કહી સંભળાવ્યો અને કાન્તિ તથા કીર્તિકર તેની વિરૂદ્ધ થયા છે માટે બન્નેને ઠપકો આપવો પડ્યો હતો તેમ જણાવ્યું. વધુમાં કહ્યું કે: "જો કાન્તિ આ સઘળું નહિ માને તો શેઠ ગુસ્સે થશે અને આપણે ભિખારી થવું પડશે. કારણકે આપણી બન્ને મીલોના ટકાવનો આધાર ગોપાળરાય શેઠ ઉપર જ અવલંબીને રહેલો છે. માટે જા, તારાથી બને તો તું કાન્તિને સમજાવ."

"હવે તે છોકરો જુવાન થયો, હું તેને શું સમજાવું? તે ભણ્યો, ગણ્યો, શું કાંઇ અણસમજુ છે? તેને લલિતામાં કાંઈ ખોડ જણાતી હશે એટલે ના પાડતો હશે."

"પણ તે ખોડ આપણને કેમ ન જણાય? લલિતાને તું ક્યાં નથી ઓળખતી? કહે, તેનામાં કાંઈ ખોડ છે? ભણેલી, ગણેલી, ડાહી, સુંદર, ઉમરલાયક, સર્વગુણસંપન્ન છે; પછી તેનામાં ખોડ શું હોય?"

"હું તેને ઓળખું છું, જો કે કોઇ વાર વાતચીત કરી નથી. રૂપાળી છે, ભણેલી છે, સ્વભાવની કેવી છે તે તો કાંઇ માલુમ નથી, પણ ભણેલી છે એટલે હશે તો સારી. શી ખબર કાન્તિને તેનામાં શું દોષ જણાતા હશે. પણ કહે છે કે તેને સહવાસ સારો નથી, એ વાત ખરી?"

"અરે, મોટા મોટા યુરોપિઅન અને પારસી અમલદારોનાં છોકરીઓ સાથે તેને મિત્રાચારી છે, એથી વધારે સારી મિત્રાચારી તે બીજી કઇ?"

"પણ કાન્તિને કાંઇ દોષ જણાતો હશે, ત્યારે જ તે ના કહેતો હશે ને?"

"અરે નહિ, તે નાદાન છે. તેને કોઇએ માત્ર ભૂત ભરાવ્યું હોવું જોઇએ. એ લગ્ન ન થાય તો તેમાં આપણું કેટલું અહિત સમાએલું છે, તેનું પણ તેને ભાન નથી!"

"નાથ! તમે ભૂલો છો. લલિતાને પરણવાથી તે પોતાનું અહિત માનતો હોય, તો પછી આપણું પૈસાસંબંધી અહિત શું હિસાબમાં ગણાય? લક્ષ્મી તો ચળ જ છે, આજ છે ને કાલે નથી!"

શેઠ ચીડાઈને બોલ્યાઃ "એ ડોસી! તારી પણ બુદ્ધિ ખસી ગઈ જણાય છે! એ નીચ છોકરો મારૂં કહેવું પણ નહિ માને તેટલો ઉદ્ધત બન્યો છે, પણ હવે હું હરકોઇ રીતે તેને ઠેકાણે લાવ્યા સિવાય રહેનાર નથી. અરે, રામા! કાન્તિને અહીં મોકલ."

શેઠાણીએ કહ્યું: "એકદમ આકળા થઈ જશો મહિ. ધીરજથી પૂછજો. નહિતો તમે ચૂપ જ રહેજો; હું પૂછીશ."

એટલામાં કાન્તિલાલ દીવાનખાનામાં આવી પહોંચ્યો. હરકોરબાઇ બોલ્યાં: "આવ, બાપુ! કાન્તિ! બેસ, ચાહ પીધી-અરે ના. તું ચાહ નથી પીતો-દૂધ પીધું કે ભાઇ?"

"હા. માતુશ્રી."

"ભાઇ! લલિતામાં તને શું દોષ જણાય છે કે તું ના કહે છે? શરમાઇશ નહિ; જેમ ખુલ્લે ખુલ્લું પૂછું છું, તેમ ખુલ્લે ખુલ્લો જવાબ આપજે."

"તેનામાં અનેક દોષ છે. તે ભણેલી અને સુંદર છે, તે ગુણો મને આવશ્યક જણાતા નથી, પણ તે ગુણો કરતાં વધારે મોટા દોષો તેનામાં છે. માતુશ્રી! હું કાંઈ મૂર્ખ નથી કે તે મને યોગ્ય હોય, તે છતાં હું ના કહી પિતાજીને મુશ્કેલીમાં મૂકું."

"ભાઇ! જરા ધીરજથી બોલ. હું તને ક્યાં મૂર્ખ કહું છું? પણ જો ભવિષ્યમાં સુધરી શકે તેવા દોષ તેનામાં હોય તો તારે ચલાવી લેવું જાઇએ, કારણકે તારા પિતાજી વચન આપી ચૂક્યા છે અને જો તે વચનભંગ કરીએ તો ગોપાળરાય શેઠ ગુસ્સે થાય તેમ છે, તથા આપણું અહિત થાય તેમ છે."

"માતુશ્રી! મને વધારે શાને શરમાવો છો? તે સંબંધે હું મારા પિતાજીને છેવટનું જે કહેવાનું હતું તે કહી ચૂક્યો છું."

છેવટની નિરાશાથી શેઠનો ક્રોધ વૃદ્ધિ પામ્યો. તેમની આંખો-માંથી અગ્નિકણો વરસવા લાગ્યાં. અત્યારસુધી તો હરકોરબાઇની સૂચનાથી તે મૌન રહ્યા હતા, પણ હવે તેમનાથી વધારે વાર મૌન્ય ધારી શકાયું નહિ: "વારૂ, દુષ્ટ છોકરા! હિતાહિતનો વિચાર નહિ કરનાર અવિચારી છોકરા! અત્યારથી હું તને કહી દઉં છું કે તારે મારૂં ઘર છોડીને સત્વર ચાલ્યા જવું; જતો રહે, નીચ! એકદમ તારૂં કાળું કરી નાંખ!"

હરકોરબાઇથી એકદમ ગભરાઇ જવાયું અને બોલાયું: "હં, હં, તમે આ શું બોલો છો! જરા વિચાર તો રાખો!"

"આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે, પિતાજી! જ્યાં સ્વાર્થ-સાધુપણાનો વાસ છે અને જ્યાં તે સ્વાર્થસાધુપણામાં પુત્રની જીંદગીની આહુતિ અપાય છે, ત્યાં મારે રહેવું તે યુક્ત જ નથી."

હરકોરબાઇ પુત્રને વારતી બોલી: "અરે ભાઇ! તું પણ એટલો આકળો શાને થાય છે? જરા શાન્ત થા અને આવા અનુચિત શબ્દો ન બોલ. ગમે તેમ હોય તોએ તે તારા વડીલ છે; તેમને તને એ શબ્દો કહેવાનો અધિકાર છે, ભાઇ!"

"હા માતુશ્રી! અને હું તે સાંભળવા ક્યાં ના કહું છું? પરન્તુ અધિકારનો દુરૂપયોગ કરનારને ઉચિત ઉત્તર શામાટે ન આપવો જોઇએ?"

"હા, નીચ! તું સત્યાવલંબી છે, તે હું સારી પેઠે સમજું છું! જતો રહે અહીંથી, મને તારૂં મ્હોં પણ જોવું ગમતું નથી! અને તું પણ જતી રહે. એ ભ્રમેલા મગજનો છોકરો તારા પટુકા-રેડાથી ઠેકાણે આવનાર નથી. લક્ષ્મીને તૃણતુલ્ય માનનારને એક વાર લક્ષ્મી વિનાનું જીવન ભોગવવા દે, એટલે તે ઠેકાણે આવશે."

હરકોરબાઇ પતિને અને પુત્રને ઉશ્કેરાએલા જોઇને પુત્રને સાથે લેઇ ચાલી ગઇ, કારણકે તેમ કર્યા વિના બન્નેને શાંત કરવાનું તેને અશક્ય જણાયું. જતાં જતાં પુત્રને માયાળુ શબ્દોમાં કહ્યું: "જો, ભાઇ! તારા પિતાનો સ્વભાવ જરા આકળો છે. તેમને ગુસ્સો ચડે છે, ત્યારે કાંઇ ભાન રહેતું નથી અને જેમ તેમ બોલી વાળે છે, માટે તારે જરાએ ખોટું લગાડવું નહિ હોં! હું તેમને સમજાવીશ. તું તારે શાંત ચિત્તે અભ્યાસ કર્યા કર. તારા પિતાના અત્યારના ગુસ્સાની વાત તું કીર્તિકરને કહીશ નહિ; તે બિચારો બહુ ગભરાય છે."

કાન્તિલાલે કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. માતાથી છૂટો પડીને તે પોતાના અભ્યાસના ઓરડામાં ચાલ્યો. એકાદ પુસ્તક ઉઘાડી વાંચવાના હેતુથી તે આરામ ખુરશીમાં પડ્યો અને વાંચવાને બદલે વિચારશ્રેણીએ ચઢી ગયો.

* * * * *

જમીને કાન્તિલાલ કૉલેજમાં ગયો. કીર્તિકર સ્કૂલે ગયો હરકોરબાઇથી સંસારની જંજાળમાંથી છૂટા થઇ શકાયું નહિ. શેઠને કેવી રીતે સમજાવીને કાન્તિલાલના મનનું સમાધાન કરવું. તેનો એમને મોટો વિચાર પડ્યો. તેમણે વિચાર્યું કે રાત્રે શેઠને શાંતિથી સમજાવીશ. શેઠને પણ હવે મોટો વિચાર થઇ પડ્યો હતો. કાન્તિલાલ કોઇ પણ રીતે લલિતાને પરણવાનું કબુલ કરે તેમ નથી તેમ તેમને સમજાઇ ગયું હતું, અને હવે ગોપાળરાયને સમજાવવાને કેવી યુક્તિ કામે લગાડવી તેનો મોટો વિચાર થઇ પડ્યો: "આપેલું વચન ભંગ કરૂં તો શેઠ અવશ્ય ગુસ્સે થાય અને બીજે જ દિવસે હું રસ્તાનો ભિખારી બની જઉં; પણ જો હું ચૂપ રહું તો શેઠ

લગ્ન કરવા કહે, ત્યારે શું કરવું? છેવટે તે વખતે તો ભંડો ફૂટવાનો જ. "

ઘણો વિચાર કર્યો પણ તેમાંથી છૂટવાની એક પણ બારી હાથ લાગી નહિ. મીલનો મહેતો કેટલાંક બીલોમાં શેઠની સહી કરાવવા આવ્યો અને શેઠે લીટું તાણી આપ્યું પણ તેમાં શું લખ્યું છે તેનું ભાન તો હતું જ નહિ. કોઇ નોકર કાંઇ સલાહ લેવા આવે તો " સેક્રેટરીને પૂછો " એવો જ જવાબ મળવા લાગ્યો. એકના એક વિચારમાં સાંજ પડી પણ ગોપાળરાયને શું જવાબ આપવો તેનો કાંઈ પણ નિર્ણય કરી શકાયો નહિ. દિવસ અસ્ત થયો અને મીલ બંધ કરનારૂં ભૂંગળુ વાગ્યું પણ તે શેઠના ધ્યાનમાં ન હતું. નોકરો વિચારમાં પડી ગયા કે રોજ શેઠ પાંચ વાગે જતા રહે છે અને આજે મીલ બંધ થઈ છતાં હજી કેમ બેઠા છે ?

" શેઠ સાહેબ! બત્તી કરૂં ? ક્યાંસુધી બેસવું છે ? " મીલના હમાલે આવીને પૂછ્યું.

શેઠે વિચારનિદ્રામાંથી જાગૃત થઇને પૂછ્યું : " કેમ ? પાંચ વાગ્યા ગયા ? "

" અરે સાહેબ ! આઠ વાગશે. મિલ તો ક્યારનીએ બંધ થઇ ગઇ. " હમાલે જવાબ આપ્યો.

" ત્યારે, હું જાઉં છું " એમ કહી શેઠ ઉઠયા અને બહાર ગાડી રાહ જોતી ઊભી હતી, તેમાં બેસી રવાના થયા. રસ્તામાં પણ એકનો એક જ વિચાર ચાલુ રહ્યો. છેવટે એવું ઠરાવ્યું કે " ગોપાળરાય શેઠને સમજાવવું કે કાન્તિ એકાએક માંદો થઇ ગયો છે, એટલે હાલ તુરત તો સઘળું અટકશે; વળી આગળની વાત આગળ ઉપર. અણીનું ચૂક્યું સો વરસ જીવશે. "

એ પ્રમાણે નિશ્ચય કરીને શેઠ ઘેર આવ્યા. બારણે બેસી રહેનાર ઘાટીને હુકમ આપ્યો કે " કાન્તિને હું ફરીથી જણાવું ત્યાંસુધી બારણાંની બહાર નીકળવા દેનો નહિ. " બંગલામાં કામ કરતા ઘાટીને કહ્યું કે " કાન્તિને એમ કહે કે તેણે હું કહું ત્યાંસુધી ઘરની બહાર પગ મૂકવો નહિ, કૉલેજમાં જવું નહિ કે ક્યાંય પણ જવું નહિ. "

ઘાટીએ કહ્યું : " પણ સાહેબ ! આઠ વાગી ગયા છતાં હજી કાન્તિભાઇ કૉલેજથી આવ્યા જ નથી ! "

" એમ કેમ ? તે ક્યાં ગયો ? " શેઠે ચકિત થતાં પૂછ્યું.

એટલામાં કીર્તિકર આંખમાં આંસુ સાથે ત્યાં આવી પહોંચ્યો અને કહ્યું : " પિતાજી ! મોટા ભાઇ ક્યાંય જતા રહ્યા છે. મુંબઇ છોડીને જતા રહ્યા જણાય છે ! "

સર્વ શાંત !

પ્રકરણ ૮ મું.

પૂર્વ વૃત્તાંત (ચાલુ)-લલિતા.

મુંબઇમાં લાખોપતિ ગણાતાં ગોપાળરાય શેઠની પુત્રી લલિતા કે જેની સાથે કાન્તિલાલનું વેવીશાળ થવાનું હતું, તે બાર તેર વર્ષની એક અજ્ઞાતયૌવના બાળા હતી. હાલમાં હાઇસ્કૂલમાં તે અભ્યાસ કરતી હતી. તેનો પહેરવેશ મોટે ભાગે પારસી કુમારિકાઓના જેવો, વદન ગોળ, કાન્તિવાળું અને મનોહર તથા દેખાવ નાજુક અને સુકોમળ હતો. ગોપાળરાય શેઠ પોતાની પુત્રીની એ ખૂબસુરતીને માટે અભિમાન ધરાવતા હતા અને અનેક પ્રસંગે

પોતાના મિત્રોને જણાવતા હતા કે લલિતાને હું તેના જેવા જ ખૂબસુરત અને કેળવાયલા યુવક સાથે જ પરણાવીશ. લલિતા બુદ્ધિશાળી હતી, છતાં તેનામાં ઉછાંછળાપણું પેઠેલું હતું. તે પિતાની આજ્ઞામાં હતી, પરન્તુ મનનું ધાર્યું કરવાને હમેશાં દુરાગ્રહી બનતી. માતા-પિતા તરફથી મળેલા સંપૂર્ણ સ્વાતંત્ર્યથી દિનપ્રતિદિન તેના અહંભાવમાં વધારો થયે જતો હતો. શ્રીમંતની એક લાડકી પુત્રી તરીકે તેનામાં ગર્વ હતો તે કરતાં તેને પોતાની ખૂબસુરતી તથા ડહાપણનું વધારે અભિમાન હતું. સાધારણ માણસો સાથે તે બહુધા વાતચીત કરતી જ નહિ અને કદાચિત બોલતી તો ભ્રકુટી ચડાવીને દમામથી જ અર્ધુંપર્ધું બોલતી—અર્ધુંપર્ધું ગળી જતી. આ પ્રકારનું શિક્ષણ તેને પોતાની અંગ્રેજ બહેનપણીઓના વર્તનમાંથી પ્રાપ્ત થયું હતું, તેમ જ Pride and Prejudice જેવી નવલકથાઓમાં ઇલીઝાબેથ જેવી છોકરીઓને વખાણતી અંગ્રેજ બાળાઓ પાસેથી તેવા પ્રકારનું વર્તન રાખવાને તે લલચાઇ હતી. કાન્તિલાલ લલિતાના આ ઉદ્ધતપણાને સખ્ત રીતે ધિક્કારતો હતો અને તેની એ એક ચોક્કસ માન્યતા હતી કે ઉદ્ધત તથા ગર્વિષ્ઠ છોકરીઓ પોતાના પતિ પ્રત્યે બિલકુલ પ્રેમ ધરાવતી નથી. અજ્ઞ અને ગામડીયણ સ્ત્રીઓ સાથેના સંસાર કરતાં આવી સ્ત્રીઓ સાથેનો સંસાર વધારે નિષ્ફળ તથા કષ્ટદાયક નીવડે છે એમ કાન્તિલાલ માનતો હતો. હદબહાર છૂટાપણામાં—વિચાર અને આચાર બન્નેના સ્વાતંત્ર્યમાં—ઉછરેલી લલિતાને માટે કાન્તિલાલ જરા પણ સારો વિચાર ધરાવે અને તેને પોતાની પત્ની તરીકે સ્વીકારી ભવિષ્યમાં આત્મઘાત કરવા જેવો પ્રસંગ લાવે, તેમ બનવું જરા પણ સંભવિત ન હતું.

બાળાજરાય શેઠ સુધરેલા હતા, અને તેમનો વિચાર લલિ-

તાને કોઈ કેળવાએલા યુવકને આપવાનો હતો. તેમ કરવામાં તેમનો મુખ્ય હેતુ એ હતો કે જેવી છૂટમાં લલિતા આજ સુધી ઉછરી છે તેવી જ છૂટમાં તે પોતાના પતિને ત્યાં પણ રહે. અંગ્રેજી કેળવણી પામેલાઓ અને તેમાં પણ સુધરેલાઓ જ પોતાની પત્નીઓને આ પ્રકારની સ્વતંત્રતા આપે છે, એ વાત શેઠ જાણતા હતા અને તેથી જ તેમણે કાન્તિલાલ જેવા એક કેળવાએલા વિચારના યુવકને લલિતાને માટે પસંદ કર્યો હતો. કાન્તિલાલ હજી વિદ્યાર્થી જીંદગીમાં હોવાથી તેના સંસાર સંબંધે કેવા પ્રકારના વિચારો છે તે જાણવાની તક ગોપાળરાયને પ્રાપ્ત થઇ નહોતી, તોપણ શેઠની સંપૂર્ણ ધારણા હતી કે "કાન્તિલાલ ભણેલો છે અને તેનો પિતા તેમ જ તે પોતે મારા સહવાસમાં ઉછરે છે એટલે તેના વિચારો છૂટા જ હોવા જોઇએ." આ ધારણાથી શેઠે મંગળદાસ પાસે કાન્તિલાલને પોતાની પુત્રી આપવાનું જણાવ્યું હતું અને મંગળદાસે તેનો સ્વીકાર કરવા વચન આપ્યું હતું. પરન્તુ તેનું શું પરિણામ આવ્યું તે વાચકો જોઇ ગયા છે.

ગોપાળરાય શેઠની મોટી પુત્રી લતાના સંસાર સંબંધે કિંચિત્ આ કથાના પ્રથમનાં પ્રકરણોમાં કહેવાઇ ચૂક્યું છે. અત્ર તેમની બીજી પુત્રી લલિતા અને તેની માતા કાન્તાગૌરી વિષે જ થોડુંએક જણાવવું ઉચિત લેખાશે. ગોપાળરાય શેઠની પહેલી પત્ની–લતાની જનેતા–રૂક્ષ્મણીનો સ્વર્ગવાસ થતાં શેઠે કાન્તા સાથે લગ્ન કર્યું હતું. કાન્તાનો બાપ સુરતનો એક ગરીબ બ્રાહ્મણ હતો, અને કાન્તા તેની એકની એક પુત્રી હતી. પરન્તુ બાલ્યાવસ્થામાં કાન્તાની બુદ્ધિ અને વિચિક્ષણતા જોઇને તેના પિતાએ વિચાર્યું હતું કે જો હું તેને સારી કેળવણી આપીશ તો તે છોકરી આગળ જતાં ખીલી

નીકળશે, અને બન્યું પણ તેમ જ. કાન્તાએ પોતાની સત્તર વર્ષની ઉમરે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. દરમીયાનમાં કાન્તાનું વેવીશાળ કરવાને અનેક માંગણીઓ કરવામાં આવતી હતી, પરન્તુ તેનો પિતા કહેતો: “મારી કાન્તા મેટ્રિક થશે ત્યારપછી હું તેનું લગ્ન કરીશ.” કાન્તા મેટ્રિકમાં પાસ થઇ એટલે તો ઘણીએ માંગણીઓ આવવા લાગી. કેટલાક તેના પિતાને રૂપિયા આપવાની લાલચ આપવા લાગ્યા અને કાન્તાના ગરીબ તથા વૃદ્ધ પિતાને તે લાલચમાં આનંદ મળ્યો. છેવટે ગોપાળરાય શેઠની દશ હજાર રૂપિયાની માંગણી કબૂલ કરીને કાન્તાને પરણાવવામાં આવી. ગોપાળરાય પોતાને સર્વતઃ સુખી માનવા લાગ્યા કારણકે બીજવરને પોતાને યોગ્ય મોટી ઉમરની કન્યા મળી આવે તે તેનું સદ્ભાગ્ય મનાય છે. તેમાં વળી ગોપાળરાય શેઠને મોટી ઉમરની, અંગ્રેજી ભણેલી અને બુદ્ધિમતી કન્યા મળી, એટલે તેમના સુખમાં શી મણા?

પરન્તુ ત્યારથી ગોપાળરાયનું જીવન પલટાયું. કાન્તા ગરીબાઇમાં ઉછરી હતી અને ગોપાળરાયના ઘરમાં આવ્યા પછી ઋદ્ધિસિદ્ધિમાં તદ્દન અંજાઇ ગઇ. સુરતમાં અભ્યાસ કરતાં તેણે શ્રીમંતની પુત્રીઓનો જે મોજશોખ અને વૈભવ જોએલાં, તે પ્રમાણે વર્તવામાં અને અતુલ સૌખ્ય ભોગવવામાં તે લીન બની ગઇ. મુંબઇની મોટામાં મોટા કુટુંબની શેઠાણીઓમાં તે માન પામવા લાગી અને ગોપાળરાય શેઠની સ્ત્રી તરીકે તેને જે માન મળતું તે કરતાં તે વધારે ભણેલી હોવાથી તેને વિશેષ માન મળવા લાગ્યું. પૂર્વની ગરીબાઇને તે વિસરી જાય તે સ્વાભાવિક જ હતું અને માત્ર થોડા વખતમાં તે પોતાને મુંબઇના સઘળા સ્ત્રીવર્ગમાં અધિષ્ઠાત્રીરૂપ માનવા જેટલા ગર્વે ચઢી ગઇ.

લલિતાનો જન્મ થયા પછી તે લતા ઉપર તિરસ્કાર ધરાવતી થઇ. બન્ને બ્હેનોની વયમાં પાંચેક વર્ષનો તફાવત હતો, પરન્તુ કાન્તા પોતાની લલિતાને લતાના સહવાસમાં ઘડીભર મૂકતી નહિ. લતા ચાર-પાંચ ગુજરાતી ધોરણ ભણી અને ત્યારપછી તેને આગળ અભ્યાસ કરવાનો ઉત્સાહ થયો નહિ. ગોપાળરાયને લતાના ગરીબ સ્વભાવ ઉપર દયા આવતી, પણ તે દયા વિજય મેળવે ત્યાર પહેલાં કાન્તાના તીક્ષ્ણ શબ્દોથી લય પામી જતી. કોઇ કોઇ વાર શેઠ બન્ને પુત્રીઓને સાથે લેઇને કોઇ સભા-મેળાવડા કે મીજલસમાં જતા, પણ ત્યાં લલિતા પોતાની વિચિક્ષણતાથી દરેક સ્થળે આગળ પડતી જણાતી અને લતા મોટી હોવા છતાં પાછળ ને પાછળ પડતી જોવામાં આવતી. લતામાં વિનય અને લજ્જાશીલતા યોગ્ય પ્રમાણમાં હતાં અને ગોપાળરાય જ્યારે પોતાની બારીક નજરથી જોતા ત્યારે તેમને જણાઇ આવતું કે એ છોકરી પોતાના શરમાળપણામાં જ મૂર્ખની મૂર્ખ રહેવાની છે! તેથી ઉલટું લલિતામાં ચપળતા અને બુદ્ધિમત્તા, જેની તેની સાથે છૂટથી રમવાની, વાતચીત કરવાની ટેવ વગેરે શેઠની દૃષ્ટિને બહુ ઉપયોગી જણાતાં. લતા આવી રીતે મૂર્ખ રહી જશે, એમ ધારી શેઠને લાગણી થઇ આવી અને તેનો અધૂરો રહેલો અભ્યાસ આગળ ચાલુ કરાવ્યો. અંગ્રેજી બે ત્રણ ધોરણ કર્યાં, તેવામાં તેના લગ્નનો પ્રસંગ આવી પહોંચ્યો. લગ્ન થયું, પણ શેઠે લતાને આગળ અભ્યાસ કરાવવાના ઇરાદાથી તેને સાસરે મોકલવાની સ્પષ્ટ ના કહી. બિચારો ચંદ્રમણિશંકર માતાપિતા વિનાનો અને એકલો હોવાથી ઘણી મુશ્કેલી ભોગવતો હતો. તેણે પોતાની પત્નીને મોકલવા માટે શેઠને આગ્રહ કર્યો પણ શેઠ એકના બે થયા નહિ. આ વાત લતાના જાણવામાં આવી અને

તેણે પોતાના પિતાને કહ્યું કે "જ્યારે તે મુશ્કેલી ભોગવે છે, તો ભલે મને જવા દો."

જૂના વિચારના માણસો આવું કહેનાર એક છોકરીને નિર્લજ્જ કહીને ચૂંટી ખાય. ગોપાળરાય શેઠ તેવા નહોતા એટલે તે ચીડાયા નહિ પણ લતાને કહ્યું: "જો તું ભદ્રપુર જશે, તો પછી તારો અભ્યાસ કેવી રીતે આગળ વધશે?"

"અભ્યાસ? ત્રણ ધોરણ અંગ્રેજી અભ્યાસ મેં કર્યો છે; હવે વધારે અંગ્રેજીની શી જરૂર?"

લતાની મૂર્ખતાપર શેઠને તિરસ્કાર ઉત્પન્ન થયો અને કહ્યું: "મૂર્ખી! પૂર્ણ અંગ્રેજી કેળવણી નહિ મેળવી શકવાથી જ તું મૂર્ખ રહી છે અને કેળવણીની કીંમત સમજી શકતી નથી! પણ હું તને હાલમાં ભદ્રપુર મોકલનાર નથી."

લતા શરમાઇ તોપણ ક્ષણભર શરમને વિસરી જઇને બોલી: "તો ભદ્રપુર જવા માટે મારો વિશેષ આગ્રહ નથી, પણ હવે હું વધારે અભ્યાસ કરવાને નિશાળે જઉં, તેમ કદાપિ બનશે નહિ."

આ સાંભળતાં શેઠના ગુસ્સાનો પાર રહ્યો નથી. શેઠ એકાએક તાડૂકી ઉઠયાઃ "નીચ છોકરી! શું તું અભણ રહી જગત્‌માં મને અપકીર્તિત કરવા માંગે છે?"

"એમાં આપને અપકીર્તિત થવાનું શી રીતે પિતાજી?"

"હું સ્ત્રીકેળવણીનો હિમાયતી હોવા છતાં તને અંગ્રેજી ન ભણાવું તો લોકો મને ચૂંટી ખાય! શું તે મારી અપકીર્તિ નહિ? તારે અભ્યાસ કરવો જ પડશે."

"તો હું ઘેર અભ્યાસ કરીશ; સ્કૂલે નહિ જઉં." લતાએ કહ્યું.

એટલામાં કાન્તા આવી પહોંચી. લતાના છેલ્લા શબ્દો તેણે સાંભળ્યા હતા. તે ભ્રકુટી ચડાવીને બોલી ઉઠી : "તમે પણ કેવા છો ? એમ તેને માટે કાંઈ શિક્ષક ઘેર બોલાવી શકાશે નહિ, ભલે અભ્યાસ ન કરે. આપણા સુધારાને વખોડનારી અને તેની વિરોધી છોકરી શું તમારા કહ્યા પ્રમાણે કરનાર છે ? ગઇ કાલે જ તેની બ્હેનપણી પેલી વિજયાને મોઢે તમારા અને સુધારાના પોવાડા ગાતી હતી ?"

લતા બોલી: "હું કાંઇ તમારી નિંદા કરતી નહોતી, માતુશ્રી ! સુધારાવાળાના અમુક નિયમો સારા અને અમુક ખરાબ એ વિષે માત્ર ચર્ચા જ અમે કરતાં હતાં."

શેઠના ગુસ્સામાં આથી ઉમેરો થયો. જ્યારથી લલિતાની ચપળતામાં શેઠ ખુશખુશ થઇ ગયા હતા, ત્યારથી જ લતાની મૂઢતા ઉપર શેઠને તિરસ્કાર પેદા થયો હતો. આ તિરસ્કારનું મૂળ કદાચિત્ એ પણ હોઈ શકે કે લતા ગોપાળરાય શેઠની મરણ પામેલી પત્નીની પુત્રી હતી. કાન્તા સ્વાભાવિક રીતે જ લતાને શેઠની નજરમાં અળખામણી કરવાનો પ્રસંગ શોધ્યાં કરતી હતી અને જ્યારે જ્યારે તેવો પ્રસંગ પ્રાપ્ત થતો, ત્યારે ધાર્યું તીર ફેંકવામાં કાંઇ કચાશ રાખતી નહિ. અત્યારે પણ તેણે એક તીર ફેંક્યું હતું અને તેથી શેઠ લતાપર વધારે ગુસ્સો કરતા બોલ્યા: "અને લતા ! તું આટલી નાની ઉમરમાં આટલી બધી છકી ગઇ હોઇશ, એમ હું માનતો નહોતો. સુધારાવાળાઓને બીજાની નજરમાં હલકા પાડવાનો પ્રયત્ન મારી એક પુત્રીના તરફથી થાય, તે મને કેટલું શરમભરેલું ગણાય ?"

"પિતાજી ! એમાં સુધારાવાળા હલકા શી રીતે પડી જાય ? સત્ય છે તેને લોકો હમેશાં પસંદ કરે છે અને અસત્યને ધિક્કારે છે.

સુધારાવાળાના સઘળા સિદ્ધાંતો કાંઇ આદરણીય નથી. કેટલાક તિરસ્કારી કાઢવા જેવા પણ છે અને તેથી સાચાને સાચું અને ખોટાને ખોટું કહેવું તેમાં મેં શું ભૂલ કરી?"

શેઠ તાડુકીને બોલ્યાઃ "આજકાલ તું બહુ ચબાવલી થઈ ગઇ છે કેમ? સુધારાવાળા ક્યાં તને સાચું ખોટું પૂછવા આવે છે? બસ જા, ભદ્રપુર જતી રહે. હું તને અહીં રાખવા જ ઇચ્છતો નથી."

લતા પિતાના ગુસ્સાથી ગભરાઇ, અને તેથી ચૂપ રહી. ત્યારથી ગોપાળરાય શેઠનો લતા પ્રતિનો તિરસ્કાર વૃદ્ધિ પામ્યો અને તુરત તેને ચંદ્રમણિશંકરની સાથે ભદ્રપુર મોકલી આપવામાં આવી. એક ગરીબ પિતા પોતાની પુત્રીને જેટલા ઉમંગભેર અને પહેરામણી સાથે સાસરે વળાવે છે, તેટલો ઉમંગ કે પહેરામણી આ શ્રીમંત પિતા તરફનાં ન હતાં! ક્યાં કાશ્યપ જેવા પાલક પિતાની પણ શકુન્તલા ઉપરની વત્સલતા અને ક્યાં ગોપાળરાય શેઠનો પોતાની પુત્રી પ્રતિનો તિરસ્કાર ભાવ?! આજે લતાને સાસરે ગયાને કેટલાંક વર્ષો વીતી ગયાં હતાં; પરન્તુ તેણે પુનઃ પિતાનું ઘર જોયું ન હતું!!

લલિતા હવે ગોપાળરાયને માત્ર એકની એક પુત્રી હતી. તેને લાડથી ઉછેરવામાં આવે, તે કાંઇ નવાઇ જેવું ગણાય નહિ. લાડકવાઇ બનેલી લલિતામાં કેવા ગુણો પ્રવેશ પામ્યા હતા, તેનું વર્ણન આગળ આપવામાં આવી ચૂક્યું છે, એટલે અત્ર પિષ્ટપેષણની કાંઇ પણ જરૂર નથી.

પ્રકરણ ૯ મું.

પૂર્વ વૃત્તાંત (પૂર્ણાહુતિ)-મિસ વાયોલેટ શાર્પ.

સાંજ પડી. આખો દિવસ ઓફીસોમાં કામ કરીને કંટાળેલા કલાર્કોને, છોકરાઓ સાથે માથું પકવીને કંટાળેલા માસ્તરોને અને ચોપડીઓ સાથે માથું ફોડીને થાકેલા વિદ્યાર્થીઓને આરામ મેળવવાનો સમય આવી પહોંચ્યો. દિવસના ભાગમાં મુંબઇના જાહેર માર્ગોપર લોકોની જે ગિર્દી જોવામાં આવે છે, તે કરતાં સાંજે અમુક અમુક રસ્તાઓપર વધારે ગિર્દી જોવામાં આવે છે. ચોપાટી, બેન્ડ સ્ટેંડ, પાલવા ઇત્યાદિ હવા ખાવાનાં સ્થળોએ જવાના માર્ગો, તે તરફ જનારી ટ્રામો, ગાડીઓ વિગેરેથી સાંજે ધાર્યા ભરાઇ ગએલા જોવામાં આવે છે. દરિયાની અને મેદાનની તાજી હવા લેવાના ગુણોથી આકર્ષાએલા યુવાનો અને યુવતીઓ મોટી સંખ્યામાં આ હવા ખાવાનાં સ્થળો ખાતે સાંજના ઉતરી પડે છે; પરંતુ તેમાંના ઘણાં થોડાં વસ્તુતઃ હવા ખાવા માટે જ આવતાં હશે. કેટલાક આશક-માશુકના મેળાપના સ્થાનની તે હવા ખાવાનાં સ્થળો ગરજ સારે છે. કેટલાકો મુંબઇની મોહિનીઓનાં મુખડાં નિહાળવાને જ માત્ર ત્યાં જાય છે. કેટલાંક પોતાના મિત્રોને મળવા કે ટહ્રાખાજીમાં વખત ગુમાવવા જ ઉતરી પડે છે. કેટલાક કુદરતની લીલાનું પાન કરવાને જાય છે. એવી રીતે જૂદા જૂદા હેતુપૂર્વક જનારાઓમાં માત્ર તાજી; શુદ્ધ હવા લેવાના હેતુથી જનારાઓ ઘણા થોડા હોય છે.

અત્યારે આપણી કથાની એક નાયિકા લલિતા પણ પોતાની વિક્ટોરીઆમાં બેસીને ફરવા માટે નીકળી પડી. તેની પારસી અને યુરોપિઅન બ્હેનપણીઓમાંની મુખ્ય મિસ વાયોલટ શાર્પ નામની એક કોમળ સત્તર વર્ષની અંગ્રેજી કુમારિકા હતી. વાયોલેટનો પિતા મી. રોબર્ટ શાર્પ ઈંગ્લાંડની એક વીમા કંપનીનો હિંદુસ્તાન ખાતેનો મુખ્ય એજંટ હતો અને તે ઓદ્ધામાં તેને સારા પગાર ઉપરાંત કેટલુંક કમિશન મળતું હતું. મિસ વાયોલેટ તેની એકની એક લાડકી પુત્રી હતી. નિશાળમાં અભ્યાસ કરતાં વાયોલેટ અને લલિતાની મિત્રચારી જોડાઇ હતી અને જ્યારે ગોપાળરાય શેઠે પોતાનો બે લાખ રૂપિયાનો વીમો મી. શાર્પની વીમા કંપનીમાં આપ્યો ત્યારે તેમના સહવાસમાં ઠીક વધારો થયો હતો. મી. શાર્પનો સહવાસ ગોપાળરાય શેઠની સાથે સાધારણ હતો, પરંતુ લલિતા અને વાયોલેટ તો સગી બ્હેનોની પેઠે મળી ગયાં હતાં. ભાગ્યે જ કોઇ એક દિવસ એવો પસાર થતો હશે કે જે દિવસે એ બન્ને બ્હેનપણીઓનો મેળાપ ન થયો હોય. સ્હવારે સ્કૂલે જતાં કાંતો વાયોલેટ લલિતાને બોલાવતી જતી અથવા તો લલિતા સાંજે ફરવા જતી વખતે વાયોલેટને બંગલે થઇ તેને સાથે લેઇને ફરવા જતી. આ પ્રમાણે લલિતા અને વાયોલેટની મિત્રાચારીની દૃઢતા સાથે ગોપાળરાય શેઠ અને મી. શાર્પનો સંબંધ આગળ વધતો જતો હતો.

વાયોલેટ એક નિર્મળ હૃદયની અને બુદ્ધિમતી અંગ્રેજ કુમારિકા હતી. તે નિર્દોષ હતી, પરન્તુ કેટલાક દિવસ થયાં એક અંગ્રેજ યુવકની સાથે પ્યારની જાળમાં ગુંચાતી જતી હતી. તે જાળમાં ગુંચાયા પછી તેની મુખાકૃતિમાં અને તેની રીતભાતોમાં કેટલોક ફેરફ



પ્યારની જાળમાં ગુંથાતી જતી હતી. (એક પ્રેમ-પ્રસંગ)

પૃષ્ઠ ૧૧૦.

The Lakshmi Art, Byculla, Bombay

પડી ગયો હતો, જોકે લલિતા તેમાંનું કાંઇ જાણી કે સમજી શકી નહોતી. અંગ્રેજ લોકોમાં એ એક પ્રકારનો ગુણ હોય છે કે તેઓ પોતાના અંતરની વાત ગમે તેવા પણ દેશી મિત્રને કહેતા નથી. લલિતા અને વાયોલેટ જોકે સજ્જડ બ્હેનપણીઓ હતી, તોપણ વાયોલેટ પ્યારમાં પડયાની વાત લલિતાના જાણવામાં આવી નહોતી. અત્યારે વાયોલેટ પોતાના પ્રિયતમના મેળાપને માટે રાહ જોતી બેઠી હતી. હમેશાં સાંઝે વાયોલેટનો પ્રિયતમ કે જેનું નામ મી. રોબિન્સન હતું તે તેને મળવા માટે આવતો અને ઉછરતા પ્રેમની એ મીઠી વાતો કરી આનંદમાં ને આનંદમાં પાછો વિદાય થતો હતો. આજે હમેશનો વખત વીતી ગયો હતો, છતાં તે નહિ આવ્યો હોવાથી વાયોલેટની ઉત્સુકતામાં જરા વધારો થયો હતો. તે ફરવા જવાનો ડ્રેસ પહેરવા લાગી અને એમ માન્યું કે હું ડ્રેસ પહેરી લઇશ એટલામાં તે આવી પહોંચશે. પા કલાક વધારે થયો. વાયોલેટ ડ્રેસ પહેરવામાંથી પરવારી પણ પ્રિયતમ તો ન જ આવ્યો! પ્રિયતમ-પ્રેયસીનાં હૃદયોનાં ચિત્રોને, પ્રિય વાચક! તેં કોઇ વાર તારા હૃદયમાં આલેખ્યા છે ખરાં? તે ઉત્સુક હૃદયો એટલાં અધીરાં હોય છે કે સ્વલ્પ નિરાશામાં અનેક પ્રકારની શંકાઓ કરી વાળે છે, અમંગળ કલ્પનાઓ કરી વાળે છે અને સ્વપ્નમાં પણ ન હોય તેવા સંશયોને મગજમાં સ્થાન આપે છે. વાયોલેટના મગજની પણ અત્યારે એ જ સ્થિતિ થઇ પડી. તે જાણતી હતી કે રોબિન્સન એક નિયમિત માણસ છે અને છેલ્લા ૭ માસ થયાં તે પોતાને બરાબર એક વખતસર જ મળ્યો હોવાથી તેની નિયમિતતામાં જરા પણ સંશય લેવા જેવું નથી. પરન્તુ આ વખતે તે અનિયમિત થઇ ગયો તેનું કારણ શું? શું તે મને પોતાના પ્રેમમાંથી છટકાવી નાં-

ખત્રા ઇચ્છે છે? અથવા તો શું તે મારા પ્રેમને દૂષિત ગાનતો હશે? તેનાપર કંઇ અણધારી આફત તો આવી પડી નહિ હોય? એવી એવી અનેક કલ્પનાઓ મનના અતિ ત્વરિત વેગથી કરાઇ ગઇ.

એટલામાં દાદર ખખડ્યો અને ધમધમ કરતું કોઇ ઉપર આવવા લાગ્યું. અધીરી બની ગએલી વાયોલેટના મુખમાંથી સ્મિત ફરકવા લાગ્યું. તેની આશા લાંબે વખતે પરિપૂર્ણ થઇ હોય અને તેને અતુલ આનંદ થયો હોય તેવો અનુભવ થયો પણ તુરત જ તેનું સસ્મિત વદન નિરાશાથી લેવાઇ ગયું! આવનાર તેનો પ્રિયતમ નહોતો પણ તેની પ્રિય સખી લલિતા હતી! આવતાં વાંત જ લલિતા બોલી: "ઓહો! વાયોલેટ! તું તો ફરવા જવા માટે તૈયાર થઇને બેઠી જણાય છે ને શું? હું આજે કંઇ મોડી આવી છું કેમ?"

"ના, તું મોડી નથી આવી, પણ મેં જ આજે ફરવા જવા માટે જરા વ્હેલી તૈયારી કરી છે."

"ત્યારે ચાલ; કહે આજે કયાં જઇશું?"

"પણ હું આજે તારી સાથે આવી શકું તેમ નથી. એક જણ અત્યારે મળવા માટે આવનાર છે!"

"ત્યારે તું ફરવા જવાનો ડ્રેસ પહેરીને તૈયાર શામાટે થઇ છે? વારૂ, કોણ મળવા આવનાર છે?" લલિતાએ એક સ્વાભાવિક પ્રશ્ન કર્યો.

"મેં ધાર્યું હતું કે તું મને ફરવા તેડવા માટે આવીશ, તે દરમીયાન મળવા આવનાર આવી જશે, એટલે મેં ડ્રેસ પહેર્યો. પણ હવે મારે રાહ જોવી પડે તેમ છે."

"પણ એવું અગત્યનું તે અત્યારે સાંજને ખતે કોણ આવ-

નાર છે ?" એમ બોલીને તુરત જ લલિતા ચૂપ થઇ ગઈ, કારણ-કે કોઇ દાદરપર ચડતું હોય તેવો અવાજ થયો. વાયોલેટ પણ અતિ ઉત્સુકતાથી દાદર ભણી નીહાળી રહી અને માત્ર પાંચ જ સેકંડમાં તેના આશા પરિપૂર્ણ થઇ. રોબિન્સન વાયોલેટની પાસે બેઠેલી લલિતાને જોઇ શકયો નહિ અને વાયોલેટને લલિતા પોતાના પાસે બેઠી છે તે સાંભર્યું જ નહિ! તે એકદમ ઊભી થઈ ગઇ અને રોબિન્સનના હાથને પોતાના હાથમાં લેઇ બોલી ઉઠી : " આટલું મોડું કેમ ?"

"ડિયર ! તે વાત કહેતાં હું ઘણો જ દિલગીર થઉં છું."

"કેમ ? એટલું બધું શું છે ? શું કાંઇ આફત આવી પડી છે ?" વાયોલેટ આશ્ચર્ય સાથે ગભરાટ દર્શાવતી બોલી.

"હા, વ્હાલી ! આવતી કાલના મેલમાં મારે સ્વદેશમાં જવું પડશે. આજે મને તાર મળ્યો છે કે ફાધર ભયંકર મંદગીનો ભોગ થઇ પડયા છે અને તેટલા માટે મારે તુરત જ અહીંથી નીકળવું." એમ કહી રોબિન્સને તારનું તોડેલું પરબીડિયું વાયોલેટના હસ્તમાં મૂકયું.

તે વાંચતાં જ વાયોલેટનાં રોમ કંપી ઉઠયાં. તે પડી ગએલે ચહેરે બોલી : "ત્યારે શું તમે જશો ? આપણે જૂદાં પડીશું ?"

રોબિન્સન કાંઈ ઉત્તર આપી શકયો નહિ. તે હતાશ થઇ ગયો હોય, તેનાં ગાત્ર શિથિલ થઇ ગયાં હોય, હૃદયમાં ગભરાટથી ગુંચળાં વળતાં હોય, તેવી રીતે અચેતન થવાથી પાસેના કોચ ઉપર બેસી ગયો. વાયોલેટ પોતાની પાછળની ખુરશીને ખેંચી લાવીને તેની પાસે બેઠી અને બોલી : " ડીયર ! તમે દિલગીર નહિ થશો. પ્રભુ આપણા પ્રેમને અખંડિત રાખશે. તમે ખુશીથી સ્વદેશમાં જઇ આવો."

"અલબત્ત, મારે જવું જ જોઇએ, પણ તે શું મને 'થોડું

દુઃખ છે, વાયોલેટ? તારી મૂર્ત્તિને હું મારા હૃદયમાં કેવી રીતે કોતરાવું? એવો કોઇ હુંશીયાર કારીગર મુંબઇમાં મળી શકશે કે?"

"પ્રિયતમ! એમ બ્હાવરા થવું, તે તમને ન શોભે. તમે ચોક્કસ માનજો કે વાયોલેટનું નામ રોબિન્સનની સાથે જ જોડાશે અને તે કદાપિ અન્યથા નહિ જ થાય."

"હવે મને આશ્વાસન મળે છે. તારા શબ્દો મને ઉત્તેજન આપે છે. હું કાલે જનાર છું. રાત્રે પાછો તને મળીશ. અને પત્રવ્યવહાર?"

"દરેક મેલમાં તમને મારો પત્ર મળશે અને તે જ પ્રમાણે તમારો પત્ર મેળવવાને હું ભાગ્યશાળી થઇશ કે?" રોબિન્સનના હસ્તને ચુંબન કરતાં વાયોલેટ બોલી.

"હા, ડિયર! પણ મેલ તો દર આઠ દિવસે આવે છે! ઓહો! હમેશાં આવતો હોય તો કેવું સારૂં, વાયોલેટ?" રોબિન્સન પોતાના અંતરની મુસ્કેલીનું પ્રદર્શન કરતો બોલ્યો.

"આપણા સરખાં પ્રેમીઓને માટે હૃદયના સંદેશા તે હમેશનો મેલ છે. પણ ડિયર! રાત્રે તો મને પાલવાપર જ મળજો; હું હમણાં જ ફરવા જઉં છું!"

"વારૂ, હું જઉં છું; મારે હજી ઘણી તૈયારીઓ કરવાની છે. ઓફીસમાંથી બે માસની રજા લીધી છે; પણ તારી ખાતર હું તે કરતાં વહેલો આવવાની ઇચ્છા રાખું છું." એમ કહી પ્રિયતમે પ્રેયસીના કોમળ કપોલપ્રદેશપર ચુંબન લેઇ રજા લીધી.

દાદર ઉતરતા પોતાના પ્રિયતમને વાયોલેટ જોઇ રહી. છેલ્લું પગથીયું ઉતરતાં રોબિન્સને પાછળ ફરીને જોયું તો પોતાની પ્રિયતમાને તેણે અમી ઝરતી આંખોથી તાકી રહેલી જોઇ! બન્નેની આંખોમાંથી

અદશ્ય પ્રેમનિર્ઝરનું વહન થયું અને તે પરસ્પર આંખોમાં લય પામી ગયું. રોબિન્સન હૃદયને જરા કઠણ કરીને ચાલ્યો ગયો અને વાયોલેટ નિઃશ્વાસ નાંખી પોતાની બેઠક ભણી વળી.

હવે તે ભાનમાં આવી. લલિતા પોતાની પ્રેમચેષ્ટા ખુલ્લી રીતે જોતી ગુપચુપ એક ખુરશીપર બેસી રહી હતી, તેના તરફ વાયોલેટની નજર ગઈ અને તે શરમાઇ ગઈ. લલિતાના મુખમાંથી સ્મિત સ્ફુરયું અને તે સાથે જ તે બોલીઃ “સખી વાયોલેટ! તું તો ઘેલી બની ગઇ જણાય છે કાંઇ! મને અહીં પડતી મેલીને પોતાના હ્હવર-પ્રિયતમની સાથે વાતે વળગતાં તને શરમે પણ આવી નહિ શું?”

વાયોલેટ તે સાંભળીને મન્દ હસી, અને લલિતાની આંખો સાથે આંખો મિલાવની બોલીઃ “શરમ?! શામાટે શરમ? પોતાના પ્રિયતમની સાથે વાતચીત કરવામાં અમે તમારા હિંદુઓની પેઠે બિલકુલ શરમાતાં નથી; તેમાં વળી તું એક બ્હેનપણી છે એટલે તારી હાજરીમાં વળી શરમ શાની?”

લલિતાને કાંઇક વિચાર પડચો. તેના મગજમાં એવા વિચારો ભ્રમણ કરી રહ્યા કે “શું અંગ્રેજોનો સંસાર આવો હશે? આ તો બહુ આનંદની વાર્તા છે. બીજાની હાજરીમાં એક કુમારિકા પોતાના પ્રિયતમની સાથે ખુલ્લી રીતે વાતચીત કરી શકે, તો પરણ્યા પછી તો તે પોતાના પતિની સાથે ખુલ્લી રીતે હરી ફરી શકે, તેમાં શી નવાઇ? કેટલી મજાની છૂટ? કેવી સ્વતંત્રતા?” તે વાયોલેટની મશ્કરી કરતાં બોલીઃ “પણ વાયોલેટ! તું આ ગૃહસ્થની સાથે પ્યારમાં છે, તે વાત આજસુધી તો તેં મારાથી ગુપ્ત જ રાખી ને?”

“એવી વાત બીજાઓને કહેવાનો અમારો રીવાજ નથી. સખી!

પણ કહે તો, તું કોઇની સાથે પ્યારમાં પડી છે કે નહિ ?" વાયોલેટે પોતાપરનું વાદળું લલિતાને માથે ખસેડવાને પ્રશ્ન કર્યો.

"નહિ જ. અમારામાં પ્યારમાં પડવાનો રીવાજ જ નથી. મધર-ફાધર કોઈ લાયક ગૃહસ્થને પસંદ કરીને મને તેની સાથે પરણાવશે."

વાયોલેટ આશ્ચર્યથી બ્હાવરી બનતી બોલીઃ "શું ? અને તારે તારા ફાધરના પસંદ કરેલ ગૃહસ્થ સાથે પરણવાનું કે ? તારી પસંદગી પૂછવાની પણ નહિ કે ?"

"અમારા હિંદુઓમાં કન્યાની પસંદગી પૂછવાનો રીવાજ તો નથી ? પણ ફાધર સુધરેલા વિચારના છે, એટલે મને પૂછશે ખરા !"

"ઓહ ! પછી તમારો સંસાર ભવિષ્યમાં દુઃખી નીવડે તેમાં શી નવાઇ ? તમે પ્રેમથી પરણતાં જ નથી, તો તમે સુખી કેવી રીતે થઇ શકો ? આ તો એક પ્રકારનું જંગલી લગ્ન કહેવાય ! ડિયર લલિતા ? હું તને કહું છું તું પ્યારમાં પડયા વિના લગ્ન કરીશ નહિ; નહિતો કોઇ લુચ્ચાને હાથે ફસાઈ જઇશ."

"હા, તારો દાખલો જોયા પછી મારા હૃદયમાં પણ એમ જ થઈ આવ્યું છે કે પ્રેમ વિનાનું લગ્ન તે લગ્ન જ નથી. પણ વાયોલેટ ! આ ગૃહસ્થ કોણ છે !"

"તે અમારી ઓફીસના આસિસ્ટંટ મેનેજર છે. ઈંગ્લાંડમાં તેમનું કુટુંબ ખાનદાન ગણાય છે. આબરૂદાર અને કેળવાએલા ગૃહસ્થ છે."

"પણ તે તો તારા ફાધરના હાથ નીચેના એક નોકર ગણાય. તેની સાથેનું તારું લગ્ન, તે તને શરમાવનારું જ ગણાય.

"બિલકુલ નહિ. ગમે તેવો ધંધો કરનારની સાથે પ્રેમમાં પડવામાં દોષ નથી. તેમનું નામ રોબિન્સન છે. બહુ મજાના શિકારી છે, અને તેમની તે બહાદુરીએ મારા અંતરમાં પ્રેમના અંકુર પ્રકટાવ્યા છે, લલિતા ! તે આવતી કાલે તેમના પિતાની તબીયત ખરાબ હોવાને લીધે દેશમાં જાય છે, તેથી અત્યારની તેમની મુલાકાત મને દુઃખ કરનારી થઈ પડી છે; અને સખી–"

"કેમ બોલતાં અટકી ગઈ?"

"હું શું કહું? મને અત્યારે ચેન પડતું નથી. તેમના જવાની વાત સાંભરી આવતાં જ દુઃખ થઇ આવે છે." વાયોલેટે એક ઉંડો નિશ્વાસ નાંખ્યો. લલિતા પણ જાણે કે પ્રેમમાં પડેલાંઓના વિરહસમયના દુઃખની અનુભવિની હોય તેવી રીતે ઓશિઆળે મુખે પોતાની દુઃખી સખીના દુઃખમાં ભાગ લેતી તેને આશ્વાસન આપવા લાગી: "વાયોલેટ! ગભરાવું શામાટે જોઇએ? તેં પેલું નથી વાંચ્યું કે વિયોગ તો પ્રેમની સાંકળને વધારે મજબૂત કરનાર એક કસોટી છે? ખરેખર, અત્યારનું તારા હૃદયનું દુઃખ જોઇને મને તારી દયા આવે છે! પણ હવે ચાલ, ફરવા આવવું છે ના? મિસ્તર રોબિન્સન તને પાલવાપર પાછા મળવા આવનાર છે તે સાંભરે છે ના?"

વિરહદુઃખની કલ્પનાઓમાં વિસ્મૃત થએલું પુનઃ વાયોલેટની સ્મૃતિમાં ઉભરાઇ આવ્યું. તે ઉઠી. અસ્તવ્યસ્ત થઇ ગયેલો પહેરેલો પોષાક પુનઃ જરા સમાર્યો. બન્ને સખીઓ ગાડીમાં બેસીને પાલવાપર જઈ પહોંચી.

* * * * *

"વાયોલેટ! તારા અંતરના દુઃખની કલ્પના અત્યારે હું કરી શકું છું. અહો! પ્રીતિવાળાંઓનાં હૃદય કેટલાં નિર્મળ હોય છે! અત્યારે મને તેનું ભાન થયું. પોતાના પ્રિયતમની સાથે કેટલાક માસ સુધી વાયોલેટ પ્રીતિના ઉત્સંગમાં રહી, એક બીજાનાં હૃદય પરસ્પર ખુલ્લાં થયાં, એક બીજાનાં દર્શનમાં બન્ને આનંદ અને સંતોષ માનવા લાગ્યાં, પછી વિરહમાં તે આનંદ અને સંતોષ ઉડી જતાં કેવી રીતે ચેન પડે? હૃદયમાં ગુંચળાં વળે, કાર્યશૂન્યતા થઈ જાય, ભ્રમણાનો સંચાર થાય, એ બધાં ચિન્હો વિરહદુઃખ આગળ થવાં સ્વાભાવિક છે; અને રોરેજ-લગ્ન થયા પછી જ બહુધા એ દુઃખનો અંત આવે છે. પણ પ્રીતિ વિનાનું લગ્ન તે શા કામનું? જેની સાથે આખું જીવન ગાળવાનું હોય, તેની સાથે પૂર્ણ પ્રીતિ ન હોય, તો જીવતર ધૂળ સમજવું, અંગ્રેજ લોકોનો આ રીવાજ બહુ મજાનો છે. હિંદુઓમાં તેવું કાંઇ નહિ. લાકડે માંકડું વળગાડી દેવામાં આવે અને પછી નસીબમાં હોય તે થાય! કાંતો બન્નેના સ્વભાવ મળતા આવે નહિ એટલે સંસારમાં કલેહ પેસે, અને કદાચિત્ પ્રેમ રહે તો કલહ ન થાય પણ અંગ્રેજ લોકોના જેવું પ્રીતિ જોડકું તો જામે નહિ જ. બહુ ખોટું! હિંદુ સંસારનું બંધારણ બહુ જ ખોટું!" એ પ્રમાણે વિચાર કરવામાં લીન બનેલી લલિતા વાયોલેટની સાથે કિનારાપર આમ તેમ ફરતી હતી. વાયોલેટ પોતાના પ્રિયતમ સંબંધી વિચારમાં ગુંથાએલી હતી અને લલિતા પોતાના આ વિચારમાં ગુંથાએલી હતી, એટલે બન્ને જણ મુંગાં મુગાં આમ તેમ ફરતાં જ હતાં

કેટલીક વારે લલિતા ચુપકી તોડીને બોલી: "અને વાયોલેટ! તારા કહેવા ઉપરથી તો એમ જ જણાય છે કે તમે જે કોઇના

સમાગમમાં આવો તેની સાથે તમારે વાતચીત થઇ ન હોય, તો પછી તમે તેની સાથે કેવી રીતે પ્યારમાં પડી શકો ? "

" એ વાત બરાબર છે. એક બીજાના સહવાસમાં રહીને એક બીજાની પ્રકૃતિનો અનુભવ લીધા વિના અમે પ્યારમાં પડતાં જ નથી. હા, કેટલીક વાર એમ બને છે ખરૂં કે કોઇ પુસ્તકમાં કે ન્યુસપેપરમાં કોઇનું વર્ણન કે વિદ્વત્તા વાંચીને કેટલીક અંગ્રેજ કુમારિકાઓ પ્યારમાં પડે છે, અને પત્રવ્યવહાર કરે છે, પણ લગ્ન પહેલાં તેઓએ મળવું તો જોઇએ જ અને એક બીજાના સહવાસમાં રહેવું જ જોઈએ. તે સિવાય લગ્ન થઇ શકે નહિ."

" બહુ મજાનો રિવાજ છે. " લલિતાએ એકદમ ઉદ્‌ગાર કાઢયા : " વાયોલેટ ! લગ્નની બાબતમાં તો અમે હિંદુઓ બહુ જ દુ:ખી છીએ ! પતિનું મ્હોં પણ જોવા દીધા સિવાય વડીલો અમારૂં લગ્ન કરે, તે અમોને કબુલ રાખવું પડે છે ! "

" અને તારા પિતા પણ તારા સંબંધમાં શું એમ જ કરશે કે?"

લલિતા ક્ાંઇક વિચારમાં પડતી ખિન્ન વદને બોલી: " તે બાબત હું કાંઇ કહી શકતી નથી; પણ તારો દાખલો જોયા પછી મેં એમ ચોક્કસ કર્યું છે કે હું પ્યારમાં પડયા સિવાય લગ્નની ગાંઠથી બંધાઇશ નહિ. પિતાજી નવા વિચારવાળા છે એટલે એમ બનવું સંભવિત છે. "

આ વાતચીત ચાલતી હતી, એટલામાં રાત્રિ પડી ગઇ અને સર્વત્ર અંધકાર વ્યાપી ગયો. વાયોલેટ પોતાના પ્રિયતમની રાહ જોતી આમતેમ નજર કરતી હતી, પરંતુ હજી તે ક્યાંય જોવામાં આવતો ન હતો. વાયોલેટની ખાત્રી હતી કે તે પોતાના વચન પ્રમાણે મળવા આવ્યા સિવાય રહેશે તો નહિ જ, તોપણ વાયોલેટ

વારંવાર અધીરી થઇ જતી હતી અને લલિતા તેની તે સ્થિતિનું અવલોકન કરતી શરમાતી હતી કે: “ વાયોલેટની પેઠે મારા હૃદયનો મિત્ર કોઇ પણ નહિ શું ? ”

પાએક કલાક ચાલ્યો ગયો. લલિતા સંસારમાં પોતાની એકાકિની સ્થિતિથી લગ્નનો અભિલાષ કરતી ખિન્ન થતી હતી, ત્યારે વાયોલેટ પ્રીતિના પ્રથમ પરિચય ઉપર ઝઝુમતા વિરહાગ્નિને જોતી ખિન્ન થતી હતી : એટલામાં સર્વત્ર પ્રસરી રહેલી શાંતિને ભગ્ન કરતો, શાંત ચિત્તોને ત્રાસ ઉપજાવતો અને સઘળા ફરવા આવનારાઓને વિસ્મિત કરતો એક અવાજ આ બન્ને સખીઓની પાછળ પણ નજીકમાં સંભળાયો ! તે સાથે જ એક કારમી અને ભયાનક ચીસ સંભળાઈ!! વાયોલેટ તે ચીસ ભણી દોડી ગઈ તો તેણે રોબિન્સનને ઘાયલ થઇને તરફડીયાં મારતો જોયો ! ! !

* * * * *

લલિતા પણ પોતાની સખીની પાછળ દોડી ગઇ અને તેણે પણ રોબિન્સનને ઓળખ્યો. પોતાના પ્રિયતમની આ સ્થિતિ જોઇને વાયોલેટ એક ભયંકર ચીસ પાડતી અર્ધમૂર્છિત થઇ ગઇ અને પાછળ ઊભેલી લલિતાના શરીરપર પડી. બંદુકના જેવો અવાજ થતાં જ લોકો રોબિન્સનની ચીસ સાંભળી તે તરફ ખેંચાઇ આવ્યા હતા અને માત્ર થોડી સેકંડમાં લોકો ઘાયલ થએલાની આસપાસ મોટા ટોળામાં એકઠા થઇ ગયા. આ સઘળો પ્રકાર અચાનક બનેલો જોઇને લલિતા ગભરાઇ અને તેણે પોતાના પર પડતી વાયોલેટના શરીરને સાચવી રાખી તેને ભાનમાં આણી. લોકો ઘાયલ થએલા યુવકને ઓળખવાને તેના મ્હોં સામે જોઇ રહ્યા, કોઇ દીવાસળી સળગાવી તેના મ્હોંપર પ્રકાશ નાંખી તેને ઓળખવાને પ્રયત્ન કરવા

લાગ્યા, ત્યારે કોઈ તે અવાજ કયાંથી આવ્યો અને કોણ હરામખોરે આ ભયંકર કામ કર્યું તેની તપાસ કરવા લાગ્યા. સ્વલ્પ સમયમાં પોલિસના ચાર માણસો આવી પહોંચ્યા અને તેમણે ખૂની બદમાશની તપાસ કરવા માંડી પણ તેમાં તેમને નિષ્ફળતા મળી.

વાયોલેટ આંખોમાંથી આંસુડાં ખેરવતી પોતાના પ્રિયતમની પાસે બેઠા અને તેને કયાં વાગ્યું છે, કેટલી ભયંકર ઇજા થઇ છે, તે જીવે છે કે નહિ તેની તપાસ કરવા લાગી. લોકોના ટોળામાંથી કોઇ કાળમુખો બોલી ઉઠ્યો: “એ તો રામ રમી ગયા જ હશે” અને તે સાથે વાયોલેટનું કોમળ હૃદય, વિજળીના પડવાથી વૃક્ષ કડકડ કરતું દગ્ધ થઇ જાય, તેવી રીતે દગ્ધ થવા લાગ્યું. અનેક અમંગળ શંકાઓથી જ તેનું હૃદય આવૃત્ત થઇ જવા લાગ્યું. લલિતા પણ રોબિન્સનનાં કપડાં સમારતી બોલી: “ભાઇઓ! જરા અમને મદદ કરો તો અમે આને ગાડીમાં નાંખી ઇસ્પિતાલ તરફ લેઈ જઈ શકીએ.”

સ્ત્રીઓના કોમળ હૃદયની માંગણીને લાગણીવાળા પુરૂષોથી માન આપ્યા સિવાય રહેવાતું નથી. “અરે, મરી ગયો હશે, અભડાવું પડશે-કપડાં ભીનાં કરવાં પડશે,” એમ કોઇ બોલી ઉઠયું, એટલે માણસોના ટોળામાંથી બે હિંદુઓ બહાર પડતા હતા, તેઓ અચકાઇ ગયા.

“સાબાશ છે, મારા ભાજીખાઉ હિંદુઓને હં! મુસ્કેલીના વખતમાં ઇનસાને ઈનસાનને મદદ કરવી જોઇએ, તેને બદલે મદદ કરવા બહાર પડનારાઓને બી રોકી રાખનારાઓને થેંકસ ઘટે છે.” એમ કહી એક બુઢ્ઢો પારસી બહાર આવ્યો અને તેની સાથે એક ચીંથરે હાલ દેખાતો ઘાટી, એક યુરોપિઅન તરૂણ અને એક ખ્રા-

ત્રણ યુવાન્ બહાર આવ્યા. તેમણે રોબિન્સને સાચવીને ઉપાડયો અને લલિતાની ગાડીમાં સુવાર્યો. ગાડી જમસેદજી જીજીભાઇ હોસ્પીટલ તરફ ચાલી.

રોબિન્સનને ઇસ્પિતાલમાં પહોંચતો કરવવામાં આવ્યો કે તુરત એક પોલિસ ઇન્સ્પેકટર આવ્યો. તેણે રોબિન્સનની જુબાની લેવા માંગી, પરન્તુ તે હજી સાવધ થવા પામ્યો ન હતો. વાયોલેટે જુબાની આપતાં જણાવ્યું કે "તે મારા મિત્ર થાય છે અને તેમના તરફ કોણે ગોળીબાર કર્યો તે મારા જાણવામાં આવ્યું નથી."

ઇન્સ્પેકટરે પૂછ્યું: "ત્યારે તમને કોઇના ઉપર શક છે?"

"નહિ જ, મને બિલકુલ શક નથી. કોઇ ભળતા જ માણસનું નામ આપીને હું કોઇ નિર્દોષને શામાટે હેરાન કરૂં?" વાયોલેટે કહ્યું.

ઇન્સ્પેકટર ચાલ્યો ગયો અને ઇસ્પીતાલનો એક ડાક્ટર ત્યાં આવી પહોંચ્યો. તેણે રોબિન્સનનું શરીર તપાસ્યું. તેટલો વખત વાયોલેટ અને લલિતા ડાક્ટરના મ્હોં સામે એકીટસે જોઇ રહ્યાં. ડાક્ટર તપાસ કરી રહ્યો એટલે વાયોલેટે ઉત્સુકતાથી તેને પૂછ્યું: "કેમ, સાહેબ! આપને કેમ જણાય છે?"

"ઇજા કાંઇ ભયંકર નથી, પણ તેની અસર શરીરપર ભયંકર થએલી માલૂમ પડે છે. તેમને માત્ર ગોળીબાર આ ડાબા હાથના કાંડામાં જ લાગ્યો છે, પણ ગોળી આરપાર થઇને ચાલી ગએલી હોવાથી હાથની નાડી અને કેટલીક રગો તૂટી ગઇ છે. તેમનો હાથ તેટલેથી કાપી નાંખવાની જરૂર પડશે અને ત્યારપછી હું તમને કહી શકું કે બચવા પામશે કે નહિ. અત્યારે તો હું કોઇ પણ પ્રકારનું ચોક્કસ મત બાંધી શકું તેમ નથી."

આ ઉત્તર સાંભળતાં જ વાયોલેટે એક ઉષ્ણ નિઃશ્વાસ નાંખ્યો અને તે પોતાના બે પગ વચ્ચે માથું નાંખીને રડી પડી. ડાક્ટર આશ્વાસન આપતો બોલ્યોઃ " તમે ગભરાઓ છો શામાટે ? કાંઇ તદ્દન આશા મૂકી દેવાનું કારણ નથી."

ડાક્તર ચાલ્યો ગયો. પોતાની સખીના દુઃખથી લલિતાનું હૃદય પણ વીંધાઈ જવા લાગ્યું. ક્યારની પહેલી મુસીબતનું આજે તેને ભાન થયું. ક્યાં અચાનક રોબિન્સનના પિતાની માંદગી, ક્યાં તેનું સ્વદેશમાં જવાને તૈયાર થવું. ક્યાં આ પ્રિયતમ પ્રેયસીના ઉછરતા પ્રેમમાં વિરહ પડવો અને ક્યાં આ અકસ્માત્ થવો ? આ સઘળા પ્રસંગો લલિતાના મગજમાં તરી આવ્યા. તેણે વાયોલેટના પિતા મી. શાર્પને આ ખબર પહોંચાડવા જવાનું વાજબી માન્યું. ઇસ્પીતાલમાં એવું કોઇ પણ માણસ નહોતું કે જે આ ખબર ત્યાં પહોંચાડી શકે; એટલે લલિતા વાયોલેટને કહીને પોતાની ગાડી લેઇને બંગલે જઈ પહોંચી. વૃદ્ધ શાર્પ સાહેબે ગાભરા ગાભરા રોબિન્સનને આ અકસ્માત્ થયાના ખબર સાંભળ્યા અને એકદમ ઇસ્પિતાલમાં આવી પહોંચ્યા. રોબિન્સનની શી સ્થિતિ થાય છે, તે જાણવાને લલિતા એટલી આતુર થઇ રહી હતી કે તે પણ શાર્પ સાહેબની સાથે પાછી ઇસ્પિતાલમાં આવી. તે વખતે રોબિન્સનની મૂર્છા વળી હતી, પરન્તુ તેનામાં બોલવા–ચાલવાની શક્તિ ન હતી. શાર્પ સાહેબ પણ પોતાની ઓફીસના એક મુખ્ય માણસની-અને વધારે તો પોતાની પુત્રીના પ્રિયતમની આ દશા જોઇને અત્યંત શોકાતુર થઈ ગયા. પિતાને જોઇને વાયોલેટને પણ દુઃખ થઈ આવ્યું. બિછાનામાં પડ્યો પડ્યો રોબિન્સન પોતાની પ્રિયતમાના દુઃખને સહી શક્યો નહિ અને જોકે તેનામાં બોલવાની શક્તિ નહોતી, તોપણ તેણે

પોતાનો જમણો હાથ વાયોલેટના ખભા ઉપર મૂકીને તેને શાંત રહેવા ઇશારત કરી.

શાર્પ સાહેબને પુત્રીના દુઃખનો એક કારી ઘા વાગ્યો. રોબિન્સન આ અકસ્માતમાંથી બચવા પામે, તેવો તેને ઓછો વિશ્વાસ હતો. સૌથી વધારે દયા **શાર્પ** સાહેબને રોબિન્સનના વૃદ્ધ પિતાની આવી કે જે અત્યારે ઇંગ્લાંડમાં ભયંકર માંદગીને બિછાને પડયો હતો અને જેની તબીયત જોવા જવાને રોબિન્સન અતિ આતુર થઇ રહ્યો હતો. સાહેબના મગજમાં વિચાર ઉભરાઈ આવ્યોઃ "અરેરે ! આ કેવી દુઃખકર ઘટના ? એક બાજુએ જ્યારે પિતા મૃત્યુના મુખમાં પડ્યો છે, ત્યારે બીજી બાજુએ તે બિચારાને ખબર પણ નથી કે મારો પુત્ર પણ અત્યારે કાળના વિકરાળ મુખમાં જ છે ! કેવી દયાજનક સ્થિતિ ? !" **વાયોલેટના** અંતરના દુઃખની કલ્પના પણ વૃદ્ધ **શાર્પ** સાહેબ કરી શક્યા. **વાયોલેટ** એક કોમળ હૃદયની ઉછરતી બાળા છે, સ્વલ્પ દુઃખના આંચકાથી પણ તે કોમળ કેલિ વૃક્ષની પેઠે કમ્પી ઉઠે છે, તે તેનો પિતા સારી પેઠે જાણતો હતો અને તેને એવો ભય પણ ઉત્પન્ન થયો હતો કે રખેને આ દુઃખનો આંચકો **વાયોલેટના** નાજુક શરીરને પણ માંદગીમાં સપડાવી દે !

શાર્પ સાહેબ રોબિન્સનનું શરીર તપાસતા હતા, એવામાં ડાક્તર પોતાનાં કાપવાકુપવાનાં ઓજારોની પેટી સાથે આવી પહોંચ્યો. **શાર્પ** સાહેબને બીજા ઓરડામાં લેઈ જઇને રોબિન્સનનો હાથ કાપી નાંખવો પડશે એમ ધીમેથી કહ્યું. રોબિન્સન અત્યારે ભાનમાં હતો અને તેનો હાથ કાપી નાંખવાની વાત તે સાંભળે તો તેના હૃદયને દુઃખનો બીજો ધક્કો લાગે એવા ભયથી ડાક્તરે આ વાત **શાર્પ** સાહેબને ખાનગીમાં જ કહી. **શાર્પ** સાહેબે લાચારી સાથે

જણાવ્યું: " ડાક્તર સાહેબ ! આપની સૂચનાને મારે માન્ય રાખવી જ જોઇએ. તેનો જીવ બચાવવાને આપને જેમ ઠીક લાગતું હશે, તેમ કરતા હશો, તેમાં મારે શામાટે ગેરવાજબી માથું મારવું જોઇએ ? હું તો ઇચ્છું કે તેનો હાથ ન કપાય અને તે સાજો થાય, પણ જ્યારે તમોની સલાહ પ્રમાણે તેમ ન થઇ શકે, ત્યારે એક હાથને ભોગે પણ તેનો જીવ તો બચાવવો જ તો !" એટલા શબ્દોની સાથે વૃદ્ધ શાર્પ સાહેબે એક ઉષ્ણ નિ:શ્વાસ નાંખ્યો, અને તે પાછા દર્દીના ઓરડામાં આવ્યા.

ડાક્તરે રોબિન્સનને ક્લોરોફૉર્મ આપ્યું, અને થોડી વારે રોબિન્સન ગાઢ નિદ્રામાં પડયો. ડાક્તરે પોતાની શસ્ત્રપેટી ઉઘાડી અને તેમાંનાં ચકચકતાં ઓજારો જોતાં જ વાયોલેટ ગભરાટથી ચીસ પાડી ઉઠી: " ડાક્તર સાહેબ ! આપ એ શું કરો છો ? શું મારા પ્રિયતમનો હાથ તમે કાપી નાંખશો ? નહિ, નહિ, ખુદાની ખાતર તેમ ન કરો !"

ડાક્તરે કહ્યું : " બ્હેન ! તમારા પ્રિયતમનો જીવ બચાવવાને માટે તે માત્ર એકલો જ ઉપાય છે, અને પછી તમે શામાટે આડાં આવો છો ?"

" નહિ, સાહેબ ! તેમનો હરકોઇ બીજે ઉપાયે જીવ બચાવો પણ તેમને તમે જીંદગીના એક અમૂલ્ય સાધન વિનાના કરી નાંખો તે હું કેમ જોઇ શકીશ ?"

શાર્પ સાહેબે કહ્યું : " દિકરી ! થોડાને ભોગે ઘણું મળે, ત્યારે તે થોડું જવા દેવું જ વાજબી ગણાય. મી. રોબિન્સનના એક ડાબા હાથને ભોગે તેમનો જીવ બચતો હોય, તો તેમ શામાટે ન કરવું ?"

વાયોલેટ પિતાના શબ્દો સાંભળીને ચૂપ રહી અને આંખોમાંથી

આંસુ વર્ષાવવા લાગી. ડાક્તરની સૂચનાથી લલિતા તેને સમજાવીને બહાર લેઇ ગઈ. ડાક્તરે શાર્પ સાહેબને પણ કહ્યું : " જો આપનાથી પણ આ કામ જોઇ શકાય તેમ ન હોય, તો આપ બહાર જતા રહો. કાપકુપની ક્રિયા ઘણી વાર માણસના મગજ ઉપર ખરાબ અસર કરે છે."

"હા, સાહેબ! મારાથી પણ તે જોઇ શકાશે નહિ. હું પણ બહાર જઉં છું." એમ કહી શાર્પ સાહેબ દર્દીના ઓરડાની બહાર ચાલ્યા ગયા. ડાક્તરે પોતાના બે માણસોને બોલાવ્યા. ઓરડો બંધ કરવામાં આવ્યો રોબિન્સનના ડાબા હાથનું કાંડું કે જેમાં ઇજા થઇ હતી ત્યાંથી તેના હાથને કાપીને છુટો કરવામાં આવ્યો.

* * * * * *

વાયોલેટના દષ્ટાંતપરથી લલિતાને એક નવીન શિક્ષણ મળ્યું હતું કે પ્યારની મુસીબતોમાંથી પસાર થયા સિવાય પ્યારની કીંમત આંકી શકાતી નથી. પણ તે મુસીબતો જ્યારે રોબિન્સનના જેવી હોય છે, ત્યારે ઘણા લાંબા વખત સુધી શોકને સળગતો રાખે તેવી તે નીવડે છે. રોબિન્સનનો એક હાથ કાપી નાંખવામાં આવ્યો અને તે કદાચ જીવવા પામે, તોપણ એવા ખોડીલા પતિને કબુલ રાખવાનું વાયોલેટથી થઇ શકશે કે કેમ તે એક એવો મહત્ત્વનો પ્રશ્ન હતો કે જેનું નિરાકરણ કરવાનું કાર્ય લલિતાના સુકોમળ અને પ્રેમના માત્ર થોડા કલાકના દાર્શનિક અનુભવવાળા મગજને બહુ ભારે થઇ પડયું. તેણે વિચાર્યુંઃ " જો વાયોલેટની પ્રીતિ દઢ જ હોય તો તેણે તેવા પતિને પણ પરણી લેવું જોઇએ; પરન્તુ તે સંભવિત છે શું ? આખા ભવની જંજાળ ! એક સ્રી પ્રેમ વિનાનો પતિ પસંદ જ કરતી નથી, કારણકે તેને આખા ભવ સુધી રીબાવું

પડે છે. તેવી જ રીતે રોબિન્સન જેવા ખોડીલા પતિને પરણવાથી પણ બિચારી વાયોલેટને રિબાવું જ પડે. તેવા પતિ ઉપર પ્રીતિ કેવી રીતે ટકી શકે? સારા માણસોમાં તેવાની સાથે બેસતાં ઉઠતાં પણ શરમ થાય અને સૌથી હલકા ગણાવું પડે."

આ ભાવ ઉત્પન્ન થતાંની સાથે લલિતા શુદ્ધ પ્રેમના સ્વરૂપને કેવળ ભૂલી ગઇ. પોતાનો નિર્જીવ સ્વાર્થ તેની આંખો સામે આવીને ઊભો રહ્યો. પરણવું તે માત્ર પતિની સાથે હરવા-ફરવા અને બીજા લોકોમાં દમામદાર દેખાવા માટે છે, એવું માનનારી લલિતાની પહેલાંની ઊર્મિયો પાછી મગજમાં ઉભરાઇ આવી. કોઇ દેખાવડા, વિદ્વાન્ કે કીર્તિવાળા-પતિને પરણવાથી જનસમાજમાં પોતાને સારૂં માન મળે છે, એવું લલિતા માનતી હતી અને જોકે વાયોલેટના ચરિત્રપરથી શુદ્ધ પ્રેમની પ્રતિમા તેના હૃદયમાં કિંચિત્ અંશે સ્થાપિત થવા પામી હતી, તોપણ પુનઃ પૂર્વના સંસ્કારો તરી આવ્યા અને નવીન શિક્ષણને તે ક્ષણભર ભૂલી ગઇ. અંગ્રેજ છોકરીઓમાં પોતાના પરણેલા કે કુંવારા પ્રિયતમની સાથે ફરવા-હરવાનું, છૂટથી વર્તવાનું એવું ઘણું સાધારણ છે; તેમનાં પ્રેમપ્રદર્શનો દેશીઓના હૃદયમાં પણ કેટલીક વાર ઉચ્ચ ભાવના ઉત્પન્ન કરે છે; તેમની છૂટથી હરવા ફરવાની રીતિમાં મધુરતા-સુંદરતા અને પ્રેમવૃદ્ધિનું દર્શન થાય છે; તેમનો બીજાં આબરૂદાર કુટુંબો સાથેનો સહવાસ તેમને સંસારની રીતભાતોનું ઘણું સારૂં શિક્ષણ આપે છે; પરન્તુ આપણા દેશીઓ તો તે સઘળામાંથી કાંઇ જૂદું જ શીખે છે! તેઓ અંગ્રેજી સંસારનું અનુકરણ કરવામાં શૂરાપૂરા હોય છે, પણ અંગ્રેજોના તે રીવાજોમાં જે ઉમદા હેતુ સમાએલો હોય છે, તે હેતુ દેશીઓના અનુકરણરૂપ વર્તનમાં સમાએલો હોતો નથી. તેઓ માત્ર અંગ્રેજોની

નકલ કરે છે-પણ તે એક વાંદરાની પેઠે કાંઇ પણ સમજ્યા વિના જ! પ્રિયતમની સાથે પ્રેયસીએ છૂટથી હરવું ફરવું તેમાં અંગ્રેજી રીતિને અનુસરીને પ્રેમવૃદ્ધિનો હેતુ સમાએલો હોય છે, ત્યારે દેશી સ્ત્રીઓ તેમ કરે છે. પણ પ્રેમવૃદ્ધિના હેતુનો વિચાર કરવાને નામે મોટું શૂન્ય હોય છે! આબરૂદાર કુટુંબોની સાથે સહવાસ રાખી તેમની મુલાકાતે અવારનવાર જવું, તેમાં અંગ્રેજો પોતાના સાંસારિક સંબંધને વધારે ઘાડો કરવાનો હેતુ ધરાવે છે, ત્યારે મુંબાઇની શેઠાણીઓ પોતાના વૈભવનું પ્રદર્શન કરવાને શરીરપર ઝવેરાતનો ગાંસડો લાદીને ગાડીઓમાં બેસી પોતાનાં ઓળખાણવાળાંઓમાં ફરે છે! અંગ્રેજ યુવક-યુવતીઓનાં પ્રેમપ્રદર્શનો હૃદયપૂર્વકનાં હોય છે, ત્યારે સુધરેલાં દેશી નવદંપતીઓ નાટકના એક્ટરોની પેઠે પ્રેમપ્રદર્શન ભજવી જતાં જ દેખાય છે!

વાયોલેટના વર્તનની લલિતાના હૃદયપર શું અસર થઈ? વાયોલેટ અને રોબિન્સનના મેળાપ અને પ્રેમપ્રદર્શનને તેણે એક ઘણો સુંદર દેખાવ માન્યો; પણ તેના હૃદયમાં તે દેખાવની સુંદરતાની જ અસર માત્ર રહી; તેમાં સમાએલો સત્પ્રેમ તેની સ્મૃતિમાંથી છટકી ગયો. તેના મગજમાં એ ભાવ ઉભરી આવ્યો કે "વાયોલેટ તેવા ખોડીલા પતિને હવે કેવી રીતે પરણી શકશે?" દેશીઓના સંસારની-તેમના સાંસારિક પ્રેમની નિર્બળતા આ સ્થળે જ રહેલી છે.

સ્હવારમાં ઉઠીને લલિતા ચાહ પીતી આ વિચારમાં જ લીન થઈ ગઇ હતી, એવામાં મંગળદાસનું ત્યાં આગમન થયું. ગોપાળરાય શેઠ પોતાના દિવાનખાનામાં બેઠા બેઠા ચાહ પીતા હતા ત્યાં મંગળદાસ જઈ પહોંચ્યા. શેઠે સત્કાર કરતાં કહ્યું: "આવો, મંગળદાસ! કેમ, શી ખબર છે?"

"આનંદ કુશળ છે." મંગળદાસે પ્રત્યુત્તર આપ્યો: "આજે કેટલાક દિવસ થયાં તમને મળ્યો ન હતો, એટલે એમ થઇ આવ્યું કે જરા મળી આવું."

"વારૂ, પણ આપણે વેવીશાળનું આજે નક્કી કરી વાળીશું ત્યારે?" ગોપાળરાયને એકાએક સાંભરી આવતાં કહ્યું.

મંગળદાસે કિંચિત્ સ્મિત કરી કહ્યું: "હમણાં એકાદ માસ મુલ્તવી રાખવું પડશે, કારણકે કાન્તિલાલ બે દિવસ પહેલાં એના એક મિત્રની સાથે મુસાફરીએ ગયો છે."

"વારૂ, એકાએક મુસાફરીએ જવાનું કારણ શું?" ગોપાળરાયે કાંઇક આશ્ચર્ય સાથે પૂછયું.

"કારણ કાંઇ ન હતું, પણ બંગાળા અને રાજપૂતાનામાંનાં કેટલાંક ઐતિહાસિક પ્રાચીન સ્થળો જોવાની એને ખંત હતી અને વળી તેનો એક મિત્ર જતો હતો, એટલે તે પણ સાથે ગયો છે; એકાદ મહિનામાં પાછો ફરશે."

"વારૂ, ભલે, મારે પણ પંદરેક દિવસ પછી લલિતપુર જવાનું છે; ત્યાંના રાજાનાં લગ્ન છે અને દીવાનનો આગ્રહ છે, એટલે જનાર છું. પંદરેક દિવસ ત્યાં રહેવાનું થશે અને કાન્તિલાલ આવશે તે અરસામાં હું પણ પાછો ફરી ચૂકયો હોઇશ." ગોપાળરાયે નીવેડો લાવતાં કહ્યું.

ત્યારબાદ બન્ને વચ્ચે મીલોની સ્થિતિ અને વ્યાપારને લગતી કેટલીક વાતચીત નીકળી. મંગળદાસે કેટલાક ડાયરેકટરોની વિરૂદ્ધતાની વાત કહી પણ ગોપાળરાયે તેને હીંમત આપી અને જણાવ્યું કે "જ્યાંસુધી હું ચેરમેન છું, ત્યાંસુધી બીજાઓ ધૂળ ફાકે છે." એવી એવી ઇધર તીધર વાતો કરી મંગળદાસે રજા લીધી.

મંગળદાસ ગયા કે તુરત જ લલિતાએ પિતાના દીવાનખાનામાં પ્રવેશ કર્યો અને પૂછ્યું: "ફાધર! હમણાં કોના વીવેશાળની વાત ચાલતી હતી?"

શેઠે જરા સ્મિતપૂર્વક કહ્યું: "બ્હેન, તારા જ તો; હવે તું મોટી થઈ, તને પરણાવવી જોઇએ ના?"

લલિતા શરમાઇ અને નીચું જોઇ રહી. તેના ગુલાબી ગાલ-પર શેરડા પડ્યા અને હૃદય ધડકવા લાગ્યું. શેઠ પુત્રીનો આ ભાવ જોઇને બોલ્યા: "એમાં શરમાય છે શામાટે? તારે તે સંબંધે કાંઈ કહેવું છે? કહેવું હોય તે ખુશીથી કહે, શરમાઇશ નહિ." પિતાના ઉત્તેજનથી શરમના પડદાને લલિતા તોડી શકી અને તે બોલી: "લગ્નપર આખી જીંદગીની સફળતા-નિષ્ફળતાનો આધાર છે, માટે તેના સંબંધમાં પૂરતો વિચાર થવો જોઇએ."

"વિચાર તો મેં પૂરતો કર્યો છે. કાન્તિલાલ તે મંગળદાસનો પુત્ર થાય અને હાલમાં બી. એ. નો અભ્યાસ કરે છે. ચળકતી બુદ્ધિનો યુવક છે, તને બરાબર યોગ્ય છે, છતાં વેવીશાળ કર્યાં પ-હેલાં હું તારી સંમતિ લીધા વિના રહેત નહિ, લલિતા!" શેઠે કહ્યું.

"તે ખરૂં, પણ સંમતિ કરતાં કાંઇ વધારે થવું જોઇએ. અં-ગ્રેજો લગ્ન કરવામાં આટલી ઉતાવળ કરતા નથી. શાર્પ સાહેબની વાયોલેટ મી. રોબિન્સનની સાથે બાર માસ થયાં લ્હવમાં હતી અને તેમનાં લગ્ન થનાર હતાં, એવામાં કાલે એકાએક અકસ્માત્ થયો અને રોબિન્સનનો એક હાથ કાપી નાંખવો પડ્યો. હવે આટલા વખતનો લ્હવ હોવા છતાં તે લગ્ન થાય એવો હવે મને ભરોસો નથી."

"ઓહો! રોબિન્સનનો હાથ કાપી નાંખવો પડ્યો શું? શાર્પ સાહેબની ઓફીસનો કેવો ચાલાક માણસ હતો? વારૂ, તેને શું ઈજા થઇ?"

"પાલવાપર કોઇ બદમાશના ગોળીબારથી તેમ થયું છે. ગુન્હેગાર હજી પકડાયો નથી અને રોબિન્સન ઇસ્પીતાલમાં પડ્યો છે."

શેઠ થોડી વાર વિચારમાં પડ્યા અને કહ્યું: "ત્યારે તું એમ જ કહે છે કે લ્હવમાં પડ્યા પડેલાં લગ્ન થવાં ન જોઇએ, એમ જ ને? વારૂ, ભલે, તો પછી ઉતાવળ નહિ કરીએ, જેવી તારી ઇચ્છા." એમ કહી શેઠ ઉઠ્યા. લલિતાને મન ભાવતું થયું. તેને હવે જોઇતી સ્વતંત્રતા મળી ચૂકી અને વાયોલેટે ભય દર્શાવ્યો હતો કે "હિંદુઓમાં પ્રેમ વિનાનાં લગ્ન થાય છે, તેમ તારૂં પણ થશે," એ ભય તેના હૃદયમાંથી દૂર થયો.

પ્રકરણ ૧૦ મું.

બે બ્હેનો-લતા અને લલિતા.

ભદ્રપુરનાં પાત્રો તરફ હવે આપણે વળીશું. દિવસો પછી દિવસો ચાલ્યા જવા લાગ્યા, પણ રસિકલાલના મગજમાંથી શારદાગૌરીનું ચિત્ર દૂર ખસવા પામ્યું નહિ. તેની સ્થિતિ, તેની મનોવૃત્તિ અને તેની માંગણી વિષેના વિચારમાં રસિકલાલ વારંવાર પડી જતો. જ્યારે જ્યારે તે એકલો પડતો ત્યારે ત્યારે તેના સ્મરણમાં શારદાગૌરીનો પ્રસંગ જ ઉભરાઇ આવતો અને તે સમયે તે વૃત્તિશૂન્યના સરખો થઇ જતો. દીવાન શાન્તિપ્રસાદનો જ તે મેમાન થઇ રહ્યો હતો, તોપણ તેનો ઘણોખરો વખત સૂર્યસિંહના સહવાસમાં જતો. સૂર્યસિંહના લગ્નના દિવસો નજીકમાં આવતા જતા હતા, છતાં સૂર્યસિંહને મન તે કાંઇ અસાધારણ પ્રસંગ જણાતો નહિ. ધામધૂમો થતી, બાગબગીચા શ-

ણગારવામાં આવતા, મેમાનોનો સત્કાર કરવાની જૂદા જૂદા પ્રકારની સામગ્રી તૈયાર થતી, પરન્તુ સૂર્યસિંહને તેમાંના કોઇ પણ બનાવ તરફ નજર કરવાનું મન થતું નહિ. તેનાં પુસ્તકો અને તેનું વાચનાલય, એમાં જ તે આખો દિવસ મગ્ન રહેતો. સ્હવારે, સાંજે અને રાત્રે રસિકલાલ તેને નિયમિત મળવા જતો અને તે વખતે સાહિત્યને લગતા અનેક પ્રસંગો વાતચીતમાં ઉપસ્થિત થતા. કોઈ વાર અંગ્રેજી કવિઓના કાવ્યચાતુર્યનો મહિમા ગવાતો, તો કોઇવાર સંસ્કૃત મહાકવિઓની કલ્પનાઓની સાથે ઉર્દૂ ભાષાના કવિઓની તુલના થતી. કોઇ વાર તત્ત્વજ્ઞાન તો કોઈ વાર જડવાદ સંબંધે ચર્ચા ચાલતી અને સૂર્યસિંહને તે સંબંધે વાતચીતો ચલાવવામાં રસિકલાલના સહવાસથી વિશેષ આનંદ મળવા લાગ્યો. એક રાજા તરીકેના સૂર્યસિંહના વિચારોમાંથી પણ રસિકલાલને ઘણું જાણવાનું મળતું. શાંતિપ્રસાદ લગ્નની ધામધુમને લગતી તૈયારીઓમાં એટલો બધો ગુંચવાઇ ગયો હતો કે તેને રસિકલાલના કુશળ સમાચાર પૂછવાનો અવકાશ પણ ભાગ્યે જ મળતો; તોપણ રસિકલાલનો સમય રાજાના સહવાસમાં અત્યંત વિનોદ સાથે જતો હતો અને તે શાંતિપ્રસાદને કહેતો કે "તમારા વિદ્વાન્ રાજાના સહવાસમાં મારો આખો દિવસ એક પળની પેઠે વ્યતીત થઇ જાય છે."

છેવટે લગ્નના દિવસને માત્ર ત્રણ દિવસ બાકી રહ્યા. રાજવધૂને તેડવા માટે ખાંડુ મોકલાઈ ચૂક્યું અને જૂદા જૂદા ગામ-પર ગામના રાજપ્રતિનિધિઓ લગ્ન પ્રસંગે આવી પહોંચ્યા હતા. કેટલાક ગામના પાટવીઓ, કેટલાક ગામના દીવાનો, કેટલેક સ્થળેથી પ્રતિનિધિઓ, એવા સંખ્યાબંધ અતિથિઓથી ભદ્રપુર ઉભરાઇ જવા લાગ્યું. રાજા સૂર્યસિંહ તે સઘળા નવા આવેલા મેમાનોની સ્હવારમાં

મુલાકાત લેતો અને પુનઃ પોતાના વાચનાલયમાં પેસી જતો. આજે રસિકલાલ જ્યારે તેને મળવા આવ્યો, ત્યારે સૂર્યસિંહ પોતાના વાચનાલયમાં એક મખમલના કોચપર પડયો હતો. આજની રાજાની સ્થિતિ રસિકલાલને કાંઈક નવાઈ ઉત્પન્ન કરે તેવી જણાઇ. સ્હવારમાં હમેશાં વાંચવાનો અને લખવાનો સૂર્યસિંહનો નિયમ હતો અને આજે તેને સુસ્ત પડેલો જોઇને રસિકલાલને આશ્ચર્ય થાય, તે સ્વાભાવિક હતું. સૂર્યસિંહની આંખો મીંચેલી હતી, કોણી નીચે એક પુસ્તક પડેલું હતું અને જાણે કે તેનું શરીર અસ્વસ્થ હોય તેવી રીતે તે પડયો હતો. રસિકલાલના આવવાના ખળભળાટથી સૂર્યસિંહે પોતાની આંખો ઉઘાડી અને રસિકલાલને જોઇને તે સ્વસ્થ બની કોચપર બેઠો.

રસિકલાલે પ્રશ્ન કર્યો: "આજે શરીર કાંઇ અસ્વસ્થ છે ?"

"શરીર અસ્વસ્થ નથી, પણ મન તો અસ્વસ્થ છે." સૂર્યસિંહે ઉત્તર આપ્યો.

"તેનુ કારણ શું ?"

"કારણ અતિવિચિત્ર છે, રસિકલાલ ! તે કારણ કોને કહેવું તે જ હું મારા મનથી નિશ્ચિત કરી શકતો નથી, છતાં તમને તો કહીશ. તમે એક મુસાફર છો, પણ મારા મિત્ર થયા છો. હૃદય હૃદયને દૂરથી પણ ઓળખી લે છે, અને હું તમારા હૃદયને ઓળખી શકયો છું; માટે મારા અંતરની વાત તમારી પાસે ખુલી કરવામાં હું કાંઇ વાંધો જોતો નથી."

"ઓહો ! સરખે સરખાં અંતઃકરણોનું આકર્ષણ કેટલું સ્વાભાવિક છે ?"

"અતિસ્વાભાવિક છે, રસિકલાલ ! સરખાં અંતઃકરણોનું આકર્ષણ એટલું સ્વભાવિક છે કે તે આસપાસ સ્વલ્પ પણ નજર

કરતું નથી. ગઇ રાત્રે તમે ગયા, પછી માતાજીએ મને તેમને મહેલે બોલાવ્યો અને તેમના હૃદયની એક અભિલાષા તેમણે મને કહી. કેટલી વિચિત્ર તે અભિલાષા ? રસિકલાલ, તેમની તે અભિલાષા તે મને મરણતુલ્ય છે. ”

“ હિતસ્વી માતાજીની અભિલાષા તમને મરણતુલ્ય છે, એ તો એક મોટું આશ્ચર્ય ! ”

“ એમાં આશ્ચર્ય કાંઇ નથી. મિત્રવર! માતાજીએ મને પોતાની એવી અભિલાષા જણાવી કે મારે બે લગ્નો કરવાં! તેમણે કહ્યું કે આ ભદ્રપુરની ગાદી ઉપર જેટલા રાજા થઇ ગયા તે સઘળા એક કરતાં વધારે રાણીઓ પરણ્યા હતા અને મારે પણ બે રાણીઓ પરણવી. રસિકલાલ! સ્ત્રીઓનું એકપતિવ્રત જેટલા મહત્ત્વવાળું હું માનું છું, તેટલા જ મહત્ત્વવાળું એકપત્નીવ્રત પણ પુરૂષને માટે હોવું જોઇએ એમ હું માનું છું. કોઇ પણ પ્રકારના કારણ વિના સ્ત્રીવર્ગને આવો ગેરઇન્સાફ આપનારૂં પગલું મારાથી કેમ ભરી શકાય? આર્યાવર્તમાંથી એકપત્નીવ્રતનો લોપ થતો જાય છે તેને અટકાવવો અને એકપતિવ્રતનો લોપ કરવા ઇચ્છનારાઓને બોધ આપવો, એવી મારી પ્રબળ જિજ્ઞાસા છે અને એ જિજ્ઞાસાના મૂળમાં જ કુહાડો મારવાનું કાર્ય મારા તરફથી આ રીતે થાય તેવી પ્રભુની ઇચ્છા હોઇ શકે શું? માતાજી જૂના વિચારમાં ઉછરેલાં છે. આ રાજ્યના ગત રાજાઓનાં ચરિત્રોના સંસ્કારો તેમના વૃદ્ધ થએલા મગજ ઉપર પડ્યા છે અને જે કાર્ય આ સમયમાં એક સાધારણ માણસના જેટલું જ એક રાજાને પણ દુરાચરણરૂપ છે, તે કાર્ય મારા તરફથી થએલું જોવાની માતાજીની અભિલાષા મને મરણતુલ્ય હોવા છતાં તેમને મન તો એક પ્રકારની

નિર્દોષતા જ છે. પણ પ્રિય ભાઈ! મને કહો કે આ દુષ્કાર્ય મારાથી કેવી રીતે થઈ શકે?"

રસિકલાલ આ સાંભળતાં અવાચ્ય થઈ ગયો. કાંઇ પ્રત્યુત્તર આપી શકાય તેમ તેને લાગ્યું નહિ. છતાં પ્રશ્નનો ઉત્તર આપતાં બોલ્યો: "અમારી સાધારણ જનસમાજની દૃષ્ટિથી તો તે એક દુષ્કાર્ય જ છે: તમારૂં રાજાઓનું શાસ્ત્ર કદાચિત્ જૂદું હશે."

"રાજાઓનું શાસ્ત્ર જૂદું? ના, તેમ નથી. રાજાઓ પણ મૃત્યુલોકના માનવી છે; તેમને માટે કુદરતે કાંઇ જૂદું શાસ્ત્ર રચ્યું નથી. જે કાર્ય મારી પ્રજાને માટે દુષ્કાર્યરૂપ હોય અને તે નહિ કરવા માટે હું તેને ઉપદેશ કરૂં, તે કાર્ય મારે માટે પણ શામાટે એક દુષ્કાર્ય ન હોય? આ ક્ષણિક વૈભવો મને પ્રભુ તરફથી મળ્યા, પ્રજાએ મને રાજા બનાવ્યો અને હું તેની આજ્ઞાને માથે ચડાવીને રાજા થયો, એટલે કાંઈ મારે માટે મનુષ્યત્વનું જૂદું શાસ્ત્ર જ હોવું, જોઇએ નહિ. જે કાર્યથી હું પ્રજાને ગુન્હેગાર ગણતો હોઉં અને તેને શિક્ષા કરતો હોઉં, તે જ કાર્ય કરવા માટે હું પણ ગુન્હેગાર છું અને મને પણ તેવી જ સરખી સજા થવી જોઇએ."

"ખરેખર, આપનું શાસ્ત્ર ઉમદા છે અને મારા મત મુજબ તો આપે એકપત્નીવ્રત જ પાળવું જોઇએ. માતાજીને હરકોઇ પ્રકારે સમજાવી લેવાં."

"તેમને સમજાવી લેવાનું તમે માથે લેશો? મારો પ્રયત્ન તો નિષ્ફળ નીવડી ચૂકયો છે! તેમનો તે ઉપદેશ–મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે–મને વિષયવાસનાનો કીડો બનાવી મૂકવા જેવો છે! અમે–રાજાઓને માથે મહાભારત જોખમદારીઓ રહેલી છે અને અમે જનાનાની જંજાળોમાં જ ગોંધાઈ રહીએ તો કર્ત્તવ્ય શી રીતે બ-

જાવી શકીએ ? રસિકલાલ ! કોઇ કોઇ વાર તો મને એમ થઇ આવે છે કે આ રાજપાટની જંજાળોને ત્યજી દઇને છાનોમાનો જંગલમાં જતો રહું ?"

"તે અભિલાષા નિરર્થક છે." રસિકલાલ તે તરફ હસીને આગળ બોલ્યો: "તમે નિશ્ચિંત રહો, હું માતાજીને સમજાવી લેઇશ."

એટલામાં **શાંતિપ્રસાદ** કોઇ મેમાનને લેઇને રાજાજીની ઓળખાણ કરાવવા માટે આવી પહોંચ્યો. મેમાન મુંબઇથી આવેલા શેઠ ગોપાળરાય અને તેમની પુત્રી લલિતા હતાં. **શાંતિપ્રસાદે** વાચનાલયમાં પેસતાંજ રસિકલાલ ભણી નજર કરીને કહ્યું: "કેમ, મિસ્તર રસિકલાલ ! તમે પધાર્યા છો કે ?"

"જી હા, રોજ સ્હવારમાં આવું છું." રસિકલાલે જવાબ આપ્યો અને તુરત નવા આવેલા મેમાન ભણી નજર કરી.

ગોપાળરાયે પહેલાં રસિકની ભણી સ્વલ્પ નજર કરી એટલામાં **શાંતિપ્રસાદે** રાજાજીની ઓળખાણ કરાવતાં કહ્યું: "આ અમારા મહારાજા, અને મહારાજ ! આ લગ્ન પ્રસંગે મુંબઇથી પધારેલા એક ગૃહસ્થ છે. આપણા રાજ્યના હિતેચ્છુ છે અને મારા ઓળખાણવાળા છે."

"બહુ આનંદની વાર્તા, અને આ તો એમનાં પુત્રી હશે." સૂર્યસિંહે લલિતાભણી નજર કરીને કહ્યું.

"જી હા, કેળવાએલાં છે-અંગ્રેજીનો અભ્યાસ હાલમાં ચાલે છે."

"એ પણ એક આનંદનો વિષય. શેઠજીનું નામ ?"

"ગોપાળરાય."

"ગોપાળરાયભાઇ ! આપ આ શુભ પ્રસંગે પધાર્યા, તેથી મને અતિ આનંદ થયો છે."

એમ થોડી વાતચીત કરી શાંતિપ્રસાદ મેમાનને તેડીને ગયો. સૂર્યસિંહે રસિકલાલને પૂછ્યું: "આ ગૃહસ્થને તમે ઓળખો છો ખરા કે?"

"જી હા, નામથી ઓળખું છું. ગોપાળરાય શેઠ મુંબઇમાં સુધારાના આગ્રણી ગણાય છે. સારા ધનવાન્ છે." રસિકલાલે જવાબ આપ્યો. પુનઃ જૂદાં જૂદાં પ્રકરણો વિષે વાતચીત ચાલી અને જ્યાંસુધી દાસીએ આવીને થાળી પીરસાયાની ખબર આપી નહિ, ત્યાંસુધી વાતચીતમાં મશગુલ થઇ રહેલા સૂર્યસિંહને વખતની જરા પણ ખબર રહી નહિ.

* * * * *

ગોપાળરાય શેઠની માનીતી પુત્રી લલિતાને જોઇને રસિકલાલને ગરીબ બિચારી લતાનું સ્મરણ થઇ આવ્યું. પોતે ભદ્રપુરમાં આવ્યાને ઘણા દિવસ થયા છતાં ફરીથી તે ગરીબડા કુટુંબની મુલાકાત પોતે લીધી નથી, એમ સાંભરી આવતાં તે પોતાને ઠપકો આપવા લાગ્યો. દીવાનને ત્યાં જમ્યા પછી તે લતાને ત્યાં તેના પતિની તબીયતના ખબર મેળવવાના નિમિત્તથી ગયો.

અત્યારે લતા સ્વામીને માટે એક ઓરસીયાપર સુખડ ઘસતી બેઠી હતી, એટલામાં રસિકલાલ જઇ પહોંચ્યો. પોતાના ભાઇને જોતાં લાંબા વખત થયાં છૂટી પડેલી બ્હેન જેવી ઉત્સુક્તા દર્શાવે છે, તેવી ઉત્સુકતાથી–હર્ષથી સ્મિત કરતી લતા બોલી ઉઠી: "આવો રસિકભાઇ! ઘણે દિવસે પધાર્યા. તમે અહીં છો, તેની પણ મને ખબર નથી. આ ગરીબ બ્હેનને તો ભૂલી જ ગયા કાંઇ? મારા દાદા તમને બહુએ સંભારતા હતા, પણ તમે તો દીવાનના અને રાજાજીના મેમાન થયા, એટલે પછી અમને કયાંથી સંભારો?"

"નહિ, લતા બ્હેન! એમ કાંઇ નથી! રાજાજીની સાથે હમણાં વધારે સહવાસ રહે છે એટલે અહીં આવવાનું ભૂલી જતો. કેમ, ચંદ્રમણિશંકરની તબીયત હવે સારી રહે છે ને?" એમ કહેતો રસિકલાલ ઓરડામાં ગયો.

બિછાનામાં સૂતેલો ચંદ્રમણિશંકર ખોખરે અવાજે બોલ્યો: "હા, રસિકભાઈ, આવો. હવે જરા ઠીક રહે છે. તાવ ગયો છે પણ હજી અશક્તિ દૂર થઇ નથી. આજે જરા તાપ વધારે છે, એટલે શીતળતાની ખાતર સુખડ ઘસાવું છું."

"કાંઇ ખોરાક લેવાય છે?"

"હા કાંઇક ખાઇ શકાય છે ખરૂં. જોઇએ તેટલા પ્રમાણમાં તો નહિ પણ પહેલાં કરતાં હવે જરા ઠીક ખવાય છે. ખોરાક લેવાશે એટલે અશક્તિ દૂર થશે."

થોડી વારે લતા સુખડ ઘસીને એક વાડકીમાં લેઇ ઓરડામાં આવી. રસિકલાલે તેને ખબર આપ્યા કે તેના પિતા તથા તેની નાની બ્હેન લલિતા રાજાજીના લગ્ન પ્રસંગે આવ્યાં છે. પિતા તરફથી જ એક અણધાર્યું સંકટ લતાને માથે આવી પડયું હતું અને જે પિતાની ફરજ દીન પુત્રી ઉપર વત્સલતા દર્શાવવાની હતી, તેણે જ એક શત્રુની ગરજ સારી હતી, તથાપિ "પિતા તથા બ્હેન આવ્યાં છે" એ ખબર સાંભળતાં જ લતા હર્ષથી ઉભરાઇ ગઇ! તે બોલી: "હં, રસિકભાઈ! ખરી વાત? શું મારા પિતાજી અને લલિતા આવ્યાં છે? અરેરે, પિતાને મળ્યાને સાત–આઠ વર્ષ થઇ ગયાં, લલિતા પણ મેં તેને છેલ્લી જોઇ ત્યારે છ–સાત વર્ષની હતી, અત્યારે તો મ્હોટી બધી થઇ ગઇ હશે! સાંજની હું જરૂર તેમને મળી આવીશ. અમે ઘણે વર્ષે આજે પિતા પુત્રી મળીશું,

રસિકભાઇ! લગ્ન પછી આજે પહેલવહેલી જ હું પિતાજીને મળીશ."

લતાની ઉત્સુકતા જોઇને રસિકલાલને આશ્ચર્ય તો થયું. શત્રુતા દર્શાવનાર પિતાને મળવાની લતાની જિજ્ઞાસા તેને વિચિત્ર જણાવા છતાં તેમાં સમાએલા નિર્દોષ ભાવના રસિકે મનથી વખાણ કર્યાં. અહો! નિર્દોષ બાળાઓનાં હૃદય પોતાનાં પિતા, ભાઇ કે બ્હેનને જોતાં કેટલાં દ્રવે છે?! લાંબા વખતના વિયોગ પછી આ પ્રકારનું સંમીલન કેટલું બધું હર્ષપ્રદ થઈ પડે છે? તે સ્નેહાર્દ્રતાને પ્રસંગે વિરૂદ્ધ ભાવવાળાં તત્ત્વો અસ્તિત્વ ધરાવતાં હોવા છતાં ગૌણતાને પામે છે. જનેતાની વત્સલતા પોતાનાં બાળકો ભણી જેવી ઉત્સુકતામિશ્રિત હોય છે, તેવી જ બાળકોની જનેતા પ્રતિની મમતા હોય છે. ઉત્સુકતા ઉભયમાં સામાન્ય હોય છે. ગોપાળરાય જેવાના સંબંધમાં જ તે સામાન્ય નિયમનો વિચિત્ર ભંગ અનુભવાય છે.

લતા હર્ષ પામતી સ્વામીને માથે સુખડનો લેપ કરતી બ્હેન અને પિતાને મળવાના વિચારના ધ્યાનમાં પડી અને ચંદ્રમણિશંકરે રસિકલાલની સાથે વાર્તાપ્રસંગ કાઢ્યો. તે બોલ્યોઃ

"રસિકભાઈ! તમારામાં મેં એક ઘણો અસાધારણ ગુણ અનુભવ્યો. તમે એક ઉછરતા યુવક હોવા છતાં અત્રેના દીવાન અને રાજા જેવા વિદ્વાનો પણ તમારી તરફ આકર્ષાયા! શિવશંકરજી કહેતા હતા કે માત્ર તમારી થોડી વાતચીતપરથી જ તેઓ આકર્ષાયા. ખરેખર, વિદ્વાનો સર્વ સ્થળે સહેલાઇથી પોતાનો સમાસ કરી શકે છે, એ અસત્ય નથી."

"હું વિદ્વાન્ નથી, માત્ર અભ્યાસી છું. સૃષ્ટિનું નિરીક્ષણ કરવાને નીકળ્યો છું અને જનસ્વભાવનું અવલોકન કરવાનો અભિલાષી છું. તેમાંથી મને આજસુધીમાં કેટલુંક જાણવાનું મળ્યું છે અને ભવિષ્યમાં હજી ઘણું મળશે, એમ માનું છું."

"દીવાન સાથે જો તમને સારો પરિચય હોય તો મારી નોકરી માટે તેમને કાંઇ ભલામણ કરશો ?" ચંદ્રમણિશંકરે દીન વદનથી પૂછ્યું.

"કરીશ, પણ તે પ્રસંગોપાત. હજી તમે બરાબર સાજા થાઓ અને દીવાન પણ લગ્નના કામકાજમાંથી છૂટા થાય એટલે હું તેમને સમજાવીશ."

ત્યારપછી રાજાના સ્વભાવ વિષેનો વાતચીતનો વિષય નીકળ્યો. રાજાઓમાં વિદ્વત્તા જોઇએ, અને બારીક અવલોકન કરવાની શક્તિ પણ જોઇએ, તથા સૂર્યસિંહમાં તેમાંનું કેટલું છે તે રસિકલાલે કહી સંભળાવ્યું. સૂર્યસિંહ સદ્‌ગુણી છે અને પ્રજાને થોડો પણ અન્યાય મળે તો અંતરમાં દુઃખી થાય તેવો છે, એમ પણ રસિકલાલે જણાવ્યું. ચંદ્રમણિશંકરે પ્રશ્ન કર્યો. "રાજાજી જ્યારે આવા સારા નિરીક્ષક છે, ત્યારે મને એક ગેરવાજબી કારણસર નોકરીપરથી બરતરફ કરવામાં આવ્યો છે, તેમ કેમ થયું ?"

"ચંદ્રમણિશંકર ! તેમ ન થવું જોઇએ એ વાત ખરી; પણ રાજાજી સર્વાંશે સંપૂર્ણ હોય એમ મને લાગતું જ નથી. તેમનામાં જે જે ગુણો છે, તે તે ગુણોને તેમણે હજી આચારમાં મૂક્યા નથી. તે સારા નિરીક્ષક છે પણ પ્રજામાં ચાલતા સુખ-દુઃખનું પૂરતું નિરીક્ષણ તેમણે કર્યું નથી. પોતાની પ્રજાને અલ્પ પણ અન્યાય ન મળે તે તેમના અંતરની અભિલાષા છે ખરી, પણ તે અભિલાષા હજી અંતરમાંથી બહાર નીકળીને આચારના સ્વરૂપમાં આવવા પામી નથી. એક સારા રાજ્યનું બંધારણ કેવા પ્રકારનું હોવું જોઇએ, તેનું તેમને જ્ઞાન છે-પુસ્તકોદ્વારા મેળવેલું જ્ઞાન છે, પણ તેવું બંધારણ પોતાના રાજ્યનું છે કે નહિ અને ન હોય તો તેવું બંધારણ કેવી રીતે મે-

જાવવું તેનો વિચાર તેમણે કર્યો નથી; કદાચિત્ વિચાર કર્યો હોય, તો તે તેમણે આચારમાં મેલ્યો નથી. રાજાઓ એવા ન હોવા જોઇએ કે જે માત્ર વિચારો જ કર્યા કરે અને તેને આચારમાં ઉતારે જ નહિ. પરન્તુ આ રાજાના સ્વભાવ ઉપરથી હું એવું અનુમાન કાઢી શકું છું કે આ સઘળું જાણ્યા પછી, પોતે ધારેલા અમુક અનુકૂળ પ્રસંગે તે સઘળો વિચાર અમલમાં મેલવાનું તેમણે ધારી રાખેલું હોવું જોઇએ. પોતે મોટી મોટી અભિલાષાઓ બાંધે અને તદનુસાર વર્તવામાં ગફ્લત રાખે એવા તે નથી. તેમના સ્વભાવમાં કાંઈક ગૂઢ રહસ્ય તો હોવું જ જોઇએ. હા, એ વાત ખરી છે કે તેમની અભિલાષાઓ અમલમાં મેલાય, ત્યાંસુધી તમારા જેવા સેંકડો જનોને અન્યાય મળી ચૂક્યો હોય, તે અનિષ્ટ તો લેખાય."

"ત્યારે મને મળેલો અન્યાય તમે રાજાજીને જણાવો તો?"

"તો તેનું પરિણામ ઘણું ભયંકર આવે; અલબત્ત, તમને તો તેથી ફ્રાયદો થાય જ; પણ રાજ્યમાં એક મોટી ખટપટ ઊભી થાય. દીવાનનું અંતર્ કલુષિત થાય. શાંતિપ્રસાદ એક ભલો માણસ છે, તથાપિ મારાથી રાજાજીનો ગુસ્સો તેના ઉપર ઉદ્ભૂત થાય અને બન્નેનાં અંતર્ અળગાં રહેવા પામે. આટલા માટે તમારી વાત રાજાજીને મ્હોંએ કહેવી તે સલામત નથી. આપણો હેતુ હમેશાં એવી રીતે સિદ્ધ કરવો કે જેથી બીજો કોઇ અનર્થ ઉત્પન્ન થવા પામે નહિ, ચંદ્રમણિશંકર!"

"આપે ખરી વાત કહી. રાજદ્વારી બાબતોમાં પણ આપનું મગજ બહુ ઉમદા કામ કરે છે, હોં. આપે આટલી વયમાં પણ ઘણો લાંબો અનુભવ મેળવ્યો હોય તેમ જણાય છે." ચંદ્રમણિશંકરે અતિથિનો અંતઃકરણપૂર્વક આભાર માનતાં કહ્યું.

આગળ થોડી વાર વાતચીત કરીને રસિકલાલ છૂટો પડ્યો. આ સઘળો વખત લતા પિતાને મળવાની અભિલાષામાં જ ગરક થઇ રહી હતી. " જોકે પિતાજી મારાપર ગુસ્સે થયા છે, તોપણ મને જોતાં જ એમનું અંતર્ આનંદિત થયા સિવાય તો નહિ રહે. લલિતા પણ મને જોતાં જ કંઠે બાઝી પડશે. હા, આજે કેટલાંય વર્ષ પછી અમે મળીશું, તો પછી એવો ભાવ કેમ ઉત્પન્ન થાય નહિ ? "

સાંજ પડી અને લતા પોતાના પિતા તથા બ્હેનને મળવાના હર્ષના ઉમળકાથી રાજાનાં મેમાનોને જ્યાં ઉતારો આપવામાં આવ્યો હતો ત્યાં ગઇ. ત્યાંથી એવા ખબર મળ્યા કે મુંબઈના મેમાનોને ગામ બહારના મુસાફરી બંગલામાં ઉતારો આપવામાં આવ્યો છે. લતા મુસાફરી બંગલે ગઇ. અંદર જતાં તેણે પિતાને વૃદ્ધનગરના દીવાનની સાથે વાતચીત કરતા બેઠેલા જોયા. પિતાને જોતાં જ લતાના પગમાં બળ આવ્યું અને તે ઉતાવળે પગલે પિતાની સમીપ જઇને ઊભી રહેતાં બોલી: " પિતાજી ! તમે ક્યારે આવ્યા ? "

એકાએક આ નવીન પ્રશ્ન સાંભળીને ગોપાળરાય શેઠથી ચમકી જવાયું. લલિતા વિના પોતાને પિતાજી કહેનાર બીજનું કોણ હશે, તે માટે જ પ્રથમ તો શેઠના મનમાં વિચાર થઈ આવ્યો. શેઠે લતાની ભણી આશ્ચર્યથી નજર કરીને ચશ્માદ્વારા તેને એકાદ મિનિટ સુધી પગથી માથા સુધી નિહાળીને કહ્યું: " કોણ ? લતા ! તું મળવા આવી, તો ભલે આવી. પણ કોઈ સારા માણસ જોડે હું વાતચીતમાં બેઠો હોઉં, ત્યારે જરા વિવેક રાખવો જોઇએ તેટલું પણ હજી તું સમજી નહિ ? જા, પાસેના ખંડમાં લલિતા છે, ત્યાં જરા બેસ, પછી હું તારી સાથે વાતચીત કરૂં છું. " એમ કહી શેઠ પાછા વાતચીતમાં ગુંથાયા.

હૃદયમાં ઉત્પન્ન થએલો હર્ષનો ઉભરો પુનઃ હૃદયમાં જ શમી ગયો. આટલે વર્ષે પોતે પિતાના મુખનું દર્શન કરવા પામી અને પિતા તેને જોવા પામ્યા છતાં પોતાનો આવો વિચિત્ર સત્કાર થવા પામશે એવી લતાએ આશા રાખી ન હતી. તેને આશા હતી કે મને જોતાં જ પિતાજીનો પહેલાંનો ગુસ્સો દૂર થઈ જશે અને જ્યારે હું તેમને આટલાં વર્ષે મળું છું, ત્યારે તે મને વત્સલતાથી બોલાવશે, મારા કુશળ વર્તમાન પૂછશે. મોટી વયનાં પુત્ર–પુત્રીઓ માતાપિતા પાસેથી બીજી શું આશા રાખી શકે ? વડીલોની વત્સલતાનું સજીવનપણું એ તેમને મન હર્ષનો પ્રસંગ! પરન્તુ ગરીબડી લતાના ભાગ્યમાં પિતા તરફનો આવકાર પણ લખેલો ન હતો ! અભાગિની બાળા ! તે પોતાની નાની બ્હેન પાસે ગઈ. અત્યારે લલિતા ફરવા જવા માટે નવીન વસ્ત્રાલંકાર ધારણ કરવામાં રોકાએલી હતી. તેને જોતાં લતા પિતા તરફના વિચિત્ર આવકારથી ઉત્પન્ન થએલા ખેદને ક્ષણભર ભૂલી ગઇ અને બોલીઃ " કેમ, લલિતાબ્હેન! ખુશીમાં છે કે ? ."

લલિતાએ પાછા ફરીને જોયું અને તેની નજરે એક ગામડીયણના જેવી જણાતી સ્ત્રીને જોતાં જ તથા તેના મુખમાંથી પોતાને માટે 'બ્હેન' શબ્દનો ઉચ્ચાર થએલો સાંભળતાં જ તે સ્તબ્ધ બની ગઈ અને લતાની સામે આંખો ફાડીને જોઇ રહી. લલિતા હમણાં પોતાને ઓળખશે અને હર્ષપૂર્ણક પોતાનો સત્કાર કરશે, એવી આશામાં લતા એકાદ મિનિટ સુધી પોતાની નાની બ્હેનની સમીપ મુંગી ઊભી રહી અને છેવટે મૌન તોડતાં બોલી : " લલિતા ! તેં મને ઓળખી નહિ શું ? "

લલિતા ભ્રકુટી ચડાવતી બોલીઃ " તું કોણ છે ? હું કાંઈ તને

ઓળખતી નથી. હું કપડાં પહેરૂં છું અને એકાએક અજાણ્યા માણસ પાસે દોડી આવતાં શરમાઇ પણ નહિ?"

આ ઉત્તર સાંભળતાં જ લલિતાના ચહેરાપર ગમગીની છવાઇ ગઇ. તોપણ પુનઃ તેને વિચાર થયો કે ઘણાં વર્ષ થયાં લલિતાએ મને જોઇ નથી અને તેથી તે મને ભૂલી ગઇ હશે, એટલે તે મને અજાણી માનીને આમ બોલે છે. તેને પોતાનું સ્મરણ કરાવવાના હેતુથી લતા બોલી: "લલિતા બ્હેન! શું તું મને ઓળખતી નથી? હું તારી મોટી બ્હેન લતા છું."

લલિતાને હવે સ્મરણ થયું. પોતાના પિતાના તિરસ્કારને પાત્ર થઇ પડેલી લતા બ્હેન પોતાની સામે ઉભી રહેલી છે, એમ તેને હવે જણાયું. પણ આવી ગામડીયણના સરખી સ્ત્રીને પોતાની મોટી બ્હેન તરીકે બોલાવતાં પોતાને અનેક વાર શરમાઇ જવું પડશે એમ ધારી લલિતાએ આશ્ચર્યપૂર્વક કહ્યું: "લતા?! એવું નામ તો મેં કોઇ વાર સાંભળ્યું જ નથી! અરે મારે બ્હેન જ છે નહિ! જા, જા, નકામી કોઇને વળગી પડ નહિ." એમ કહી લલિતા મ્હોં ફેરવી પુનઃ વસ્ત્રો પહેરવામાં રોકાઇ.

હતાશ! લતા એક મોટા ગભરાટમાં પડી! પોતા તરફ સૌ કોઈ તિરસ્કાર ધરાવતાં થયાં છે, એવો વિચાર આવતાં જ તેની આંખમાં આંસુનું પૂર ઉભરાઈ આવ્યું. તેને એમ જ થઇ આવ્યું કે હું અહીં ક્યાંથી આવી ચડી? આંખમાં આંસુ સહિત પોતાની થઇ પડેલી સ્થિતિનો વિચાર કરતી લતા ત્યાં ને ત્યાં જ સ્થિર થઇ ગઈ. એટલામાં બહારથી ગોપાળરાય શેઠ અંદર આવ્યા અને લલિતાને પુછ્યું: "કેમ? તૈયાર થઇ ગઇ કે?"

"હા, ફાધર! તૈયાર જ છું." એમ કહેતી લલિતા આગળ



"પિતાજી! આ સ્ત્રી કોણ છે? તેને અંદર કેમ આવવા દીધી છે?"

પૃષ્ઠ ૧૪૫.

The Lakshmi Art, Byculla, Bombay

બોલીઃ " પિતાજી! આ સ્ત્રી કોણ છે ? તેને અંદર કેમ આવવા દીધી છે ? "

" માય ડાર્લીંગ ! તે તારી બ્હેન લતા છે ! તારા નાજુક સ્મરણમાં તે કદાચિત્ નહિ રહેવા પામી હોય !" શેઠે જવાબ આપ્યો.

શેઠના આ જવાબથી લલિતાને પણ જરા શરમાવા જેવું થયું કારણકે તેણે લતાનો હદપાર તિરસ્કાર કર્યો હતો અને અત્યારે લતા તેની ખરેખરી મોટી બ્હેન તરીકે ખુલ્લી થઇ હતી. તોપણ લલિતા જરા આશ્ચર્યયુક્ત વદન કરીને બોલીઃ " નહિ, નહિ, ફાધર! તે લતા હોવી જોઇએ જ નહિ. તમે ભૂલતા હશો. ખરેખર, તે લતા નથી. તેનો વેશ–તેની એટીકેટ તો જુઓ ! "

પુત્રીના શબ્દોથી પિતાને પણ વહેમ ઉપજ્યો અને શેઠે લતાની સામે થોડી વાર જોઇને કહ્યું: "નહિ, લલિતા ! તે લતા જ છે. કેમ લતા ! ચંદ્રમણિશંકરને હવે કેમ રહે છે ? "

આ સઘળો વખત લતાની આંખમાંથી આંસુ વહ્યાં જતાં હતાં. તેને પોતાની આ રીતે અવગણના થતી જોઇને એટલું તો લાગી આવ્યું હતું કે જો પૃથ્વી માર્ગ આપે તો તે ત્યાં ને ત્યાં જ તેના ઉદરમાં સમાઇ જાય. તેનું હૃદય શોકની જ્વાળાથી ભડભડ બળતું હતું અને પોતાની વ્હાલી જનેતાને સંભારીને પોકારી ઉઠતું હતું કે " ઓ માતા ! તું અત્યારે મારે માટે જ પુનર્જન્મ ધારણ કર અને આ દુઃખી સંસારમાંથી મને ઝડપી લે ! ઓ મેનકા! તારી આ શકુન્તલાને તું વિદ્યુતરૂપે પ્રકટ થઇને સત્વર હરી જા ! પિતાની આ અવગણના મારાં ચર્મચક્ષુઓથી હું જોઇ શકતી નથી. ઓ પિતા ! ઓ મને જન્મ આપનાર પિતા ! આજે સાત–આઠ વર્ષ પછી મળ્યા હોવા છતાં મને મારા દુઃખના સમયમાં આશ્વાસનનાં બે વચનો કહી

સંતોષવી તો રહી, પણ હું તેમની ખરી પુત્રી છું કે નહિ તેને માટે પણ શંકાશીલ બને છે ! ઓ ઇશ્વર ! માતાની સાથે પુત્રીને પણ તેં કાં ઝડપી લીધી નહિ ?" તેના હૃદયની જ્વાળારૂપ વિચારમાળા આ પ્રમાણે ચાલતી હતી, એટલામાં શેઠે ચંદ્રમણિશંકરના ખબર પૂછ્યા. લતાનું ધ્યાન દુઃખના ઉભરામાંથી જરા ચલિત થયું. તેણે ઉત્તર આપ્યો: "પહેલાં કરતાં હવે જરા ઠીક છે."

"ક્યાંય નોકરીપર નથી ને?" પ્રશ્ન થયો.

લતાએ ડોકું હલાવી ના સૂચવી.

"ક્યાંથી હોય ? મૂર્ખી! તું ન્હાનપણથી જ અવળચંડી હતી અને હજી પણ તેવી જ રહીશ, ત્યાંસુધી કદાપિ સુખી થવાની નથી! સુધારો જાણે કે તને કરડવા ધાતો હોય, તેવી રીતે જ તું વર્તે છે. લે, ચાખ હવે તે વિરૂદ્ધતાનાં ફળ !" શેઠ કરડાકીથી બોલી ઉઠ્યા.

"પિતાજી !" લતા પિતાના આવા શબ્દોથી જરા ઉશ્કેરાઈ અને તેનામાં બોલવાનું જોર આવ્યું : "મારૂં કર્યું હું ભોગવું તે તો કર્મનો નિયમ છે, પરન્તુ આપની પાસે હું કાંઇ આવા દાઝ્યા ઉપર ડામ સાંભળવા આવી નથી. હું દુઃખી છું—જ્યારથી માતા મારી ગઇ ત્યારથી જ હું દુઃખી છું. તમે મારે શિરે વડીલ છો—મને ગમે તેટલું ક્હો તોપણ વડીલ છો. સાંભળવું—સહન કરવું તે મારૂં કર્તવ્ય છે. તોપણ મારા આવા વખતમાં તમારે મને ધીરજ આપવી જોઇએ, તેને બદલે મને ઉલટા તિરસ્કારી કાઢો, તે આપને વડીલને શોભે ? પિતાજી ! મારા પર દયા રાખો ! ગમે તેમ તોપણ હું બાળક છું—આપની પુત્રી છું."

શેઠ જરા ચીડાતા બોલ્યા: "હજી પણ તેં તારૂં ડહાપણ છોડયું જણાતું નથી ! લાંબાં ટાયલાં કરવાની તારી ટેવ ચાલુ જ

છે! અરેરે! તારામાં રીતભાત ક્યારે આવશે? તારા જેવી મૂર્ખીને પુત્રી તરીકે બોલાવવી, તે પણ મારે માટે કેટલું શરમભરેલું?"

"હશે, હું બાળક હોઇશ; મને બોલતાં ન આવડે તે તો સ્વાભાવિક છે; આપ પિતા છો, દોષ ક્ષમા કરજો."

"ત્યારે તું અહીં કેમ આવી હતી?"

"માત્ર મળવા માટે જ. તમને અને લલિતાને મારા લગ્ન પછી મેં બિલકુલ જોયાં નહોતાં અને તમારા અહીં આવ્યાના ખબર મળતાં મને ઉમળકો આવ્યો અને હું આવી ત્યારે નાની બ્હેન તો મને ઓળખતાં પણ નથી! હશે, જેવું મારૂં નસીબ! સગી બ્હેન મને ભૂલી જાય, તે પણ કર્મનો જ વાંક!" એમ કહેતાં લતાએ આંસુ લૂછ્યાં.

લલિતા કે જે વસ્ત્રો પહેરવામાંથી ફારેગ થઈ હતી, તે બોલી: "ફાધર! હવે એ ટાયલામાં ક્યાંસુધી વખત ગુમાવવો છે! એને તો વખતની કીંમત નથી, પણ તમને શું નથી? એવાં પારકાં રોદણાં સાંભળવાને તે ક્યાંથી ફુરસદ હોય?"

"હા, બ્હેન! ખરી વાત. હું પારકી જ છું. હવે હું તમારી નથી, ઇશ્વરને ખોળે છું, તે મને નિભાવશે. પિતાજી! હવે હું તમારો વધારે વખત લેવા માંગતી નથી. આપના શબ્દોથી હું ધરાઇ ગઈ છું. માતાની સાથે મેં મારાં સઘળાં હિતૈષીઓને ગુમાવ્યાં છે."

"ચૂપ રહે, મૂર્ખી! શું અમે તારે મન મરી ગયાં છીએ? આમ ને આમ તું મને લોકોમાં હલકો પાડે છે." શેઠ ગુસ્સો કરતા બોલ્યા.

"ના, જીવતા રહો! ઇશ્વર તમને લાંબું આયુષ્ય આપે, હું તો મારા હિતૈષીઓની વાત કરૂં છું."

"એટલે અમે તારાં હિતૈષી નથી, એમ તું કહે છે? ધિક્કાર હો તારા વ્યર્થ અભિમાનને!" શેઠે વધારે ગુસ્સો ચડાવીને કહ્યું.

"તમે મારા હિતૈષી? માફ કરજો, પિતાજી! તમે મારા હિતૈષી છો એવું અસત્ય હું કહી શકતી નથી. મારા સ્વામીને તમે નોકરીમાંથી દૂર કરાવ્યા, મને દુઃખના સમયમાં વધારે દુઃખી કરી, એ જ તમારી હિતૈષિતા! બ્હેનને મન હું પારકી છું, અને તમે મને દાઝયા પર ડામ આપો છો, એ તમારી હિતૈષિતા! એ હિતૈષિતા આપને જ મુબારક, મને તેની જરૂર નથી!"

શેઠનો ક્રોધ બે કાંઠામાં આવેલી નદીની પેઠે જોતજોતાંમાં વધી ગયો અને એક ગર્જનાની સાથે બોલ્યા: "બસ, તું અત્યારે ને અત્યારે મારી આગળથી તારૂં કાળું કર! તું લોકોમાં મારી અપકીર્તિ જ કરવાને આવી છું તે હું સારી પેઠે જાણું છું! તારી કુટેવોથી તું દુઃખી થાય, તેમાં અમે શું કરીએ? જા, અહીંથી જતી રહે, નહિતો માણસ પાસે બહાર કઢાવી મેલું છું."

લતા ચૂપચાપ બંગલાની બહાર નીકળી પડી અને ઘેર આવી સ્વામીની છાતીમાં માથું નાંખી રડી પડી. બિચારો ચંદ્રમણિશંકર હજી અર્ધો માંદો હતો, તેને પોતાની સ્ત્રીનું દુઃખ જોઈને વધારે લાગી આવ્યું. તે સમજી ગયો હતો કે ગોપાળરાય તરફથી કાંઇ કડવાં વચન લતાને સાંભળવાં પડ્યાં છે અને તેથી તેના અંતરને અતિ દુઃખ થયું છે. લતાને આશ્વાસન આપતાં તે બોલ્યો: "એમાં રડવું શાને? દુઃખ આવે છે ત્યારે સઘળી દિશાએથી ઉભરી નીકળે છે, એ સત્ય છે. પણ મને કહે તો, તારા પિતાએ તને શું કહ્યું?"

લતાએ ગદ્‌ગદિત કંઠે ટૂંકામાં સઘળું કહ્યું. ચંદ્રમણિશંકર

તેને ધીરજ આપતાં બોલ્યો: " તેમાં કાંઇ દુ:ખ લગાડવાનું નથી. દુ:ખના સમયમાં સગાં માતપિતા શત્રુ બને છે, તો સાવકી માતામાં સપડાએલા પિતા શત્રુ બને તેમાં શું આશ્ચર્ય ? તારે તેને માટે મનમાં કાંઈ પણ લાવવું નહિ. હોય, વખત વખતની છાંયડી છે, એમ માની ચાલુ પરિસ્થિતિમાં જ સંતોષ માની સંસારમાં પ્રવર્તવું."

" અરેરે, પણ મને તે બ્હેને અને તે પિતાએ કેવા શબ્દો કહ્યા છે, નાથ! લલિતાએ તો કહ્યું કે મારે કોઇ બ્હેન જ નથી! તેના શબ્દોથી પિતાને પણ શંકા ઉપજી કે રખેને હું લતા ન હોઉં! કુદરતનો આ કેવો ભયંકર કોપ ? તમે કહો છો કે સંતોષથી વર્તવું. પણ અમો અબળામાં એટલું બળ નથી હોતું, નાથ ! અમે દુ:ખને સહન કરી શકીએ એટલી શકિત ધરાવતાં નથી. અમારાં મીણ જેવાં કોમળ હૃદયમાં કડવાં વેણની છાપ તુરત પડે છે અને તે ભુંસાતી નથી; પછી અમે તમારી પેઠે દુ:ખને કેવી રીતે વિસરી જઇએ ? સગ્ગા પિતા મને ધક્કો મારીને બહાર કાઢવા તૈયાર થાય; તે શું ન સાંભરે .નાથ ?"

" સાંભરે, વ્હાલી ! સાંભરે ! પણ આ નિરાધાર અવસ્થામાં આપણે શું કરીએ ? દુ:ખના સમયમાં જે કોઇ કાંઇ કહે, તે વિના વિલંબે ગળી જવું અને સંભારવું જ નહિ. વારૂ, હવે જરા વાળુની તૈયારી કર, મને ભૂખ લાગી છે." એમ કહી ચંદ્રમણિશંકરે વાતને ટાળી દીધી અને સ્વામીની સેવામાં તત્પર રહેતી લતા ફરીને વાળુ તૈયાર કરવામાં રોકાઈ.

પ્રકરણ ૧૧ મું.

રાજમાતા.

સૂર્યસિંહની માતા-રાજમાતા પંચાવન વર્ષનાં એક વયોવૃદ્ધ અને પક્વ બુદ્ધિનાં રાણી હતાં. સૂર્યસિંહના પિતાનું મરણ થયું ત્યારે સૂર્યસિંહ માત્ર બે વર્ષનો હતો અને ત્યારથી ભાયાતોની સેંકડો પ્રકારની ખટપટો છતાં રાજમાતાએ અંગ્રેજ અધિકારીઓની મદદથી પોતાના પુત્રનું તથા રાજ્યનું પાલન કર્યું હતું. રાજકાર્યભાર ચલાવવામાં તેમને જે દક્ષતા વાપરવી પડી હતી, ખટપટોની સામે ટકી રહેવામાં જે ચાણાક્ષતાનો ઉપયોગ કરવો પડયો હતો અને પોતાનું સાચવી રાખવા માટે પ્રસંગોપાત નરમ-ગરમ બની જવાની જે યુક્તિઓ તેમને ગ્રહણ કરવી પડી હતી, તે સઘળા પ્રકારના અનુભવે તે પ્રૌઢ ક્ષત્રીય માતાને પોતાના પુત્રના એક સલાહકાર મંત્રીને માટે યોગ્ય બનાવ્યાં હતાં.

વિદ્વાન્ સૂર્યસિંહ પોતાની માતામાં રહેલા ઉત્તમ ગુણોને સમજી શક્યો હતો. પોતાની માતાના દરેક શબ્દને તે ધર્મપુસ્તકના શબ્દોના જેટલા પવિત્ર માનતો અને દરેક આજ્ઞાનું પરિપૂર્ણપણે પાલન કરતો હતો. માતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો કોઇ પણ પ્રસંગ આજસુધી તેને પ્રાપ્ત થયો નહોતો અને તે આજ્ઞાઓ પણ કદાપિ અનુચિત ન હતી. આ બુદ્ધિશાલિની માતાએ જ પોતાને બે સ્ત્રીઓ પરણવાની આજ્ઞા કરી, તે સાંભળીને સૂર્યસિંહને આશ્ચર્ય સાથે ખેદ થયા સિવાય ન રહ્યો. જે માતાનો એક પણ શબ્દ આટલાં વર્ષોમાં પોતે ઉથાપ્યો ન હતો, તે જ માતા પોતાના મનોભાવને

પ્રતિકૂળ અને એકપત્નીવ્રત જેવા ઉચ્ચ સાંસારિક વ્રતનું ખંડન કરનારી આજ્ઞા કરે, તે સૂર્યસિંહને આશ્ચર્યચકિત કરે તેમાં શું નવાઇ ? એક કરતાં વધારે સ્ત્રીઓથી લગ્ન કરવું, તેવી ખુલ્લી અનીતિને માતાજી કેમ નીતિ માનીને તેમાં પ્રવૃત્ત થવાનું પોતાને સૂચવતાં હશે, તેનો ભાવાર્થ તે સમજી શક્યો નહિ. માતાજીને સૂર્યસિંહે વિનતિપૂર્વક કહ્યું કેઃ " માતુઃશ્રી ! તમારી આજ્ઞા ઉલ્લંઘન કરવાનો હજી મને કોઇ પણ વખત આવ્યો નથી; અને આવી આપની આજ્ઞા મને ઉલ્લંઘન કરવી પડે તેથી મને બહુ દુઃખ થાય છે. કૃપા કરીને મને એ જળહળતી જ્વાળામાં. ન પાડો. " પરંતુ માતાજીએ માન્યું નહિ અને એક રાજાને બે રાણીઓ હોવી જ જોઇએ તે વિષે કેટલીએ દલીલો સૂર્યસિંહની પાસે રજુ કરી. સૂર્યસિંહનું મગજ તે આજ્ઞા સાંભળતાં જ ચકડોળે ચડયું હતું એટલે તેનું ચિત્ત તે દલીલો સાંભળવા તરફ દોરાયું નહિ અને માતાજીએ જે કાંઇ કહ્યું તે માત્ર બધિર કર્ણે સાંભળ્યાં કર્યું. ખિન્ન મને તે ત્યાંથી ઉઠી ગયો અને પોતાના સાહિત્યભવનમાં આવ્યો. રસિકલાલે રાજમાતાને સમજાવવાનું માથે લીધું તે વાર્તા વાચકને વિદિત છે.

રાજાનું ખાંડુ (ખડ્ગ) કન્યાને તેડું કરવા ગયું હતું અને તે આવી પહોંચવાને તથા લગ્નની ક્રિયા થવાને માત્ર બે જ દિવસ હવે બાકી રહ્યા હતા. દીવાનની સાથે, પોતાની પુત્રી સુશીલકુંવરની સાથે અને બીજા પણ કેટલાકોની સાથે વારંવાર રાજમાતા સૂર્યસિંહને કહેવરાવતાં કે " હવે બીજા લગ્નને માટે તેં શું ધાર્યું છે ? " એક વાર તો રાજમાતાએ મ્હોંએ પુત્રને પુનઃ કહ્યું, પણ સૂર્યસિંહે કાંઇ ઉત્તર જ ન આપ્યો. વૃદ્ધ માતાને ગુસ્સા કરતાં ખેદ વિશેષ થયો. લગ્નને માટે બીજી રાજ્યકન્યાનું માગું માતાજીની પાસે તૈયાર જ હતું અને જો બની શકે તો

બન્નેની સાથે એક જ દિવસે લગ્ન કરી નાંખવાની માતાજીની ઇચ્છા હતી. પરન્તુ વખત બહુ થોડો રહ્યો હતો અને સૂર્યસિંહ કાંઇ પણ નિશ્ચિત જવાબ આપતો ન હતો, એટલે એક સાથે બન્ને લગ્નો કરવાની ઇચ્છા તો પૂરી પડી શકે તેમ નહોતું; તોપણ જો સૂર્યસિંહ હા કહે, તો ત્યારપછી બે ચારેક દિવસમાં જ તે લગ્ન પણ ઉકેલી નાંખવાની રાજમાતાની ઇચ્છા હતી.

રસિકલાલ રાજકુટુંબ અને રાજકાર્યભારીઓથી બહુધા પરિચિત થઇ ગયો હતો અને સૂર્યસિંહના સહવાસમાં તે દિવસનો ઘણો ભાગ રહેતો હોવાથી રાજમાતા વગેરે ઝનાનામાં રહેનાર સ્ત્રીવર્ગથી પણ તેનો જાતિપરિચય થયો હતો. બીજા લગ્નને માટે સૂર્યસિંહ ઉપર દબાણ વધતું જતું હોવાથી રાત્રે તે રાજમાતાના અંતઃપુરમાં ગયો. રસિકલાલનો સ્વભાવ, તેની વિદ્વત્તા, ડહાપણ વગેરેનો પરિચય સૌને થઇ ગયો હોવાથી રાજમાતાએ તેનો સત્કાર કર્યો અને આસન આપ્યું. રસિકલાલે પોતાની વાતનો પ્રારંભ કરતાં હાથ જોડીને કહ્યું: " માજી ! જો આજ્ઞા હોય તો હું એક વિનતિ કરવા આવ્યો છું. "

" આજ્ઞા છે, બાપુ ! કહે, તારી વિનતિ હું બહુ માનપૂર્વક સાંભળીશ. " રાજમાતાએ વિનયપૂર્વક અને ઉલ્લસિત વદને ઉત્તર આપ્યો.

" માજી ! મહારાજને આપ બીજું લગ્ન કરવાનું કહો છો તે રૂચતું નથી; અને મને પણ એકપત્નીવ્રતનો ભંગ કરવો તે ઉચિત જણાતું નથી; તો તેમની વતી હું આપને વિનતિ કરૂં છું કે જ્યારે મહારાજની ઇચ્છા તેવી નથી, તો આપે તે બાબતનો આગ્રહ મૂકી દેવો. "

"બાપુ! તારી તે વિનતિ હું માન્ય કરી શકીશ નહિ. સાંભળ, સૂર્યસિંહ પાસે પણ જે ખુલાસા હું કરી શકી નથી, તે હું તારી પાસે કરૂં છું. તમે સઘળા ભણેલા ગણેલા કદાપિ મને વૃદ્ધાને ઓછી બુદ્ધિની માનતા હશો અને એક કરતાં વધારે રાણીઓ કરવાની અમારી રાજરીતને ગાંડી ગણતા હશો, પણ ભાઈ રસિક! તે રીત ગાંડી નથી, હોં! એકપત્નીવ્રતનો મહિમા હું કાંઇ નથી સમજતી એમ માનીશ મા. શ્રી રામ એકપત્નીવ્રત પાળતા, પણ તેમના પિતાને એકપત્નીવ્રત ન હતું. તોપણ હું શ્રી રામના એકપત્નીવ્રતને ધન્ય ધન્ય કહું છું! મારો સૂર્યસિંહ રામના જેવો રાજા થાય અને ભદ્રપુરમાં રામરાજ્ય પ્રવર્તાવે તે જોવાને હું શામાટે રાજી ન હોઉં? પણ અમારા આજકાલના રાજાઓની સ્થિતિ જૂદી જ છે. રામના જેવી સમાન બુદ્ધિ તેઓમાં નથી. અજોધ્યાના નગરશેઠને અને એક ધોબીને પણ સરખા ગણવા જેટલી સમાન બુધિ શ્રી રામમાં હતી, પણ એવી સમાન બુદ્ધિ અમારા કુંવરોને મળતી નથી. હું એમ નથી કહેતી કે સૂર્યસિંહ બે રાણીઓ પરણે અને એકને અણમાનીતી અને એકને માનીતી બનાવે; અણમાનીતી રાણીઓ તરીકે રાખવાને વધારે રાણીઓ પરણનાર રાજાઓને હું મૂર્ખના શિરોમણિ લેખું છું પરન્તુ બન્નેને માનીતી રાખવી, બન્ને તરફ એકસરખી પ્રીતિ દર્શાવવી, બન્નેને સમાન દૃષ્ટિથી જોવી, બન્નેને એકસરખો ન્યાય આપવો તેમાં જ વિવેકબુદ્ધિ સમાએલી છે. રાજાઓએ સૌથી પહેલાં ઘર આગળ ન્યાય શીખવો જોઇએ; પોતાની રાણીઓને જ ન્યાય આપવામાં તે એકકો ન બને, ત્યાં-સુધી પ્રજાને ન્યાય આપવાને તે લાયક ગણાતો નથી, રસિકલાલ! અને એ ન્યાયનું શિક્ષણ મારા રાજકુંવરને મહેલમાંથી જ મળે,

તેવા હેતુથી હું તેને બે રાણીઓ પરણાવવાનો આગ્રહ કરૂં છું."

આ વિચિત્ર ન્યાયશિક્ષણની રીતિએ રસિકલાલને હસાવ્યો. રાજમાતાની દલીલ તેણે લક્ષપૂર્વક સાંભળી હતી અને તેણે માન્યું કે બન્ને રાણીઓને એકસરખો ન્યાય આપવાથી ન્યાયબુદ્ધિની તીવ્રતા વધે છે, પરન્તુ તે હેતુથી એકપત્નીવ્રતનો ભંગ થાય, કલહનો સંસારમાં પ્રવેશ થાય, એ તેણે ઉચિત માન્યું નહિ અને તેણે પોતાનો વિચાર રાજમાતાની આગળ નિર્ભયપણે અને સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યો.

રાજમાતાએ કહ્યું: "રસિકલાલ! મને કહે કે મારો કુંવર બે સ્ત્રીઓને ન્યાય આપવાને માટે પોતાની અશક્તિ જાહેર કરે છે, તે મારી પ્રજાને શું ન્યાય આપશે? જ્યાં એકસરખો ન્યાય મળે છે, ત્યાં ખટપટનો સંભવ જ નથી, અને દલીલની ખાતર માનીએ કે તેથી ખટપટને જન્મ મળે; પરન્તુ હું કહું છું કે જે રાજા ઝનાનાની ખટપટને પણ પહોંચી વળવાને અશક્તિ દર્શાવે છે, તે રાજખટપટોને, ભાયાતોની યુક્તિપ્રયુક્તિ અને ખટપટોને પહોંચી વળીને કેવી રીતે રાજ્ય ચલાવશે? બાપુ! ધ્યાનમાં રાખજે કે સાધુવૃત્તિ ઉત્તમ છે ખરી પણ રાજાઓને માટે સાધુવૃત્તિ ઇષ્ટ નથી; ત્યાં તો ચાણાક્ષતા, દક્ષતા, પ્રસંગોપાત ધૂર્તતા અને શઠતા પણ જોઇએ. એવા ગુણો વિના હાલના જમાનામાં રાજા રાજ્ય કરી શકતો નથી. એવા ગુણોને અભાવે કાંતો તે રાજખટપટનો ભોગ થઇ પડીને કાળને શરણ થાય છે, અથવા તો રાજ્ય કરવાનું તેને નહિ ગમવાથી તેને ત્યજી દે છે! ભાઇ! રાજામાં કેવા ગુણો હોવા જોઇએ તેનું મારા કુંવરને જરા ભાન કરાવ."

"માજી! મહારાજ ખરેખર સાધુવૃત્તિવાળા છે, તેમને ખટ-

પટો પસંદ નથી, એટલે તે આ નવી ખટપટમાં જાણી જોઇને નહિ પડવાનું જ પસંદ કરે તો તેમાં કાંઇ નવાઇ નથી."

"ભાઇ! એ તું ખટપટ ખટપટ કહે છે, પણ તેને પહોંચી વળ્યા સિવાય છૂટકો નથી. આજનાં રાજ્યોમાં તેનો પગપેસારો થઈ ચૂક્યો એટલે તેને પરાસ્ત કર્યા વિના રાજ્ય ચલાવી શકાય નહિ; રાજકુટુંબનું કે પ્રજાનું પણ પાલન કરી શકાય નહિ. પ્રજાનું પાલન કરવું હોય તો રાજા થવું જોઇએ અને રાજ્ય પણ ચલાવવું જોઇએ. મહત્ત્વાકાંક્ષાની વાત ત્યજી દઇએ, તો જે છે તે સાચવી તો રાખવું જ અને તેટલા માટે ખટપટોને પણ સહન કરવી જોઇએ, તેને પહોંચી વળવા જેટલી ચાણાક્ષતા પણ જોઇએ અને તેવી ચાણાક્ષતાનો પ્રાથમિક પાઠ પણ શીખવો જોઇએ. જેમ વધારે રાણીઓ એક રાજા કરે, તેમ તેને વધારે સૂક્ષ્મ ન્યાયનું શિક્ષણ મળે, અથવા તો તેથી વધારે ખટપટો ચાલે, તો તેથી તે રાજા વધારે ચાણાક્ષ બને, એમ હું કાંઈ કહેતી નથી. બહુ વધારે સંખ્યામાં સ્ત્રીઓને ન્યાય આપવાની શક્તિ તો અમારા રાજાઓમાં નથી એટલે એ અતિશયપણું નુકસાનકારક અને રાજ્યનો ક્ષય કરનારૂં છે. તેથી રાજાઓમાં વિષયાભિલાષ અને વૈભવ ભોગવવાની વૃત્તિ વધે છે અને પરિણામ હાનિકારક આવે છે."

"માજી! એક કરતાં વધારે સ્ત્રી એટલે કે બે સ્ત્રીઓ કરવી તે પણ વિષયાભિલાષાનું સાધન વધારવા જેવું નથી શું?"

"એટલે? શું મારા સૂર્યસિંહમાં વિષયને એટલે અંશે જીતવાની શક્તિ પણ નથી?! અફસોસ! અફસોસ! રસિકલાલ! મારો કુંવર આમ બધી રીતે આટલો બધો કાયર હશે, તેમ હું જાણુતી નહોતી! ન્યાય આપવામાંથી પરાંગમુખ, ખટપટોને પરાસ્ત

કરવામાં કાયર અને વિષયાભિલાષને જીતવાને અસમર્થ એવો મારો કુંવર આ ભદ્રપુરનું રાજ્ય કેવી રીતે ચલાવશે ? તે અમારૂં-રાજકુટુંબનું અને પ્રજાનું પાલન શું કરશે ? તે દુશ્મનોને સમરાંગણમાં શું જીતી શકશે ? અવિચળ રહો અંગ્રેજી રાજ્ય કે હવે અમારે માટે લડવાનું દૂર થયું છે, નહિતો આ કુંવર યુદ્ધમાં શું ઊભો રહે ? તે મારા નામને લજવ્યા વિના ન જ રહે ! ! અમે રજપૂત-ક્ષત્રિય ! દુશ્મનોની સામે સમરાંગણમાં ઊભા રહેનારા-તેનામાં જરા પણ શૌર્ય નહિ ! અરે, તે હું કેમ સહન કરી શકું ? રસિકલાલ મારા કુંવરની એટલી બધી કાયરતા હું આજસુધી જાણતી ન હતી ! હું હતાશ થઇ જઉં છું ! સૂર્યસિંહ પોતાની કાયરતાથી તેના મરણ પામેલા બાપના નામને અવશ્ય એબ લગાડશે ! જા, જતો રહે, મારા કુંવરને મારો એટલો સંદેશો કહેજે કે તારામાં હું શૌર્યને જોઇશ નહિ, ત્યાંસુધી હું તારૂં કાયર મ્હોં કદાપિ જોનાર નથી ! ” એમ કહેનાંની સાથે રસિકલાલ તો બેસી રહ્યો અને રાજમાતા ગુસ્સાપૂર્વક ચાલ્યાં ગયાં; ક્રોધ અને શૌર્યના આવિર્ભાવથી જોરમાં પડતા પગથી મહેલ ગાજી રહ્યાનો રસિકલાલને અનુભવ થયો. રાજમાતાના ક્રોધયુક્ત શબ્દો, રક્તવર્ણીય ચક્ષુઓ, રગે રગે વ્યાપી રહેલો જુસ્સો, શૌર્યથી ચડી આવેલી ભ્રકુટી અને સમરાંગણમાં શત્રુની સામે વાક્પ્રહાર કરતા યોદ્ધાની પેઠે મુખમાંથી નીકળતી વાગ્ધારા, એ સઘળું જોઇને ક્ષત્રિયોના જુસ્સાના તાદૃશ્ય અનુભવ વિનાના રસિકલાલથી ગભરાઇ જવાયું ! તે પહેલાં તો રાજમાતાની આંખો સામે સભય તાકી રહ્યો હતો અને જ્યારે તે ચાલ્યાં ગયાં ત્યારે પણ તેમના ફરફરતા કાળા સાલ્લાને શૌર્યનું વાદળું પસાર થતું હોય તેવા ભ્રમથી જોઇ રહ્યો. વૃદ્ધ રાજમાતાના જુસ્સાએ તેના

હૃદયમાં ઘણી ઉંડી અસર કરી અને સૂર્યસિંહને બીજી રાણી પરણાવવાની જે દલીલો રાજમાતાએ કરી હતી, તેની વાસ્તવિકતા તો તેનું હૃદય સ્વીકારી શક્યું નહિ પણ તેમના શૌર્યથી અને ક્રોધાવિર્ભાવથી તે દિગ્મૂઢ બની ગયો. શું કરવું અને શું ન કરવું, સૂર્યસિંહની પાસે જઇને તેને શું સલાહ આપવી, તેનો કાંઇ પણ નિર્ણય તે કરી શક્યો નહિ. છેવટે માતાજી ગયાં એટલે તે ત્યાંથી ચાલ્યો ગયો અને વિચારમગ્ન હૃદય સાથે સૂર્યસિંહના આવાસમાં જઇને બેઠો.

સૂર્યસિંહે જ ઉત્સુકતાથી પૂછયું: “ કેમ, રસિકલાલ ! શું પરિણામ ? ”

“ શું પરિણામ તે પણ કહી શકું તેવી સ્થિતિમાં હું નથી. સરલ હૃદયનાં માજીને સમજાવી લેવાનું મારૂં અભિમાન દૂર થઇ ગયું છે ! ”

“ કેમ ? શું થયું ? ”

“ તમારે માટે મેં જેટલી વકીલાત કરી તેનો અર્થ માજીએ જૂદા જ રૂપમાં લીધો છે. માજી કહે છે કે બે રાણીઓ હોવાથી એક રાજાને સમદષ્ટિનું અને ન્યાય આપવાનું પ્રાથમિક શિક્ષણ મળે છે. જો કદાપિ ખટપટ ચાલે, તોપણ તેને પરાસ્ત કરવાના પ્રયાસથી રાજામાં ચાણાક્ષતા આવે છે. આ દલીલો મને માન્ય નથી; પરન્તુ જ્યારે મેં માજીને કહ્યું કે મહારાજ શાંત પ્રકૃતિના અને ખટપટથી દૂર રહેવાની વૃત્તિવાળા છે, ત્યારે તે આપના ઉપર બહુ જ ગુસ્સે થયાં અને તેને આપની એક પ્રકારની કાયરતા ગણી મને સૂચવ્યું કે જ્યાંસુધી હું સૂર્યસિંહમાં શૌર્ય નહિ જોઉં ત્યાંસુધી તેનું મ્હોં નહિ જોઉં : એમ કહી તે એકદમ ક્રોધપૂર્વક જતાં રહ્યાં

અને મારી વકીલાતનું ઘણું અનિષ્ટ પરિણામ આવ્યું."

માતૃભક્તિમાં અહર્નિશ તત્પર રહેનાર સૂર્યસિંહ વૃદ્ધ માતાનો ગુસ્સો સાંભળીને શોકાતુર થયો. તેનું મ્હોં ઉતરી ગયું અને પાએક કલાક સુધી બન્ને મિત્રોએ ગુપચુપ બેઠાં બેઠાં વિચાર જ કર્યા કર્યો. સૂર્યસિંહના મગજમાં અનેક તરેહના વિચારોએ સ્થાન લીધું: " કદાપિ નહિ અને આજે હું માતુશ્રીના ક્રોધનું પાત્ર થયો અને તે પણ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે! માતાજી કેવો વિચિત્ર વિચાર કરે છે? હું બે સ્ત્રીઓ પરણું તો શૂરો ગણાઉં? નહિ જ. તે તો એક પ્રકારની કાયરતા છે. સ્ત્રીઓની ખટપટને પહોંચી વળવાથી શું દક્ષતા મેળવાતી હશે? બન્ને સ્ત્રીઓને સરખી રાખવાના પ્રયાસમાં સમદૃષ્ટિ અને ન્યાયનું શિક્ષણ મળે તે વાત ખરી, પણ તે ઝનાની શિક્ષણ શું રાજ્યકાર્યભારમાં ઉપયોગી થઇ પડતું હશે? ઝનાનાનું રાજ્ય કપરૂં છે ખરૂં અને કેટલીક વાર આ મોટા રાજ્ય કરતાં તે રાજ્ય સારી રીતે ચલાવવાનું કાર્ય વધારે કપરૂં થઇ પડે છે; પરન્તુ તેથી શું? સામાન્ય ન્યાયદૃષ્ટિ તેથી ખીલવા પામતી હશે? માજીની દલીલો મને તો રૂચતી નથી. પરન્તુ, અરેરે! મારૂં મ્હોં પણ નહિ જોવાની કેવી કપરી પ્રતિજ્ઞા માજીએ કરી છે? માતુશ્રીનાં દર્શન ન કરવાં તે હું કેમ સહન કરી શકું? તેમની આજ્ઞાનું પાલન ન કરૂં, તેટલા માટે હું તેમના ક્રોધને પાત્ર છું ખરો, પરન્તુ માજી! આ કેવો ભયંકર ક્રોધ? એકના એક પુત્રનું મ્હોં પણ નહિ જોવાની તમારી પ્રતિજ્ઞા કેટલી ક્લિષ્ટ? મને જોયા વિના જેમનું અંતઃકરણ કદાપિ તૃપ્ત થતું નહિ, તે મારૂં મ્હોં નહિ જોવાની પ્રતિજ્ઞા કરે છે! નવાઈ જેવું છે ખરૂં, પરન્તુ તેમના હૃદયની દૃઢતા તે પ્રતિજ્ઞા ખરેખર પાળશે! અરેરે, પણ મને તેમનાં

દર્શન વિના કેવી રીતે ચાલી શકશે ?" એકાએક રસિકલાલને પ્રશ્ન કર્યો: "ત્યારે રસિકલાલ ! તમે શું સલાહ આપો છો ? માતાજીનું દૃઢ મન તો મારૂં મ્હોં નહિ જોવાની પ્રતિજ્ઞા પાળશે, પણ મને તેમનાં દર્શન વિના એક ક્ષણ પણ ચાલી શકશે નહિ; તેમ જ બે સ્ત્રીઓ પરણવામાં શૌર્ય સમાએલું હોય એમ હું માની શકતો પણ નથી !"

"હું શું સલાહ આપું ? માતાજીના ક્રોધથી હું તો કેવળ ગભરાઇ ગયો છું ! તેમની આજ્ઞા પાળવામાં પણ દોષ છે; નહિ પાળવામાં પણ વાંધો આવે છે."

"બીજી સ્ત્રી પરણવામાં મારી જાતને અન્યાય આપવા ઉપરાંત સૌથી મોટો અન્યાય હું મારી સ્ત્રીને આપું છું: હું એકપત્નીવ્રત નહિ પાળું અને તેના ઉપર શોક્ય લાવીશ એવી કલ્પના પણ તે બિચારીને હશે શું ?"

"કદાચ હોય પણ ખરી; તે પણ એક રાજકુટુંબની બાળા છે. રાજાઓના એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાના રીવાજને તે જાણે તેમાં કાંઇ નવાઇ નહિ."

"પણ તેથી તેના આશાંકુર–મારી અવિભાજ્ય પ્રીતિ મેળવવાની તેની અભિલાષાનો મારે શું મૂળમાંથી જ વિચ્છેદ કરી નાંખવો ?"

"માતાજીની આજ્ઞા અનુચિત છે અને તેના ભંગ કરવામાં મને તો કાંઇ હરકત જણાતી નથી; મારી સલાહ છે કે તમે એટલા દૃઢ થાઓ."

"મારી તે દૃઢતાનો અર્થ એ કે મારે માતાજીનું મ્હોં પણ નહિ જોવા જેટલી દૃઢતા બતાવવી, રસિકલાલ ! મારે માટે મને તે સંભવિત જણાતું નથી !"

"તો નવીન અભિલાષવતી બાળાને અન્યાય આપો–તમારાં

જ શબ્દોમાં તેના આશાંકુરોનો વિચ્છેદ કરો: બે ઉપરાંત ત્રીજો માર્ગ તમારે માટે નથી.”

“ રમાની સંમતિ મળે તો તેને અન્યાય મળવાનો સંભવ દૂર થાય ખરો કે નહિ ?”

આ શબ્દો સાંભળીને રસિકલાલ હસ્યો અને બોલ્યો : “સં-મતિ ? કોની સંમતિ ? કઇ સ્ત્રી સપત્ની જોવાને માટે આનંદિત હોય ? તે સંમતિનો સંભવ જ નથી, મહારાજા !”

“એ વાત પણ ખરી. ત્યારે હું શું કરૂં ? પણ એ સંમતિ મળશે, તો હું બીજું લગ્ન કરીશ એવો સંદેશો માજીને કહેવરાવવાથી તેમનો ગુસ્સો દૂર થાય ખરો કે નહિ ?”

“ કેટલેક અંશે થાય પણ તમારો તે સંદેશો જ મને તો ઉચિત જણાતો નથી. માજી શું નહિ સમજતાં હોય કે રમાકુંવરની સંમતિ તે માટે મળવાનો સંભવ જ નથી ?! છતાં કહો, તો હું તો માજીને કહું અને ક્રોધને ઠંડો પાડવાને પ્રયત્ન કરૂં.”

“ હા, તેમ જ કરો. તેમના પ્રચંડ ક્રોધની જ્વાળા મારાથી નહિ જ ખામી શકાય, રસિકલાલ ! મારે માથે આ પહેલું અને ઘણુંજ વિચિત્ર સંકટ આવી પડ્યું છે !”

થોડી વધુ વાતચીત સાથે બન્ને છૂટા પડ્યા. બીજે દિવસે રસિકલાલે પુનઃ રાજમાતાની મુલાકાત લીધી અને સૂર્યસિંહનો સંદેશો કહ્યો. માતાજીએ કહ્યું : “ રસિકલાલ ! સૂર્યસિંહ શું પોતાની સ્વતંત્ર શક્તિથી કાંઇ કરવાને શક્તિમાન્ નથી ? પરણ્યા પહેલાં જ શું તેના હાથ પગ બંધાઇ ગયા છે ! આ કાંઇ મને સારૂં ભવિષ્ય જણાતું નથી !”

“ માજી ! તમે કૃપા કરીને વિશેષ આગ્રહ રહેવા દો. આટલું

પણ તેમનું મન વળ્યું છે, તો ભવિષ્યમાં વિશેષ વળશે, માટે આટલાથી જ હાલ તો સંતુષ્ટ થાઓ! મહારાજ ઉપર નહિ પણ મારાપર આપ એટલી દયા કરો. રાજકુંવરીઓ સારી પેઠે સમજે છે કે રાજાઓ એક કરતાં વધારે રાણીઓ પરણે છે એટલે કેટલેક અંશે આ બાબતમાં રમાકુંવરની સંમતિનો સંભવ છે." રાજમાતાને રસિકલાલે આ પ્રમાણે સમજાવીને શાંત પાડયાં અને રસિકલાલની બોલવાની મધુરતાથી રાજમાતાનું દિલ પોતાનો અતિ કઠીન આગ્રહ નહિ પકડી રાખવા જેટલું પીગળ્યું.

"પણ રસિકલાલ! તમારે પોતે જ લગ્નને બીજે દિવસે આ સંમતિના ખબર મને સૂર્યસિંહ પાસેથી લાવી આપવા."

"હું જ લાવી આપીશ. આપ નિશ્ચિંત રહો." એમ કહી રસિકલાલ ગયો. જતાં જતાં રાજકુટુંબની ચિત્ર વિચિત્ર પ્રકૃતિઓ ઉપર તેણે મન્દ સ્મિત કર્યું. કુશળ સલાહકારને અભાવે જોતાં જોતાંમાં રાજ્યોમાં કેવી રીતે ખટપટો પેસી જાય છે તેનો પહેલો અને નવીન અનુભવ આજે રસિકલાલને મળ્યો.

પ્રકરણ ૧૨ મું.

પુનઃ ઉત્સુકતા.

પિતા તરફથી લતાને તિરસ્કાર પામ્યાને પાંચ-સાત દિવસ વીતી ગયા. લલિતાએ પોતાની સાથે જે ઉદ્ધત વર્તન ચલાવ્યું હતું, તે કરતાં પિતા તરફના તિરસ્કારથી તેને વધારે લાગી આવ્યું હતું અને જ્યારે જ્યારે તેને તે પ્રસંગ સાંભરી આવતો ત્યારે ત્યારે તેનું

હૃદય ડૂસકડૂસી આવતું અને પોતાના દુર્ભાગ્યને દોષ આપતું. ચંદ્રમણિશંકર તે વખતે તેને સમજાવતો અને આશ્વાસન આપતો. લતા તે વખતે શાંત બનતી પરન્તુ આશ્વાસનની અસર લાંબો વખત ટકવા પામતી નહિ.

આજે ચંદ્રમણિશંકરની તબીયતમાં પહેલાં કરતાં જરા વધારે સુધારો જણાતો હતો અને રોજ તે માત્ર દુધની કાંજી ઉપર રહેતો ત્યારે આજે તેણે થોડી ખીચડી તથા દુધ ખાધાં હતાં એટલે લતાનું મન હર્ષમાં હતું. સ્વામી જમી ઉઠયા અને લતાએ પાનપટી આપતાં કહ્યું: " આજે તમને કાંઇક વધારે સારૂં છે, ખરૂં? ખોરાક પણ ઠીક લેવાયો છે. "

" હા વ્હાલી! આજે મને જરા ભૂખ લાગી છે અને હવે મારામાં ધીમે ધીમે બળનો સંચાર થતો હોય તેમ જણાય છે! તારા મુખમાંથી આજે કાંઈ ચિન્તાની છાયા દૂર થઈ જણાય છે ખરી! " એમ કહેતાં ચંદ્રમણિશંકરે મંદ સ્મિત કર્યું અને લતાએ પણ સ્મિત કરતાં જ કહ્યું: " તમારી તબીયત સુધરે અને મારી ચિન્તા દૂર થાય એ તો સ્વાભાવિક જ છે, નાથ! તોપણ મારૂં અંતર્ ઉંડાણમાં બળ્યાં કરતું હોય એમ કેમ જણાતું હશે? ! "

" કોઇ બીજી ચિન્તાથી તેમ બને.! મારા સંબંધી ચિન્તામાંથી તું મુક્ત થઈ ગઇ, પણ તારા પિતાના તિરસ્કારનો દંશ હજી તારા અંતર્માંથી દૂર નહિ થયો હોય અને તેથી અંતર્ બળ્યાં કરતું હશે. "

" હા, ખરેખર, તેમ જ છે. હજી મારા અંતરનો કલેશ દૂર થયો નથી! તમે સાજા થયા એટલે હવે મને સઘળાં સુખ મળી ચૂક્યાં. પિતાના તિરસ્કારથી હૃદય બળે છે, પણ હવે ચિત્ત શાંત

થાય તો ઠીક! રખા મનને ઘણુંએ વારૂં છું પણ શાંત થતું નથી. હૃદયનો ઉભરો શમતો જ નથી! એમ કેમ થતું હશે?" લતાએ ચિત્તની સમગ્ર શાંતિ મેળવવાની જિજ્ઞાસાથી કહ્યું.

"એમ ચિત્ત ઉપર બળાત્કાર કરવાથી તે શાન્ત નહિ બને. જો તારે હૃદયને ખરેખર શાન્ત કરવું જ હોય, તો જાણે કાંઇ જ બન્યું નથી એમ માનીને સઘળું ભૂલી જા. મનને માર્યા વિના ઉદ્વેગ દૂર નહિ થાય."

લતા ઓશિયાળું મ્હોં કરીને બોલીઃ "પણ નાથ! બડ બડ બળતું મન એમ કેમ માને કે કાંઇ જ બન્યું નથી?"

"તો એક વાર ફરીથી તું તારા પિતા પાસે જા અને તેમની માફી માંગ કે હું બાળક હોઇને તમારી પાસે જે કાંઇ માઠાં વચન બોલી હોઉં તે માટે મને ક્ષમા કરો. તારો પિતા ક્ષમા કરશે ત્યારે તારા મનનો ઉદ્વેગ દૂર થશે."

"જેણે મારો તિરસ્કાર કર્યો છે તેની માફી માંગવા જતાં મારો પગ કેમ ઉપડે? અને શું તેમની હવે માફી માંગવી તે વાજબી છે? જુઓને, તેમણે પોતે જ આપણું કેટલું અશ્રેય કર્યું છે? અહીં આવ્યા છે છતાં તમારી તબીયતના ખબર લેવા પણ આવ્યા છે?"

"હશે, ગમે તેમ તોએ તે તારા અને મારા બન્નેના વડીલ છે. તેમનો દોષ આપણે મનમાં લાવવો જોઇએ નહિ. પિતા ગમે તેવો તિરસ્કાર કરે તોએ છેવટે તે પિતા છે; તેમની માફી માંગવી તેમાં કાંઇ ખોટું નાહ. મારી પણ સલાહ છે કે તેમણે આપણી ઉપર ગમે તેટલી ક્રૂરતા દર્શાવી હોય, તોપણ આપણે તે તરફ નજર કરવી નહિ અને તેટલા માટે તું એક વાર ફરીથી તેમની પાસે

જા અને તેમના ગુસ્સાને શાંત કરવા જેવાં બે શીતળ વચનો કહી આવ. ”

સ્વામીની અતિઉદાર ચિત્તની આ સલાહ સાંભળીને લતા વિચારમાં પડી. એક ક્ષણમાં તે ક્રોધના આવિર્ભાવમાં આવી જતી અને વિચારતીઃ “ અરર ! જેમણે મને માણસ પાસે ધક્કો મારીને કાઢી મેલવા જેટલું કર્યું તેમને શાંત કરવાને શું હું શીતળ વચનો કહી આવું ? તે પિતા, તે જન્મદાતા, પણ તેથી શું ? પુત્રીની આવી રીતે અવગણના કરનાર તે જન્મદાતા ‘ પિતા ’ કેમ કહેવાય ? ” થોડી વારે પુનઃ શાંત બનતાં તેના ચિત્તમાં એવી સ્ફુરણા થતી કે “ હશે, પિતાને શાંત વચનો કહી આવી તેમના મનની ખરાબ અસર ભૂંસી વાળવામાં તેમનો નહિ પણ મારો જ સ્વાર્થ સમાએલો છે કે તેથી મારૂં ચિત્ત નિત્યના ઉદ્વેગમાંથી મુક્ત થશે. હું તેમની ક્ષમા માંગી આવું તેથી તેમનો મારા પ્રત્યે સદ્ભાવ ઉત્પન્ન થાય કિંવા ન થાય, પણ મારૂં ચિત્ત તો અવશ્ય શાંત થશે; ભલા એટલો પણ લાભ જ છે ! ” એમ વિચારી તે ભૂતકાળના સ્મરણમાં ચડી. વત્સલ માતા અને તેના મરણનો દુઃખદાયક પ્રસંગ સાંભરી આવ્યો. તે સમયના પિતાના સદ્ભાવનું અને આ સમયના અસદ્ભાવનું સ્મરણ થઈ આવ્યું: “ અરેરે ! તે વખતે જે પિતા હતા તે આ વખતે નથી જ રહ્યા ! ઓ પ્રભુ ! શું આ સૃષ્ટિને તેં એટલી બધી વિચિત્ર ઘડી છે કે જન્મ આપનાર પણ પોતાનાં સંતાનો પ્રતિ વત્સલ અને પાછાં ક્રૂર બની જાય છે ? ! અહા ! પિતા ! પિતા ! તમે મારો ભલે તિરસ્કાર કર્યો, મારા મનમાં તેને માટે કાંઇ પણ નથી; પણ મારી માતાના જીવન સમયમાં તમે મારાપર જે અત્યંત વત્સલતા દાખવતા હતા તે વત્સલતા દાખવી ન હોત,

તો અત્યારે તમારો તિરસ્કાર મારા અંતરને આટલો દુઃખદાયક ન થઇ પડત ! મ્હોંમાં સાકર મૂક્યા પછી વિષ રેડવું તે કરતાં પ્રથમથી જ વિષ પાયું હોત તો મને–મારા અંતરને તમારો તિરસ્કાર આટલો ઉદ્વેગજનક થઇ પડત નહિ !" આટલો વિચાર કરતાં લતાની આંખોમાંથી આંસુ ઉભરાઈ જવા લાગ્યાં. વત્સલ પિતાની પૂર્વ વત્સલતાના સ્મરણે હૃદયને દુઃખ સાથે કોમળતાનો અનુભવ કરાવ્યો. હૃદયમાં કોમળતાનો સંચાર થતાંની સાથે માતૃસ્નેહનું સ્મરણ પણ હૃદયમાં ઉભરાઈ આવ્યું અને હૃદય પિતાને મળવાને માટે પુનઃ ઉત્સુક થઇ આવ્યું. કોમળ ચિત્તમાંથી પિતાએ કરેલો તિરસ્કાર, પિતાએ પોતાનું અપ્રિય કરવામાં વાપરેલી ક્રૂરતા વગેરે ભૂલી જવાયું અને લતા પુનઃ પિતાની પાસે જઇ પોતે કહેલાં કડવાં વચનોને માટે ક્ષમા માંગી આવવાને તૈયાર થઇ.

પુનઃ તે સરલ હૃદયની બાળા પિતાને મળવાને–તેમની ક્ષમા યાચવાને ઉતારે ગઇ. પહેલી વાર જતાં તેણે પિતાને જે સ્થળે જોયા હતા તે સ્થળે તે ગઇ પણ ત્યાં કોઇ નહોતું. આસપાસ નજર કરી પણ નજીકમાં કોઇ જણાયું નહિ. એકાંત સ્થળમાં પોતે એકલી રહેવાથી રખેને કોઇને વ્હેમ આવશે એમ માનીને તે પાછી ફરવા જતી હતી, એવામાં એક હમાલ ત્યાં આવી પહોંચ્યો. લતાએ તેને પૂછ્યું: "ભાઇ, અહીંયા ગોપાળરાય શેઠ ઉતર્યા છે તે ક્યાં ગયા છે ?"

"ક્યાંક બહાર ગયા હશે, પણ હવે તેમને આવવાનો વખત થયો છે. કેમ, તમારે તેમને મળવું'તું ?" હમાલે પ્રશ્ન કર્યો.

"હા, થોડી વાર હું અહીં રોકાઉં તો તે આવશે ખરા કે ?"

"આવશે ખરા, અહીં બેસો, આવશે તો પણ સીધા અહીં જ આવશે." એમ કહી હમાલ ચાલ્યો ગયો અને લતાગૌરી એક

બાજુએ પડેલી બેંચપર બેઠી. પાસેના ઓરડાનું એક દ્વાર બંધ હતું અને બીજું અર્ધું ઉઘાડું હતું. તેમાંથી કોઇ કાંઇક વાતચીત કરતું હોય તેમ લતાને જણાયું. તેણે માન્યું કે કોઇ મેમાન હશે તે ઓરડામાં બેઠાં હશે, પણ તેની તે માનિનતા થોડી વારમાં ખોટી પડી. તે પોતાની બ્હેન લલિતાના સ્વરને તુરત ઓળખી ગઇ અને જણાયું કે લલિતા જ ઓરડામાં કોઇની સાથે વાત કરે છે. લતા સઘળું સાંભળી રહી:

"ત્યારે હાલમાં તમે મહારાજના પ્રાયવેટ સેક્રેટરી છો કે ?" લલિતાનો કોમળ સ્વર સંભળાયો.

"હા, પણ ડીયર ! મારે માટે હવે વૃદ્ધનગરના કાર્યભારી થવાનો ચાન્સ જરાએ દૂર નથી. આવતા જાન્યુઆરી માસમાં જ ક્રોધર વાનપ્રસ્થ થવાના છે અને વૃદ્ધનગરના કાર્યભારી તરીકે મારી જ નીમણુક થાય તે તો ખુલ્લું જ છે."

"હા, એ તો ખુલ્લું જ છે, અને હું કાંઈ તમે કાર્યભારી થાઓ તેટલા માટે જ તમને ચાહું છું એમ નહિ માનતા. તમે ગરીબ હો તોપણ શું ? ઇન્ટર્નલ લ્હવ (અંતરનો પ્રેમ) શાથી ઉપ્તન્ન થાય છે તેનું કારણ પ્રેમી પાત્રો પોતે સમજી શકતાં જ નથી; કહોને શકુન્તલા દુષ્યન્તને તે રાજા હતો માટે જ ચાહતી થઇ હતી એમ ક્યાં હતું ? કોઇ આકસ્મિક સંયોગોથી જ પ્રેમીઓ પ્રેમમાં જોડાય છે કે જેમ આપણા સંબંધમાં બન્યું છે. કેમ ખરૂં કે નહિ ?"

"ક્વાઇટ ટ્રુ, ક્વાઇટ ટ્રુ, ડિયર લલિતા ! તમે ખરૂં જ કહો છો !" અને તુરત જ મધુરા ચુંબનનો અવાજ લતાએ સાંભળ્યો: "પણ હવે આપણો પ્રેમ આપણાં વડીલોને જાહેર થઇ જવો જોઇએ, કારણકે હવે તો તુરત જ આપણાં લગ્ન થવાં જોઇએ.

આઈ ટેલ ધી ટ્રુથ (હું ખરૂં કહું છું) કે હવે તમારો વિયોગ આપણાથી સહન નહિ જ થાય. ગમે તેમ થાય, લગ્ન નહિ થાય તોપણ હું તમને મારાં મેમાન તરીકે પણ થોડો વખત વૃદ્ધનગર અવશ્ય બોલાવીશ."

"નહિ, હું તમને જ મુંબઇ બોલાવીશ અને તમારે આવવું પડશે. લગ્ન તુરતમાં થશે તો ઠીક છે, નહિતો તમારા પિતા સાથે મારા પિતાનો નવીન મૈત્રીસંબંધ થયો છે તે નિભાવવાની ખાતર હું તમને મુંબઇ બોલાવવા માટે મારા પિતાને જરૂર આગ્રહ કરવાની, અને તમે આવશો તો ખરાને ?"

"ઓહ યસ ! તમારૂં હૃદયપૂર્વકનું આમંત્રણ આવે અને હું શું ન આવું ? અરે જ્યાં હોઉં ત્યાંથી એકદમ દોડતો આવું ! પણ હું તમને વૃદ્ધનગર બોલાવું તો ?"

"ઓ નો, હું તો ત્યાં નહિ જ આવવાની !" લલિતાએ ભાવ ખાતાં કહ્યું.

"વાહ, ત્યારે આ જ તમારો સાચો અને અંતર્નો પ્રેમ કે ? સાબાશ છે ! આટલા દિવસ સુધી તમારા પ્રેમની ભિક્ષા માંગીને તમને મનાવ્યાં અને આજે જરા મનાયાં છો તેનું છેવટનું પરિણામ એ જ કે ?"

"નહિ, નહિ, કુન્દનલાલ ! તમે એમ માઠું નહિ લગાડો ! શું હું તમને નિરાશ કરવાને એમ કહેતી હોઈશ ! હું તો તમારા પ્રેમની પરીક્ષા કરૂં છું !"

કુન્દનલાલ ઉત્સાહમાં આવી જતો બોલ્યોઃ "થેંક્સ ! થેંક્સ ! તમે ઉમરમાં તો નાનાં છો પણ બહુ જ વિચિક્ષણ છો હોં ! ખરેખર, આ કુન્દનના હૃદયનું સમર્પણ તમને જ થવું યોગ્ય છે ! ત્યારે હવે તમે વૃદ્ધનગર આવશો ને ?"

"મને શાને પુછો છો? મારા હૃદયના પ્રેમને સમજી શકયા હો તો તે પ્રેમને જ પૂછી જુઓ! તે જવાબ આપશે!"

"ઓહો, શું તમારી ચાલાક્ષતા! ખરેખર, બીનસુધરેલી શરમાળ બાળાઓના સ્વભાવ જેવું થોડું તમારામાં પણ છે ખરૂં, પણ તે તમારામાં અત્યંત મધુર જણાય છે. તમે ખુલ્લો ઉત્તર આપવામાં તમારૂં શરમાળપણું બતાવ્યું છે, પણ તે મને બહુ જ મિષ્ટ લાગે છે! વારૂ પણ—"

એટલામાં પવનથી જરા બારણું ખખડયું અને અર્ધું બંધ રહેલું દ્વાર ઉઘડી ગયું. કુન્દનલાલ ચમકયો અને બારણા પાસે જઇને તેણે બહાર નજર કરી તો લતા તેની નજરે ચડી. એક અજાણી સ્ત્રીને પોતાની સઘળી વાતચીત સાંભળતી જોઇને તે જરા ગભરાયો અને માંહે પાછા ફરી લલિતાને કહ્યું: "બહાર કોઇ અજાણી સ્ત્રી બેઠી છે."

લલિતા બહાર આવી અને લતાને જોતાં જ તે છેડાઈ ગુસ્સો કરતી તે બોલી: "કેમ રે ભિખારડી! પાછી તું અહીં આવી છે કે? કેમ, કાંઇ ચોરી કરવાનો વિચાર છે કે શું?"

લતા પોતાની બ્હેનની ઉદ્ધતાઈ સમજતી હતી એટલે તેણે લલિતાએ કરેલા પોતાના તિરસ્કારથી જરાએ માઠું લગાડ્યા વિના કહ્યું: "બ્હેન! હું પિતાજીને મળવા આવી છું!"

"કોના પિતાજી?! ચાલ ચાલ, લુચ્ચી, અહીંથી ચાલી જા! જુઓ તો, મારી બ્હેન બનતી આવી છે તે! ચાલ, જતી રહે, સાંભળે છે કે નહિ?" લલિતાએ ભ્રકુટી ચડાવીને કહ્યું.

લતાની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. " ઓ મારા પ્રભુ! મારી શું દશા થવા બેઠી છે?" એમ બોલતી તે ત્યાંથી ઉઠી અને બહાર ચાલી ગઇ. પિતાને મળવાની અને તેમની ક્ષમા માંગવાની તેની ઉત્સુકતા છતાં તે હતાશ બની!

પ્રકરણુ ૧૩ મું.

મોટી મુંઝવણમાં.

संपन्नशालिनिचयावृतभूतलानि ।
स्वस्थस्थितप्रचुरगोकुलशोभितानि ॥
हंसैश्चसारसकुलैः प्रतिनादितानि ।
सीमान्तराणि जनयन्ति नृणां प्रमोदम् ॥
कालिदास ॥

ભદ્રપુરનું પાધર પશ્ચિમ દિશાએ ભદ્રમુખ અને સાગરના ઘુઘવતા કિનારાથી તથા બીજી સઘળી દિશાએ વર્ષનો મોટો ભાગ આવા મનોહર પ્રદેશથી આચ્છન્ન રહેતું. કુદરતે તેને આવી સુંદરતા અર્પી હતી અને કુદરતે જ તેને ખીલાવી હતી-તેનું પોષણ કર્યું હતું. ગિરનાર અને અર્બુદગિરિનાં જંગલો વિવિધ જાતિનાં વૃક્ષોથી મનોહર લાગે છે પરન્તુ તે સાથે તેમાં હિંસ્ર પ્રાણીઓ નિવાસ કરતાં હોવાથી તેની તે મનોહરતા કેટલેક અંશે ઉતરી જાય છે; ત્યારે ભદ્રપુરની પૂર્વ દિશાએ આવેલા એક નાનકડા જંગલમાં એટલી વિશેષતા હતી કે તેમાં તેવાં પ્રાણીઓ નિવાસ

નહિ કરતાં હોવાથી તે નિર્ભય હતું અને કુદરતની મનોહરતા જ્યારે સંપૂર્ણતઃ વિકાસ પામતી ત્યારે તેનું મનોહર સ્વરૂપ મોટા પ્રમાણમાં ખીલી ઉઠતું. માનસિક શ્રમ કરનારા યોગીઓ, અભ્યાસીઓ અને કવિજનોને સ્વવિષયક પોષણ આ જંગલમાંથી સારી પેઠે મળતું અને તેનું કારણ તેની મનોહરતા, શાંતતા અને નિર્ભયતા હતી. જંગલ બહુ મોટું અને ઘીચ નહિ પણ નાનું અને આછું હતું, જેથી સૂર્યનો પ્રકાશ સારા પ્રમાણમાં પ્રવેશ કરી શકતો હતો અને ભૂલા પડી જવાનો ભય ઉત્પન્ન થતો નહિ.

સમય પ્રભાતનો હતો. અરૂણોદય થઇ ગયો હતો. સૂર્યદેવની તપાવેલા સોનાના સરખી એક કિરણે દૃષ્ટિગોચરક્ષિતિજમાં દર્શન આપ્યું હતું. આ શાંત જંગલમાં પણ અત્યારે પક્ષીઓનો કોલાહલ શ્રવણગોચર થતો હતો અને સર્વત્ર પ્રસરી રહેલી શાંતિમાં ખલેલ કરતો હતો. આકાશ સ્વચ્છ હતું તોપણ ઝાકળ વરસેલો હોવાથી આકાશને ધુમ્મસનું એક વાદળું આચ્છાદિત કરી રહ્યું હોય તેમ દેખાતું હતું. થોડીવારમાં સૂર્યનું આખું બિંબ ક્ષિતિજને અંતે આવીને ઊભું અને તેજની વૃદ્ધિ થતાં ધુમ્મસનું વાદળું અદૃશ્ય થઇ ગયું. સ્વચ્છ નીલ અભ્રનું દર્શન થયું અને ભદ્રપુરના પાધરમાં સર્વત્ર સુભદ્રતા વ્યાપી રહી. અત્યારે રાજા સૂર્યસિંહ કુદરતની આ સુંદરતા જોતો જોતો અને ચક્ષુદ્વારા તેના અમૃતરસનું પાન કરતો કરતો અશ્વપર અસ્વાર થઇને ફરતો હતો. ઠંડના ચમકી જરા હતી પરન્તુ તે આ સુંદરતામાં વૃદ્ધિ કરતી હતી. રાજાએ પોતાના શરીરપર એક ગરમ ઓવરકોટ પહેર્યો હતો અને માથે ગુલાબી ફટકો બાંધ્યો હતો. તેની સાથે અત્યારે કોઇ સેવક કે માણસ નહોતું. તે એકલો જ ફરતો હતો અને 'સૌંદર્ય' તથા 'માધુર્ય' નો વિલાસી રાજા એકાંતમાં તેનું પાન કરી આનંદ પામતો હતો.

સૌંદર્ય અને માધુર્યના ભોગી સૂર્યસિંહની વૃત્તિઓ પણ સુંદર અને મધુર જ હતી. જ્યાં જ્યાં સુંદરતા અને મધુરતા દૃષ્ટિગોચર થતી, ત્યાં ત્યાં તેની વૃત્તિઓ અણધાર્યું નૃત્ય કરવા લાગી જતી અને એ નૃત્ય કરતી સરળ-કોમળ લતામાંથી સુગંધી તેમ જ સુંદર પુષ્પો ખરતાં. સુંદરતા અને મધુરતાની અનુરાગિની વૃત્તિને વિકસિત કરવાને તેણે પોતાનો અભ્યાસ તત્સંબંધમાં જ વધાર્યો હતો. કવિતાઓ જોડવી કે મનોરંજક ગદ્ય લખવું તે તેના મનથી સરળ કામ હતું પણ તેવું લખવામાં કે લખવા બેસવામાં તે તેના મગજને બહુ રોકી રાખતો નહિ. કોઇ સુંદર વસ્તુ તરફ દૃષ્ટિ ખેંચાતાં સ્વાભાવિક વિચારો સ્ફુરી આવતા તેનું વહન કોઇ કોઇ વાર તેના મુખદ્વારા કવિતારૂપે થતું અને તે સમયે તેના હૃદયને જે આનંદ થતો તે જ તેના મુખનું બલ્કે મનનું મનોહર સ્મિત હતું. આવી રીતે તેના મનને આનંદ પ્રાપ્ત થાય તે સમયે તે મન્દ હસતો, તે સિવાય તેના મુખમાં ભાગ્યે જ કોઇ વાર ઇષત્ હાસ્ય જોવામાં આવતું. હૃદયની પ્રસન્નતાથી મુખદ્વારા સરી પડેલી કવિતાઓને કિંવા કાવ્યમય વિચારોને તે પોતાના જીવનનું મધુર-અમૃતમય ફળ માનતો અને તેના હૃદયને તે સમયે સ્વર્ગીય સુખના અનુભવનો ભાસ થતો.

સુંદરતા અને મધુરતાનો ભોગી ભ્રમર સૂર્યસિંહ અત્યારે-ઉગતા પ્રભાતને સમયે પણ પોતાની વૃત્તિઓને નૃત્ય કરાવવાને માટે જ ભદ્રપુરના મનોહર જંગલમાં ફરતો હતો અને કુદરતની લીલાના અમૃતનું ચક્ષુદ્વારા પાન કરતો હતો. ચારે દિશાએ દૃષ્ટિ ફેંકતા લીલાંછમ ફળવૃક્ષો અને કેટલાક જંગલી ફૂલોના છોડવા તથા વેલાઓ જ જોવામાં આવતા હતા. ઉત્તર દિશાએ આવેલી એક ઉંચી પર્વત સરખી દેખાતી ટેકરી ઉપર ઉગતા રક્તવર્ણીય

સૂર્યનો પ્રકાશ પડતો હતો તે સૃષ્ટિસુંદરીના ઉપસેલા સ્તન વિભાગ પરથી જરા ખસી ગએલા કસુંબી રંગની સાડીના છેડા જેવો માલૂમ પડતો હતો. સૂર્યસિંહનું દિલ એ મનોહરતા જોઇને પ્રફુલ્લિત થયું. મગજમાં નવીન સુંદર વિચારો જન્મ પામ્યા પરન્તુ ચિત્તની ઉદ્વિગ્નતાએ તે વિચારોને મુખદ્વારા સરી પડતા અટકાવ્યા. સૌંદર્યનો ભોગ દૃષ્ટિસમીપ હોવા છતાં સૂર્યસિંહના ચિત્તની ઉદ્વિગ્નતાએ તેને પોતાની સ્થિતિનું ભાન કરાવ્યું. ચિત્તની ઉદ્વિગ્નતા મુખમુદ્રા ઉપર છવાઇ ગઈ. જાંબુના એક વૃક્ષની ડાળ પકડી સૂર્યસિંહ વિચારમાં પડયો અને અશ્વને લગામ ખેંચી રાખી આગળ વધતો અટકાવ્યો. ચિત્તમાં કાંઇ કાંઇ વિચારો પરિભ્રમણ કરી રહ્યા :

"બસ, સંસારમાં મારો ખરેખરો જન્મ તો આજે જ થયો! આજસુધીનું મારૂં જીવન તે એક માત્ર સ્વપ્ન હતું અને આટલી ઉંમરના સ્વપ્ન પછી આજે મને જાગૃતિ પ્રાપ્ત થઇ. સંસાર દુઃખમય છે એવું ત્યાગીઓ કહે છે, તેને આજસુધી હું સૌંદર્યનો રાગી હોવાથી અસત્ય માનતો અને અત્યારે જ—આ પળે જ તેમાં મને સત્ય ભાસે છે, કારણકે મારૂં ખરૂં જીવન—મારો સંસાર તો આજથી જ શરૂ થાય છે. મારા હૃદયના સૌંદર્યના પ્રવાહથી દુઃખની સઘળી ચીણગારીઓ બુઝાઇ જતી હતી તે આજે વધારે ને વધારે સળગતી જાય છે. સૌંદર્યના જળનો તે પ્રવાહ અત્યારે વાયુરૂપ બનીને તે ચીણગારીઓને સાહાય્યભૂત થાય છે.

वनानि दहतो वह्नेः सखा भवति मारुतः ।
स एव दीपनाशाय कृशे कस्यास्ति सौहृदम् ॥

મારા હૃદયને આનંદ આપનારો પ્રવાહ જ આજે મને દુઃખનો ભાસ કરાવે છે. તે પ્રવાહનું સુખ મેં જો આજસુધી અનુભવ્યું ન

હોત, તો મને સ્વલ્પ ઉદ્દિગ્નતાથી આટલું થઇ આવત નહિ, કે સૌંદર્યનો ભોગ સમીપ હોવા છતાં ચિત્તની ઉદ્દિગ્નતા ટકી રહી છે તેમ બનત નહિ. પરન્તુ દાવાનળને સાહાય્યભૂત થનાર અને દીપકને હોલવી નાંખનાર મરૂત્–પવનની પેઠે મારો આજ સુધીનો આનંદ જ મારા શત્રુરૂપ થઇ પડ્યો છે. ત્યારે શું હું દુઃખમાં-ચિંતામાં આવી પડ્યો ?."

"હું મોટા દુઃખમાં પડ્યો. સંસારનાં ઢોલ–નગારાંના અવાજોએ મારા સુખમય સ્વપ્નને ભગ્ન કર્યું, અને મને જગાડ્યો–તે શું દુઃખમાં પાડવાને જ કે ?"

સૃષ્ટિની સુંદરતાએ રોકી રાખેલા મગજનો ફાળકો ફર્યો. સંસારનું માયિક બંધન મગજમાં સ્ફુરી આવ્યું અને તે સૂર્યસિંહના મુખદ્વારા સરી પડ્યું:

"આધિ, વ્યાધિ, ઉપાધિઓ, ચોંટે સર્વ મનુષ્યને,
"ધીમે ધીમે ડૂબે તેમાં, શાંતિને અવકાશ ના !"

મુખદ્વાર બંધ થયું અને પુનઃ વિચારનું રાજ્ય પ્રવર્ત્યું. સૃષ્ટિ-સૌંદર્ય નિહાળતાં ચર્મચક્ષુઓ અંધ બન્યાં અને વિચારનાં આંતર્ ચક્ષુઓ મટકાં મારવા લાગ્યાં. મ્હોં પડી ગયું. વિશેષ ચિન્તાતુરતાની છાપ છપાઇ ગઇ. જીવને સંબોધીને હૃદય બોલવા લાગ્યું:

"રે જીવ ! આ જીવનમાં વળી એક વ્યાધિ,
"ચોંટી વિશેષ તુજને, દુખદા ઉપાધિ;
"આસક્તિ વૃદ્ધ બનતાં, વધુ ચોંટશે તે,
"દે તીક્ષ્ણ દંશ બહુધા, મધમાખી તે છે !"

જીવનમાં એકાએક મોટો ફેરફાર કરી નાંખનાર આ પ્રસંગનું ભાન કવિ હૃદયના સૂર્યસિંહને થયું. હૃદયના મનસ્વી તરંગો અને

તેમાંથી ઉદ્‌ભૂત થતું મધુર સંગીત એ હવે બંધ થવાનાં, એમ તેને વિચાર થઇ આવ્યો અને હૃદય રૂદન કરી રહ્યું :

" ખરો સંસાર તારો તો,
" અરે જીવ! આજથી ચાલ્યો!
" ખરેખર આજથી ચાલ્યો!
" ઉપાધિ સર્વ સંસારી,
" ખરી વળગી તને આજે!
" ફસાઇ વ્યાધિના બંધે,
" મરણ સુધી રહેવાનું,
" ખરેખર શું રહેવાનું?!
" નહીં દુખદાયી બંધેથી,
" કદાપિ છે છુટાવાનું!
" છુ...ટા...વા...નું"

જગત્‌ના ખરા આનંદનું ભાન પ્રકટ્યું. અખંડાનંદનો વિચાર સૂજી આવ્યો. ક્ષણ વાર વિરાગી વિચારોના મહાલયમાં વૃત્તિ મહાલવા લાગી :

"જનો આનંદી માને છે,
"દુખી સંસારને જગમાં!
"નથી આનંદ ત્યાં રહેતો,
"શું જંજાળે હશે તે કાં?
"અખંડાનંદ જે સાચો,
"સમાયો છે નહીં તેમાં!
"સમાશે પણ નહીં તેમાં,
"વધુ વધુ વાસના પ્રકટે!
"વધુ જંજાળ ને વ્યાધિ!!"

હૃદયને જ આશ્વાસન આપતાં બોલાયું:

"હૃદય મારા! હૃદય મારા!
"વિચાર ન વ્યાધિનો કીધો!
"ફસાયો એકદા તેમાં,
"વધુ અધુના ફ...સા...વા...નો!"

"ફસાવાનો" શબ્દ બોલતાં સૂર્યસિંહનું મગજ અનેક સંસારી સ્થિતિઓની કલ્પના કરી ચૂક્યું. હૃદયનો ઉભરો જરા શાન્ત થયો. એટલામાં સૂર્ય ક્ષિતિજમાં કેટલે ઉંચે ચડી ગયો હતો. પક્ષીઓ પણ શાંત થઈ ગયાં હતાં. પ્રકાશ અને તેની સાથે ઉષ્ણતા વધતી જતી હતી.

સૂર્યસિંહ હજી વિચારમાં જ હતો એટલામાં તેનો ઘોડો ખોંખાર્યો. તેના ખોંખારે અને પાછળથી રસિકલાલના શબ્દોએ કવિ હૃદયના રાજાનું ધ્યાન ખેંચ્યું: "ધન્ય છે હોં! વચન તો આવું જ પાળજો!"

"કોણ? મી. રસિકલાલ! તમે અહીં ક્યાંથી આવી ચડ્યા? હું અહીં છું, તેના ખબર કોણે આપ્યા?"

"તમારી વૃત્તિએ!"

"એટલે?"

"તમે કયાં ગયા હશો તેના ખબર રાજમહેલમાંથી કોઇ નોકર ચાકર આપી શક્યો નહિ; એટલે મેં અનુમાન કર્યું કે કદાચ આ જંગલ તરફ આનંદની ખાતર નીકળી પડ્યા હો; આપના કવિ હૃદયના તરંગોથી કેટલેક અંશે હું પરિચિત થયો છું અને તેથી જ હું આ તરફ આપને મળવાના સંકેતથી જ આવ્યો છું. વારૂ, પણ આજ પ્રભાતમાં મહેલમાં જ મળવાનું આપનું વચન ક્યાં ગયું?"

"રસિકલાલ! ક્ષમા યાચું છું. ખરેખર, મને તે વચન સાંભર્યું જ નથી, નહિતો મહેલમાંથી નીકળત જ નહિ. આજે ચિત્ત જરા ખિન્ન છે, એટલે વહેલાં પરોઢમાં જ કોઇને કહ્યા સિવાય નીકળી ગયો છું, ચિત્તને ઉદ્વેગરહિત કરવાની ખાતર."

"ઠીક, પણ આજે પેલી અગત્યની બાબતોનો નિશ્ચય કરવાનો હતો અને તે માજીને મારે જણાવવાનો હતો તેનું કેમ?"

ઉત્તર આપતાં સૂર્યસિંહ જરા અચકાયો. રસિકલાલ એકીટસે સૂર્યસિંહની આંખો સામે નિહાળી રહ્યો. થોડી વાર રહી સૂર્યસિંહ બોલ્યો: "રસિકલાલ! તેનો છેવટનો જ ઉત્તર હું તમને આપું?"

"ના; રમાકુંવરના અભિપ્રાય ઉપર તમારો નિશ્ચય અવલંબીને રહ્યો હતો તે અભિપ્રાય આપને ગઇ રાત્રે મળી ચૂક્યો હોવો જોઇએ તે જ હું જાણવા ઇચ્છું છું."

"ત્યારે આપણે એક સ્થળે જરા સ્વસ્થ થઇને બેસવું જોઇશે. ચાલો, જંગલની બહાર ક્યાંક છાંયડે બેસીશું."

સૂર્યસિંહ અને રસિકલાલ બન્ને પોતપોતાના અશ્વો સમેત જંગલની બહાર નીકળ્યા. બન્ને મિત્રો ઉંડા વિચારમાં ડૂબી ગએલા જણાતા હતા. જંગલમાંથી બહાર નીકળતાં જ થોડે દૂર કાંઇક મંદિર જેવું સૂર્યસિંહના જોવામાં આવ્યું. બન્ને ત્યાં ગયા. પડીને ખંડેર થઇ ગએલું તે એક હનુમાનનું દહેરૂં હતું. હનુમાનની મૂર્તિ લાંબા વખત અગાઉના ચડાવેલા તેલ અને સિંદૂરથી કાળી પડી ગઇ હતી તથા સિંદૂરના પોપડા ઉખડી આવ્યા હતા. આવતા જતા કોઈ વટેમાર્ગુએ હનુમાનજીને ચડાવેલા ચપટી દાણા નજીકમાં આસપાસ વેરાઇ ગયા હતા અને તે દાણા ઘસડી જવાને કીડીની એક મોટી હારની હાર કામમાં લાગેલી હતી. દહેરાના ઘુમટમાંથી એક

પથરો ધસી જવાથી મોટું બાકું પડયું હતું અને તે દ્વારા સૂર્યનો તડકો બરાબર હનુમાનજીના મ્હોં ઉપર જ પડતો હતો. પાસેની પરશાળ કે જે પરનું છાપરૂં અર્ધભરેલ સ્થિતિમાં આવી રહ્યું હતું તેને સૂર્યસિંહે બેસવાને માટે પસંદ કર્યું. નીચેથી લીંપણના પોપડા ઉખડી ગયા હતા અને છાપરાપરનાં નેવાં જેણે અને તેણે ખેંચી લેઇને તેને નકામું બનાવી દીધું હોવાથી સૂર્યનો તડકો થોડો થોડો આવતો હતો, તોપણ બાલસૂર્યનો તાપ હોવાથી બહુ સખ્ત નહોતો એટલે સૂર્યસિંહને ત્યાં બેસવામાં હરકત જણાઇ નહિ. રસિકલાલે પોતાના અશ્વ ઉપરથી તળાઈ લાવીને નીચે પાથરી અને સૂર્યસિંહ તથા રસિકલાલ તે પર બેઠા. બે મિનિટ કોઇના મુખમાંથી શબ્દ નીકળ્યા વિના શાન્તિમાં ચાલી ગઇ. છેવટે સૂર્યસિંહના શબ્દોએ શાંતિને ભગ્ન કરી અને કહ્યું : "રસિકલાલ ! મારી આટલી વયમાં આજના જેટલી મનની શોકાતુરતાનો અનુભવ મેં કદાપિ કર્યો નથી. માતુશ્રીએ એક ઘણો જ ગુંચવણીભર્યો પ્રશ્ન મારી આગળ લાવી મૂક્યો છે ! હું આ બાજુએ જઉં, કે તે બાજુએ જઉં, તે મને કાંઇ સૂઝી શકતું નથી ! મારાં મનમાં એમ થઇ આવે છે કે આ સઘળી જંજાળ, આ ચિન્તા અને આ રાજ્યવ્યવહાર સઘળું ત્યજી દઇને કોઇ જંગલમાં ચાલ્યો જઉં ?!"

"અહોહો ! પણ એવા મિથ્યા તરંગો આપને શામાટે કરવા પડે છે? તમને એટલો બધો કંટાળો શામાટે આવે છે ?"

"કેમ કંટાળો ન આવે ? મારાં મનથી વિરૂદ્ધ કાર્ય કરવાની મારાપર પ્રેરણા થાય બલ્કે બળાત્કાર થાય તે સહન કરવાનું મારામાં ગજું નથી–હું કોમળ લાગણીનો બાળક છું–પછી હું કેમ ન કંટાળું ? હું જ તમને પૂછું છું કે આવી બાબતમાં તમારૂં

મનનું ધાર્યું તમારા સંબંધમાં ન થતું હોય તો તમારા મનની શી અવસ્થા થાય?"

રસિકલાલ તેનો જવાબ આપતાં અચકાયો. મ્હોંપર ખેદની લાગણી પ્રસરી, હૃદયમાં ઉંડો અને અશ્રાવ્ય નિઃશ્વાસ મુકાયો. ચિત્તની ગમગીની વદનપરની રેખાઓ ઉપરથી સુચવાવા લાગી. કાંઇ પૂર્વના સ્મરણમાં તેનું ચિત્ત રોકાતું હોય તેમ દેખાવા લાગ્યું. સૂર્યસિંહ આગળ બોલ્યો: "કહો રસિકલાલ! શું આ એક મુશ્કેલ સવાલ નથી? તમે રમાની સંમતિની વાત પૂછો છો, પણ હું જ તમને પૂછું છું કે આપણે તેની તરફના કેવા જવાબની આશા રાખી શકીએ?"

એ મિનિટ ચાલી ગઈ. રસિકલાલ નિદ્રામાંથી જાગૃત થયો હોય તેવી રીતે મ્હોંપરના ખેદ–સ્વેદને ખંખેરી નાંખતો બોલ્યો: "આપે શું કહ્યું હમણાં?"

"હું પૂછું છું કે આપણે રમાની તરફના કેવા જવાબની આશા રાખી શકીએ?"

"સાહેબ! તેમની તરફથી તો બન્ને પ્રકારનો જવાબ મળી શકે તેવું અનુમાન હું કરૂં છું. કોઈ પણ સ્ત્રી સપત્નીની ઇચ્છા રાખતી નથી એ પણ ખરૂં અને આપણા દેશની એક રાજકન્યા તો સમજણી થતાંની સાથે જ માની લે છે કે પોતાને પણ સપત્ની મળવાની; પણ આપને શું જવાબ મળ્યો તે તો જણાવો."

કમ્પતા, ખેદ પામતા અને દુઃખી થતા વદનથી સૂર્યસિંહે કહ્યું: "રસિકલાલ! ખરેખરૂં કહું? ખરેખર, એ અભિલાષવતી અને ઉત્સાહિની બાળાને આવો ભયંકર અને ક્રૂર પ્રશ્ન પૂછવાની હિંમત જ હું ચલાવી શકયો નથી! અરે, હજી ઉગીને ઊભી થતી

સુકોમળ લતા ઉપરનાં ઉત્સાહરૂપી મનોહર પુષ્પોને ચુંટી લેનાર માળી કેટલો ક્રૂર લેખાવો જોઇએ, રસિકલાલ? હું તમને છેવટનું કહું છું કે માતુઃશ્રી મને ગમે તેવી શિક્ષા કરે, મને ગમે તેટલો શાપ આપે, મારી ગમે તેટલી અપકીર્તિ કરે, પરન્તુ મારા કોમળ હૃદયની વિરૂદ્ધનું કાર્ય હું કદાપિ કરી શકીશ નહિ! ખરે, તેવો ક્રૂર વિચાર પણ મને દગ્ધ–પ્રદગ્ધ કરી નાંખે છે, તો માતુઃશ્રીની આજ્ઞાને માન્ય રાખીને હમેશાં દગ્ધ પ્રદગ્ધ કરી નાંખે તેવા જીવનને હું કેવી રીતે પસંદ કરૂં?"

"આપના નિશ્ચયને હું ગેરવાજબી કહી શકું તેમ નથી; પણ મને માફ કરજો, મારાથી એક પ્રશ્ન સહજ પુછાઈ જવાય છે કે આપના જેવા સરલ વિચારવાળા રાજાને જન્મ આપનાર વૃદ્ધ માતુઃશ્રી આવી બાબતમાં આટલાં આગ્રહી અને ઓછી સમજણવાળાં કેમ જણાય છે? તેમનામાં બુદ્ધિ અને ચાતુર્ય તો અનેક પ્રસંગે મારા જોવામાં આવ્યું છે, પરન્તુ આપના જીવનને દુઃખી કરવાના કાર્યમાં તેને વાજબી માનીને તે હઠ કેમ પકડી રહ્યાં છે તે હું કાંઇ સમજી શકતો નથી!"

"જેટલું તમે આશ્ચર્ય પામ્યા છો, તેટલું જ હું પણ આશ્ચર્ય પામ્યો છું! આટલો અજ્ઞતાભર્યો વિચાર માતુઃશ્રીએ કોઇ પણ વાર જાહેર કર્યો મેં જાણ્યો નથી; પણ હશે, મેં તો એક જ નિશ્ચય કર્યો છે કે આ હૃદય એકને સોંપ્યું છે તો તેને બીજા પાત્રને ન જ સોંપવું. મારી ન્યાયવૃત્તિને ખીલવવાને એવો ભયંકર પ્રયોગ કરવાની મારી ઇચ્છા નથી! બે પત્નીઓને ન્યાય આપવામાં મારા હૃદયને રોકવા કરતાં એકને સંપૂર્ણ પ્રેમ આપવો તેને હું વધારે

વાજબી લેખું છું. માતુઃશ્રીને મારો આ વિચાર જાહેર કરજો અને કહેજો કે કોમળ લતા ઉપર વજ્રપ્રહાર કરવાનું ભદ્રપુરના રાજાઓ પૂર્વે શીખ્યા નહોતા તો એવો પારધી સૂર્યસિંહ પણ કેમ થઇ શકે?"

"ઉચિત ઉત્તર છે. માતુઃશ્રીને આપનો સંદેશો હું આપીશ તો ખરો, પણ તેમના ક્રોધમાં મને શું સાંભળવું પડશે તે વિચારતાં મારૂં હૃદય કમકમે છે!"

"કાંઇ ભય પામવાની જરૂર નથી; **न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः**" એમ કહી સૂર્યસિંહ ઉઠ્યો અને પાછળ રસિકલાલ પણ ઉઠ્યો. બન્નેના અશ્વો ગામ તરફ વળ્યા.

પ્રકરણ ૧૪ મું.

શોભના.

સૂર્યસિંહ અને રસિકલાલ દરબારગઢમાં આવીને થોભ્યા અને બન્ને જણ અશ્વોપરથી ઉતરી પડયા. એક ચાકર આવીને અશ્વોને દોરી ગયો અને બીજાએ આવીને પગથિયાં ઉપર જ ખુલ્લી હવા આવે એવી રીતે ખુરશીઓ મૂકી. બાલ સૂર્યના તાપમાં અશ્વ ઉપર આવવાથી સૂર્યસિંહને ઘામ થયો હતો એટલે તેણે માંહેથી પંખો મંગાવ્યો અને ચાકરે બે ચીનાઈ પંખા સત્વર લાવીને બન્ને જણની આગળ ધર્યા. અંગરખાની કંસોને છૂટી મેલી પંખો હલાવતાં સૂર્યસિંહે રસિકલાલને કહ્યું: "તમે માતુઃશ્રીને મંદિરે જાઓ અને હું મારા વાંચવાના ઓરડામાં બેસું છું–" એમ બોલતાં બોલતાં સૂર્યસિંહ એકદમ થોભી ગયો. પાસે થઇને ચાલી જતી એક બાળકીની

તરફ તેની આંખો તાકી રહી હતી. રસિકલાલનું ધ્યાન પણ તે બાળકી તરફ ખેંચાયું. તેની વય સાતેક વર્ષ જેટલી જણાતી હતી. હાથમાં કાચની બે લાલ બંગડીઓ વિના તેના શરીરપર બીજા કાંઇ પણ અલંકારો નહોતા. સુશોભિત ઝાલરવાળી સફેદ રંગની ઘાઘરી, આછા પોપટી રંગની ઓઢણી અને ગુલાબી રંગની સાટીનનું સાદું પોલકું તે તેનાં આભૂષણો હતાં. કિન્તુ તે બાળકીમાં જે કાંઈ આકર્ષક હતું તે કાંઇક જૂદું જ હતું. સાત–આઠ વર્ષની નાની વયમાં પણ તે ગંભીર ચાલથી પગલાં ભરતી હતી, તેનું બાલીશ તેમજ તેજસ્વી વદન લજ્જાતુર નહિ કિન્તુ નિર્દોષ આંખોને ભોંય તરફ રાખીને તેના સુ-પુષ્ટ પગની સાથે મન્દ મન્દ ગતિથી ચાલ્યું જતું હતું અને લંબ-ગોળ વદનસુધાકરપર નિર્દોષતાની મનહર કુદરતી રેષાઓ પડી રહી હતી, તે સઘળું તેના અલંકારો કે આભૂષણોની સાદાઈ કરતાં વધારે આકર્ષણીય થઇ પડતું હતું. નેત્રોમાં ચંચલતા, નાસિકામાં સરલતા, કપોલમાં આરોગ્ય અને કપાળમાં બુદ્ધિમત્તા પ્રતીત થતી હતી. તે બાળકીને જોઇને જેટલો સૂર્યસિંહ આકર્ષાયો હતો તેટલો રસિકલાલ પણ આકર્ષાયો અને બગીચાની મેંદીની વાડોના સાંકડા રસ્તામાં થઇને પસાર થઈ જતી હતી તે બાળકીને તેણે બોલાવી. ભય, આશ્ચર્ય અને લજ્જાના અંકુરિત આવિર્ભાવ સાથે, મર્યાદા અને સભ્યતાના દેખાવની આતુરતા સાથે, પોતાનાં વસ્ત્રોને સમારતી અને સૂર્યસિંહ તરફ નજર કરી બીજી જ પળે ભૂમિ તરફ દૃષ્ટિ ફેરવતી તે બાલિકા જ્યાં સૂર્યસિંહ અને રસિકલાલ બેઠા હતા તેમની સામે આવીને નીચી નજરે કરી ઊભી રહી.

રસિકલાલે પૂછ્યું: “ તું કોણ છે ? આ દરબારગઢમાં હું ધારૂં છું કે તું કાંઇક અજાણી છે. ”

"હા જી, અમારાં બાસાહેબ સાથે હજી કાલે જ હું અહીં આવી છું." નજરને નીચી જ રાખી રહીને તે બોલી અને કાંઇક ડરતાં ડરતાં પણ ચોરી–છૂપીથી તેણે પાસે બેઠેલા સૂર્યસિંહ તરફ માથું ઉચું કરીને નજર કરી. બીજી જ પળે તેણે પોતાની દૃષ્ટિને નીચી કરી વાળી.

"ત્યારે તું રાણીસાહેબની સાથે જ આવી છું કે?"

"હા."

"આ બેઠા તેમને ઓળખે છે કે?" રસિકલાલે મુખમાંથી આછું સ્મિત સ્ફુરાવતાં સૂર્યસિંહ ભણી હાથ લંબાવીને કહ્યું.

આ પ્રશ્ન સાંભળીને તે નિર્દોષ મધુરતાની મુર્તિએ મન્દ સ્મિત કર્યું, અને નજરને નીચી જ રાખી. બે–ચાર પળ સુધી તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ. થોડી વાર રહીને તે બોલી: "તેમને હું કેમ ન ઓળખું? એ તો મહારાજ સાહેબ છે—અમારાં બા સાહેબના–" એટલું બોલતાં એ અટકી ગઇ.

"વારૂ, હવે તારે જવું હોય તો જા." રસિકલાલે તેને રજા આપી અને બાળકીએ ત્યાંથી ચાર પાંચ ડગલાં ભર્યાં. એટલામાં સૂર્યસિંહે તેને પાછી બોલાવી, અને પૂછ્યું: "તારૂં નામ શું, છોકરી?"

"શોભના." બાલિકા બોલી; પછી ચૂપ થઇ રહી.

"તું પાછી તારે ગામ્ કચ્છમાં જવાની કે?"

"ના, સાહેબ; મારાં બાસાહેબની સાથે આવી છું એટલે એમની સાથે જ રહેવાની. તે કચ્છમાં જશે ત્યારે હું તેમની સાથે જઇશ."

"તું કાંઈ ભણી છે?"

મ્હોંમાંથી ઉત્તર આપવાથી ઉત્પન્ન થતા ભયથી મુક્ત થવાને



“શોભના” બાલિકા બોલી; પછી ચૂપ થઈ ગઈ.

પૃષ્ઠ ૧૮૨.

The Lakshmi Art, Byculla, Bombay.

શોભનાએ ડોકું ધુણાવી ના સૂચવી. સૂર્યસિંહે હવે તેને જવા માટે રજા આપી એટલે ડરતી ડરતી આંખોએ સૂર્યસિંહની તરફ નજર નાંખતી તે ત્યાંથી ચાલી ગઇ.

"ખરેખર એક નિર્દોષ અને મધુર બાળકી છે! તેના જેટલું માધુર્ય આજસુધી મેં કોઈ પણ બાળકમાં જોયું નથી." સૂર્યસિંહે પોતાના મનનો ભાવ ખુલ્લી રીતે જણાવ્યો. એટલામાં દીવાન આવી પહોંચ્યા અને રસિકલાલને જોતાં જ ખુશ થતા બોલ્યાઃ "આજે અત્યારમાં તમે ક્યાંથી, મી. રસિકલાલ?"

"મહારાજની સાથે જરા ફરવા ગયો હતો." રસિકલાલે ઉત્તર આપ્યો.

"વારૂ, મહારાજ! લગ્નોત્સવ તો સંપૂર્ણ થઇ ચૂક્યો છે અને સઘળા મેમાનો હવે શીખ માંગે છે, તો આજે આપ સાંજના દરેક ઉતારે સઘળા મેમાનોની મુલાકાત લેઇ આવો તો કાલ સઘળાને રજા આપી શકાય." શાન્તિપ્રસાદે કહ્યું.

"મારે વળી તેમની મુલાકાત લેવાની ખરી કે?"

"હા મહારાજ! મેમાનોની મુલાકાત એક વાર તેમને ઉતારે જઇને લેવી જોઇએ કારણકે એ પણ એક પ્રકારનો વિવેક છે. માતુઃશ્રીએ મને કહ્યું હતું કે પરંપરાથી એવો રિવાજ ચાલ્યો આવે છે."

"અરેરે! એ જંજાળ પણ મારે માથે કે?" સૂર્યસિંહે મન્દ સ્મિત કરતાં કહ્યું. રસિકલાલ પણ એ સાંભળીને હસ્યો.

"એમાં કાંઇ ચાલે, મહારાજ! જે જંજાળો કુદરતે સરજી રાખી છે તેને અધીન થવું જ જોઇએ, તો!" શાન્તિપ્રસાદે પણ હસતાં હસતાં ઉત્તર આપ્યો.

પ્રકરણ ૧૫ મું.

મોહનાદેવીને ઘેર.

રાજમાતાને સૂર્યસિંહનો સંદેશો પહોંચાડવાનું કામ રસિકલાલને માથે રહ્યું હતું, અને તેથી રાજમાતા ભયંકર ગુસ્સાનો ભોગ થઇ પડે નહિ તેવા સ્વરૂપમાં સૂર્યસિંહની વાત કેવી રીતે કહેવી તેનો મોટા વિચાર રસિકલાલના મગજમાં ગુંચવાયો હતો. તે અનુમાનપૂર્વક ધારતો હતો કે પોતાનું ધાર્યું થએલું જોવાની હઠ ધરાવનાર રાજમાતા સૂર્યસિંહ ઉપર વધારે ક્રોધાતુર થવાનાં છે એ તો નિશ્ચિત જ છે, પરન્તુ તેમના ક્રોધના આવેગને શાંત કરવાને કેવી મૃદુ વાણીમાં તેમને સઘળું સમજાવવું તે સઘળું લાંબો વિચાર કરવા જેવું હતું. તે વખતે જ રાજમાતાને મંદિરે જવાને સૂર્યસિંહે સૂચવ્યું હતું પરંતુ તેણે વિચાર કર્યા બાદ બીજે દિવસે ત્યાં જવાનું યોગ્ય ધાર્યું. તે બાબત વિચારતો વિચારતો રસિકલાલ દીવાનની સાથે તેને ઘેર આવી પહોંચ્યો.

સૌ જમી રહ્યા પછી દીવાને જ સૂર્યસિંહને બીજી રાણી પરણાવવા સંબંધે વાત કાઢી અને રાજાજીનો શું વિચાર છે તે બાબત રસિકલાલને પૂછ્યું. રસિકલાલે સઘળો વૃત્તાંત દીવાનને કહી સંભળાવ્યો. દીવાનથી ઉમળકામાં બોલી જવાયું : " રસિકલાલ ! ખરેખર આપણા દેશી રાજાઓ વિષયલોલુપતામાં જ ડુબી ગયા છે અને તેથી સરકારના હાથ નીચે દેશી રાજાઓ વધારે ને વધારે દબાતા જાય છે ! અમારા રાજાજી વિચિક્ષણ છે, બીજી રાણી કરે તોપણ પોતાના મનની સમતોલનતા સાચવી રાખી શકે તેવા વિદ્વાન્ અને

બહાદુર છે, તોપણ બીજી રાણી તે વિષયલોલુપતાના અનર્થનું મૂળ તો કહેવાય જ. સઘળા રાજાઓ કાંઈ એકસરખા હોતા નથી; ઘણાના રાજમહેલો અર્ધો અર્ધો ડઝન રાણીઓથી ભરેલા છે અને એકના મરણ સાથે તે સઘળીનાં જીવન સ્મશાનવત્ બની જાય છે! રાજાઓની પાયમાલીનું આ શું નાનું સૂનું કારણ છે? મને ખબર પડતી નથી કે રાજમાતા પોતાના નિત્યના દીર્ઘદર્શી સ્વભાવની વિરુદ્ધ આવો દુરાગ્રહ કેમ લેઇ બેઠાં છે!"

દીવાન બોલી રહ્યો એટલામાં એક માણસે આવીને કહ્યું "રસિકલાલભાઇને સ્વામી રમણાનંદજી બોલાવે છે."

"સ્વામીજી ક્યાં છે?" રસિકલાલે પેલા માણસને પ્રશ્ન કર્યો.

"તેમને ઉતારે–ધર્મશાળામાં જ." પેલા માણસે જવાબ આપ્યો.

રસિકલાલ મન્દ સ્મિત કરતો અને જવાને માટે કપડાં પહેરી તૈયાર થતો દીવાનને સંબોધીને બોલ્યો: "સ્વામીજી મારી સાથે કાંઇક વાદવિવાદમાં ઉતરવા ઇચ્છતા હોય, તેમ જણાય છે ખરૂં, પણ કાંઈ બોલતા નથી."

"વાદવિવાદમાં ઉતરે તેવી તેમની શક્તિ છે–ખરેખર વિદ્વાન્ છે. હવે એ થોડા દિવસના મેમાન છે. લગ્નોત્સવ પૂરો થયો છે એટલે હવે આજકાલ તેઓ અહીંથી પ્રસ્થાન કરશે ખરા." દીવાને કહ્યું.

સ્વામીજી પ્રત્યે દીવાનનો પૂજ્ય ભાવ રસિકલાલ પહેલેથી જ સમજતો હતો. દીવાનના શબ્દોના પ્રતિકારમાં કાંઇ પણ બોલવાનું તેણે વાજબી માન્યું નહિ. પેલા માણસની સાથે રસિકલાલ સ્વામીજીને ઉતારે ગયો તો ત્યાંથી ખબર મળ્યા કે મોહનાદેવીનું એકાએક તેડું આવ્યાથી સ્વામીજી ત્યાં પધાર્યા છે અને રસિકલાલને ત્યાં આવવાને માટે કહી ગયા છે.

મોહનાદેવીને ત્યાં જતાં રસિકલાલનું મન વધ્યું નહિ. તે ખમચ્યો અને જવું કે ન જવું તેના વિચારમાં પડયો શારદાગૌરીનું દુઃખી મ્લાન વદન તેની આંખો સામે તરવરી રહ્યું. તેના આન્તર્ દુઃખની છાપ હૃદયમાં ઉપસી આવી અને વિધવા બાળાની દયાજનક સ્થિતિના સ્મરણે હૃદયને એક પળમાં પીગળાવી નાંખ્યું. " ત્યાં જઈશ તો પુનઃ તે બાળાનો દુઃખી ચહેરો મારા હૃદયને વ્યથિત કરશે! અરેરે! હૃદયના સોબતી વિનાની તે બાળાની સ્થિતિ ખરેખર ભયંકર છે. હું વિધવાવિવાહની અગત્ય નહિ માનનારો હોવા છતાં તે બિચારી બાળાનું પુનર્લગ્ન થવું જોઈએ, એમ હૃદયથી માનું છું! શું તેના જેવી વૈધવ્યદુઃખથી પીડાતી બાળાઓ આ દેશમાં બીજી નહિ જ હોય? અને તો પછી તે સઘળીનાં પુનર્લગ્ન થવાં જ જોઈએ. શારદાગૌરીની જે દુઃસ્થિતિ હૃદયને આશ્વાસન આપનાર મિત્ર વિના થઈ પડી છે, તે દુઃસ્થિતિનો ભોગ તેના જેવી બીજી વિધવા બાળાઓ શામાટે ન થઈ પડી હોય? અને તો પછી તેવી વિધવાઓને પુનઃ લગ્નનો અને પતિનો લાભ ન મળવો જોઈએ શું?"

મગજ ચકડોળે ચડયું અને વિચારમાળા આગળ લંબાતી જતી હતી, એટલામાં સાથેના માણસે કહ્યું: " ચાલોને સાહેબ, સ્વામીજી આપની રાહ જ જોતા હશે, મોહનાદેવીનું ઘર કાંઈ દૂર નથી, હું આપને બતાવીશ."

" ચાલ ત્યારે." એમ કહી રસિકલાલ પેલા માણસની સાથે ચાલ્યો. માર્ગમાં શારદાગૌરીના વિચાર જ રસિકલાલના મગજમાં ઘોટવાયાં કર્યા. પાંચેક મિનિટમાં તેઓ મોહનાદેવીને ત્યાં આવી પહોંચ્યા. મોહનાદેવીએ ઘણા જ આદરપૂર્વક રસિકલાલનો સત્કાર કર્યો. શારદાની તબીયત હજી જેવી ને તેવી જ હોવાથી તે અત્યારે

તેની પથારી પાસે બેઠી હતી અને રસિકલાલને પણ ત્યાં જ તેડી ગઇ. શારદાએ આંખોવડે પોતાના હૃદયના અતિથિનો સત્કાર કર્યો! રસિકલાલે ખુરશીપર બેસતાં કહ્યું: "કેમ, હવે તો શારદાગૌરીની તબીયત સારી છેને?"

"ના રે ના, જુઓને! દિવસે દિવસે તેનું શરીર લેવાતું જાય છે. વૈદ્યો ડાક્તરો કહે છે કે તેના શરીરમાં કાંઇ પણ રોગ નથી બલકે નીરોગી માણસના જેટલું જ તેનું લોહી તંદુરસ્ત છે તોપણ ખબર પડતી નથી કે તેનું શરીર શામાટે દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે."

રસિકલાલ શારદાગૌરીનો માનસિક વ્યાધિ સમજતો હતો, એટલે કાંઇ નહિ બોલતાં મૌન જ રહ્યો. થોડી વારે તેણે પૂછ્યું: "વારૂ, સ્વામીજી ક્યાં છે?"

"શું તમને તે મળ્યા નહિ? એ તો હમણાં જ તમને મળવાને દીવાનને ત્યાં ગયા!" મોહનાદેવીએ ઉત્તર આપ્યો અને નોકરને ચાહ મૂકવા કહ્યું.

"ના, હું રોકાઇશ નહિ, હું ચાહ પીતો પણ નથી; સ્વામીજીને મારે માટે બહુ તસ્દી પડી." રસિકલાલે કહ્યું.

"તમે દીવાનજીને ત્યાં નહિ મળો એટલે સ્વામીજી અહીં જ પાછા ફરશે, માટે તમે અહીં જ થોડી વાર રોકાઓ; ચાહ નહિ તો હું દૂધ ગરમ કરાવું છું; કાંઇ બહુ વાર નહિ થાય!" મોહનાદેવીએ કહ્યું અને રસિકલાલથી તે નિમંત્રણનો અનાદર કરી શકાયો નહિ. તે ખુરસીમાં બેસી જ રહ્યો અને મોહનાદેવીએ વાતચીતનું પ્રકરણ ઉપાડ્યું: "ત્યારે તમે મૂળ રહેવાસી તો મુંબઇના જ?"

" મૂળ તો ગુજરાતના જ, પણ અમારી છેલ્લી ત્રણ–ચાર પેઢીઓ મુંબઇમાં થઇ, એટલે અત્યારે તો મુંબઇના જ ને ! "

મોહનાદેવીએ ડોકું ધુણાવતાં કહ્યું : " વારૂ, ઠીક. હાલમાં મુસાફરીએ જ નીકળ્યા હશો. "

" હા, યાત્રા, મુસાફરી, અટન કરવું એ સઘળા હેતુ માટે નીકળેલો. અહીં તો ભદ્રમુખની યાત્રાર્થે ઉતરેલો પણ હજી ત્યાં તો જવાયું જ નહિ. "

" હજી હવે જવાશે; મારે પણ આજકાલ જવાનો વિચાર છે; તમે આવો તો સાથે જઇએ, બહુ સુંદર તીર્થસ્થળ છે. "

" મારો વિચાર અહીંથી એક–બે દિવસમાં વિદાય થવાનો છે, એટલે એક વાર ત્યાં જવાય તો ઠીક. આજ–કાલ જઈ આવીશું. "

" આજે સાંજે જ ચાલો તો ? ગાડીમાં જઇશું, મારે ભદ્રમુખમાં ત્રણ શ્રીફળ પધરાવવાનાં છે અને વળી શારદાને માટે ડાક્તરની સલાહ છે કે તેને દરિયાકિનારાની હવા ઠીક પડશે માટે જેમ બને તેમ તે હવા લેવા દેવી. "

" વારૂ, ઠીક છે. સાંજે હું તમને કહેવરાવીશ–આવવું હશે તો. " રસિકલાલે ઉત્તર આપ્યો એટલામાં નોકર દૂધના બે પ્યાલા લેઇને આવ્યો. શારદાગૌરી માંદી હોવા છતાં સ્નેહાળ આંખોથી રસિકલાલને આનંદપૂર્વક નીહાળી રહી હોય તેમ રસિકલાલે ફેંકેલી એક વક્ર દૃષ્ટિને જણાયું. તે બાળાની દૃષ્ટિ રસિકલાલને અત્યન્ત દુઃખી જણાઇ. તે દુઃખી પરન્તુ રસિકલાલમાં સંતુષ્ટ થતાં જણાતાં નેત્રોમાંથી દુઃખની ભયંકર જ્વાળાઓ નીકળતી હોય અને રસિકલાલની હૃદયગુહાના મર્મભાગને સ્પર્શી દગ્ધ–પ્રદગ્ધ કરતી હોય તેમ જણાયું. ઉંડા વિચારમાં પડી ગએલો રસિકલાલ રીકાબીમાં થોડું

દૂધ રેડીને સ્થિર બની ગયો. રીકાબીમાંનું દૂધ પીવાનું પણ તેને સ્મરણ રહ્યું નહિ, એટલામાં તો મોહનાદેવીએ પોતાનો પ્યાલો ખાલી કર્યો અને પાસે ઊભેલા નોકરને પાછો આપ્યો, ત્યારે રસિકલાલ દૂધ પીવાના ભાનમાં આવ્યો. રીકાબી તથા પ્યાલા માંહેનું દૂધ હવે ગરમ રહ્યું નહોતું એટલે તે સત્વર ગટગટાવી ગયો.

ત્યારબાદ થોડી વારે સ્વામીજી આવી પહોંચ્યા, અને પોતે દીવાનને ત્યાં રસિકલાલ માટે જ જઈ આવ્યા એમ જણાવ્યું. રસિકલાલે પૂછ્યું: "સેવકનું શું કામ છે ?"

"રસિકલાલ ! હવે મારો વિચાર આજકાલ અત્રેથી પ્રસ્થાન કરવાનો છે; અને તે પહેલાં અત્રેના સ્ત્રીવર્ગની સમક્ષ એક જાહેર વ્યાખ્યાન આપવાનો મારો વિચાર છે. ઘણું કરીને આવતી કાલનો જ દિવસ તે માટે ઠરાવીશું, જે બાબત અત્યારે હું શાન્તિપ્રસાદને કહી આવ્યો છું. પણ મારો વિચાર એવો છે કે મારા વ્યાખ્યાન પહેલાં તમારે એક વ્યાખ્યાન આપવું."

રસિકલાલ બોલ્યો: "સ્વામીજી ! હું તો એક વિદ્યાર્થી છું. આપની આગળ બાળક છું. મારામાં વ્યાખ્યાન આપવાની શક્તિ નથી."

"નહિ, નહિ. હું જાણું છું કે તમે વાદવિવાદ કરવામાં એક્કા છો. કદાચ વક્તૃત્વ શક્તિની તમારામાં ન્યૂનતા હશે, તો કાંઇ ફીકર નહિ. જેવું આવડે તેવું પણ બોલવું. તમારા પુનર્લગ્ન વિષેના મુદ્દાઓ મારે જાણવા છે."

"પુનર્લગ્ન વિષેના ?" એમ આશ્ચર્યથી પ્રશ્ન કરીને રસિકલાલ અચકાઇ ગયો. તેનું હૃદય કાંઇક ગભરાયા જેવું થઈ ગયું. શારદાગૌરીની સ્થિતિ વિષે લંબાણપૂર્વક દલીલો એ અબળાની મીઠી-મધુર-દયાજનક ભાષામાં સાંભળ્યા પછી રસિકલાલનું હૃદય દ્વિધા થઈ

ગયું હતું. તેનો પૂર્વનો નિશ્ચય કાંઇક ડગમગ્યો હતો. વિધવાવિવાહની સદન્તર અનાવશ્યકતા માનનારૂં હૃદય અમુક સંયોગોમાં તેની આવશ્યકતા માનનારૂં થવા લાગ્યું હતું અને જોકે હૃદય કોઇ પણ પ્રકારનો નિશ્ચિત મત બાંધી શક્યું નહોતું, તોપણ વિધવાવિવાહની અનાવશ્યકતા વિષેની દલીલો હૃદયને લૂલી લાગતી હોવાથી તે જ વિષય ઉપર વ્યાખ્યાન આપવાને તે મનથી સંકોચાતો હતો. બે પળ સુધી વિચારીને તે બોલ્યો: "પુનર્લગ્ન વિષેના ખાસ વિચારો ? તે દહાડે આપણા વચ્ચે વાતચીત થઇ હતી ને ?"

"તે તો કેવળ ઉપલક વાત હતી અને દલીલો સાથે કાર્યકારણના ક્રમાનુસાર તે વિવાદ થયો નહોતો અને તેથી વિધવાવિવાહ વિષેના તમારા વિચારો એક ખાસ વ્યાખ્યાનદ્વારા લંબાણથી સાંભળવાની મારી જિજ્ઞાસા છે."

"ના, ના, વ્યાખ્યાન તો હું નહિ જ આપું. ફુરસદે આપણે કોઈ વાર તે વિષે વિવાદ કરીશું–દીવાનજીને ત્યાં અગર તો રાજાજી આગળ." રસિકલાલે કહ્યું.

સ્વામીજીએ હવે રસિકલાલને વધારે દબાવવાનું ઉચિત માન્યું નહિ. તેમણે તે વિવાદનો સ્વીકાર કર્યો. મોહનાદેવીએ કહ્યું: "સ્વામીજી ! આજે સાંજે અમારો વિચાર ભદ્રમુખ જવાનો છે; રસિકલાલ પણ આવશે; આપ આવશો કે ?"

"ભલે, આવીશ. પાંછા ક્યારે ફરીશું ?" સ્વામીજી બોલ્યા.

"રાત્રે ને રાત્રે જ આવીશું; અને રાત્રિ ત્યાં ગાળવા વિચાર હશે તોપણ કાંઇ ફીકર નથી. ત્યાં રહેવાની, બીછાનાની, જમવાની, સઘળી સગવડ હોય છે."

" રાત્રિ ગાળવાની કાંઈ જરૂર નથી. રાત્રે પાછા ફરીશું." રસિકલાલે પોતાનો મત દર્શાવ્યો.

સ્વામીજી બોલ્યાઃ "તે પણ ઠીક છે." ત્યારબાદ સ્વામીજી અને રસિકલાલ વચ્ચે થોડી ઇધર-તીધર વાતો થઇ અને રસિકલાલે રજા માંગી. શારદા જળપૂર્ણ આંખોથી પોતાને જોઈ રહી છે, એમ રસિકલાલ જોઇ શક્યો !

પ્રકરણ ૧૬ મું.

ભદ્રમુખ : તીર્થસ્નાન : રાત્રિવાસ.

ભદ્રાવતી નદી જે સ્થળે પોતાના વિશાળ મુખદ્વારા ગંભીર રત્નાકરને પોતાનું જળ સમર્પી ભેટતી હતી, તે સ્થળ '**ભદ્ર**-મુખ' ને નામે ઓળખાતું. **ગં**ગા, **ય**મુના, **ગો**દાવરી અને **સ**રસ્વતી નદીઓ જેવી રીતે પુનિત જલમયી કહેવાઇને તીર્થ-રૂપ થઇ પડી છે, તેવી રીતે **ભદ્ર**મુખ પણ વૈષ્ણવ સંપ્રદાયના ભાવિક ભક્તોનું એક મોટું તીર્થ લેખાતું હતું. બીજી નદીઓ પવિત્ર લેખાય છે, ત્યારે **ભદ્રા**વતીનું માત્ર મુખ જ પવિત્ર લેખાતું હતું-**ભ**દ્રાવતીના પ્રવાહના જળને કોઈ પણ અર્ધ્ય અર્પતું નહિ. **ભદ્ર**મુખ પવિત્ર હોવાના કારણમાં અનેક દંતકથાઓ ચાલતી હતી, જેમાંની એક કથા એવી હતી કે પૂર્વે કોઈ **સુ**ભદ્ર નામના ઋષિએ છ માસ સુધી તપશ્ચર્યા કર્યા પછી પ્રથમ વાર **ભદ્રા**વતીના મુખના જળમાં સ્નાન કર્યું હતું અને તપશ્ચર્યાના પ્રભાવથી તે સ્થળનું સઘળું જળ **ગં**ગા નદીના જેવું શ્વેતવર્ણું થઇ ગયું હતું ! તે દિવસ પૂર્ણિમાનો

હતો અને તેથી ભદ્રપુરના લોકો હજી પણ માનતા કે ભદ્રમુખમાં દર પૂર્ણિમાએ શ્રી ગંગાજી પધારે છે! પૂર્ણિમાનો દિવસ દરિયાની ભરતીને માટે સારી રીતે જાણીતો છે એટલે એ ભરતીની સાથે શ્રી ગંગાજી પોતાના શ્વેત સ્વરૂપમાં પધારે છે અને ઓટની સાથે પાછાં વિદાય થઇ જાય છે એમ લોકો માનતા. ભરતીના પાણીના ઘડેઘડા ભરીને તે વડે સ્નાન કરવામાં લોકો પોતાને પવિત્ર થએલા માનતા અને 'ગંગાજી આવે છે' એવી દૃઢ શ્રદ્ધાવાળા ભક્તો તો પોતાની ખુલ્લી આંખે જોતા હતા કે "ખરેખર ભરતીમાં ગંગાજી પધાર્યાં હશે, કારણકે સઘળું જળ ગંગાજીના જેવું જ શ્વેત અને નિર્મળ જણાય છે!" આ પ્રમાણે કર્ણોપકર્ણ ભદ્રમુખની પવિત્રતાની વાતો વધતી જતી હતી, અને ઘણાઓ દૂર દૂરના પ્રદેશથી પણ ત્યાં સ્નાન કરવાને આવતા. ભદ્રપુરના પુરાણી બ્રાહ્મણો ભદ્રમુખનું એક આખું સ્તોત્ર જાણતા હતા જેને માટે તેઓ કહેતા કે તે સુભદ્ર ઋષિનું જ રચેલું છે, પરન્તુ બીજા પરગામના પુરાણીઓ તે 'ભદ્રસ્તોત્ર' વિષે કાંઇ જાણતા નહિ એટલે કેટલાક દીર્ઘ વિચારકો તે સ્તોત્રની પોકળતા સારી પેઠે સમજી જતા. સોએક વર્ષ થયાં આ સ્તોત્રની વાત બહાર આવી હતી. તે પહેલાં લોકો કાંઇ જાણતા પણ નહિ. ભદ્રપુરના પુરાણીઓ દર પૂર્ણિમાએ ભદ્રમુખ જઇને આખી રાત ત્યાં રહેતા અને દૂરથી સ્નાન કરવા આવનારાઓને સમજાવતા કે "ત્રણ બ્રાહ્મણોને મ્હોંએ સ્તોત્રનો પાઠ શ્રવણ કર્યા વિના ભદ્રમુખમાં સ્નાન કરી શકાય નહિ અને જો કોઈ કરે તો તેને સ્નાનનું ફળ મળે નહિ." આવી રીતે એક રાતમાં દરેક બ્રાહ્મણ સહેજે આઠ–દશ રૂપિયા કમાઈ આવતો જે સઘળો ભદ્રમુખનો અને ભદ્રસ્તોત્રનો જ પ્રતાપ કહેવાતો. પૂર્ણિ-

માને દિવસે **ભદ્ર**પુરમાં જો કોઇનું મરણ થાય તો તેનું શબ **ભદ્ર**મુખમાં જ શ્રી ગંગાજી પધારે ત્યારે વહેવડાવી દેવામાં આવતું અને અગ્નિદાહ કરવામાં આવતો નહિ. પૂર્ણિમાને દિવસે મરણ પામનાર હમેશાં શુભકર્મી જીવ લેખાતો અને લોકો તેના મરણ પછી તેનાં સઘળાં કાર્યોનાં વખાણ જ કરતા. **ભદ્ર**મુખની આટલી બધી મહત્તા ગવાતી તેથી **ભદ્ર**પુરની પ્રજાને આર્થિક લાભ સારો થયો હતો.

નગરથી **ભદ્ર**મુખ ત્રણેક માઇલના અંતરપર હતું. **સૂર્યસિંહ** અને **શાંતિ**પ્રસાદ ઘણી વાર સાંજે **ભદ્ર**મુખ સુધી ફરવા આવતા અને રાજ્યપ્રકરણી બાબતોની ગુપ્ત વાતચીત મોટે ભાગે ત્યાં જ ચાલતી. શ્રીમંત શહેરીઓને માટે પણ **ભદ્ર**મુખ એક ફરવા આવવાનું સ્થળ લેખાતું હતું. **ભદ્ર**મુખનું દર્શન જ દરેક આંખને મનોહર ભાસ્યા વિના રહેતું નહિ. તે વિશાળ મુખની ત્રણ બાજુએ પત્થરના ત્રણ આરા બાંધવામાં આવેલા હતા જેમાંનો એક સૌથી મોટો આરો કે જે મુખની જમણી બાજુએ હતો તે **ગંગાજી**ના મણિકંકણું ઘાટના નમૂનાપર બાંધવામાં આવેલો જણાતો હતો. તે જ આરાની બાજુમાં ચાર પાંચ મોટી ધર્મશાળાઓ, **શિવ**નાં બે નાનાં મંદિર અને રાજ્ય તરફનો એક મોટો બંગલો બાંધવામાં આવ્યો હતો. આ આશ્રમસ્થાનો **ભદ્ર**મુખની યાત્રાએ આવનાર યાત્રાળુઓને કોઇ પણ પ્રકારનો બદલો લીધા વિના વાપરવા દેવામાં આવતાં.

સાંજના છ વાગ્યા, તે વખતે **રસિક**લાલ દીવાનને ત્યાં બેઠો હતો, અને આકસ્મિક રીતે તેના મનમાં નવા તરંગો ઊભા થવા લાગ્યા હતા. જનસમાજની કોઇ પણ પ્રકારે સેવા બજાવવાની જે અભિલાષાઓમાં **રસિક**લાલનું હૃદય આજસુધી ઉછરવા પામ્યું હતું, તે અભિલાષાઓ કેવી રીતે પૂરી થઇ શકે તેને લગતી યોજ-

નાઓના ઘોડા આજ તેનું હૃદય ગુંથી રહ્યું હતુંઃ "બસ, સંસાર એ જ જીવનનો સાર છે-તત્ત્વ છે-નવનીત છે; અને તે જીવનવિભાગને જ્યાંસુધી મનુષ્યો ક્લેશ વિના સૂખપૂર્વક ગાળી શકતાં થાય નહિ, ત્યાંસુધી તેઓ ખરા સુખનો સ્વાદ ચાખી શકે જ નહિ! લોકોના જીવનનો મુખ્ય ભાગ સંસારને લગતો છે અને આર્યાવર્તના લોકોના સંસારને સુખી કરવાને આત્મભોગ આપવો, તે દેશહિતેચ્છુઓનું અને દેશસેવકોનું પ્રથમ કર્ત્તવ્ય છે, એમ હું માનું છું. અરેરે, કેટલી વિધવાઓ હૃદયના ઉષ્ણ ઉંડા નિઃશ્વાસો નાંખીને બળી-જળી રહી હશે? કેટલાં કજોડાંઓ આંસુ ગાળીને પાપી સંસારને શાપ આપતાં હશે? કેટલી બાળવિધવાઓની નિર્દોષ પણ દુઃખથી ભરપૂર રમતગમતો તેમનાં માતાપિતાનાં હૃદયોને છિન્ન-વિચ્છિન્ન કરી નાંખતી હશે? હું આમ અટન કરૂં છું-ભ્રમું છું, તે બધું ત્યજી દઉં; સંસારની ખરી સુધારણાનો માર્ગ બતાવનારો ઉપદેશક બનું અને બીજા સહચારીઓની મદદ લેઇ આખા ભારતવર્ષમાં પરિભ્રમણ કરૂં તો જનસમાજ ઉપર કેટલો બધો ઉપકાર થવા પામે?"

આ તરંગ એટલો તો બળવાન્ થઇ પડ્યો કે સાંજ પડતાં સુધી તેનું મગજ તેમાંથી નિવૃત્ત થઇ શક્યું નહિ. તરંગ અને વિચારના વેગમાં શારદાનો દુઃખી નિર્દોષ ચહેરો તેની આંખોની સામે જ ઊભો રહ્યો હતો. તેની અશ્રુ ટપકાવતી આંખો રસિકની આંખોના જળનું આકર્ષણ કરી રહી હતી અને તેના હૃદયના ઉષ્ણ નિઃશ્વાસનો જોસભેર સપાટો રસિકના હૃદયને ગભરાટમાં મૂકતો હતો. એટલામાં શાંતિપ્રસાદે પૂછ્યુંઃ "રાજ મહેલમાં ક્યારે જવા ધાર્યું છે?" પણ રસિકલાલે તો ઉદાસીનપણે જ જવાબ આપ્યો કે "રાજમા-

તાને મળવું છે, પણ હવે તો કાલે જ જઇશ." સાંજના સ્વામીજી મોહનાદેવીની ગાડી સાથે દીવાનને ત્યાં આવ્યા અને રસિકલાલને ભદ્રમુખ તરફ આવવા કહ્યું. 'જવું કે ન જવું' તેનો વિચાર કરતાં હૃદય ડગમગવા લાગ્યું. "દરિયાની ખુલ્લી હવાને માટે શારદાગૌરી સાથે આવનાર છે એમ મોહનાદેવીના કથન ઉપરથી ચોક્કસ સમજાતું હતું; અને તે આવવાની પણ ખરી; મારૂં દિલ તેને જોઇને દગ્ધ થઇ જશે; શું કરૂં?" "પણ એક વાર આવવાનું કહીને ના કેમ કહું? સ્વામીજી જાતે તેડવા આવ્યા અને તેમનું અપમાન કરૂં?" એવા મનમાં બે ત્રણ ઉછાળા આવ્યા, પણ છેવટે તે ગયો. મોહનાદેવીના ઘર આગળથી મોહનાદેવી અને શારદાગૌરી ગાડીમાં બેઠાં અને ચારે જણ ભદ્રમુખ ભણી વિદાય થયાં.

માર્ગમાં સ્વામીજીએ વાતચીતનો વિષય કાઢ્યોઃ "મી. રસિકલાલ! તમે પણ તીર્થજળમાં સ્નાન કરવાથી પવિત્ર થવાય છે એવી માનિનતાવાળા છો ખરા કે? ભદ્રમુખનું જળ તે જ ભદ્રાવતીનું જળ છે કિંવા દરિયાનું જળઃ ભદ્રાવતીમાં કે દરિયામાં ન્હાવાથી પવિત્ર ન થવાય અને ભદ્રમુખમાં ન્હાવાથી જ પવિત્ર થવાય તેનું કારણ શું?"

આ પ્રશ્ન સાંભળીને રસિકે મન્દ સ્મિત કર્યું. તે કાંઇ પણ ઉત્તર આપે તે પહેલાં મોહનાદેવી બોલી ઉઠીઃ "કેમ પવિત્ર ન થવાય? જે જળમાં સુભદ્ર જેવા તપસ્વી મુનિએ સ્નાન કર્યું હતું તે જ જળમાં સ્નાન કરવાથી પવિત્ર થવાય એ ખુલ્લું જ છે!"

"પણ પૂર્વે કોઇ સુભદ્ર ઋષિ થયા હતા અને તેમણે અહીં જ પ્રથમ સ્નાન કર્યું હતું તેની ખાત્રી શી? શામાટે એ પણ એક જોડી કાઢેલી વાત ન હોય? તમારા ભદ્રપુરના બ્રાહ્મણો ભદ્રસ્તોત્ર વિષે

જાણે છે. બીજા બ્રાહ્મણોએ કેમ તે સ્તોત્રનું નામ પણ સાંભ-ળ્યું નથી ?"

મન્દ અને મૃદુ સ્વરે શારદાગૌરી વાતચીતમાં વચ્ચે પુરાઇઃ " તો પછી શ્રીરામ અને શ્રીકૃષ્ણની વાતો પણ શામાટે કલ્પિત ન માનવી ? સુભદ્રઋષિની વાતને જોડી કાઢેલી માનીએ તો રામ અને કૃષ્ણની વાતોને ખરી માનવાનાં કાંઇ પણ પ્રત્યક્ષ સાધનો ક્યાં છે ? કહો સ્વામીજી ? "

સ્વામીજીએ આડી વાત ઉપાડીઃ "પણ તેવી પુરાણની વા-તોથી તીર્થજળમાં સ્નાન કરવાથી પવિત્ર થવાય છે એમ માનવું તે મોટી ભૂલ છે. પુરાણો બ્રાહ્મણોએ કપોલકલ્પિત જોડી કાઢ્યાં છે, એ વાત સર્વ લોકોમાં સુપ્રસિદ્ધ છે. પણ મી. રસિકલાલ ! આ બાબત વિષે તમારી માનિનતા શી છે ?"

" એ બાબતમાં મેં હજીસુધી વિચારપૂર્વક કાંઈ નિશ્ચય કર્યો નથી. લોકો પરંપરાપૂર્વક જે કાંઇ કરતા આવ્યા છે તે હું કરૂં છું; અને એવી માનિનતાથી આત્માને કાંઇ નુકસાન થતું હોય એમ હું માનતો નથી એટલે તેમાં વાંધો લેતો નથી. તેમ કરવું તે જો ગુન્હો થતો હોય તોપણ ગુન્હો સલામત બાજુએ છે. It is a fault on the safe side."

" ઠીક ગોળમટોળ બોલ્યા ! " મોહનાદેવીએ હસતાં હસતાં કહ્યું.

થોડી વારે સૌ ભદ્રમુખ આગળ આવીને ઉભા. ગાડી થોભી અને સૌ ઉતરી પડ્યા. રત્નાકરના ઉદરમાં સૂર્ય સમાઇ ગયો હતો અને સંધ્યાસુંદરી કસુંબી રંગની સાડી પરિધાન કરી સૂર્યની પાછળ ચાલી જતી જણાતી હતી. સમુદ્રના જળમાં પડતો લાલ પ્રકાશ વાયુની લહરિથી થતાં નાનાં મોજાંની સાથે હીંચોળા ખાતો

જણાતો હતો. પૂર્ણિમા જેવો તહેવારનો દિવસ નહિ હોવાથી યાત્રાળુઓ બહુ ઓછા જણાતા હતા અને ફરવા આવનાર સહેલાણીઓ પણ થોડા જ હતા, જેઓ કીનારાપર કે ઘાટનાં પગથીયાંપર લટાર મારતા જણાતા હતા. એક બાજુએ આઠ દસ ખાખીઓનું ટોળું એક નાની રાવટી નાંખીને પડયું હતું અને પાસે પડેલાં સળગતાં લાકડાંમાંથી આછી આછી ધૂણી નીકળતી હતી. ભદ્રમુખનો સઘળો કિનારો આડાં અવળાં ઉગી નીકળેલાં વૃક્ષોથી સુંદર દેખાતો હતો, અને વચ્ચે દેખાતાં ધર્મશાળાનાં મકાનો તે સ્થળને વધારે આનંદી બનાવવામાં મદદ કરતાં જણાતાં હતાં. ભદ્રમુખના જળમાં એક નાની હોડીમાં ત્રણચાર છોકરાઓ સહેલ કરતા ફરતા હતા અને ત્રણ ચાર નાની હોડીઓ કિનારાપર વૃક્ષના થડ સાથે બાંધીને તરતી રાખવામાં આવેલી જણાતી હતી. આસપાસ દૃષ્ટિ કરવાથી રસિકલાલના ચિત્તમાં આનંદ સ્ફુરી રહ્યો. મોહનાદેવીની પાછળ પાછળ સૌ એક ધર્મશાળામાં પેઠાં.

ધર્મશાળામાં પેસતાં જ સામેથી એક બ્રાહ્મણ દોડી આવ્યો અને બોલ્યો: "કેમ બા! કાંઇ સ્તોત્રપાઠ, પૂજાવિધિ કરવાં છે કે? સીધું સામાન કાંઈ જોઇશે કે?"

મોહનાદેવીએ કહ્યું: "હા, ત્રણ શ્રીફળ પધરાવવાનાં છે."

"ત્યારે તો ત્રણ સ્તોત્રપાઠ કરવા જોઇએ. પણ અહીં હું એકલો જ છું. હું એકલો ત્રણ વાર ભણીશ." બ્રાહ્મણ બોલી ઉઠયો.

"તો તો બહુ વાર લાગે અને મોડું થાય. હજી તો અમારે સ્નાન પણ કરવાનું છે!"

"તો એક પાઠ વધારે કરવો પડશે; પણ જુઓને બા! આજે કાંઇ પૂર્ણિમાનો દિવસ થોડો છે કે બીજા બ્રાહ્મણો મળે? આ તો હું મુંબઇના એક ભાટિયાને ખાસ પૂજા કરાવવા આવ્યો હતો તે બેઠો છું. તેઓ બધા પૂજા કરીને ગયા."

મોહનાદેવીએ કહ્યું: " પણ અમને બહુ મોડું કરવાનું પાલવે તેમ નથી. "

" પણ બા! બીજો કાંઇ ઉપાય નથી. ચાર પાઠ ભણવા અને આપને સ્નાન કરવાનું! પણ મોડું થાય તો શી ફીકર છે? કહો તો સીધું સામાન લાવી આપું અને રસોઇ પણ કરી આપું. બીછાનાં ધર્મશાળામાંથી મળશે. સ્હવારે તમે પાછાં ફરી શકશો. "

રસિકલાલ જે પાસે ઊભો ઊભો આ સઘળું સાંભળતો હતો, તે બોલ્યો: " શું આપણે અહિં આખી રાત રોકાવું જોઇશે? "

મોહનાદેવી ચિંતાતુર વદન કરતી બોલી: " ત્યારે હવે આપણે શું કરીશું? આ બ્રાહ્મણના કહ્યા પ્રમાણે રાત અહીં જ ગાળ્યા વિના છૂટકો નથી! "

બ્રાહ્મણ વચ્ચે બોલ્યો: " હા બા, એ તો એમ જ! જુઓને રાત તો પડવા આવી એટલે પછી મધરાતે તમે ગામ તરફ થોડાં જ જઇ શકવાનાં છો? કહો જોઇએ, કેટલા માણસનું સીધું લાવું? ધર્મશાળાના માદી પાસેથી મળશે. લાડુ જમશો કે રોટલી દાળભાત?!"

" લાડુ જ ભલે થાય; પણ રસોઇ—"

" એમાં મને કાંઇ કહેવું નહિ જ પડે બા! સમજ્યાંને? ત્રીસ વરસ થયાં હું રસોઇનો ધંધો કરૂં છું. પાંચ માણસની રસોઇ ને? સીધું લેઇ આવું છું! "

" ના, ૭ માણસ. અમારી સાથે ગાડીવાન છે. " મોહનાદેવીએ કહ્યું અને બ્રાહ્મણ સીધું લેવા દોડ્યો. મોહનાદેવી સૌને ધર્મશાળાના માળપર તેડી ગઇ અને ધર્મશાળામાંથી બે ત્રણ બિછાનાં મંગાવી સૌ તે પર બેઠાં. રસિકલાલ એક બારીમાં ઊભો ઊભો દરિયા ભણી નજર નાંખી રહ્યો. રાત્રિના વધતા જતા અંધકારમાં સમુદ્રનું શ્વેત જળ રૂપેરી પટની પેઠે ચમકતું હતું. કીનારાપરનાં વૃક્ષોના

ફરફરાટ સાથે સમુદ્રનું ધીમું ગર્જન અનિયમિત પણ કર્ણરોચક ગાન ઉપજાવી રહ્યું હતું. આ સૌંદર્યનું નેત્રવડે પાન કરતો રસિકલાલ સમુદ્રની ગંભીરતાના અવલોકનથી સૃષ્ટિના ગંભીર, વિશાળ અને અતિદૂરના વિચારોના રંગથી રંગાવા લાગ્યો. પિતા, કુટુમ્બીઓ, સ્નેહીઓ સૌ સાંભર્યા! મુંબઇ સાંભર્યું. મુંબઇનો કોલાહલ કાન અને આંખોની સમીપમાં નાચી કૂદી રહ્યા.

એટલામાં બ્રાહ્મણ સીધું લેઇને આવ્યો. ગામ જરા દૂર હોવાથી ધર્મશાળાઓમાં જ કેટલાક વાણીયા સીધું સામાન વેચતા હતા, ત્યાંથી જ તે બ્રાહ્મણ જોઇતો સામાન લેઇ આવ્યો હતો. સ્તોત્રપાઠમાંથી દક્ષિણા મળવા ઉપરાંત બ્રાહ્મણો રસોઇનો સામાન લાવવામાં પણ દલાલી લેવાનું ચૂકતા નહિ. બ્રાહ્મણે સીધું મોહનાદેવીને બતાવીને કહ્યું : "ચોકો કરીને રસોઇની તૈયારી કરૂં છું. રસોઈ તૈયાર થયા પછી આપણે પાઠનું કામ ચલાવીશું; કેમ બા, એમ જ ને?"

મોહનાદેવીએ હાએ હા કર્યાં કરી. બ્રાહ્મણ ગયો અને થોડી વારમાં પાછો આવીને ઓરડામાં એક કોડીયામાં દીવો કરી ચાલ્યો ગયો. સ્વામીજી રસોઇ તૈયાર થતાં સુધીમાં કિનારાપર ફરવા ચાલ્યા ગયા. રસિકલાલ "ત્યારે હું સ્નાન કરી આવું; હજી રસોઇને વાર છે" એમ કહી ધોતીઉં લેઈ સ્નાન કરવા ચાલ્યો. મોહનાદેવીએ કહ્યું : "પણ સ્તોત્રનો પાઠ-બાઠ—"

રસિકલાલે ધીમેથી જ ઉત્તર વાળ્યો : "મને પાઠ-બાઠની કાંઇ જરૂર નથી."

રસિકલાલે ધર્મશાળાની બહાર આવીને જોયું તો સર્વત્ર એકસરખો અંધકાર ફેલાઇ રહ્યો હતો. નજીકમાં બાવાઓની રાવટી પાસેની ધૂણીમાં બળતાં લાકડાંથી આસપાસમાં આછો આછો પ્રકાશ ફેલાઇ રહ્યો હતો. દક્ષિણ દિશાએ કીનારા પર કોઇ સન્ત જનો

મંજીરાની સાથે ભજન ગાવાની ધૂનમાં પડયા હતા. તે શ્રવણ કરતો અને ઠંડા સમીરણનો ત્વચાને લાભ આપતો રસિકલાલ ક્ષણભર સ્થિર બની રહ્યો.

"વારી વારી, આંખડી જુએ સંત વાટડી;
"વ્હેલા વ્હેલા આવો, ખોલું છાતડી............વારી.
"સંત સરોવર માંહે, મનમચ્છ ઊછળે રે,
"તૈયાર ઊભો છું વાળી ઘાટડી..................વારી.
"સંત પ્રેમપંથ આજે, રમણ જ કરવા કાજે,
"વીતાડી છે મેં તો કાળી રાતડી...............વારી.
"આતમ સ્વરૂપે સંતો, તમે અમે એક છેયે,
"જાઈ જૂઈ પુષ્પ એક જ જાતડી...............વારી.
"વાંકી ચુંકી વાટ સંતો, વિકટ વિષયની રે,
"ગુરૂગમ ટાળે ભ્રમ ભાતડી.....................વારી.
"મનડાના મોર સંતો, ચિત્તના ચકોર સંતો,
"તજી તંત કરો સંત વાતડી..................વારી.
"હૈડાંનાં હીર સંતો. નયણાંનાં નીર સંતો,
"હળીમળી હેતે ખોલો હાટડી."...............વારી.

ભજન પૂરૂં થતાં રસિકલાલના ચિત્તમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો. રમ્ય સ્થળ, આનંદી જનોનો સમાગમ અને સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય, તે સઘળું રસિકલાલના ચિત્તને મોદપ્રદ થઇ પડયું. ચિત્તનો પ્રમોદ વિચારમાળાને મગજમાંથી ધકેલવા લાગ્યો: "કેવું આનંદી સ્થળ છે! શુદ્ધ હવાનો લાભ, મનોહર દૃશ્યનો લાભ, અને સર્વત્ર નિર્દોષતા તથા શાન્તિનો જ પ્રસાર! કુદરતી સૌંદર્ય આગળ ખરેખર હસ્તકૃત સૌંદર્ય હાર ખાઇ જાય છે! મુંબઇમાં એપોલો કે ચોપાટીપર ફરવાથી જેટલો આનંદ ન થાય તેટલો આનંદ આ ભદ્રમુખના કિનારાપર હું અનુભવું છું. શારદાગૌરી આ સ્થળે થોડો વખત રહે તો સ્વચ્છ

અને ખુલ્લી હવાથી તેનું આરોગ્ય સુધરે નહિ શું? હું મોહનાદેવીને તેવી સૂચના કરૂં?" વિચાર થોડી વાર અટક્યા: "પણ માથું દુઃખે અને પેટ કૂટવાથી શું વળે? માનસિક વ્યાધિથી પીડાતી તે બાળા સ્વચ્છ હવાથી આરોગ્ય કેવી રીતે મેળવી શકવાની હતી?" એમ વિચારી તે સ્નાન કરવાના ઘાટ તરફ ચાલ્યો. માત્ર બે મિનિટમાં તે ઘાટપર જઇ પહોંચ્યો. ઘાટના એક છેડાપર કોઈ યાત્રાળુ પોતાનું ધોતીઉં ધોતો હતો અને ઘાટના પત્થર સાથેના ધોતીયાના આઘાતથી પડતા પડઘાને લીધે આખો કીનારો ગાજી રહ્યો હતો. ઘાટને બાજે છેડે ફરવા માટે આવેલા કોઈ પુરૂષ અને સ્ત્રી ઊભાં હતાં અને આનંદ સાથે કાંઇ ધીમી ધીમી વાતચીત કરી રહ્યાં હતાં. રસિકલાલ તેમની બાજુમાં થઇને પસાર થયો અને તે વાતચીત કરનાર પુ-રૂષ-સ્ત્રીની સામે સ્વાભાવિક નજર કરી ચાલ્યો ગયો. એક બાજુએ ધોતીઉં મેલી થોડે દૂર સ્નાન કરવા માટે પગથીયાપર બેઠો. સ્નાન કરવા માંડયા પહેલાં સમુદ્રની સપાટી ઉપર રસિકલાલ દૃષ્ટિ કરી રહ્યો અને ભૂત-ભાવીના વિચારોને એક બીજાની તુલનામાં મૂકી વિચારમાં ડૂબ્યો. નજીકમાં ઊભેલાં સ્ત્રીપુરૂષની વાતો અનિયમિત રીતે ચાલતી હતી. રસિકલાલ નજીકમાં બેઠો હોવા છતાં તેમને કાંઇ સંકોચ ઉત્પન્ન થયો નહિ. તેમની સઘળી વાતચીત ત્રુટક ત્રુટક રસિકલાલના કાનમાં પેસવા લાગી:

"ત્યારે તમારા ફાધર કાંઇક જૂના મતના હોવા જોઈએ!" પુરૂષ બોલ્યો.

"નહિ જ. તે સુધરેલા મતના છે અને તેથી જ કુળ કે મહત્તા જોયા વિના મને ત્યાં આપવાનો તેમનો વિચાર હતો. કાન્તિલાલ ભણેલો છે એ વાત ખરી, પણ મેં કોઇ વાર હજી તેની સાથે મન ખોલીને વાતચીત કરી નથી એટલે તેનો સ્વભાવ મને અનુકૂળ હશે કે નહિ તે હું કહી શકું નહિ."

"ઠી-ક ! ત્યારે આજસુધી તે વાત તમે મારાથી સીક્રેટ (ગુપ્ત) જ રાખીને ?"

સ્ત્રી જરા હસીને બોલી : "ઓ નો ! તે વાત તમને જણાવવાની હું કાંઈ જરૂર જોતી નહોતી. ફાધરનો વિચાર મને તેની વેરે આપવાનો છે એ વાત ખરી, પણ હું કાંઇ ગાંડી છું ? લ્હવમાં પડ્યા પહેલાં વેવીશાળ કરવાની હું ના જ કહેવાની હતી."

"ત્યારે હવે કેમ કરશો ?" પુરૂષ બોલ્યો.

"કેમ શું ? કાન્તિલાલની ના જ પાડીશ અને તમારી સાથે કોઈ પણ રીતે ઈન્ટ્રોડકશન (ઓળખાણ) થાય એવી યુક્તિ રચીશ."

રસિકલાલને આ વાત સાંભળવામાં રસ પડવા લાગ્યો. તે સ્થિર બેસી રહ્યો અને ઉત્કંઠ બની સઘળું સાંભળવા લાગ્યો :

"અને શું તે કાન્તિલાલ મારા કરતાં વધારે ગુણસંપન્ન છે ?"

"નો, માય ડીયર ! તમારી સાથે તે હરીફાઇમાં ઊભો રહી શકે જ નહિ અને તેથી જ મારી ખાત્રી છે કે ફાધરને ગમે તેમ કરીને સમજાવવામાં હું ફત્તેહ મેળવી શકીશ."

"ધેટ્સ રાઇટ, માય ડીયર !" એમ કહી પુરૂષે તે બાળાને પોતાની બાથમાં સહેજ દબાવીને એક મીઠું ચુંબન લીધું, અને તુરત તેઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. આ દેખાવથી રસિકલાલ મોટા વિચારમાં પડી ગયો. તે બાળાને તે તેની વાતચીત ઉપરથી ઓળખી શક્યો હતો કે તે ગોપાળરાય શેઠની પુત્રી લલિતા હતી અને તેની સાથેનો પુરૂષ તેનો લ્હવર અથવા પ્રિયતમ હોવો જોઇએ એવું તેણે અનુમાન કર્યું. લલિતાનું આવું વર્તન જોઈને રસિકલાલનું અંતઃકરણ પ્રજળી ઉઠ્યું. તે ન્હાવાનું ભાન વિસરી જઇને વિચારતરંગે ચડ્યો અને દિગ્મૂઢ બની આરાના પગથીયા ઉપર જ બેસી રહ્યો. રસિકલાલ હૃદય ખોલીને અરણ્યરૂદન કરવાની પેઠે ઉતાવળે બોલી

ઉઠયો : "હાય ! કાન્તિલાલ ! કાન્તિલાલ ! તને કેવી દુઃખની ખાઈમાં ગબડાવી દેવાનો તારા પિતાનો પ્રયત્ન હતો? આ ઉચ્છૃંખલ અને અવિચારી છોકરી સાથે, કાન્તિલાલ ! તારૂં જીવન તું સુખમાં કેવી રીતે પસાર કરી શકત ?! આટલો બધી છૂટ? આટલી બધી સ્વતંત્રતા ? કુમારિકા યુવતીને યુવાન્ પુરૂષની સાથે વિના સંકોચે ફરવા જવા દેવી તેટલી હદબહારની સ્વતંત્રતા આપવામાં ગોપાળરાય શું સુધારો માનતા હશે ! ઓ સુધારાના પૂજારીઓ ! ઓ અંધકારમાં ગોથાં ખાતા અજ્ઞાનીઓ ! અનિષ્ટ વિચારોમાં તમારાં સંતાનોને ઉછેરીને તમે જે સુધારો કરવાનું માન લો છો, તેમાં જ તમે તમારી બુદ્ધિના કાંકરા કરો છો ! હું સંતુષ્ટ છું કે પિતાના ગમે તેટલા દાબ છતાં હું તાબે થયો નથી અને દેશવટો ભોગવવા તૈયાર થયો છું પરન્તુ આ દુષ્ટ કુમારિકાની સાથે ભવ બગાડવા તૈયાર થયો નથી ! પ્રભુ! તેં મને કેવા મહાદુઃખમાંથી બચાવી લીધો છે ?"

રસિકલાલ પોતાના વિચારતરંગમાં દોડયો જતો હતો, એટલામાં સામેથી કોઈ કાળી આકૃતિ પગથીયાં ઉતરતી જોવામાં આવી. તેના અંધારાની સાથે ભળી જતાં લાલ કાળાં કે રંગીન વસ્ત્રો ઉપરથી તે કોઇ સ્ત્રી હોય તેમ જણાતું હતું. તે સ્ત્રી પાણી સુધી જઇ પહોંચી અને પછી આસપાસ તેણે નજર કરી. તુરત તે રસિકલાલની પાસે આવી અને બોલી : "કોણ છે ?"

"કોણ શારદાગૌરી ? તમે અહિં ક્યાંથી ? એ તો હું કાન્તિ–રસિકલાલ !"

શારદાગૌરી ગદ્ગદ્ કંઠે બોલી : "રસિકલાલ ! તમે શું અહિં જ સ્નાન કરવા આવ્યા છો ? ઓ પ્રભુ!!" એમ કહીને શારદાગૌરી થાકી ગઇ હોય તેવા ભાવથી નીચે બેઠી અને બોલી : "ઓ પ્રભુ ! આત્મઘાત કરતાં પણ તું શાને અંતરાય નાંખે છે ?"

રસિકલાલ એકાએક ચમકી જતો બોલ્યો : " આત્મઘાત ? શું તમે આત્મઘાત કરવા અહીં આવ્યાં છો ? શારદાગૌરી ! તમારૂં મગજ ઠેકાણે હોય તેમ લાગતું નથી ! જાઓ, આ દરિયાઇ પવનમાં નહિ ફરતાં તમે ધર્મશાળામાં જ બેસી રહો. "

" નહિ, રસિકલાલ ! આ દરિયો જ હવે મારો હમેશનો સોબતી થશે ! મારૂં મગજ ઠેકાણે છે, હું ઘેલી બની ગઇ નથી. મારા મનોવ્યાધિથી મુક્ત થવાનો માર્ગ મને એક જ જણાય છે અને તે માર્ગ આત્મઘાત કરવાનો જ છે ! અરેરે, હું અહીં આવ્યા પહેલાં જ ભદ્રમુખમાં હોમાઇ ગઈ હોત તો કેટલું સારૂં હતું ? " એમ કહી શારદાગૌરી ડુસકાં ભરતી આંસુ લૂછવા લાગી. તેનાં રૂપેરી આંસુનો ચળકાટ રસિકલાલના હૃદયને વિદીર્ણ કરી રહ્યો.

એકાદ પળ રહીને રસિકલાલ બોલ્યો : " પરન્તુ મનોવ્યાધિને દૂર કરવાને આત્મઘાત કરવાનું પાપ શામાટે લેવું જોઇએ ? તમે તમારી આત્મિક શક્તિનો વિકાસ કરવાને પ્રયત્ન કરો અને તમે ધીમે ધીમે તમારા મનોવ્યાધિને ભૂલી જઈ શકશો. "

" રસિકલાલ ! અરે નહિ ! કાન્તિલાલ ! તમે પોતે જ તમારૂં ખરૂં નામ અને ખરો ઇતિહાસ ખુલ્લો કર્યો છે અને તે સઘળો મેં સાંભળ્યો તે માટે તમને કાન્તિલાલના ખરા નામથી બોલાવવામાં હું તમારો કાંઇ પણ ગુન્હો કરતી નથી ! કાન્તિલાલ ! સંસારના કીટકને તમે આત્મિક શક્તિનો વિકાસ કરવાનું સૂચન કરો છો; શું તે મારે માટે શક્ય છે ? કેટલીક વાતો એવી હોય છે કે તે 'વાતો' તરીકે જ સુશોભિત લાગે છે, પરન્તુ વ્યવહારમાં મૂકી શકાય તેવી નથી હોતી, તેથી તે કાંઇ પણ કીંમતની થઇ પડતી નથી ! કાન્તિલાલ ! માફ કરજો, હું તમારી પાસે થોડા ખુલ્લા શબ્દો કહી દઉં છું કે, તમે તમારૂં જીવન હજી કોઈ પણ બાળાને અર્પણ કર્યું

નથી ! મારો મનોવ્યાધિ તમે જુઓ છો, મારૂં જીવન શેને આધારે ટકી શકશે તે હું તમને કહી ચૂકી છું, હૃદયના મિત્રના આશ્વાસન વિના આ જીવન ટુંકું જ છે અને ટુંકું નહિ હોય તો ટુંકું કરી નાંખવાને જ હું અત્યારે અહીં આવી છું. જ્ઞાતિભેદને ધ્યાનમાં લેતાં હો તોપણ આપણે એક જ જ્ઞાતિના છીએ હું બાલ્યાવસ્થામાં વૈધવ્યને પામી છું અને જો તમે મારો હસ્ત નહિ પકડો તો આ અધમ સંસારની દુઃખમય ખાડીમાં હું ડૂબી મરીશ ! હું તમને ચાહું છું, તમને મારે માટે અનુકમ્પા છે તે હું જાણું છું; એક વાર વચન આપીને વિસરી ગયા હતા; પરન્તુ આજે અચાનક મળતાં હું તમારી પાસેથી છેવટનો જવાબ માંગું છું; કાં તો જીવિતદાન આપો અને કાંતો મૃત્યુદાન આપો !"

આ શબ્દોએ કાન્તિલાલને મુંગો બનાવી મેલ્યો. લલિતાનું વર્તન જોવાથી ઉદ્ભવેલા વિચારો શારદાગૌરીએ છાની રીતે સાંભળ્યા, પોતાનો સઘળો ઇતિહાસ તે જાણી ગઇ, તેની નિર્દોષતાએ પોતાનું હૃદય ખેંચ્યું છે એમ પણ તે ચતુર બાળા સમજી ગઇ અને હવે છેવટનો શું જવાબ આપવો તેનો મોટો વિચાર પડ્યો શારદાગૌરી એક સુશીલ, કેળવાએલી અને નમ્ર સ્વભાવની બાળા છે, પોતાને માટે સંપૂર્ણ રીતે યોગ્ય છે, તેમ કાન્તિલાલ જોઇ-વિચારી શક્યો હતો; તેની સ્વતંત્ર બુદ્ધિ એક વિધવા સાથે જોડાવામાં પણ ન્યાય જોતી હતી ! વિધવાવિવાહનો છૂટથી પ્રચાર કરવાની આર્યાવર્તને જરૂર નથી એવું કાન્તિલાલ માનતો હતો ખરો, તોપણ શારદાગૌરી તે નિયમને અપવાદરૂપ હોવી જોઇએ એટલો બધો પક્ષપાત તે બાળાને માટે તેના હૃદયમાં માત્ર તેના હૃદયની દયાજનક સ્થિતિને લીધે પેદા થવા પામ્યો હતો. ઉચ્છૃંખલ સુધારાને કાન્તિલાલ જેટલો ધિક્કારતો હતો, તેટલો જ તે ન્યાયપ્રિય હતો. પોતાના હૃદયને જે કાંઇ ન્યાયી કાર્ય લાગી આવે તે કાર્ય લોકદૃષ્ટિથી ગમે તેવું નિંદનીય ગણાતું હોય, તોપણ તે તે કરતો. પોતાના મતને માટે તે ઘણો જ આગ્રહી સ્વભાવનો હતો અને તેથી જ લલિતાનો સ્વીકાર

કરવા માટેના પિતાના દાબને ગમે તેટલી સમજાવણી છતાં તેણે ગણુ કાર્યો ન હતા. જે હૃદય લલિતા જેવી કુમારિકાની સાથે લગ્ન કરવાને સ્પષ્ટ ના કહેતું હતું. તે જ હૃદય શારદાગૌરી જેવી વિધવાનો સ્વીકાર કરવામાં કાંઇ વાંધો જોતું નહોતું, એટલો બધો હદ બહારનો વિશ્વાસ કાન્તિલાલને પોતાની ન્યાયબુદ્ધિને માટે હતો !

કાન્તિલાલને ચૂપ રહેલો જોઇને શારદાગૌરી પુનઃ બોલી : “ કાન્તિલાલ ! એટલા માટે તમે શાને મોટા ગભરાટમાં પડી જાઓ છો ? જો મારા માટેની તમારી અનુકમ્પા એટલી બધી શુષ્ક જ હોય જો વિચાર અને આચાર કેવળ જૂદા જ રાખવાની તમારી નીતિ-રીતિ હોય અને જો મારૂં મરણુ થએલું જોવામાં જ તમે રાજી હો, તો ખુલ્લા દિલથી મને કહો કે હું તારા હસ્તને કબૂલ રાખીશ નહિ, અને પછી આ મોટા પેટનો રત્નાકર મારે માટે તૈયાર જ છે ! કાન્તિલાલ ! કાન્તિલાલ ! આર્ય વિધવા બાળાઓ શું તમારા જેવા ન્યાયી હૃદયના પુરૂષો તરફનો ન્યાય પણુ નહિ મેળવવા જેટલી અભાગિની હશે ? ”

“ બસ કરો, શારદાગૌરી ! જેમ જેમ તમારા શબ્દો હું સાંભળું છું તેમ તેમ તમારા હૃદયની દયાજનક સ્થિતિ મને વધારે ને વધારે દુઃખ આપે છે–મારા હૃદયના ચારે ચારા કરી નાંખે છે ! જેને મારૂં હૃદય ન્યાય સમજે છે, તેને અનુસરવામાં હું કદિ પછાત પડતો નથી એ તમે નક્કી માનજો. **मनस्यन्यत् वचस्यन्यत्** અને **कार्यमन्यत्** અર્થાત્ મન વચન અને કાર્ય એ ત્રણે જેનાં જૂદાં જૂદાં હોય છે, એવો દુરાત્મા હું નથી, મારૂં હૃદય સ્વતંત્ર છે અને મારા કાર્યમાં પણુ હું તેટલો સ્વતંત્ર રહું છું. તમારી સ્થિતિ મને દયા ઉપજાવનારી લાગે છે; આર્યાવર્તને માટે વિધવાવિવાહની આવશ્યકતા હોય એવું હું માનતો નથી, તથાપિ તમારે માટે હૃદયના સોબતીની આવશ્યકતા છે એવો પક્ષપાતી ન્યાય મને મારૂં અંતઃકરણુ આપે છે, શાથી આપ છે–ક્યા કારણુથી આપે છે તે હું સમજી શકતો નથી ! હું અને તમે લગ્નના પવિત્ર બંધનથી જોડાઇએ

એવી તમારી જિજ્ઞાસા છે; હું તે કબૂલ રાખું અને લોકો મારી નિન્દા કર તેની મને દરકાર નથી; લોકનિન્દા કરતાં મારા હૃદયના ન્યાયને હું વધારે મૂલ્યવાન્ ગણું છું; પરન્તુ તમાં હું જે કાંઇ વાંધો જોઉં છું તે કાઇક જૂદો જ છે અને લાંબા વખત થયાં તે મારા ચિત્તમાં ગોટવાઇ રહ્યો છે.” કાન્તિલાલે શારદાગૌરીને એક લાંબો ઉત્તર આપ્યો.

“મને તે વાંધો જણાવો અને હું તેનો ખુલાસો કરૂં.”

“લગ્નનો પવિત્ર બંધ કેટલો મહત્ત્વનો છે, તે તમે સમજો છો. તમારા પ્રેમનો પ્રવાહ રેડતાં તમ તમારા અંતઃકરણને પૂછી જાયું છે?” કાન્તિલાલે એક વિચિત્ર પ્રશ્ન કર્યો.

“ત્યારે શું તમે એમ જ માનો છો કે માત્ર બાહ્ય અથવા દાર્શનિક પ્રેમથી જ હું તમારી સાથે આટલી વાતચીત કરૂં છું? કાન્તિલાલ! તમે નક્કી માનજ્ને કે તમારામાં હું સંતુષ્ટ રહીશ: મને વિશ્વાસ છે કે તમે મને મૂર્ખી તો નહિ જ માનતા હો.”

“ના હું તમને કેળવાએલાં અને સમજુ માનું છું અને જો તમે મને અંતઃકરણપૂર્વક ચાહીને જ લગ્નની ઇચ્છા ધરાવતાં થયાં હો તો હું આનંદ પામુ છું.”

“બસ, કાન્તિલાલ! હવે વિલંબ ન કરો અને એક વાર કહી દો કે હું તારા હાથનો સ્વીકાર કરૂં છું; કૃપા કરીને હવ મને વિશેષ તલસાવો નહિ!” શારદાગૌરી અધીરી થતી બોલી.

“રહો, ધીરજ રાખો; જુઓ; હું એક ધનવાનનો પુત્ર છું, પરન્તુ તમારાથી લગ્ન કર્યા પછી મને મારો પિતા કાંઇ પણ ધન આપશે નહિ; હું ધનની સ્પૃહાવાળો નથી અને ધનને તૃણવત્ લેખું છું! ધન એકઠું કરવાની દરકાર હું રાખતો નથી; અને એવા એક સાધુ હૃદયના માણસની સાથે તમે જોડાઓ છો, તેનો એક વાર ફરીથી વિચાર કરજો-દીર્ઘ વિચાર કરજો.” કાન્તિલાલ શારદાગૌરીને ફરી ફરીને ચેતવણી આપવા લાગ્યો.

“શું તમે મને ધનની ભિખારણ સમજો છો? જો ધનથી મને આશ્વાસન મળી શકતું હોત તો મારી માતા પાસે અગણિત

દોલત છે, પછી હું તમારા પ્રેમની શામાટે માંગણી કરત? મારી માતાને માત્ર હું એક જ છું અને તેની સંપત્તિ અત્યારે મારી અને ભવિષ્યમાં તમારી જ છે! પછી તમારી પાસે ધન હોય કે ન હોય તેની શી ચિન્તા છે, કાન્તિલાલ?!"

"વારૂ, પણ તમારી—" આગળ બોલતાં કાન્તિલાલ અટકી ગયો. તેના ચિત્તમાં કાંઇક વિચારની સ્ફુરણા થઈ હોય પરન્તુ તુરત તે વિચાર ભૂલી જવાયો હોય તેવી રીતે તેણે કાને હાથ દીધો. મગજમાં કાંઇક નવીન ચમકારો તેણે અનુભવ્યો. પોતાની સામે જોઇ રહેલી શારદાગોરીની સામેથી દૃષ્ટિ ફેરવીને સમુદ્રના જળભણી દૃષ્ટિ કરી. ત્યાં કિનારાપર બાંધેલા હોડીયા વિના કાંઇ નહોતું. બાજુએ દૃષ્ટિ કરી અને મગજમાંથી બળાત્કારથી વિચારના સ્મરણને ખેંચી કાઢવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તે ચમક્યો. પોતાની બાજુમાં જ કોઈ માણસ સૂતેલો જણાયો. વદી પંચમીના ઉદિત થતા ચંદ્રના ઝાંખા અજવાળામાં તે જોઇ શકયો કે ત્યાં સૂતેલા માણસે પહેરેલાં કપડાં કષાય રંગનાં–ભગવાં હતાં અને તે જોઇને તે વધારે ચમક્યો–આશ્ચર્ય પામ્યો! હૃદય કાંઇક ગભરાટમાં પડયું. વિચારો ઉડી ગયા. ભાન ભૂલી જવાયું. સામે શારદાગૌરી પોતાના શબ્દો સાંભળવાની રાહ જોઇને બેસી રહી છે તેનું સ્મરણ રહ્યું નહિ. મસ્તિક ચક્કર ભ્રમવા લાગ્યું. આંખો ઘેરાવા લાગી અને શરીરની અચેતનતા સાથે કાન્તિલાલ ઘાટના પત્થરના પગથીયાપર પછડાઇ પડયો.

* * * * * *

પવન તેટલો જ ધીમો વહન કરી રહ્યો હતો. સમુદ્ર તેટલો ગંભીર તથા શાન્ત હતો. ભદ્રાવતીનું વહન કરતું જળ પોતાની નિત્યની શાંતિને જ સાચવી રહ્યું હતું. ચંદ્રનો ઝાંખો પ્રકાશ હજી પણ અસ્પષ્ટ અને અંધકારમિશ્રિત હતો. શાન્તિ અને શૂન્યતા, મનોહરતા અને રૂચિરતા તથા ગંભીરતા અને ચિત્તૈકતામાં અંતરાય પાડનારો જો કોઇ પણ પ્રસંગ હોય તો તે ફક્ત કાન્તિલાલની અચેતનતા–બેભાનાવસ્થાનો હતો.

પ્રથમ ભાગ સમાપ્ત.